વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૪૮મું
ઓગસ્ટ- ૨૦૨૩
અંક : ૫૪૩

મંગલ મંદિર ● ઓગસ્ટ-૨૦૨૩ ● ૧
(કુલ પાના : ૮૮)

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર




: મુખ્ય કાર્યાલય :
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુપ્રીમવાલા)
શ્રી કચ્છી જૈન ભવન
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 4890 6002, 4890 6003, 4890 6004, 4890 6005
Email : kjssmangalmandir@gmail.com • Website : www.kutchijainahd.org

● શુભેચ્છા સહ ●



## પ્રભુલાલ એમ. સંઘવી

ઘાટકોપર, મુંબઈ.
મો. ૯૮૨૦૦ ૩૭૪૭૬

**Chandrakant K. Gada**
+91-9825069290

BLUE STAR INDUSTRIES

**Stainless Steel Re-Rollers**

Plot No. 130. G.I.D.C. Estate, Kalol - 382721,
Gandhinagar. Phone : (02764) 220330, 224330
E-mail : bluestar.indu1@gmail.com

***Bharat B. Gala***
**M. : 93270 05460**

SHREE **Raju** ENTERPRISE

RE-ROLLING & JOB WORKS, S.S. PATTA-PATTI

323, G.V.M. M.S.A.V. Ltd., Odhav, Ahmedabad - 382 415.
E-mail : shreerajuenterprise@yahoo.co.in

**SKYBLUE**
**STATIONERY MART**

EVERY THING THAT YOU THINK



**South Bopal :** 35, Gala Magnus,
Opp. Safal Parisar-1, Ahmedabad
**Krutika Haria : 9099047163**

**Surdhara :** GF Shop No. 26,
Maple Trade Centre, SAL Hospital
Road, Thaltej, Ahmedabad.
**Piyush Salva : 9879568027**



## ફ્યુઝન કિડની કેર પ્રા. લી.

FUSION KIDNEY INSTITUTE
Full UroNephro Solutions



**ડો.હિમાંશુ શાહ** [ M.S. Mch.(યુરોલોજી) ] ગોલ્ડ મેડાલીસ્ટ
ડાયરેક્ટર, ફ્યુઝન કિડની ઈન્સ્ટીટ્યૂટ, વતન – માંડવી, કચ્છ
પથરી, પ્રોસ્ટેટ, કિડની, બ્લેડર કેન્સર, મૂત્રમાર્ગ ના રોગ,
બાળકો ના પેશાબ ના રોગ ના નિષણાંત

ગુલબાઇ ટેકરા BRTS બસ સ્ટેન્ડ ની સામે, પાંજરાપોળ યુનિવર્સિટી રોડ, આંબાવાડી, અમદાવાદ - ૩૮૦૦૧૫
એપોઇન્ટમેન્ટ માટે : ૦૭૯-૬૧૩૪૬૧૩૪ ૦૭૯-૨૬૩૦૫૦૬૦ ,
સોમવાર થી શુક્વાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦ સાંજે ૦૪:૦૦ થી ૦૫:૦૦, શનિવાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦

Website : www.fusionkidney.com Email : info@fusionkidney.com

● શુભેચ્છા સહ ●



## અનિલ પાસુભાઈ શાહનંદ

૮૯, યોગેશ્વરનગર સોસાયટી,
અંજલી ચાર રસ્તા, ભઠ્ઠા, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
મો. ૯૪૨૬૦ ૫૫૪૪૮, ૯૩૨૭૦ ૬૩૩૫૫


સાચા સંબંધને તોડવાની ભૂલ ના કરતા,
ઝાડ પરથી તૂટેલા પાંદડા ફરીથી
લીલા નહીં થાય.



સૌંદર્યનું આયુષ્ય માત્ર જુવાની સુધી
અને ગુણોનું આયુષ્ય આજીવન
સુધી સાથે રહે છે.



# સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવારની

## હાર્દિક શુભેચ્છાઓ


એવો વિચાર ના કરો કે,
મોટા માણસ, મારા મિત્ર થાય,
એવો વિચાર કરો કે ...,
મારા મિત્રો મોટા માણસ થાય..!!!

કુંડળી મળતી ન હોય છતાં
આજીવન ચાલવાવાળો સંબંધ
એટલે ભાઈબંધી

## સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવાર

(તલવાણા - ગાંધીનગર - યુ.એસ.એ.)

# ડૉ. તિવેન મરવાહનાં આરોગ્યલક્ષી પુસ્તકો




- કૂદકે ને ભૂસકે વધી રહેલા ડાયાબિટીસ વિશેની સાચી સમજણ
- ડાયાબિટીસ તથા તેના કારણે થતી વિષમતાઓ વિશે સરળ ભાષામાં વિવરણ
- ડાયાબિટીસ તથા તેના કારણે થતી તકલીફો અટકાવવા માટેના સચોટ ઉપાયો
- ડાયાબિટીસના નિષ્ણાત અને અનુભવી ડૉક્ટર દ્વારા લોકભોગ્ય ભાષામાં લખાયેલ સંક્ષિપ્ત પુસ્તક
- 'દિવ્ય ભાસ્કર' વર્તમાનપત્રની 'કળશ' પૂર્તિની 'પહેલું સુખ' કોલમમાં લખાયેલા અને ખૂબ લોકપ્રિય થયેલા લેખ ઉપર આધારિત

## ડાયાબિટીસની કડવી-મીઠી વાતો




- ડાયાબિટીસના નિષ્ણાત અને અનુભવી ડૉક્ટર દ્વારા લોકભોગ્ય ભાષામાં લખાયેલ સંક્ષિપ્ત પુસ્તક
- 'દિવ્ય ભાસ્કર' વર્તમાનપત્રની 'કળશ' પૂર્તિની 'પહેલું સુખ' કોલમમાં લખાયેલા અને ખૂબ લોકપ્રિય થયેલા લેખ ઉપર આધારિત
- ગૉળ, ખાંડ, મધ અને સૅકરીન વિશેની સાચી સમજણ
- કુદરતી અને કૃત્રિમ મીઠાશ આપનાર તત્ત્વોની વૈજ્ઞાનિક છણાવટ
- મીઠા પદાર્થોની ડાયાબિટીસ અને ઓબેસિટી ઉપરની અસરોનું તલસ્પર્શી વિશ્લેષણ
- મીઠાશ અને મીઠા પદાર્થો વિશેની સાચી-ખોટી માન્યતાઓની સુસ્પષ્ટતા

## ગૉળ, ખાંડ, મધ અને સૅકરીન – કેટલાં મીઠાં, કેટલાં કડવાં?

**નવનીત એજ્યુકેશન લિમિટેડ**

Like us on /navneet.india | www.navneet.com

**દરેક બુકસેલરને ત્યાં મળે છે.**

NAVNEET®

છેલ્લા ૪૭ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર : **"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૨ થી ૬૦૦૫
ઈ-મેઈલ : kjssmangalmandir@gmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રી મંડળ**

■ **અશોક મહેતા – મુખ્ય તંત્રી**
**મો. ૯૮૭૯૦ ૬૩૧૦૦**
■ **મહેન્દ્ર દોશી – સભ્ય**
**મો. ૯૪૨૮૦ ૨૦૫૦૧**
■ **ફાલ્ગુની હિરેન – સભ્ય**
**મો. ૯૮૨૫૦ ૧૬૬૭૭**
■ **ચૌલા કુરૂવા – સભ્ય**
**મો. ૯૩૨૭૦ ૭૫૪૮૮**
■ **રસિક ખીમજી મહેતા – સભ્ય**
**મો. ૯૩૨૮૨ ૪૯૦૬૯**

**કવર પેઇજ ડિઝાઇન**

**પ્રદીપ મહેતા : મો. ૯૮૨૫૦ ૬૧૧૬૦**

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

**– *મુખ્યતંત્રી***

# અનુક્રમણિકા

**તંત્રી લેખ :**

● કચ્છના પાણીના પ્રશ્ને વિહંગાવલોકન ........ **અશોક મહેતા** ...... ૭

● સવાલ અમારો... જવાબ તમારો.. : મણકો-૪ ........ **સંયોજક : પ્રભુલાલ કે. સંઘવી** ..... ૧૧

**ઓગસ્ટ ક્રાંતિ**

● ઓગસ્ટ ક્રાંતિ અને કચ્છ ........ **જગદીશચંદ્ર છાયા** ..... ૧૩

**રાષ્ટ્રપિતા**

● માનવતાના મહારથી : મહાત્મા ગાંધીજી ........ **પ્રા. સૂર્યકાંત ભટ્ટ** ..... ૧૬

**અખૂટ આત્મીયતા**

● મહાત્મા ગાંધી તથા સરદાર પટેલ વચ્ચે અખૂટ આત્મીયતા ........ **પ્રા. સૂર્યકાંત ભટ્ટ** ..... ૧૭

**કેળવણી ક્ષેત્રે ગુજરાત**

● અંધકારમાંથી ઉજાસ તરફનું પ્રયાણ ........ **નરેશ અંતાણી** ..... ૧૮

**વિશિષ્ટ સંસ્થા**

● સાધુ કલ્યાણબાપા અને સોનગઢ બોર્ડિંગ ........ **વસંત મારૂ** ..... ૨૦

**વિશિષ્ટ વ્યક્તિ**

● અનેકોના મસીહા : લીલાધર ગડા 'અધા' ........ **ડૉ. કુમારપાળ દેસાઇ** ..... ૨૨
● આઝાદીનો ચિરાગ, શહાદતનું અમી ........ **જયંતી જોશી 'શબાબ'** ..... ૨૫
● કચ્છી લોહાણા અગ્રણી : પ્રેમજીભાઈ રાઘવજી ઠક્કર ........ **ભરત'કુમાર' પ્રા. ઠાકર** ..... ૨૭

**ઇતિહાસ**

● કચ્છના ઈતિહાસના પાનેથી ........ **વસંત 'કચ્છ કેસરી'** ..... ૨૮

**સાંપ્રત સમસ્યા**

● જાતીય શોષણનું વધતું દૂષણ ........ **પ્રવીણ કે. લહેરી** ..... ૩૦

**વૃદ્ધાવસ્થા**

● જીવનસંધ્યાનું મેઘધનુષ્ય ........ **જાગૃતિ વકીલ** ..... ૩૨

**નેચર વોક**

● વડોદરામાં પ્રથમ વખત ત્રીસથી વધુ બાળકો કુદરતની નજીક આવ્યા ........ **મનીષ જોશી 'મૌન'** ..... ૩૩

**જૈન દેરાસરો**

● કચ્છના કેટલાક જૈન દેરાસરોનો ઈતિહાસ ........ **ડૉ. મિહિર એમ. વોરા** ..... ૩૪

**તીર્થ દર્શન**

● દર્શન-૩૪ : શ્રી વામજ તીર્થ
● દર્શન-૩૫ : શ્રી મહેસાણા તીર્થ ........ **પ્રેષક : કે.ડી. શાહ** ..... ૩૮

**તંદુરસ્તી**

● 'મારા લાડલા સંતાનનું શારીરિક નુકસાન કરીશ' .... **ડૉ. મણિલાલ ગડા, સિનિયર મનોચિકિત્સક** ..... ૩૯
ઓબ્સેસિવ વિચારો' – ઓ.સી.ડી. : ભાગ-૪ **ડૉ. દિપ્તી શાહ (ગડા), મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક**
● પિત્તાશય અને તેનો સૌથી કોમન રોગ : પિત્તાશયની પથરી ........ **ડૉ. તપન શાહ** ..... ૪૦

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના

**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**ઉપપ્રમુખ-૨**
શ્રી હિરેન કુંવરજી શાહ
મો. ૯૮૨૫૦ ૧૩૭૧૫

**માનદ્ મંત્રી**
શ્રી રજનીકાંત ધરમશી પારેખ
મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧

**સહમંત્રી**
શ્રી વિશાલ મહેન્દ્ર શાહ
મો. ૯૪૨૮૩ ૫૦૦૩૮

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી વિમેશ ગુલાબચંદ શાહ
મો. ૯૮૭૯૧ ૧૦૪૬૭



**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦


**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kutchijainahd.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**

### યોગદર્શન

- મોહ દૂર થતાં પરમાત્માથી નિત્યયોગ સધાય છે ..................... **યોગસાધક કિરણ ચાંપાનેરી**..... ૪૨


### વાર્તા

- હમસફર ........ **રમીલા પી. મહેતા**..... ૪૪
- 'હાર-ચોર'ની હાર કે જીત? ........ **જસ્મીન દેસાઇ 'દર્પણ'**..... ૪૫


### બોધકથા

- મનુષ્યની સ્થિતિ તેની ભાવના ઉપર નિર્ભર છે ........ **વિનોદભાઈ માછી નિરંકારી**..... ૪૭
- જેવી કરણી તેવી પાર ઉતરણી........ **સુમિત્રાબેન દાદુભાઈ નિરંકારી**..... ૪૮


### અન્ય સંસ્થાઓના સમાચાર

- અન્ય સંસ્થાઓના સમાચાર........ ૫૦


### નિયમિત વિભાગો

- *Nano Nine* શબ્દ રમત-૧૯૭ ........ **સંકલન : રજનીકાંત પારેખ**..... ૫૩
- *Nano Nine Sudoku* (ક્રમાંક-૧૧૫૫) ........ **સંકલન : રજનીકાંત પારેખ**..... ૫૫
- આંજો કાગર ........ ૫૬
- દેશ - વિદેશ ........ **ચૌલા કુરૂવા**..... ૫૭
- જ્ઞાન વિજ્ઞાન / વૈજ્ઞાનિક માહિતી ........ **સંકલન : રસીક ખીમજી મહેતા**..... ૬૧


### શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : સંસ્થા સમાચાર

- શ્રદ્ધાંજલી લેખ : ગુલાબ ગયું, ફોરમ રહી........ **ફાલ્ગુની હિરેન**..... ૬૩
- ચક્ષુદાતા ........ **કમલેશ બાબુભાઈ શાહ**..... ૬૬
- સફળતાના મંત્રને સિધ્ધ કરનાર — અદિતિ દર્શિત મહેતાને અભિનંદન........ ૬૭
- ૭૭મો સ્વાતંત્ર્ય દિન : જાહેર આમંત્રણ ........ ૬૭
- આપણા ડૉક્ટર્સને પહેચાનો : મણકો-૩ : ડૉ. અપૂર્વ પટેલ ........ **અશોક મહેતા**..... ૬૮
- અતીતના ઓવારેથી... : મણકો-૪. ........ **અશોક મહેતા**..... ૬૯
- ઉડતી નજરે... ........ ૭૧
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : દૈનિક ડાયરી ........ **સંકલન : રજનીકાંત પારેખ**..... ૭૨
- સાભાર સ્વીકાર........ ૭૭
- સમાજ દર્પણ : સરનામા ફેરફાર ★ અવસાન નોંધ........ ૭૮
- યુવા વિકાસ સમિતિ ★ સાંસ્કૃતિક સમિતિ........ ૭૮
- વયસ્ક સમિતિના કાર્યક્રમનો અહેવાલ........ ૭૯
- 'મંગલ મંદિર'ના પ્રાપ્ત થયેલ લવાજમો (તા. ૨૧-૬-૨૦૨૩થી તા. ૨૦-૭-૨૦૨૩ સુધી) ........ ૮૨
- 'મંગલ મંદિર'ના લવાજમ પૂરા થતા હોય તેવા સભ્યોની નામાવલી........ ૮૩


### આ અંકમાં સમાવિષ્ટ કરેલ કાવ્યો / લઘુકથા

- ગઝલ........ **અંકિતા મારૂ 'જીનલ'**..... ૩૭
- જન્મ દિવસ ........ **કેતના જયેશ છેડા 'કેતુ'**..... ૩૭
- રક્ષા બંધનનું ગીત........ **દેવચંદ ગાલા**..... ૪૧
- લઘુકથા : આપણી ગણતરી પણ... ........ **કેશવ સુથાર**..... ૫૨
- મુખમેં રામ બગલમેં છુરી ........ **નેહા શાહ 'નેહ'**..... ૫૪
- મેહુલો........ **મણિલાલ ડી. રૂઘાણી**..... ૫૪
- ગઝલ........ **સાહિલ**..... ૬૨
- મેઘોત્સવ........ **પ્રભુલાલ સિધ્ધપુરા**..... ૬૨



Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**.
Printed at : **Gajanand Offset,** Amraiwadi, Ahmedabad.
Published at : **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. ● **Editor : Mr. Pratap Dand** ● **Yearly Subscription : Rs.150/-**

તંત્રી લેખ

# કચ્છના પાણીના પ્રશ્ને વિહંગાવલોકન



અશોક મહેતા

*એક સમય એવો હતો કે જ્યારે કચ્છમાં પાણીની રેલમછેલ હતી. એ સમયે કચ્છમાં ખૂબ જ ખેતી થતી હતી અને કચ્છ સુખી પ્રદેશ હતો. કચ્છમાં આજે જ્યાં મોટું રણ છે ત્યાં સિંધુ, સરસ્વતી, જેલમ, બીયાસ અને સતલજ નદીના પાણી ઠલવાતા હતા અને આ પાણી ખંભાતના અખાતને મળતા હતા. એ સમયે કચ્છ, એ સપ્તસિંધુનો પ્રદેશ કહેવાતો હતો. એ આ પાણીના કારણે બારેમાસ લીલોછમ રહેતો હતો.*

*બારમી સદીમાં એક મોટો ભૂકંપ આવ્યો. સિંધુ નદી પશ્ચિમમાં ૩૦૦ કિ.મી. ખસી ગઈ. અન્ય નદીઓ અન્યત્ર ખસી ગઈ. સિંધુ નદીની માત્ર એક શાખા કચ્છની પશ્ચિમે આવેલ કોરી ક્રીકને મળતી હતી. તે શાખા હવે માત્ર અબડાસા અને લખપતમાંથી પસાર થતી હતી. તેથી એ પ્રદેશમાં હરીયાળી રહેવા પામી. બારમી સદી અગાઉ બારમાસી નદીઓ કચ્છના જે વિભાગમાંથી પસાર થતી હતી એ હવે રણ પ્રદેશ બની ગયો.*

*ત્યારબાદ બરાબર ૬૦૦ વર્ષ પછી એટલે કે ૧૨મા સૈકાથી ૧૮મા સૈકામાં (તા. ૧૬-૬-૧૮૧૯) ફરી ધરતીકંપ આવ્યો અને સિંધુ નદીના વહેણની વચ્ચે જમીનનો કેટલોક ભાગ ઊંચો આવી ગયો કે જેને અલ્લાહનો બંધ કહેવાયો અને તેના કારણે સિંધુના આ પાણી પણ કચ્છમાં આવતા બંધ થઈ ગયા. કચ્છમાં આવતા આ પાણી બંધ થયા અને તેના કારણે નૈઋત્યના પવનો થકી પણ નીચે વિશાળ જળરાશિના અભાવે વરસાદ પડવો બંધ થયો. કચ્છ પૂર્ણપણે દુષ્કાળના પ્રદેશમાં ફેરવાઈ ગયો. છેક ૧૮મા સૈકાથી કચ્છ દુષ્કાળનો સામનો કરી રહ્યું છે. લગભગ છેલ્લા ૫૦૦ વર્ષથી કચ્છની આ પરિસ્થિતિ છે.*

*વર્ષ ૧૯૪૭માં ભારત દેશ આઝાદ થયો. કેન્દ્ર સરકાર સમગ્ર દેશમાં આબાદીના આયોજનો કરવા લાગી. અન્ય પ્રગતિની સાથે સાથે આર્થિક પ્રગતિના આયોજનો પણ વિચારાયા. ભારતની બારમાસી નદીઓ પર ડેમ બાંધી, નદીના પાણીનો સંગ્રહ કરી, તેને કેનાલો વાટે ખેતરે ખેતરે પહોંચાડી, વિવિધ પ્રકારની ખેતીના આયોજનો વિચારાયા. અન્ય નદીઓની સાથે સાથે નર્મદા નદી કે જે મધ્ય પ્રદેશમાં થઈ, ગુજરાતના ભરૂચ કિનારેથી ખંભાત પાસે દરિયાને મળે છે તેના પર પણ ડેમ બનાવવાના આયોજનો વિચારાયા. લાગતા વળગતા રાજ્યોએ ડેમના આ પાણી પર પોતાના રાજ્યનો પણ હક્ક છે તેવા વિવાદો ઊભા કરતાં વર્ષ ૧૯૬૯માં એક જળપંચની રચના કરવામાં આવી કે જેણે પોતાનો ચુકાદો વર્ષ ૧૯૭૯માં આપ્યો. જળપંચના આ ચુકાદા મુજબ નર્મદા નદીના આકારાયેલ ૨૮ એમ.એ.એફ. (મિલિયન એકર ફીટ) પાણીમાંથી ૧૮ એમ.એ.એફ. પાણી મધ્ય પ્રદેશને, ૯ એમ.એ.એફ. પાણી ગુજરાતને, ૦.૫ એમ.એ.એફ. પાણી મહારાષ્ટ્રને અને ૦.૫ એમ.એ.એફ. પાણી રાજસ્થાનને ફાળવવામાં આવ્યા. ત્યારબાદ ડેમ બાંધવાની કાર્યવાહી આગળ શરૂ કરવામાં આવી. ડેમ સાઈટથી રાજસ્થાનની હદ સુધી ૪૮૫ કિ.મી. લાંબી મેઈન કેનાલના કામોના પણ આયોજનો ગોઠવી તેના બાંધકામની પણ શરૂઆત કરવામાં આવી.*

*ગુજરાતને જે ૯ એમ.એ.એફ. પાણી ફાળવવામાં આવ્યા તેમાંથી કચ્છના ભાગે તો માત્ર ૦.૨ એમ.એ.એફ. પાણીની ગણના કરવામાં આવેલ હતી. ગુજરાતના સૌથી વધુ દુષ્કાળગ્રસ્ત પ્રદેશની જનતાને આ બાબતે અન્યાય જણાતા 'કચ્છ જળસંકટ નિવારણ સમિતિ'ની રચના કરવામાં આવી કે જેના પ્રયાસના કારણે આ પાણી વધારીને ૦.૫ એમ.એ.એફ. કરવામાં આવ્યા કે જેના થકી કચ્છની ૧૮૨ ગામોની ૨,૮૫,૦૦૦ એકર જમીનમાં ખેતી કરી શકવાના આયોજનો વિચારાયા.*

*કચ્છના વિવિધ તાલુકાઓના ગામડામાં નર્મદા નદીના ખેતીના નિયમિત પાણીના વિતરણની વ્યવસ્થા નીચે મુજબ વિચારવામાં આવેલ હતી.*

| ક્રમ | તાલુકો | લાભિત ગામોની સંખ્યા | પીયત વિસ્તાર એકરમાં |
|---|---|---|---|
| ૧. | રાપર | ૪૭ | ૯૬,૪૦૨ |
| ૨. | ભચાઉ | ૩૩ | ૬૪,૮૩૮ |
| ૩. | ગાંધીધામ | ૦૮ | ૧૦,૩૩૫ |
| ૪. | અંજાર | ૨૪ | ૩૩,૪૧૮ |
| ૫. | મુંદ્રા | ૩૪ | ૪૫,૬૦૦ |
| ૬. | માંડવી | ૩૦ | ૨૭,૯૯૫ |
| ૭. | ભુજ | ૦૬ | ૩,૩૫૮ |
| | | | ૨,૮૧,૯૪૬ એકર |
| | | Say | ૨,૮૨,૦૦૦ એકર |

ભરૂચ પાસેના નવા ગામની ડેમ સાઈટથી રાજસ્થાન સુધીની મેઈન કેનાલમાંથી ગુજરાતના વિવિધ સ્થળે પાણી પહોંચાડવા ૩૭ જેટલી બ્રાંચ કેનાલના આયોજનો વિચારવામાં આવ્યા. તેમાંથી કચ્છ બ્રાંચ કેનાલ મેઈન કેનાલની સાંકળ ૩૮૫.૮૧ કિ.મી.થી એટલે કે બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકાના, સલીમગઢ ગામ પાસેથી શરૂ કરવામાં આવી. ૩૫૮ કિ.મી. લાંબી આ કચ્છ બ્રાંચ કેનાલ ૮૨ કિ.મી. સુધી બનાસકાંઠા અને પાટણ જિલ્લામાંથી પસાર થાય છે અને ત્યારબાદના ૨૭૬ કિ.મી. કચ્છમાંથી પસાર થઈ તેના બીજા છેડે માંડવીના મોડકુવામાં પૂરી થાય છે.

જળપંચના ૧૯૭૯ના ચુકાદા પછી ૨૭ વર્ષે એટલે કે વર્ષ ૨૦૦૬માં આ કચ્છ બ્રાંચ કેનાલના કામ શરૂ કરવામાં આવ્યા અને કામ શરૂ થયાના ૧૬ વર્ષ પછી એટલે કે વર્ષ ૧૯૨૨માં આ કેનાલના કામો તેના અંતિમ સ્થળ મોડકુવા સુધી પૂરા થયા. એટલે કે ૨૭ + ૧૬ = ૪૩ વર્ષનો સમયગાળો જે અધિકારીઓએ અને કાર્યકરોએ પાસ કર્યો, તેઓએ ભારતની પ્રગતિને ખૂબ જ પાછળ ઠેલી છે તેવી ગણના મૂકી શકાય. આ પ્રકારની પરિસ્થિતિ ગુજરાતની બધી જ ૩૭ બ્રાંચ કેનાલની રહેવા પામેલ છે.

આયોજન મુજબ સરદાર સરોવર નર્મદા નિગમે આ પાણી ખેતરે ખેતર સુધી પહોંચાડી, ખેડૂતો પાસે પાક લેવડાવવા જોઈએ. તે માટે બ્રાંચ કેનાલ, સબ બ્રાંચ કેનાલ, સબ-સબ બ્રાંચ કેનાલ, માઈનોર કેનાલ, સબસીડિયરી કેનાલ વગેરે તૈયાર કરી ખેડૂત મંડળી સુધી પાણી પહોંચાડવા પડે અને ત્યાંથી બે-ત્રણ ગામની આ ખેડૂત મંડળી આયોજનો મુજબના ખેતરે ખેતર સુધી પાણી પહોંચાડે. કચ્છ બ્રાંચ કેનાલની સબ બ્રાંચ કેનાલની વાત કરીએ તો (૧) ૫૮ કિ.મી. લાંબી ગાગોદર બ્રાંચ કેનાલના હજુ સુધી ૪૨ કિ.મી.ના કામ, (૨) ૨૩ કિ.મી. લાંબી વાંઢીયા બ્રાંચ કેનાલના ૯ કિ.મી.ના કામ અને (૩) ૭૫ કિ.મી. લાંબી દૂધઈ બ્રાંચ કેનાલના ૨૩ કિ.મી.ના કામ જ હાથ પર લેવાયા છે. અન્ય બ્રાંચ કેનાલોના કામો હજુ શરૂ પણ નથી થયા. સબ-બ્રાંચ કેનાલ, માઈનોર કેનાલ, સબસીડિયરી કેનાલના કામો ક્યારે શરૂ કરવામાં આવશે તે મોટો પ્રશ્ન છે. ખેડૂત મંડળીઓની પણ રચના કરી તેને ક્યારે કાર્યરત કરવામાં આવશે તે પણ મોટો પ્રશ્ન છે. જળપંચના ૧૯૭૯ના ચુકાદાને ૪૪ વર્ષ અને કચ્છ બ્રાંચ કેનાલના વર્ષ ૨૦૦૬માં શરૂ કરેલ કામને ૧૭ વર્ષ થયા કે જે સરકારી અધિકારીઓ અને કર્મચારીઓની પ્રગતિની ગતિ બતાવે છે. સાથે સાથે પ્રજાના પ્રતિનિધિઓ એટલે કે સાંસદશ્રી, વિધાનસભ્યો, વિવિધ શહેરના નગરપતિઓ, વિવિધ ગામોના સરપંચશ્રીઓ અને રાજકીય પક્ષના અન્ય અધિકારીઓની ખૂબ જ ધીમી ગતિના ફરજના દર્શન કરાવે છે. અને તેથી જ આઝાદીના ૭૬ વર્ષ પછી પણ આપણો દેશ જોઈએ તેવી પ્રગતિ સાધી શકેલ નથી.

કચ્છની વાત કરીએ તો ૦.૫ એમ.એ.એફ. નિયમિત પાણીથી ૨,૮૫,૦૦૦ એકર જમીનમા અનાજના પાકની ગણના કરીએ તો એક એકરે એક પાકે થતા રૂા. ૨૦,૦૦૦/-ના નેટ નફાના હિસાબે ૨,૮૫,૦૦૦ એકરના પાકના રૂા. ૫૭૦ કરોડ કચ્છનો ખેડૂત દર વર્ષે ગુમાવી રહ્યો છે. અનાજ સિવાય જીરા જેવા પાક અથવા તો ફળફળાદિની વાત કરીએ તો આંક સહેજે ડબલ અથવા તેનાથી વિશેષ થવા જાય છે.

*જ્યાં લગી ભારતનો એક-એક માનવ નૈતિકતાપૂર્ણ વ્યવહાર નહીં કરે, ત્યાં લગી આપણી પ્રગતિની આજ પરિસ્થિતિ રહેવાની છે.*

***ઉપરોક્ત હકીકત નર્મદા નદીના ૦.૫ એમ.એ.એફ. નિયમિત પાણીની થઈ. હવે આપણે વધારાના પાણીની વાત કરીએ.***

*૧૯૭૯ના જળપંચના ચૂકાદા પ્રમાણે નર્મદા નદીમાં સ્વીકારાયેલા નિયમિત પાણી ૨૮ એમ.એ.એફ હતા કે જ્યારે વધારાના પાણી ૩ એમ.એ.એફ. હતા. જળપંચે આ વધારાના પાણી પૂરેપૂરા ગુજરાતને એ સમયે ફાળવી દીધેલ હતા.*

*આ પાણી બાબત ગુજરાતની રાજ્ય સરકારે ચુકાદાના ૨૭ વર્ષ પછી એટલે કે છેક વર્ષ ૨૦૦૬માં નિર્ણય લીધેલ હતો કે આ ૩ એમ.એ.એફ. પાણીમાંથી ઉત્તર ગુજરાતને ૧.૦૦ એમ.એ.એફ. પાણી, સૌરાષ્ટ્રને ૧.૦૦ એમ.એ.એફ. પાણી અને કચ્છને પણ ૧.૦૦ એમ.એ.એફ. પાણી ફાળવવામાં આવે.*

*કચ્છને ફાળવાયેલ વધારાના ૧.૦૦ એમ.એ.એફ. પાણીના આયોજનો જળસિંચાઈ વિભાગે નીચે મુજબ વિચારેલ છે.*

| ***ક્રમ*** | ***વિગત*** | ***અંદાજિત જળ ફાળવણી (એમ.એ.એફ.માં)*** |
|---|---|---|
| ૧. | સારણ જળાશય | ૦.૧૧૬ |
| ૨. | બન્ની જળાશય | ૦.૧૩૪ |
| ૩. | સધર્ન લિન્ક કેનાલ | ૦.૧૫૨ |
| ૪. | નોર્ધન લિન્ક કેનાલ | ૦.૧૭૩ |
| ૫. | હાઈ કન્ટુર સ્ટોરેજ | ૦.૦૪૧ |
| ૬. | હાઈ કન્ટુર કેનાલ | ૦.૧૧૪ |
| ૭. | એક્સ્ટેન્શન ઓફ કચ્છ બ્રાંચ કેનાલ | ૦.૧૮૨ |
| ૮. | કચ્છ બ્રાંચ કેનાલમાંથી ડાયરેક્ટ ફિલીંગ | ૦.૦૨૪ |
| | | ૦.૯૩૬ એમ.એ.એફ. |

*ઉપરોક્ત જળાશયો અને કેનાલોમાં વરસાદનું પાણી પણ આવે અને તેના થકી અંદાજિત ૧૦ લાખ એકરમાં સિંચાઈ કરવાના આયોજનો વિચારાયેલ છે.*

*ઉપરોક્ત યોજનાઓમાંથી ૧/૩ જેટલા કામોને વહીવટી મંજૂરી મળેલ હોવાથી એ કામો માત્ર રગસીયાની ગતિથી ચાલે છે અથવા બંધ જેવા છે કે જ્યારે ૨/૩ કામોને વહીવટી મંજૂરી પણ હજુ સુધી મળેલ નથી. જે કામો થકી ૧૦ લાખ એકરમાં ખેતી થઈ શકે અથવા જે ખેતી થકી દર વર્ષે ખેડૂતને રૂા. ૨૦,૦૦૦/- દરેક એકરે નફાની ગણતરીએ કચ્છનો ખેડૂત જળસિંચાઈ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓની બેદરકારીના કારણે ૧૦ લાખ એકર X રૂા. ૨૦,૦૦૦ દરેક એકર દીઠ વાર્ષિક નફો = રૂા. ૨૦૦૦ કરોડનો નફો દર વર્ષે ગુમાવી રહ્યો છે.*

*જળપંચના ૧૯૭૯ના ચૂકાદા પછી ૪૪ વર્ષે કચ્છની આ પરિસ્થિતિ છે.*

*આ હકીકત સામે કચ્છની પ્રજાએ જાગૃત થવાની ખૂબ જ જરૂર છે.*

***ઉપરોક્ત હકીકત સિવાય (૧) કચ્છને પીવા માટેના પાણી, (૨) ઉદ્યોગ માટેના પાણી, (૩) ડી-સેલિનેશન પ્લાન્ટના પાણી, (૪) રૂકમાવતી રીવર વેલી યોજના, (૫) રણ સરોવર જેવા કાર્યો પાર પાડી શકાય તો કચ્છ અફાટ પ્રગતિના પંથે પહોંચી શકે.***

***૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગલોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,***
***બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯, ૯૮૭૯૦ ૬૩૧૦૦***


TOTAL
SPORTS & FITNESS
NOW IN AHMEDABAD
FF/4, B Agrawal Complex, Navrangpura,
CG ROAD Ahmedabad
+91 91369 37921
Grand Offers
RACKET SPORTS upto 50% off
CRICKET upto 35% off
BALLS upto 20% off
APPAREL & SWIMWEAR upto 20% off
CARROM upto 20% off
GAME SHOES upto 40% off
SKATES upto 30% off
FOOD SUPPLEMENTS upto 40% off
FITNESS ACCESSORIES upto 20% off
BEST BRANDS. BEST PRICES.
TOTAL
NIKE
adidas
PUMA
asics
Babolat
NIVIA
YONEX
SG
SS
DSC
new balance
COSCO
speedo
TOTAL
SPORTS & FITNESS
Customer Care: +91 82683 99999 | For Bulk Purchase / Enquiry: sales@totalsf.in
Dadar (E) | Santacruz (W) | Borivali (W) | Vashi | Thane (W) Korum & Viviana | Dombivali (E) | Kalyan
Nashik | Panvel | Nalasopara | Kurla Phoenix | Surat | Pune | Ahmedabad
Google Ratings 4.4+ Justdial Ratings 4.1+
Shop Online www.totalsf.in
@TotalSportsAndFitness
totalsportsandfitness

# સવાલ અમારો... જવાબ તમારો.....

મણકો ૪

સંકલન - સંયોજક : પ્રભુલાલ કે. સંઘવી (ગાંધીધામ - અમદાવાદ)
(સમાજના ભૂતપૂર્વ મંત્રી તથા 'મંગલ મંદિર'ના ભૂતપૂર્વ તંત્રી)

*અહીં ૧૦ પ્રશ્નો આપવામાં આવેલા છે. તે તમામના સાચા જવાબ આપવાના છે. જેના સાચા જવાબો આપનાર તમામના નામ 'મંગલ મંદિર'ના આગામી અંકમાં પ્રકાશિત કરવામાં આવશે.*

*તો આવો, આ એક નવીનતમ શ્રેણીના જવાબ આપવા થઈ જાઓ તૈયાર... ઉઠાવો કલમ...*

**★ આપે આટલું કરવાનું છે :**

- *આપના જવાબો, અંક મળ્યેથી ૧૦ દિવસમાં સમાજના પાલડી ભવન કાર્યાલયે મોકલી આપવાના છે.*
- *કવર ઉપર "સવાલ અમારો – જવાબ તમારો" સ્પર્ધા લખવાનું છે.*
- *જવાબના પત્ર ઉપર આપનું નામ, સરનામું, મોબાઈલ નંબર લખવો.*
- *આ એક ઉત્તમ પ્રયાસ છે. થોડી મહેનત કરશો. શોધખોળ કરશો... પ્રયત્ન કરશો... આપના જાણીતા અને અનુભવેલા પ્રશ્નો છે. આપને જરૂર આવડશે... આપનું નામ પ્રસિધ્ધ થશે... આપને આનંદ આવશે. સમાજ પ્રત્યે દિલચસ્પી વધશે.*

*તો આવો, તૈયારી કરીએ... જવાબ લખવાની...*

## • આ અંકના સવાલો •

૧. ઉત્તર ગુજરાતની ભૂમિના એક યોગનિષ્ઠ આચાર્યનું નામ શું?

૨. અધિક માસ દર કેટલા વર્ષે આવે? આ વર્ષનો અધિક માસ કઇ તારીખ અને વારે પ્રારંભ થયો?

૩. વિશ્વભરમાં ૨૯ જુલાઈનો દિવસ કયા દિવસના નામથી મનાવવામાં આવે છે?

૪. ભાઈ પ્રત્યેના અસીમ પ્રેમની નિઃસ્વાર્થ અને નિર્મળ પ્રેમની અખૂટ સરવાણીઓ નિરંતર વહ્યા કરે છે... તે નવલિકાનું નામ શું?

૫. કોઈ પણ ઈમારતની સુંદરતા એની ટોચના ચણતર કામમાં વપરાયેલી ઇંટોને નહીં પણ એ ઊંચી ઈમારતના પાયામાં પૂરાયેલા ____________ ને આભારી હોય છે. (ખાલી જગ્યા પૂરો. પુસ્તકનો શબ્દ જ સાચો જવાબ ગણાશે.)

૬. કયા દિવસે જાણીતા લેખક અને કેળવણીકારને લાઈફ ટાઇમ એચિવમેન્ટ ઍવોર્ડ જાહેર કરવામાં આવ્યો? (દિવસનું નામ અને લેખક / કેળવણીકારનું નામ આપવાનું છે.)

૭. કયા જૈનાચાર્ય આઝાદી પછી પ્રથમવાર પાકિસ્તાન ગયા? અને ત્યાં તેમણે શું ઉપદેશ આપ્યો?

૮. સૌથી લાંબા પાનવાળા વૃક્ષનું નામ શું? તે કયા દેશમાં જોવા મળે છે?

૯. જે વિશાળ વડલાને ગીનીસ બુકમાં સ્થાન મળેલ છે તે ક્યાં આવેલો છે? તે કેટલા ઘેરાવામાં ફેલાયેલો છે? તેને કેટલી વડવાઈઓ છે?

૧૦. બોપલ મેડિકલ સેન્ટરમાં મે માસમાં વિવિધ ડિપાર્ટમેન્ટમાં કુલ કેટલા દર્દીઓએ સારવાર લીધી હતી?

**★ નોંધ**

૧. આ પ્રશ્નો સમાજ, સમાજની પ્રવર્તમાન પ્રવૃત્તિ અને સમાજને લગતા પૂછવામાં આવ્યા છે. સમાજના મુખપત્ર તથા સમાજના સાહિત્યનો અભ્યાસ કરવાથી જવાબો મળી જશે.

૨. સૌને સમાજની કાર્ય પ્રવૃત્તિમાં જોડવા અને ઓતપ્રોત કરવા સમાજને સ્પર્શતા પ્રશ્નો પૂછવામાં આવ્યા છે.

## • મણકા–૩ ના સવાલોના સાચા જવાબો •

૧. ગુજરાતમાં પ્રથમ હાર્ટ ટ્રાન્સપ્લાન્ટેશન ૧૯ ડિસેમ્બર, ૨૦૧૯ના રોજ ડૉ. ધીરેન શાહ - મેરીંગો સીમ્સ હોસ્પિટલ દ્વારા થયેલ.
૨. કચ્છની કેસર કેરીની સારી ક્વોલિટી માટે કચ્છનું વિષમ વાતાવરણ અને કચ્છની સૂકી જમીન કારણભૂત છે.
૩. મહેફિલની છેલ્લી લાઈન : તારી કળાનો કારીગર ક્યાંથી મળ્યો?
૪. શંખલપુર જૈન દેરાસરના મૂળ નાયક : શ્રી શાંતિનાથ ભગવાન
કંબોઈ તીર્થના દેરાસરના મૂળ નાયક : શ્રી મનમોહન પાર્શ્વનાથ ભગવાન.
૫. ભાવનગરના રાજવીનું નામ : કૃષ્ણકુમારસિંહજી.
૬. મે મહિનામાં ૧૩૫ સાધુ-સાધ્વીજી ભગવંતોએ લાભ લીધો.
૭. છેલ્લો જીવનસાથી (મેરેજ બ્યુરો) પસંદગી સંમેલન તા. ૧૬-૪-૨૦૨૩ રવિવારે યોજાયો હતો. જેમાં ૩૩ દીકરીઓ અને ૧૦૫ દીકરાઓએ ભાગ લીધો હતો.
૮. છેલ્લું વસતીપત્રક ૨૦૧૨માં પ્રગટ થયેલ. ૨૦૨૩નું વસતી પત્રક ષષ્ઠીપૂર્તિ ઉજવણી વર્ષ દરમિયાન પ્રગટ થવાની ધારણા છે.
૯. મંગલ મંદિરના લવાજમના દરો : ★ ૧ વર્ષનું : રૂા. ૧૫૦/- ★ ૨ વર્ષનું : રૂા. ૩૦૦/- ★ ૩ વર્ષનું : રૂા. ૪૦૦/- ★ ૫ વર્ષનું : રૂા. ૬૦૦/- ★ ૧૫ વર્ષનું : રૂા. ૧૫૦૦/-
૧૦. મૂળ માંડવીના શ્રી લહેરચંદ પુનશીભાઈ મૈશેરીએ દેહદાન અને ચક્ષુદાન કર્યું હતું.

**મણકા-૩ (મંગલ મંદિર જુલાઈ-૨૦૨૩ અંકમાં પૂછાયેલા પ્રશ્નોના) સાચા જવાબ આપનાર ભાગ્યશાળીઓના નામ**

| | | | |
|---|---|---|---|
| ૧. | રોનકબેન આઈ. શેખ | – | અમદાવાદ |
| ૨. | સ્વ. ગુલાબચંદ ધારશી રાંભિયા | – | અમદાવાદ |
| ૩. | હસમુખ દામજી દેઢિયા | – | અડાલજ |
| ૪. | મહેન્દ્ર દલસુખભાઈ પુજ | – | અમદાવાદ |
| ૫. | પ્રો. ડૉ. લુબનાબેન આઈ. શેખ | – | અમદાવાદ |
| ૬. | અંજુ અનિલ મહેતા | – | અમદાવાદ |

*સાચા જવાબ આપનાર દરેક ભાગ્યશાળીઓના નામ જે તે અંકમાં પ્રસિધ્ધ કરવામાં આવે છે.*

## મંગલ મંદિરનું લવાજમ

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સ્થાનિકે વસવાટ કરતા તથા બહારગામના સભ્યોને વિનંતી સહ જણાવવાનું કે અનેક સભ્યોએ હજુ સુધી 'મંગલ મંદિર'ના લવાજમ ભર્યા નથી. તેઓને વિનંતી કે તેઓ પોતાના લવાજમની રકમ તાત્કાલિક સંસ્થાની ઓફિસ પર મોકલી આપે.*

**• મંગલ મંદિરના લવાજમના દર નીચે મુજબ છે •**

- *૧ વર્ષનું લવાજમ : રૂા. ૧૫૦/-*
- *૨ વર્ષનું લવાજમ : રૂા. ૩૦૦/-*
- *૩ વર્ષનું લવાજમ : રૂા. ૪૦૦/-*
- *૫ વર્ષનું લવાજમ : રૂા. ૬૦૦/-*
- *૧૫ વર્ષનું લવાજમ : રૂા. ૧,૫૦૦/-*

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના બેંક એકાઉન્ટની વિગત નીચે મુજબ છે :*

- ***સંસ્થાનું નામ :*** શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ [Shree Kutchhi Jain Seva Samaj - Ahmedabad]
- ***બેંક :*** કેનેરા બેંક, પાલડી બ્રાંચ - અમદાવાદ [Canara Bank, Paldi Branch - Ahmedabad]
- ***એકાઉન્ટ નંબર :*** ૭૦૦૭૨૦૧૦૦૧૬૦૩૨ [70072010016032] ■ ***IFSC કોડ :*** CNRB0017007

***રજનીકાંત પારેખ,*** *માનદ્ મંત્રીશ્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

# ઓગસ્ટ ક્રાંતિ અને કચ્છ

જગદીશચંદ્ર છાયા

આપણા દેશના સ્વાતંત્ર્ય સંગ્રામમાં સીમાચિહ્નરૂપ 'ભારત છોડો' લોક ક્રાંતિને ૭૭ વર્ષ પૂર્ણ થઈ ગયાં. દેશભરમાં એની ઉજવણી થઈ. અભૂતપૂર્વ કહી શકાય એવી એ લોક ક્રાંતિના દેશ ભક્તિ, જન ચેતના, કોમી ઐક્ય જેવા ઉચ્ચ આદર્શોમાંથી નવી પેઢી પ્રેરણા મેળવે, રાષ્ટ્રીય મૂલ્યોમાં નવી ચેતના જાગે, દેશના ઉજ્જવળ ભવિષ્ય માટે સમર્પણ ભાવના કેળવવા જેવા ઉમદા હેતુઓ સિધ્ધ થાય એવી અપેક્ષા સહેજે રહે.

'ઓગસ્ટ ક્રાંતિ'માં કચ્છીઓનું પ્રદાન પણ નોંધપાત્ર છે. દેશમાં ક્રાંતિના બીજ પ્રથમ કચ્છમાં રોપાયાં હોવાનું કહેવાયું છે એમાં જરાય અતિશયોક્તિ નથી. કારણકે ઇ.સ. ૧૭૮૩માં કચ્છના ક્રાંતિવીર મેઘજી શેઠે, રાવ રાયધણ સામે માથું ઊંચક્યું હતું. અજબ હિંમતથી લોકક્રાંતિની આગેવાની લઈ રાજસત્તાને ઝુકાવી, રાજવીને કેદ કરી, કચ્છની એ પ્રથમ લોક ક્રાંતિને સફળ બનાવી હતી. તેમના પછી જમાદાર ફતેહ મામદને પણ આવી જ જવાબદારી અદા કરવાની ફરજ પડી હતી. જ્યારે ગાંધીયુગનો પ્રભાવ ન હતો ત્યારે ક્રાંતિવીર શ્યામજી કૃષ્ણવર્માએ અંગ્રેજ સત્તાને પડકારી હતી. પ્રજા જાગૃતિ માટે તેમણે શંખ ફુંક્યો હતો. તો 'ઓગસ્ટ ક્રાંતિ' વખતે કચ્છ જિલ્લો પાછળ રહે ખરો?

એ યુગ હતો આઝાદીની ઝંખના માટે સર્વત્ર લોકજુવાળનો. આપણા નેતાઓ જાણતા હતા કે જ્યાં સુધી આપણા દેશ પર બ્રિટીશ શાસન હશે, ત્યાં સુધી જાપાની આક્રમણનો ભય રહેશે. હિંદુ-મુસ્લિમ એકતા સ્થાપી શકાશે નહીં. પ્રજાએ પોતાનો 'જન્મ સિદ્ધ અધિકાર' મેળવવા માટે સ્વદેશી ચળવળ, હોમ રૂલ, ખિલાફત ચળવળ, સવિનય કાનૂન ભંગ, દાંડી કૂચ વગેરે કાર્યક્રમો કરી સરકારના દાંત ખાટા કરી નાખ્યા હતા. તેમ છતાં સરકારની શાન ઠેકાણે આવી ન હતી. ઉલટું સરકારે દમન નીતિ આચરી પ્રજા પર જુલમ વરસાવવામાં કંઈ કચાશ રાખી ન હતી. જલિયાંવાલા બાગ હત્યાકાંડ એનું એક દૃષ્ટાંત છે.

છેવટે ૮મી ઓગસ્ટ, ૧૯૪૨ના મુંબઈના ગોવાળીયા ટેંક મેદાન (હાલના ઓગસ્ટ ક્રાંતિ મેદાન)માં પંદરેક હજારની માનવ મેદની વચ્ચે આપણા રાષ્ટ્રીય નેતાઓએ અંગ્રેજોને રોકડું પરખાવી દીધું : 'ભારત છોડો' 'ક્વિટ ઇન્ડિયા.'... સાથે મહાત્મા ગાંધીજીએ મંત્ર આપ્યો : 'કરેંગે યા મરેંગે.'

નવેમ્બર ૨૦૧૯માં અમે મુંબઈ માણવા ગયા હતા. ત્યાં ગામદેવી સ્થિત સ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવનમાં અમારો ઉતારો હતો. એની તદ્દન નજીક 'ઓગસ્ટ ક્રાંતિ મેદાન' હતું. એ સ્થળ પ્રત્યક્ષ નિહાળતા મને અત્યંત આનંદ થયો હતો. આ સ્થળે યોજાયેલ સભામાં મહાત્મા ગાંધીજીએ 'ભારત છોડો' સૂત્ર દ્વારા અંગ્રેજોને ભારત છોડી જવા આદેશ આપ્યો હતો.

કચ્છના દાનવીર શેઠ ગોકુળદાસ તેજપાળ બોર્ડિંગના સદ્ભાગી મકાનમાં ઇ.સ. ૧૮૮૫ ડિસેમ્બરના અંતમાં જ્યાં 'ઇન્ડિયન નેશનલ કોંગ્રેસ'ની સ્થાપના થઈ હતી, એ જ બોર્ડિંગના પ્રાંગણમાંથી અંગ્રેજોને પડકાર ફેંકાયો 'ભારત છોડો.' બીજા દિવસે ૯મી ઓગસ્ટે જે નેતાઓની ધરપકડ થઈ એમાં કચ્છી પ્રજાકીય પરિષદના પ્રમુખ અને મુંબઈના તત્કાલીન મેયર યુસુફ મહેરઅલી, મુંબઈ પ્રાંતીય મહાસભાના ખજાનચી ભવાનજી અરજણ ખીમજીનો પણ સમાવેશ થતો હતો.

- **'ભારત છોડો' સૂત્ર કચ્છી નેતાનું પ્રદાન**

દેશમાં ક્રાંતિના બીજ પ્રથમ કચ્છમાં રોપાયાં હતાં. એમ ઓગસ્ટ ક્રાંતિનું વિચાર બીજ કચ્છમાંથી રોપાયું હતું! ઇતિહાસમાં ભલે આ વિગતની નોંધ ન લેવાઈ હોય, પણ હકીકત એ છે કે દેશભરમાં ખળભળાટ મચાવનાર અને બ્રિટીશ સલ્તનતના પાયા હચમચાવી નાખવા સમર્થ સાબિત થયેલ આ ક્રાંતિકારી સૂત્ર 'ભારત છોડો' કચ્છી સપૂત યુસુફ મહેરઅલીના દિમાગની પેદાશ છે. (શ્રી યુસુફ મહેરઅલી મુંબઈના તત્કાલીન મેયર હતા. કચ્છી પ્રજાકીય પરિષદના પ્રમુખ હતા. ભુજમાં વાણિયાવાડ પાસે હંમેશાં ભરચક રહેતો 'મહેરઅલી ચોક' એમની સ્મૃતિને વાગોળતો રહે છે.)

તેમણે મહાત્મા ગાંધીજીને એ સૂત્ર સૂચવ્યું ને સાંભળતા જ ગાંધીજીને ગમી ગયું. આમ પણ ગાંધીજી ચળવળનાં અસરકારક સૂત્રની શોધમાં તો હતા જ. ત્યાં આ સુંદર પ્રેરક સૂત્ર મળી જતાં તેમણે ચળવળના મુખ્ય સૂત્ર તરીકે સહર્ષ સ્વીકારી લીધું. (આ વિગતને પ્રવીણભાઈ શેઠ અને સુભાષભાઈ સંપટે પણ એક સમયે પોતાની કૉલમમાં સ્થાન આપ્યું હતું અને એ રીતે કચ્છનું ગૌરવ વધાર્યું હતું.)

આઝાદી માટેની છેલ્લી સફળ રાષ્ટ્રીય ચળવળ માટે એક

કચ્છીએ અસરકારક મુખ્ય સૂત્ર આપ્યું હતું એ જાણીને સૌની છાતી ગજગજ ફૂલે એમાં નવાઈ નથી. ચળવળને શક્તિશાળી બનાવવા કચ્છી સપૂત સૂરજી વલ્લભદાસનાં 'કચ્છ કેસલ' નામના મકાનમાં છૂપી સભાઓ પણ મળતી. કચ્છમાં પણ પ્રભાત ફેરીઓ, હડતાળ, જાહેરસભાઓ વગેરે કાર્યક્રમો યોજાતા. કચ્છના દાનવીર શેઠ ગોકળદાસ તેજપાળ બોર્ડિંગના પ્રાંગણમાંથી, કચ્છી સપૂત મુંબઈના મેયર યુસુફ મહેરઅલીએ મહાત્મા ગાંધીજીને સૂચવેલ આઝાદીની છેલ્લી લડતનું મુખ્ય સૂત્ર 'ભારત છોડો' યોગાનુયોગ કચ્છના દાનવીર શેઠ ગોકળદાસ તેજપાળ બોર્ડિંગના પ્રાંગણમાંથી અંગ્રેજ સરકારને આપવામાં આવ્યું હતું. બીજા દિવસે ૯મી ઓગસ્ટ, ૧૯૪૨ના, કચ્છના યુસુફ મહેરઅલી, ભવાનજી અરજણ ખીમજી સહિત ઘણા રાષ્ટ્રીય નેતાઓની ધરપકડ થઈ. એના વિરોધમાં દેશભરમાં લોકજુવાળ ભભૂકી ઉઠ્યો. સર્વત્ર તોફાનો ફાટી નીકળ્યા. લોકોએ સરકારી મિલ્કતોને નુકસાન પહોંચાડ્યું. ધરપકડના બીજા તબક્કામાં કચ્છી પ્રજાકીય પરિષદના મંત્રી નરભેરામ નરસિંહદાસ સંપટની પણ ધરપકડ થઈ. આઝાદીની ઉત્કટ ઝંખનાને વિખેરવા એ દિને મુંબઈમાં પ્રથમ વખત અશ્રુવાયુ છોડવામાં આવ્યો હતો. લાઠીચાર્જ પણ થયો હતો. વર્તમાન પત્રોની સ્વતંત્રતા ઝુંટવી લેવાતા કેટલાક વર્તમાનપત્રોને બંધ કરવાની ફરજ પડી હતી.

એ સમયે કચ્છનું સૌથી જૂનું અખબાર 'જય કચ્છ' મુંબઈથી પ્રસિદ્ધ થતું. એની વિગતો બહુ રસપ્રદ છે.

● **ઓગસ્ટ ક્રાંતિ અને જય કચ્છ :**

વર્તમાનપત્રોની સ્વતંત્રતા ઝુંટવાતા કેટલાક છાપા બંધ થઈ ગયા. કચ્છનું સૌથી જૂનું અખબાર 'જય કચ્છ' એ વખતે મુંબઈથી પ્રગટ થતું. પન્નાલાલ ટેરેસીસ, ગ્રાન્ટ રોડમાં એનું કાર્યાલય હતું. અખબારી સ્વાતંત્ર્ય પર તરાપ લાગતાં 'જય કચ્છ' બંધ તો ન થયું પણ એમાં મૌન વિરોધ પ્રગટ થતો રહ્યો. તા. ૧૫-૮-૧૯૪૨થી તા. ૩૧-૧૦-૧૯૪૨ સુધીના 'જય કચ્છ'ના તમામ અંકોના અગ્રલેખોમાં ફક્ત એક સરખું સૂચક વેધક લખાણ છપાતું...

> *"નેતાઓની ગિરફતારી,*
> *અખબારી સ્વાતંત્ર્ય પર તરાપ*
> *કડકમાં કડક દમનના પગલાં"*

'જય કચ્છ'ને ઘણા મહિનાઓથી, યુદ્ધને લગતી આખા પાનાની જાહેરાતો મળતી હતી. તે તા. ૧૫-૮-૧૯૪૨થી 'જય કચ્છ'માં છાપવી બંધ કરી. પૈસાની લાલચને ઠુકરાવી ફૂલશંકરભાઈ પટ્ટણીએ પ્રજાનો જુસ્સો વધાર્યો. પત્રકારત્વની ગરીમા જાળવી રાખી.

● **ક્રાંતિમાં કચ્છનો ફાળો**

સ્થાનિકે કચ્છમાં ક્રાંતિનો પડઘો પડ્યો હતો. કચ્છમાં તો ર૬મી જાન્યુઆરી, ૧૯૪૨નાં દિવસે જ 'જવાબદાર રાજતંત્ર દિન' ઉજવાયો હતો. ઓગસ્ટ ક્રાંતિમાં કચ્છના ફાળા સંદર્ભે આ ઘટના પણ ભૂલવા જેવી નથી. એ દિને ભુજમાં 'હરિજન છાત્રાલય' ચોકમાં કચ્છી પ્રજાકીય પરિષદ તરફથી શહેરીજનોની બહોળી સંખ્યા વચ્ચે મળેલ બેઠકનું પ્રમુખ સ્થાન ગુલાબશંકરભાઈ ધોળકિયાએ સંભાળ્યું હતું. તેમણે જુસ્સાદાર પ્રવચન આપ્યું હતું. 'જવાબદાર રાજતંત્ર'ની પ્રતિજ્ઞાનો ઠરાવ શ્રી તુલસીદાસ મૂળજી શેઠે રજૂ કરતાં, વકીલ ગોપાલજી ઉમરશી, ગોપાલજી શિણાઈ, મનસુખ ગઢવી વગેરેએ ટેકો આપ્યો હતો. કવિ અબ્દ 'ભક્ત કડવાજી'એ કચ્છી કવિતા દ્વારા ટેકો જાહેર કર્યો હતો.

*(સૌજન્ય : 'જય કચ્છ', તા. ૩૧-૧-૧૯૪૨)*

પરિષદના પાયાના પથ્થર કાંતિપ્રસાદ અંતાણીનું પ્રદાન નોંધપાત્ર હતું.

● **કચ્છમાં ઠેર ઠેર જાહેરસભા :**

મુંબઈમાં 'ક્રાંતિ'ના નેતાઓની ધરપકડ થઈ એના વિરોધમાં ભુજમાં કચ્છી પ્રજાકીય પરિષદ અને વેપારીઓના સહયોગથી મહાદેવ નાકા પાસે સાંજે સાડા છ વાગે નગરશેઠ સાકરચંદ પાનાચંદના પ્રમુખપદે જનસભા મળી હતી. જેમાં ચારેક હજારની હાજરી હતી. મોહનલાલ શાહે પ્રમુખસ્થાન માટે મૂકેલી દરખાસ્તને જયરામ વિશ્રામે અનુમોદન આપ્યું હતું. સભામાં સર્વશ્રી ટી. એમ. શેઠ, ગુલાબશંકર ધોળકિયા, રસિકલાલ જે. જોશી, શૂરજી ઉમરશી ભાનુશાળી વગેરેએ જુસ્સાદાર વક્તવ્યો આપ્યા હતા અને જન જાગૃતિ આણી હતી. ભુજ ઉપરાંત અંજાર, મુંદ્રા, માંડવી સાથે ઘણા ગ્રામ્ય વિસ્તારોમાં પણ જાહેર સભાઓ, હડતાળ.... જેવા કાર્યક્રમો યોજાયા હતા.

● **ધ્યાનાકર્ષક ઘટનાઓ :**

અલબત્ત, એ ગાળામાં પ્રજા - રાજ્ય સંઘર્ષના મોટા બનાવો કચ્છમાં બન્યા ન હતા. છતાં બ્રિટીશ સલ્તનતે તો દેશનાં તમામ રાજ્યોને જરૂર જણાય ત્યારે આંદોલનકારીઓની સામૂહિક ધરપકડો કરવાનો આદેશ જાહેર કર્યો હતો. એ અન્વયે રાજકોટની વેસ્ટર્ન ઈન્ડિયા સ્ટેટ એજન્સી તરફથી તા. ૧૧-૮-૧૯૪૨ના લખાયેલ આદેશ કચ્છના દીવાન મિ. વેબને મળતાં એમણે કચ્છના મહારાવશ્રી અને ઉચ્ચ અધિકારીઓ સાથે ચર્ચા વિચારણા કરી, કચ્છમાં ખાસ કોઈ મોટો અનિચ્છનીય બનાવ બન્યો ન હોવાની ખાતરી કરી લીધી હતી. પરંતુ છૂટાછવાયા બનાવોમાં અંજાર તેમજ મુંદ્રામાં બનેલી ઘટનાઓએ સૌનું ધ્યાન ખેંચ્યું હતું.

● **અંજાર હાઈસ્કૂલમાં હાથ-બોંબ :**

અંજારના વિદ્યાર્થીઓ ભાંગફોડની પ્રવૃત્તિ તરફ વળ્યા હતા.

હાઈસ્કૂલમાંથી દેશી બનાવટના હાથ બોમ્બ હાથ લાગ્યા હતા. તેથી હાઈસ્કૂલના કાર્યવાહક આચાર્ય છેલશંકર કે. વોરાએ તત્કાલિન કચ્છના શિક્ષણ નિયામક મિ. સ્મિથને નીચે મુજબ સંદેશો પાઠવ્યો હતો :

"સલામ સહ વિનંતી કે આજરોજ વિગતવાર પત્ર રેલવે પોસ્ટ દ્વારા આપને મોકલાવેલ છે. રોશન થશે કે આજરોજ સવારે દસ વાગે (પોષ વદ પાંચમ, સોમવાર સંવત ૧૯૯૯, ૨૫મી જાન્યુઆરી)ના હાઈસ્કૂલના સ્ટાન્ડર્ડ ફિફ્થના ક્લાસમાંથી એક દેશી બનાવટનો બોમ્બ હાથમાં આવેલ છે. કોઈપણ પ્રકારનું નુકસાન થયેલ નથી. ખાનગી તપાસ ચાલુ છે. આવતીકાલની બોમ્બની ધમકી નીચે પ્રમાણેની હાઈસ્કૂલના દરવાજા બહાર જોવા મળે છેઃ 'જો જાન્યુઆરી તા. ૨૬મીનાં સ્કૂલ બંધ નહીં હોય તો દેશી બનાવટનો બોમ્બ નાંખવામાં આવશે. (નવ વાગે) જે રોશન થાય.'"

● **મુંદ્રામાં વિદ્યાર્થીઓની ધરપકડ - સજા :**

મુંદ્રા હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ પણ લડત ઉપાડી હતી. પરિણામે વિદ્યાર્થી નાનાલાલ ફોફળિયા અને બીજા એક વિદ્યાર્થીની ધરપકડ થઇ હતી. ગેરકાયદે પ્રવૃત્તિ કરવા બદલ એ વિદ્યાર્થીઓ પર કેસ ચાલ્યો હતો અને એ બંનેને નવ માસની સજા થઇ હતી. આમ, રાષ્ટ્રીય પ્રવાહથી કચ્છ જિલ્લો અળગો રહ્યો હોવાની છાપ આ લેખ થકી ખોટી પડે છે.

● **ચળવળની અસરદાર અસર :**

'હિંદ છોડો' ચળવળે પ્રજામાં એકતા અને અખંડિતતાની ભાવના પ્રબળ બનાવી હતી. દેશના ખૂણે ખૂણે આઝાદી માટેની ફનાગીરીની અજબ ભાવના પ્રગટાવી હતી. દેશભરમાં સ્વાતંત્ર્યનો ટંકાર ગાજી ઉઠ્યો હતો. તેથી બ્રિટીશરોને પોતાની સલ્તનતના પાયા ડગમગી ઉઠ્યા હોવાનો અણસાર આવી ગયો હતો. દેશદાઝની પરાકાષ્ટાએ અનેક બત્રીસ લક્ષણા યુવા શહીદોની કુરબાનીથી રક્તરંજિત બનેલી ભારતની વીરભૂમિ પર શાસન કરવાનું સામર્થ્ય બ્રિટનની શેતાની સલ્તનતમાં ન રહ્યું. સંજોગોની ઘટમાળ એવી તો ઝડપથી સર્જાઈ કે 'ભારત છોડો' ચળવળના માત્ર પાંચ જ વર્ષમાં અંગ્રેજોને દેશમાંથી ઉચાળા ભરી જવા પડ્યા હતા.

('ભારત છોડો' ચળવળ વિશે 'ઓગસ્ટ ક્રાંતિ'ની સુવર્ણ જયંતી નિમિત્તે તા. ૧૨-૮-૧૯૯૨ના 'કચ્છમિત્ર'માં મારો લેખ પ્રસિદ્ધ થયો હતો, એનું સ્મરણ તાજું થયું.)

*સંદર્ભસૂચિ :*

(૧) 'જય કચ્છ' સાપ્તાહિકનાં ૧૯૪૧-૪૨ની ફાઈલ દિવાળી અંકો તેમજ તા. ૧૫-૮-૯૧નો અગ્ર લેખ. (૨) 'કચ્છમાં પ્રજા જાગૃતિનાં પાનાં' લે. રસિકલાલ જોષી (૩) સ્વ. ગુલાબશંકર ધોળકિયા સ્મૃતિ ગ્રંથ. (૪) 'કચ્છ અને લોક સંસ્કૃતિ' લે. ડૉ. ગોવર્ધન શર્મા - ડૉ. ભાવના મહેતા. (૫) કવિ અબ્દ 'ભક્ત કડવાજી' અને અન્ય મહાનુભાવો (૬) 'કચ્છ સ્વાતંત્ર્ય સંગ્રામની તવારીખ' કાંતિપ્રસાદ અંતાણી.

## અંધકારમાંથી ઉજાસ તરફનું પ્રયાણ

**(અનુસંધાન : પાના નં. – ૧૯ ઉપરથી ચાલુ)**

જાહેર સભાના અહેવાલો એ સમયના મુંબઈના પ્રસિધ્ધ વર્તમાનપત્રોમાં છપાતા. જેને લોકો રસપૂર્વક વાંચતા. **આ અહેવાલો એ સમયે કચ્છના ક્રાંતિકારી જૈન મુનિ કલ્યાણચંદ્રજી મહારાજે પણ વાંચ્યા અને તેમનાથી તે પ્રભાવિત થયા.** મુનિ પ્રત્યે એમને આદર થયો. આથી એમણે તેને પત્રો લખ્યા. એમણે મુનિ ચારિત્રવિજયજીને નવી પેઢીનું ઘડતર કરવા સહિયારા પ્રયાસો કરવા આહ્વાન આપ્યું. ઈ.સ. ૧૯૧૦થી એમના બંને વચ્ચે પત્રવ્યવહાર આરંભાયો અને અંતે તેમણે બંનેએ પ્રત્યક્ષ મળવાનું નક્કી કર્યું.

ઈ.સ. ૧૯૧૬માં સૌરાષ્ટ્રના વંથલી ખાતે એ બંનેની પ્રથમ પ્રત્યક્ષ મુલાકાત યોજાય છે. મુનિ કલ્યાણચંદ્રજીએ મુનિ ચારિત્રવિજયજી સાથે ઘણી વાતો કરી અને શિક્ષણ ક્ષેત્રે કંઈક ક્રાંતિકારી કાર્ય કરવાની પોતાની ઇચ્છા પ્રદર્શિત કરી. પરંતુ મુનિ ચારિત્રવિજયજીએ આ માટે હજુ સમય પાક્યો ન હોવાની વાત કરી.

પાલીતાણાના ચાતુર્માસના સમાપન પછી મુનિ ચારિત્ર વિજયજીએ રાણપુરમાં વિહાર કરતા મુનિ કલ્યાણચંદ્રજીને પત્ર લખી અને પોતે શિક્ષણ સંસ્થા સ્થાપવા તૈયાર હોવાનું જણાવી તાત્કાલિક મળવા જણાવ્યું.

આ પછી બંને મુનિરાજો જુનાગઢમાં મળ્યા, સાથે ગીરનારની યાત્રા કરી અને અહીં શિક્ષણ સંસ્થા સ્થાપવાના બીજારોપણ થયા. **બંનેએ ગીરનાર પર્વત પર પ્રતિજ્ઞા કરી કે, 'આજથી સમુદાયના તમામ બંધનો ત્યાગી જૈન સમાજના સાચા સેવક બનવું. કોઇ શિષ્યો કરવા નહીં અને એક ચોક્કસ સ્થાને શૈક્ષણિક આશ્રમ સ્થાપી ભવિષ્યની પ્રજાનું સાચું ઘડતર કરવું.'**

બંનેના આવા પ્રખર નિર્ધાર પછી શિક્ષણ સંસ્થા માટે જમીન શોધવાનો આયામ આરંભાયો અને ભાવનગર પાસેના સોનગઢ ખાતે આવી, જમીન પસંદ કરી.

મુનિ કલ્યાણચંદ્રજી કચ્છમાં વિહાર કરવા ગયા. એમણે કચ્છમાંથી રૂા. ૧૫,૦૦૦/- એકઠા કરી જમીન મેળવવા મુનિ ચારિત્રવિજયજીને મોકલ્યા અને સોનગઢમાં શિક્ષણધામ સ્થાપવાનું નક્કી કરવામાં આવ્યું. **વિ.સં. ૧૯૭૯, જેઠ સુદ પાંચમ (ઇ.સ. ૧૯૨૨-૧૯૨૩)ના દિવસે મહાવીર જૈન ચારિત્ર કલ્યાણ રત્નાશ્રમની સ્થાપના કરવામાં આવી.**

*'ભૂમા નિકેતન', ૨૨/બી, શિવમ્ પાર્ક,*
*નાના યક્ષ મંદિર પાસે, ભુજ - માધાપર રીંગ રોડ,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૨૨૦.*
*ફોન : (૦૨૮૩૨) ૨૪૩૨૪૨, મો. ૯૯૯૮૨ ૨૦૪૭૮*

# માનવતાના મહારથી : મર્મજ્ઞી મહાત્મા ગાંધીજી



પ્રા. સૂર્યકાંત ભટ્ટ

મહાત્મા ગાંધીજીની કર્મનિષ્ઠા, વ્યવહારુ કાર્યદક્ષતા, સત્ય, અહિંસાનું અનન્ય આચરણ ચિરંજીવી રહ્યું છે. ગાંધીજીના જીવન પર ભારતમાં અવતારી ભગવાન શ્રી રામ, ભગવાન મહાવીર સ્વામી, ગુરૂ નાનક, સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર તથા ભગવાન બુધ્ધનો ગહન પ્રભાવ પડ્યો. મહર્ષિ ટોલ્સટોયના સિદ્ધાંતોની ગહન છાયા પણ ગાંધીજીના જીવન પર સ્પષ્ટ પડેલી દૃષ્ટિગોચર થાય છે. શ્રીમદ્ ભગવત્ ગીતા, બાઈબલ તથા કુરાનનું અધ્યયન તેમણે કર્યું અને જણાવ્યું કે પ્રત્યેક મનુષ્યમાં ઈશ્વરનો અંશ છે.

ગાંધીજી આધ્યાત્મિક પુરુષ હતા. આધ્યાત્મિક શક્તિમાં જ તેઓ વિશ્વાસ ધરાવતા. જ્યાં સુધી "ગાંધીવાદ" શબ્દ પ્રચલિત થયો તે માટે ગાંધીજીને કોઈ આકર્ષણ જ નહોતું. "યંગ ઈન્ડિયા"માં એકવાર તેઓએ લખેલું કે, "મેં કોઈ નવા સિદ્ધાંતોની શોધ નથી કરી." તેમની માત્ર રજૂઆત જ નવી હતી.

મહાત્મા ગાંધીજી ભારત માટે માત્ર રાજનૈતિક સ્વતંત્રતા જ ઈચ્છતા હતા. તેઓ યુરોપની શાસન પ્રણાલી પાર્લામેન્ટરી સિસ્ટમના વિરોધી હતા. તેઓશ્રી કોર્ટ કચેરીના પણ વિરોધી હતા. અદાલતોને તેઓ વિદેશી શાસનને દઢ બનાવી રાખવાનું સાધન જ માનતા. તેઓ હોસ્પિટલો અને એલોપેથીક દવાઓનો પણ વિરોધ કરતા. તેઓ સ્વપુસ્તક "સ્વાસ્થ્ય રક્ષા"માં લખે છે કે, "આ એલોપથી ચિકિત્સા જાદુના ખેલ જેવી છે." હોસ્પિટલોને શેતાનની ધરતીની ઉપમા આપતા. વૈદ્યો, હકીમો, ડોક્ટરોને  સારા માનતા.

ગાંધીજીના વિચારોમાં હિંદુ ધર્મ મુજબ સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય હોવું તે જીવનની સાર્થકતા માટે અનિવાર્ય છે. ગાંધીજીના મત પ્રમાણે માનવ સમાજનો ઈતિહાસ તેના આધ્યાત્મિકતાના વિકાસનો છે. મનુષ્યમાં દયા, સહાનુભૂતિ જેવા સદ્‌ગુણોનો વિકાસ કરવાથી સર્વોદયનો વિકાસ થઈ શકે. ગાંધીજી વારંવાર કહેતા કે સંપત્તિ પર માત્ર ઈશ્વરનો જ અધિકાર છે. અપરિગ્રહના પાલનનું પણ ગાંધીજી જણાવતા. અપરિગ્રહ એટલે સંપત્તિ, ધનનો સંચય ન કરવો.

પ્રત્યેક વ્યક્તિએ સ્વ આજીવિકા માટે શારીરિક શ્રમ અવશ્ય કરવો જોઈએ. બૌદ્ધિક શ્રમ, બુદ્ધિના સંતોષનું સાધન છે. ગાંધીજી હંમેશાં ગ્રામોદ્યોગ અને ખાદીને મહત્ત્વ આપતા. **તેઓ સમજાવતા કે ગરીબ દેશો માટે ગૃહ ઉદ્યોગો અત્યંત મહત્ત્વના છે.**

પ્રજા પ્રદર્શન અને માર્ગદર્શન માટે ગાંધીજીએ જણાવ્યું કે, "તે માટે મારા કોઈ સિદ્ધાંત નથી. સત્યાગ્રહ શસ્ત્રની પૂર્ણરૂપે મીમાંસા કરવા હું અસમર્થ રહ્યો છું. હજી પણ અંધારામાં હું સંભાળી, સંભાળીને જ ચાલું છું. મારા વિચારો રૂચિકર લાગે તો તમે મારી સાથે કામ કરો."

ગાંધીજીએ સત્યાગ્રહ વિશે યોગ્ય છણાવટ કરી છે. વ્યક્તિગત સત્યાગ્રહ અને સામૂહિક સત્યાગ્રહ એ બે સમાવિષ્ટ છે. **સત્યાગ્રહના સાધનોમાં બહિષ્કાર, હડતાળ, ઉપવાસ, અસહયોગ સમાવિષ્ટ છે. ગાંધીજીએ રાજનીતિને નૈતિકતા અને ધર્મ સાથે સુસંપન્ન કરવા માટે પ્રયત્ન કર્યો છે.**

ગાંધીજીના આર્થિક વિચારો સાથે વિશ્વના ૯૬ ટકા વિદ્વાનો સંમત છે. ડૉ. અમર્ત્ય સેનને નોબેલ પારિતોષિક મળ્યું તેનું મુખ્ય કારણ એ છે કે તેમણે અર્થશાસ્ત્રમાં માનવીય ગુણોને મહત્ત્વનું સ્થાન સુપ્રત કર્યું છે. પર્યાવરણ માટે બાપુ જણાવે છે કે જેમ માણસને જીવવાનો હક્ક છે તેમ પશુ, પંખી, વનસ્પતિને પણ છે.

ઈ.સ. ૧૯૩૦થી ૧૯૪૦ દરમિયાન જગતના અનેક અર્થશાસ્ત્રીઓએ વિકાસના મોડેલ પ્રજા સમક્ષ મૂક્યા. જેમાં રોઝેસ્ટીન, નકર્સ, સીડાન, રોસ્ટોવ, હિક્સ આદિ સમાવિષ્ટ છે. વાલીપણાના સિદ્ધાંત દ્વારા ગાંધીજીએ શ્રમિકોના આર્થિક હિતની વાત આગળ ધરી છે.

ગાંધીજીએ ઉપદેશ્યું છે કે, 'શ્રમ કરવો એનું જ નામ છે પ્રાર્થના. મારા માટે ઈશ્વર અને સત્ય એક જ વસ્તુ છે. નિઃસ્વાર્થ સેવા એ ચિંતન અને ધ્યાન છે.' તેઓએ જણાવ્યું કે, 'સામાન્ય અર્થશાસ્ત્ર માનવ તત્ત્વનો વિચાર કરતું નથી. જ્યારે ખાદી અર્થશાસ્ત્રમાં તમામ સંબંધ માનવ તત્ત્વ સાથે છે.'

*"સહજાનંદ", ૬/એ, લીમડા લેન,*
*શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય રોડ, સંસ્કાર નગર,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

*જીવનમાં જે વાત ભૂખ્યું પેટ અને ખાલી ખિસ્સુ શીખવે છે તે વાત કોઈ શિક્ષક પણ ના શીખવી શકે.*

# મહાત્મા ગાંધીજી તથા સરદાર પટેલ વચ્ચે અખૂટ આત્મીયતા



પ્રા. સૂર્યકાંત ભટ્ટ

ગુજરાત અત્યંત ભાગ્યશાળી કહેવાય કારણકે ભારતના સર્વાંગી વિકાસાર્થે ગાંધીજી તથા સરદાર વલ્લભભાઈ પટેલ જેવા મહા કર્મવીરો દેશને મળ્યા. આ બંને મહાપુરુષોએ ભારતની કાયાપલટ કરવામાં સ્વજાતને ઘસી નાખી.

વયની રીતે જોઈએ તો સરદાર પટેલ અને ગાંધીજી વચ્ચે માત્ર છ વર્ષનો ફેર હતો. બીજી ઓક્ટોબરે ગાંધીજીનો જન્મ દિવસ અને ૩૧મી ઓક્ટોબરે સરદારનો જન્મ દિન. આ નિયતિ કે ઓક્ટોબર માસની મહત્તા છે. ગાંધીજી અને સરદાર વચ્ચે પિતા-પુત્ર અને ગુરૂ-શિષ્યનો વાત્સલ્યભાવ પ્રગટતો હતો.

પરિચયના વર્ષોના પ્રારંભમાં ગાંધીજી 'ભાઈ વલ્લભભાઈ'નું સંબોધન અને 'બાપુના આશિર્વાદ' – એવું પત્રોમાં લખતા. ગાંધીજીએ સરદારની દશા અને દિશા સમગ્રતયા બદલી નાખી. જો ગાંધીજી આફ્રિકાથી હિંદુસ્તાનમાં આવ્યા ન હોત તો વલ્લભભાઈ, સરદાર વલ્લભભાઈના બદલે ભારતના એક નામાંકિત બેરીસ્ટર વી.જે. પટેલ હોત.

સરદારના શબ્દોમાં કહીએ તો, 'મેં મારા મગજને તાળું મારીને ચાવી ગાંધીજીને સોંપી દીધી છે.' ગાંધીજીએ સ્વયં એકરાર કર્યો છે કે, 'મને વલ્લભભાઈ ન મળ્યા હોત તો મારાથી જે કામ થઈ શક્યું તે ન થયું હોત.' કાકાસાહેબ કાલેલકરે ગાંધીજી અને સરદારની વિશેષ ઓળખ પાઠવી છે. ગાંધીજીના સિદ્ધાંતોની વ્યવહારૂ આવૃત્તિ કાઢવામાં વલ્લભભાઈએ બતાવેલી કુશળતા જોઈ મારા જેવા અનેકને લાગે છે કે ગાંધીજી વલ્લભભાઈ મારફતે કામ લે તો પ્રજા જલ્દી માની જશે. તેમના સંબંધો ગુરૂ - શિષ્ય સમાન હતા. જાહેર જીવનમાં સેવાલક્ષી અભિગમને કારણે બંને વચ્ચે આત્મિયતા વધતી જ રહી. ગાંધીજી અને સરદારનું જીવન એટલું ઓતપ્રોત બની ગયેલું કે ગાંધીજી તેમને ચરખો કાંતવા કહેતા ત્યારે તેઓ હળવી મજાક કરી લેતા પણ ચરખો તો કાંતતા જ.

ગાંધીજીનો ખાદીનો કાર્યક્રમ, ગ્રામોદ્યોગ પ્રવૃત્તિ, મજૂરો માટેની ચળવળ, હરિજન કલ્યાણ કાર્યક્રમ – આ તમામ કાર્યો વલ્લભભાઈના સાથથી પ્રવૃત્ત રહ્યા. ગાંધીજીએ વિદ્યાપીઠ શરૂ કરી તો સરદારે પોતાના બાળકો મણિબેન અને ડાહ્યાભાઈને કોન્વેન્ટ સ્કૂલમાંથી ઉઠાડી, વિદ્યાપીઠમાં દાખલ કર્યા. વિદ્યાપીઠને આર્થિક મુશ્કેલી આવી ત્યારે વલ્લભભાઈએ પોતાના મિત્રો પાસેથી દસ લાખ રૂપિયાનો ફાળો એકત્રિત કરી આપ્યો. બાપુએ નિમક સત્યાગ્રહ માટે દાંડીયાત્રા શરૂ કરી ત્યારે સરદારે ઠેરઠેર સભાઓ ભરી લોકજાગૃતિનું દષ્ટાંત પૂરું પાડ્યું.

બારડોલીનો સ્વરાજ્ય આશ્રમ, બોચાસણનું વલ્લભ વિદ્યાલય, નડિયાદનું વિઠ્ઠલ કન્યા વિદ્યાલય, વેડછીની શિક્ષણ સંસ્થા – એ બધું જ ગાંધીજીની પ્રેરણા અને સરદારની દષ્ટિમૂલક યોજનાના પ્રેરક દષ્ટાંતો છે. ઈ.સ. ૧૯૩૬માં ગાંધીજી વર્ધામાં હતા. શ્રી પરીક્ષીતભાઈ મજમુદારે તેમને ગુજરાત હરિજન સેવક સંઘની આર્થિક મુશ્કેલીની જાણ કરી. જે માટે ત્રીસ હજાર રૂપિયા ઉઘરાવવાનું ગાંધીજીએ સ્વીકારેલું. ગુજરાતમાં હરિજન પ્રવૃત્તિ વિકાસ માટે દર વર્ષે રૂપિયા બાવીસ હજાર મળે તે માટે ગુજરાત પ્રાંતિક સમિતિ પાસે જોગવાઈ ગાંધીજી અને સરદારશ્રીએ કરી.

જ્યારે સરદાર અમદાવાદ મ્યુનિસિપાલિટીના પ્રમુખ હતા, ત્યારે ગાંધીજીએ સરદારશ્રીને અમદાવાદ મ્યુનિસિપાલિટીના અધ્યક્ષ તરીકે સંબોધન કરવાને સ્થાને શ્રીયુત વલ્લભભાઈ પટેલ, કચરા પેટીના પ્રમુખ સાહેબ, ખમાસા ગેટ, અમદાવાદ – એવી રીતે સંબોધન કરેલું. અમદાવાદને સુઘડ સ્વચ્છ રાખવાનો યશ સરદારશ્રીને મળ્યો.

સત્યાગ્રહ આશ્રમ જ્યારે વિખેરાયો એ સમયે સાત હજાર પુસ્તકોથી સજ્જ ગાંધીજીની લાઈબ્રેરી હતી. ગાંધીજીએ તે પુસ્તકો અમદાવાદ મ્યુનિસિપાલિટીને સોંપેલા. સરદારને આ બાબત ગમી નહીં. સરદારે કાનૂની રાહ દ્વારા પુસ્તકો વિદ્યાપીઠને સોંપ્યા. આ માટે શ્રી ભુલાભાઈ દેસાઈ અને શ્રી કનૈયાલાલ મુન્શીની મદદ તેમણે લીધેલી.

*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

શુભેચ્છા સહ...
પૃથ્વી શાહ – ગાંધીનગર
મો. ૯૮૨૪૬ ૬૬૧૦૮ / ૮૭૮૦૩ ૯૬૩૩૪

# અંધકારમાંથી ઉજાસ તરફનું પ્રયાણ...



નરેશ અંતાણી

*ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્રે ભાવનગરનું પ્રદાન સવિશેષ રહ્યું છે. વીસમી સદીના આરંભમાં ભાવનગર જિલ્લાને ક્રાંતિકારી જૈન મુનિ ચારિત્રવિજયજી તથા મુનિ કલ્યાણચંદ્રજીની જોડી મળે છે અને બંને મુનિ મહારાજોએ સાથે મળીને જેઠ સુદ પાંચમ સંવત ૧૯૭૯, ઈ.સ. ૧૯૨૩ના શ્રી મહાવીર જૈન ચારિત્ર કલ્યાણ રત્નાશ્રમની સ્થાપના કરી અને શિક્ષણ ક્ષેત્રે એક જબરદસ્ત ક્રાંતિકારી પરિવર્તન લાવી દીધું.*

આજની શિક્ષણ પદ્ધતિની અપેક્ષાએ આજથી સૈકાઓ પહેલાંની શિક્ષણ પદ્ધતિનો આજે વિચાર કરીએ તો કેટકેટલાં પરિવર્તનો આપણી નજર સામે આવે છે. પુરાણકાળના સમયની પ્રાચીન શિક્ષણ પદ્ધતિઓના પ્રમુખ ધ્યેયોમાં ધાર્મિકતા અને નૈતિક ભાવનાનો વિકાસ, ચારિત્ર નિર્માણ, નાગરિક અને સામાજિક ફરજોનું પાલન, સામાજિક કુશળતાનો વિકાસ અને સંસ્કૃતિની જાળવણી અને તેનો વિકાસ અને પ્રસાર ગણાવી શકાય. એ સમયે ગુરુકુળ પદ્ધતિએ કેળવણી આપવામાં આવતી. મોટેભાગે શિષ્યોએ ગુરુ પાસે રહીને વિદ્યાભ્યાસ કરવાનો રહેતો. આશ્રમ, મઠ, ગુરુકુળ, પરિષદ કે સંઘ જેવી સંસ્થાઓમાં ગુરુની પ્રત્યક્ષ રહીને છાત્રોએ અભ્યાસ કરવાનો રહેતો. છાત્રના ઉપનયન સંસ્કાર સંપન્ન થયા પછી કેટલાંક વર્ષ શિક્ષણ માટે ગુરુ પાસે રહેવાનું થતું. અભ્યાસની સાથે ગુરુની સેવા, આશ્રમના રોજિંદા કામો પણ કરવાના રહેતા. એથી છાત્રને સુસંસ્કાર, જીવન જીવવાની શૈલી પણ શીખવા મળતી. અભ્યાસ માટે જુદી જુદી વય નક્કી કરવામાં આવતી. અભ્યાસ સંપન્ન થયા પછી દીક્ષાંત પછી ગૃહસ્થાશ્રમનો વિદ્યાભ્યાસ કરાવાતો. એ સમયે વેદ, પુરાણ, વ્યાકરણ, જ્યોતિષ, દર્શનશાસ્ત્ર ઉપરાંત વ્યવસાયીક કુશળતા માટે ખેતીકામ, પશુપાલન, યુદ્ધ વિદ્યા તથા અન્ય હુન્નરો શીખવવામાં આવતા હતા.

એ સમયે સ્ત્રીઓને શિક્ષણ મેળવવા પર નિષેધ ન હતો. શાસ્ત્રાર્થ અને શિક્ષણ પ્રણાલીમાં વાદવિવાદ, ધાર્મિક અને દાર્શનિક વિષયોમાં પારંગત સ્ત્રીઓ શાસ્ત્રાર્થ કરતી એવા અનેક દૃષ્ટાંતો આપણને મળી આવે છે.

ચીની પ્રવાસી ઇત્સિંગે નાલંદા વિદ્યાપીઠ સાથે વલ્લભી વિદ્યાપીઠનો પણ ઉલ્લેખ કર્યો છે. આ વલ્લભી વિદ્યાપીઠ સૌરાષ્ટ્રના ભાવનગરથી ચાલીસેક કિલોમીટર દૂર આવેલાં આજનું વલ્લભીપુર એ સમયે આંતરરાષ્ટ્રીય વેપારનું મહત્ત્વનું મથક હતું.

આ પછી રાજપુતો અને સોલંકીઓના શાસનકાળમાં મોટેભાગે આ વિદ્યા પદ્ધતિ જળવાઈ રહી તો ક્યાંક વિકાસ પણ થયો. ભીમદેવના દરબારમાં જૈન વિદ્વાનો ગુજરાતમાં આવતા વ્યાકરણ, વેદાંત અને સાહિત્યમાં પ્રખ્યાત બન્યા. આચાર્ય હેમચંદ્રનું પ્રદાન જાણીતું છે. એ સમયે માળવાનો પુસ્તક ભંડાર ગુજરાતને મળતાં ગુજરાત વધુ સમૃદ્ધ બન્યું.

બ્રિટીશરોના આગમન સુધી આપણી ભારતીય શિક્ષણ પદ્ધતિ ટકી. પરંતુ ઈસ્ટ ઇન્ડિયા કંપનીના આગમન પછી શિક્ષણ પદ્ધતિમાં મોટું પરિવર્તન આવ્યું. બ્રિટીશરોએ પોતાના ધર્મનો પ્રચાર કરવા અને પોતાનો ધાર્મિક હેતુ પાર પાડવા એમની શિક્ષણ પદ્ધતિનો ફેલાવો કરવા પ્રયત્નો કર્યા. પરિણામે આપણી દેશી પદ્ધતિ રૂંધાવા લાગી અને એક પ્રકારનો અંધકાર છવાઈ ગયો.

કચ્છમાં પણ કેળવણી ક્ષેત્રે અંધકાર હતો. આ સંદર્ભમાં જૈન મુનિ વિદ્યા વિજયજીએ પોતાના 'મારી કચ્છ યાત્રા' પુસ્તકમાં કચ્છમાં કેળવણીના ક્ષેત્રમાં દેખાતી ઉદાસીનતા માટે સ્પષ્ટપણે કચ્છના શાસકોને દોષિત માન્યા છે. ને આ કારણે જ કચ્છમાં તત્સમયે કેળવણીનો ખૂબ જ ઓછો વિકાસ થયો હોવાનું તેમણે નોંધ્યું છે. તેઓ જણાવે છે કે, કચ્છમાં રાવશ્રી પ્રાગમલજી બીજાના સમયમાં એટલે કે, ઇ.સ. ૧૮૬૦-૧૮૭૫ના અરસામાં ધોરણસર કેળવણી ખાતાનો આરંભ કરાયો હતો. આખા કચ્છમાં રાજ્યાશ્રીત એકમાત્ર હાઈસ્કૂલ ઑલ્ફ્રેડ હાઈસ્કૂલ ભુજમાં તે સમયે હતી. આ ઉપરાંત ભુજ અને કોડાયના જ્ઞાન ભંડારસમા પુસ્તકાલયો અને વ્યાયામ શાળાઓનો ઉલ્લેખ પણ આ પ્રકરણમાં તેમણે કર્યો છે.

દરમિયાન બ્રિટીશરોને હાંકી કાઢવા દેશમાં જુવાળ ફેલાયો. ગાંધીજીએ આઝાદીની ચળવળ શરૂ કરી અને આ ચળવળની સાથે લોકોમાં શિક્ષણ પ્રત્યે જાગૃતિ લાવવાના પણ પ્રયાસો કરવામાં આવ્યા. વડોદરા, ભાવનગર કે ગોંડલમાં થયેલી શિક્ષણ પ્રવૃત્તિ દાદ માંગી લે તેવી હતી. સયાજીરાવ ત્રીજાએ ૧૯૦૬-૧૯૦૭

દરમિયાન ફરજિયાત શિક્ષણનો અમલ શરૂ કર્યો. સૌને સમાન શિક્ષણ તથા આરોગ્ય સેવાઓ મળી રહે તે માટે એમણે પ્રયાસો શરૂ કર્યા.

સૌરાષ્ટ્રમાં ભાવનગર જિલ્લાએ કેળવણી ક્ષેત્રે અગ્રેસર રહી લોકોમાં જાગૃતિ લાવવાની નોંધપાત્ર કામગીરી કરી છે એવું જણાય છે. એનું કારણ એ છે કે સૌરાષ્ટ્રમાં સૌપ્રથમ ભાવનગરમાં શામળદાસ કોલેજની સ્થાપના કરવામાં આવી. એ પછી ભાવનગરના મહારાજા ભાવસિંહજીના સમયમાં તખ્તસિંહજી ધર્મશાળાના નાના બે ખંડમાં ઇ.સ. ૧૯૧૦માં નાનાભાઈ ભટ્ટે નાના બાળકોમાં પદ્ધતિસરનું શિક્ષણ આપી શકાય એવા હેતુ સાથે દક્ષિણામૂર્તિ સંસ્થાની સ્થાપના કરી. આગળ જતાં તેમની સાથે 'બાળકોની મુંછાળી મા' તરીકે જાણીતા બનેલા ગીજુભાઈ બધેકા અને હરભાઈ ત્રિવેદી પણ જોડાયા હતા. ૧૯૨૦ના અરસામાં ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહજીએ તખ્તેશ્વર રેલવે સ્ટેશન નજીક એક ટેકરી પર જમીન ફાળવી. એ જગ્યા પર બાળમંદિર શરૂ કરવામાં આવ્યું. નાનાભાઈ ભટ્ટે દક્ષિણામૂર્તિમાંથી છૂટા થઈ મહાત્મા ગાંધીજીના સત્ય, અહિંસા અને સર્વોદયના સિદ્ધાંતોના પાયા પર ભાવનગરના જ સણોસરા ખાતે લોકભારતી ગ્રામ વિદ્યાપીઠની સ્થાપના ૧૯૫૩માં કરી.

શિક્ષણ ક્ષેત્રે ભાવનગરનું પ્રદાન સવિશેષ રહ્યું છે તેનો એક વધુ પુરાવો પણ આપણને ૧૯૨૩માં મળે છે. **આ અરસામાં ભાવનગર જિલ્લાને ક્રાંતિકારી જૈન મુનિ ચારિત્રવિજયજી તથા મુનિ કલ્યાણચંદ્રજીની બેલડી મળે છે અને બંને મુનિ મહારાજોએ સાથે મળીને જેઠ સુદ પાંચમ ૧૯૭૯, ઇ.સ. ૧૯૨૩ના શ્રી મહાવીર જૈન ચારિત્ર કલ્યાણ રત્નાશ્રમની સ્થાપના કરી અને શિક્ષણ ક્ષેત્રે એક જબરદસ્ત ક્રાંતિકારી પરિવર્તન લાવે છે.** બંને મુનિ મહારાજની ભૌગોલિક દિશાઓ તદ્દન જુદી હતી. મુનિ ચારિત્ર વિજયજી બુંદેલખંડના વતની હતા જ્યારે કલ્યાણચંદ્રજી ગુજરાતના કચ્છના વતની હતા. આમ, બંનેના જુદા જુદા પ્રદેશો હોવા છતાં બંનેના વિચારો કેવી રીતે મળ્યા અને બંનેનો કેવી રીતે મેળાપ થયો તેની વિગતો જોઈ. હવે રત્નાશ્રમ સ્થાપના, તેના ઉદ્દેશો તથા અન્ય વિગતો તપાસવાનો ઉપક્રમ રાખ્યો છે.

મુનિ કલ્યાણચંદ્રજી નોંધે છે એ મુજબ બુંદેલખંડના વતની અને બ્રાહ્મણકુળમાં જન્મેલા મુનિ ચારિત્ર વિજયજીનું મૂળ નામ હિંમતલાલ હતું અને તેમના માતાનું નામ લક્ષ્મીદેવી હતું.

એમના પૂર્વજો જૈનોના તીર્થ સુવર્ણપુરીમાં રહેતા હતા અને દિગંબરોના પંડ્યા હતા. સ્વભાવે પ્રેમાળ અને ભાવનાશીલ એવા હિંમતલાલ નાનપણથી જ તેજસ્વી અને બુદ્ધિશાળી હતા. પરંતુ એટલા જ સ્વમાની અને તીખા પણ હતા.

હિંમતવાન, વિદ્વાન અને નીડર એવા હિંમતલાલ સ્વતંત્ર વિચારના સુધારક હતા. આથી રૂઢીવાદને તેઓ ક્યારેય મચક આપતા ન હતા. આથી જ એકવાર તેમના માતાજીએ એમને ટોકતાં તેમને હાડોહાડ લાગી આવ્યું. આથી એમણે ગૃહત્યાગ કર્યો.

બુંદેલખંડથી તેઓ સોરાષ્ટ્રમાં દ્વારકા, ગીરનાર થઈ ભાવનગર આવ્યા. **અહીં એમના સંસાર પક્ષે કાકા એવા જૈન મુનિ ગંભીરવિજયજી પાસે તેમણે વ્યાકરણ, ન્યાયશાસ્ત્ર અને સાહિત્યનો અભ્યાસ કર્યો અને જૈન ધર્મ અને શાસ્ત્ર પર પૂર્ણ શ્રદ્ધા મેળવી દીક્ષા અંગીકાર કરી જૈન મુનિ ચારિત્રવિજયજી નામ ધારણ કર્યું.** દીક્ષા ગ્રહણ કર્યા પછી રાજારામ શાસ્ત્રી પાસે બાર વર્ષ રહી શાસ્ત્રી વિશારદ બન્યા અને પ્રખર વક્તા બની ગયા. આટલેથી ન અટકતા એમણે શિલ્પ, સંગીત અને જ્યોતિષ શાસ્ત્રનો પણ અભ્યાસ કરી આ વિષયોના નિષ્ણાત બન્યા.

સમાજ અને સંપ્રદાયોના રૂઢીગત બંધનોની તેઓ જરાયે પરવા કરતા નહીં અને પોતાના સ્વતંત્ર વિચારો બેધડક સમાજ સમક્ષ રજૂ કરતા. દીક્ષા ગ્રહણ કર્યા પછી પોતાના પ્રથમ પ્રવચનથી જ મુંબઇના જૈન સમાજ અને ધર્માવલંબીઓને પોતાની વાકછટાથી મોહી લીધા હતા. એમણે જૈન સમાજમાં જાગૃતિ લાવવાનું બહુ મોટું કામ કર્યું હતું.

મુનિ ચારિત્રવિજયજી જૈન સંઘના કેટલાક આડંબરોના વિરોધી હતા, પરંતુ જૈન સંઘ કે જૈન સાધુઓની નિંદા ક્યારેય સહન કરી શકતા નહીં. આમ, તેઓ સાંપ્રદાયિકતાના સંકુચિત બંધનોમાં બંધાયા નહોતા. તો આચાર્ય આદિની પદવીઓ પણ તેમને લોભાવી શકી નહોતી. સાચા અર્થમાં તેઓ અર્થવિહીન ઉપાધિઓની ઘેલછાના પ્રખર ટીકાકાર હતા. મુનિ વિદ્વાન વિચારક અને વ્યવસ્થાપક અને વહીવટના નિષ્ણાત હતા.

મુનિ ચારિત્રવિજયજી મુંબઈ શહેરમાં પ્રભાવશાળી જાહેર વ્યાખ્યાનો આપતા. આથી મુંબઈની જૈન - જૈનેતર પ્રજામાં લોકપ્રિય અને આદરપાત્ર બની ગયા હતા. તેમના પ્રવચનો અને

(અનુસંધાન : જુઓ પાના નં. – ૧૫ ઉપર)

શુભેચ્છા સહ...
કમલેશ મનુભાઈ શાહ - અમદાવાદ
મો. ૯૮૨૫૦ ૧૮૧૮૦

વિશિષ્ટ સંસ્થા

# સાધુ કલ્યાણબાપા અને સોનગઢ બોર્ડિંગ



વસંત ઉમરશી મારૂ

અમેરિકાની જગપ્રસિદ્ધ નાસા નામની વૈજ્ઞાનિક સંસ્થામાં મંગળ મિશનનું કાર્ય જોરશોરથી ચાલી રહ્યું છે. નજીકના ભવિષ્યમાં અમેરિકા પોતાનું પ્રથમ સહમાનવ યાન મંગળ પર મોકલશે. **આ મિશનમાં ચાવીરૂપે ભાગ ભજવનાર વૈજ્ઞાનિક ભારતના કચ્છી માડુ છે. એમનું નામ છે અમર સાવલા!** અમર કાનજી આસધીર સાવલા કચ્છ કોડાય ગામના છે. અમરભાઈએ ૧૯૭૮માં અમેરિકામાં કમ્પ્યુટર સાયન્સમાં એમ.એસ. કરી સીધા નાસામાં જોડાઈ જઈ ભારતીયોના માથા ગર્વથી ઊંચા કરી દીધા. નાસાના વિવિધ વિભાગોમાં સેવા આપી હાલમાં જ નિવૃત્ત થયા છે.

**બીજા એક કચ્છી માડુ નાનજી હીરજી ફુરિયા (બીદડા) પુનાની ફૂટપાથો પરથી નિરાધાર, અશક્ત, બીમાર લોકોને ગોતી, પોતાની સંસ્થા "જન સેવા ફાઉન્ડેશન"ના 'જયેષ્ઠ' આશ્રમમાં લઇ જઈ સેવા કરે છે.** અશક્ત નિરાધાર વડીલોને નવડાવે, જમાડે, એમના મળમૂત્ર સુધ્ધાં સાફ કરી એમને સાતા બક્ષે છે. આ જયેષ્ઠ આશ્રમ પુનાથી ચાલીસ કિ.મી. દૂર છે. પુના પાસેના કાત્રજમાં એમણે બે થી દસ વર્ષની અનાથ કન્યાઓ માટે અનાથ આશ્રમ સ્થાપ્યો છે. એમની સંસ્થાની નવેક એમ્બ્યુલન્સ પુના અને આસપાસના વિસ્તારોમાં સતત ચોવીસ કલાક સેવા આપે છે. નાનજીભાઈએ નિરાધાર બહેનો માટે નર્સિંગ કોલેજ પણ સ્થાપી છે. માનવતાના મશાલચીની આ સંસ્થા 'જન સેવા ફાઉન્ડેશન'ને રાષ્ટ્રપતિ ઍવોર્ડ મળી ચૂક્યો છે. પુનાના કચ્છી કાર્યકર્તાઓ હસમુખભાઈ ગાલા, ધીરેનભાઈ નંદુ, પોપટભાઈ ગડા દ્વારા સંચાલિત 'કે.વી.ઓ. ક્લબ ૧૮' નાનજીભાઈને જીવન ગૌરવ પુરસ્કાર પ્રદાન કરશે.

એ જ રીતે મુંબઈ ક્રિકેટ એસોસિએશન સાથે સંકળાયેલી એકમાત્ર કચ્છી ક્રિકેટર ક્લબના સુત્રધાર શ્રી પ્રવીણભાઈ ગોગરીએ ક્રિકેટ ક્ષેત્રે કચ્છીઓને ગર્વ થાય એવી કામગીરી બજાવી છે. એમની 'દહીંસર સ્પોર્ટસ ક્લબ' આ વર્ષે ૫૦મું વર્ષ ઉજવી રહી છે. પ્રવીણભાઈ એમ.સી.એ.માં એટલા લોકપ્રિય છે કે સતત ચાર વખત સૌથી વધુ મત મેળવી મેનેજિંગ કમિટીમાં ચૂંટાયા હતા. રણજી ટ્રોફી ઇત્યાદિ ટુર્નામેન્ટ્સમાં મુંબઈ ટીમના મેનેજર પદે રહી મુંબઈ ટીમને ટોપ પર રાખી છે. તેઓ કાંગા લીગમાં સતત પચાસ વર્ષથી ક્રિકેટ રમે છે. આજના અસંખ્ય ક્રિકેટરોને તૈયાર કરનાર આ અલગારી માણસ સંગીત અને લેખન સાથે ઘરોબો રાખી શકે તે માટે મોબાઈલ સુધ્ધાં વસાવ્યો નથી! મુંબઈ શહેરમાં સાંજે સાત વાગે સૂઈ સવારે ત્રણ વાગે ઉઠી જવાના એમના નિત્યક્રમથી આજના યુવાનો અચંબિત થઈ જાય છે. એમની દહીંસર સ્પોર્ટસ ક્લબના મેનેજર દિનેશ નાગુએ કોમેન્ટ્રેટર તરીકે સારું નામ કર્યું છે.

**તો અમેરિકામાં સવા લાખ જૈનોને એક સૂત્રે બાંધનાર બાડા ગામના રામ ગડાને એક એક અમેરિકન જાણે છે.** રામ ગડાએ અમેરિકામાં દેરાસર બનાવ્યું છે. ઉપરાંત ગુજરાતી અને અન્ય ભારતીય ભાષાઓ અમેરિકન બાળકોને શીખવાડવાનું અભિયાન અમેરિકામાં ચલાવે છે. અમરિકા અને કેનેડામાં જૈન તત્ત્વજ્ઞાનનો પ્રચાર પ્રસાર કરવા કાર્ય કરે છે. એમના પત્ની નીનાબેન પણ અમેરિકામાં આવા કાર્યો કરવા સક્રિય છે. રામ ગડા ૧૯૬૫માં અમેરિકામાં એન્જિનિયરીંગની માસ્ટર્સ ડિગ્રી મેળવી ત્યાં સ્થાયી થયા છે. તેઓ જૈના અને કોજૈનામાં સક્રિય છે.

**વિવિધ ક્ષેત્રોમાં ટોપ પર ઝળહળતા આ કચ્છી હિરલાઓનું આલેખન મેં એટલા માટે કર્યું છે કે એમનું ઘડતર કરનાર "શ્રી મહાવીર જૈન ચારિત્ર કલ્યાણ રત્નાશ્રમ - સોનગઢ"નો પરિચય વાચકોને મળી રહે.** કચ્છીઓમાં સોનગઢ બોર્ડિંગ તરીકે પ્રખ્યાત આ સંસ્થાનમાં શિક્ષણ અને સંસ્કાર પામનાર અસંખ્ય કચ્છી વિદ્યાર્થીઓ આજે વિવિધ ક્ષેત્રોમાં નેત્રદીપક કામગીરી કરી રહ્યા છે. હિંદી ફિલ્મોનો કોરિયોગ્રાફર કિરણ શાહ, રાજનેતાઓ અને ફિલ્મી દુનિયાના સંતાનોને સંગીત શીખવનાર સંગીતગુરુ સ્વ. વસંત ગડા - જેમણે સમગ્ર જીવન બોર્ડિંગને આપ્યું એ ૧૯૫૦માં સી.એ. થનાર શિવજી વિકમસી (વારાપધ્ધર) (જેમના પુત્ર કમલેશભાઈ વિકમશી અત્યારે એશિયન ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ એસોસિએશનના પ્રેસિડેન્ટ છે), સંસ્થાના હાલના મંત્રી તથા આધ્યાત્મિક ઊંચાઈ પ્રાપ્ત કરનાર સી.એ. પંકજભાઈ ગોસર, નાટ્યકાર શુભમ ગાલા, પરેશ ગોસર, અદ્ભુત અભિનેતા વરુણ કીર્તિ ગાલા, પ્રબુધ્ધ જીવનના તંત્રી સ્વ. ધનવંત શાહ ઇત્યાદિના નામો આ યાદીમાં ઉમેરી શકાય. બધાને

સોનગઢ બોર્ડિંગ અને એના સ્થાપક જૈન સાધુ કલ્યાણચંદ્રબાપા અને ચારિત્ર વિજયજી બાપા પ્રત્યે અન્યોન્ય પ્રેમ છે.

**આ લેખના નાયક જૈન મુનિ કલ્યાણબાપા (કલ્યાણચંદ્રજી) કચ્છના ગેલડા ગામના હતા.** માંડ પાંચ વર્ષના કલ્યાણજીના પિતાનું જ્યારે અવસાન થયું ત્યારે માતા સાથે નાનાના ગામ ભુજપુર રહેવા આવ્યા. ભુજપુરમાં એ વખતે રત્નચંદ્ર મુનિનું ચોમાસું હતું. મૃગાપુત્રનો રાસ વાંચતા મુનિરાજને જોઈ કલ્યાણજીને દીક્ષા લેવાના ભાવ જાગૃત થયા. કિંતુ ગરીબ વિધવા માએ સાત વર્ષ સુધી દીક્ષાની પરવાનગી ન આપી. છેવટે કલ્યાણજીની જીદ સામે નમતું જોખી સંસાર ત્યાગવાની રજા તેમની મા એ આપી ત્યારે તેમની ઉંમર બાર વર્ષની હતી અને બાળક કલ્યાણજી બની ગયા સાધુ કલ્યાણચંદ્ર. એમની નાની વયમાં જ ખૂબ પરિપક્વતા હતી. સ્કૂલમાં ખાસ કાંઈ ભણ્યા નોતા પણ એમની અંદર એક મહામાનવ જીવંત હતો. એટલે જ વર્ષો પછી અસંખ્ય એન્જિનિયરો, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ, ડૉક્ટર્સ બનનારા વિદ્યાર્થીઓના ભાગ્ય વિધાતા બન્યા એ કુદરતની કેવી યોજના કહેવાય!

કલ્યાણચંદ્ર મહારાજ સાહેબ ગુરૂ રત્નચંદ્ર અને દાદાગુરૂ વ્રજપાળ સ્વામિના લાડકા શિષ્ય હતા. એમને વાંચનનો ઘણો શોખ હતો. એ વખતે મુંબઈમાં દેરાવાસી સંપ્રદાયના મુનિરાજ ચારિત્રવિજયજીના વ્યાખ્યાનો ખૂબ પ્રસિધ્ધ હતા. એક વખત ચારિત્રવિજયજી મહારાજ સાહેબનું ચોમાસું મસ્જિદ બંદરમાં હતું. ક.વી.ઓ. દેરાવાસીની પાલાગલી હાઈસ્કૂલમાં એમના વ્યાખ્યાનો યોજાતા. એમને સાંભળવા જનમેદની ઉમટી પડતી. એ વખતના ધૂરંધર સર ફિરોઝશા મહેતા, અખબારનવેસ કામા શેઠ ઈત્યાદિ મહાનુભાવો પણ એમના વ્યાખ્યાન સાંભળવા આવતા. મુનિરાજના ક્રાંતિકારી વ્યાખ્યાનો બીજા દિવસે અખબારોમાં છપાતા અને ત્રણ-ચાર દિવસે અખબારો કચ્છમાં પહોંચતા. કચ્છમાં વિચરતા કલ્યાણચંદ્રજી એમના વ્યાખ્યાનો છાપામાં વાંચવા સદાય તલપાપડ રહેતા. ધીરે ધીરે બંને મુનિરાજનો પત્ર વ્યવહાર શરૂ થયો. ચારિત્રવિજયજી દેરાવાસી સંપ્રદાયના હતા અને કલ્યાણચંદ્રજી સ્થાનકવાસી હતા. કલ્યાણચંદ્રજી ચારિત્રવિજયજી કરતાં પાંત્રીસ વર્ષ નાના હતા. છતાં બંને વચ્ચે મૈત્રીનો માંડવો રચાયો. છેવટે બંને મુનિરાજોએ પ્રત્યક્ષ મળવાનું નક્કી કર્યું. બંને મુનિરાજો વિહાર કરી જુનાગઢના વંથલી ગામમાં મળ્યા. અત્યંત સહજતાથી ધર્મ અને માનવધર્મની ચર્ચાઓ થઈ. સ્વતંત્રતાની આરે આવીને ઉભેલા ભારતના ભવિષ્ય માટે શિક્ષણ દ્વારા શ્રેષ્ઠ નાગરિકો તૈયાર કરવાની યોજનાઓ ઘડાઈ. **બંને એક વાતથી સહમત થયા કે ચારિત્ર અને સંસ્કૃતિના ઘડતર માટે એક છાત્રાલય શરૂ કરવું.**

બંને મુનિરાજોએ ગીરનાર જઈ તીર્થંકર દેવ નેમિનાથ સામે પ્રતિજ્ઞા કરી કે, 'આજ પછી કોઈને શિષ્યો નહીં બનાવીએ. આજથી અમે સેવ્યમાંથી સેવક બનીએ છીએ. પ્રસિદ્ધિના મોહમાં કોઈ કામ નહીં કરીએ.' **ચારિત્ર વિજયજીના અનુયાયીઓની મદદથી પાલીતાણા નજીક સોનગઢ ગામમાં જગ્યા લેવાઇ અને તેર વિદ્યાર્થીઓથી 'સોનગઢ બોર્ડિંગ'ની શરૂઆત થઈ.** ત્યાં હવે દર વર્ષે ચારસોએક વિદ્યાર્થીઓ વિના મૂલ્યે બોર્ડિંગમાં રહી બોર્ડિંગની સ્કૂલમાં ભણે છે. આજથી ૯૭ વર્ષ પહેલાં કોઈ જૈન સાધુ સંસ્થા શરૂ કરે એ સામે પૂરે તરવા જેવી વાત હતી! પણ બંને મહાત્માઓ વિરોધની પરવા કર્યા વગર મિશનમાં મચી પડ્યા. સામાન્ય રીતે ચારિત્રવિજયજી ગુજરાત-મહારાષ્ટ્રમાં વિહાર કરી બોર્ડિંગનો પ્રચાર પ્રસાર કરતા અને કલ્યાણચંદ્રજી બોર્ડિંગમાં આજીવન સ્થાયી થયા. સમય જતા ચારિત્રવિજયજી કાળધર્મ પામ્યા અને સમગ્ર સંસ્થાનો ભાર કલ્યાણચંદ્રબાપા મહારાજ પર આવી પડ્યો.

બંને મુનિરાજો પ્રખર દેશભક્ત હતા. રોજ રેંટીયો ચલાવતા. એમની વાતો સાંભળી રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ સોનગઢ આવીને એમની સાથે સમય વિતાવ્યો. માભોમની મુક્તિ ઈચ્છતા સાધુઓની દેશભક્તિ જોઈ ગાંધીજી ગદગદ થઈ ગયા અને યાદગીરીરૂપે ભારતમાતાની મૂર્તિનું અનાવરણ કર્યું. આજે પણ એ મૂર્તિ અને અખંડ ભારતનો દુર્લભ નકશો બોર્ડિંગમાં મોજુદ છે.

કલ્યાણબાપાનું વૈદ્યકીય જ્ઞાન ખૂબ સારું હતું. વૈદ તરીકે સોનગઢ વિસ્તારમાં ખૂબ પ્રસિદ્ધ હતા. ભાવનગરના રાજવી કૃષ્ણકુમારજી પથરીના દર્દનો શિકાર બન્યા ત્યારે ડૉક્ટરોએ લંડન જઈ પથરીનું ઑપરેશન કરાવવાનું સૂચન કર્યું. પણ કોઈક દરબારીએ કૃષ્ણકુમારજીને મુનિ કલ્યાણબાપા પાસે ઉપચાર કરાવવાનું સૂચન કર્યું. રાજવી કૃષ્ણકુમારજીએ કલ્યાણબાપા મુનિ પાસે આવી આયુર્વેદિક ઉપચાર કરાવ્યા અને પથરી દૂર થઈ ગઈ. ત્યારથી મુનિ કલ્યાણબાપા અને રાજવી વચ્ચે મૈત્રી બંધાઈ. એ વખતે અલભ્ય કહેવાય એવી એમ્બેસેડર ગાડી બોર્ડિંગને ભેટ આપી. એમની સાથે અનેક રાજવીઓ અવારનવાર સોનગઢ બાપાની મુલાકાતે આવતા. ત્યારે આધુનિક દવાખાના ઓછા હોવાથી આજુબાજુના વિસ્તારના લોકો બાપા પાસે વિનામૂલ્યે દવા કરાવવા આવતા. અને આ કચ્છી સાધુ 'બારે આલમના બાપા' તરીકે પ્રખ્યાત થઇ ગયા. **આજની તારીખે પણ પ્રત્યેક હિંદુ મહિનાની સુદ સાતમે બાપાના સન્માનમાં આખું સોનગઢ રજા પાડે છે.** રોજ આજુબાજુના વિસ્તારના પસાર થતાં રાહદારીઓના વાહનો આશ્રમ (બોર્ડિંગ) આગળ ગાડી ઊભી રાખી હોર્ન વગાડીને બાપાની આલબેલ પોકારે છે.

(અનુસંધાન : જુઓ પાના નં. – ૨૪ ઉપર)

# અનેકોના મસીહા : લીલાધર ગડા



પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઇ

*નોંધ : 'શ્રી લીલાધર ગડા મૂળ કચ્છમાં માંડવી તાલુકાના ભોજાય ગામના. પરંતુ તેમના પરિવારનો વસવાટ મુંબઈ ખાતે થયો હતો. તેઓએ મેટ્રીક સુધીનો અભ્યાસ પાલાગલી હાઈસ્કૂલમાંથી કરેલ કે જ્યારે શ્રી દામજીભાઈ એન્કરવાલા, શ્રી વિજય છેડા, શ્રી પન્નાલાલ છેડા, શ્રી દેવચંદ ગાલા, શ્રી અશોક મહેતા (મંગલ મંદિરના મુખ્યતંત્રી) વગેરે બધા જ આજ શાળાના વિદ્યાર્થીઓ હતા.*

*આ વિદ્યાર્થીઓમાંના અનેક વિદ્યાર્થીઓએ આજે અલગ અલગ ક્ષેત્રે સારી એવી નામના પ્રાપ્ત કરેલ છે.*

*શ્રી લીલાધરભાઈ ગડા સેવાકાર્યમાં ખૂબ જ ઉંડાણે ઉતરી ગયા. પ્રથમ તેઓએ બીદડા સર્વોદય કેન્દ્રમાં પોતાની સેવાઓ આપી અને ત્યારબાદ ભોજાયને જ પોતાની જન્મભૂમિની સાથે કર્મભૂમિ બનાવી. ત્યાં હોસ્પિટલ સ્થાપી, અનેકોની સેવા કરવા માટે ધૂણી ધખાવી સ્થાયી થઈ ગયા.*

*તેઓએ સ્ત્રીઓના રોગો અને મુશ્કેલીઓ તરફ વધુ ધ્યાન આપ્યું અને કચ્છના એક સાથે ૪૦૦-૫૦૦ ગામમાં સ્ત્રીરોગ માટે શિબિર ગોઠવવાનું આયોજન કર્યું.*

*કાર્ય પ્રત્યેની તેમની લગની જોઈ, સમર્થ લોકો તેમને લાખો નહીં પરંતુ કરોડો રૂપિયાના ડોનેશન્સ આપવા લાગ્યા.*

*તેઓ શ્રી કુમારપાળ દેસાઈની એકદમ નજરમાં આવી ગયા અને 'ગુજરાત સમાચાર'ની વર્ષો જૂની કોલમ 'ઈંટ અને ઈમારત'માં તેમની યોગ્ય સ્વરૂપે નોંધ લીધી.*

*શ્રી કુમારપાળ દેસાઈના એ લેખને અત્રે શબ્દસહ રજૂ કરેલ છે. આશા છે કે મંગલ મંદિરના વાચક વર્ગને તે ખૂબ જ ગમશે.*

*– તંત્રી મંડળ*

## એ અનોખું કન્યાદાન મારી સ્મૃતિમાં સદાને માટે જડાઈ ગયું!

### મારી નજર સમક્ષ માતાનો ચહેરો તરવરતો હતો....

વેદનાની વચ્ચે રહેનાર માનવીને વાસ્તવિક્તા હૈયે ચાંપીને રાખવી પડે છે. એની નજર આદર્શો પર ખોડાયેલી હોતી નથી. એની પાસે કલ્પનાના સ્વપ્ના હોતા નથી, પરંતુ આસપાસ હરતી-ફરતી દુખિયારી સ્ત્રીઓનાં હૈયાની વેદનાની વાતો એના હૃદયમાં ભંડારાયેલી હોય છે. આ એવા માનવીની વાત છે કે જેણે માત્ર એ સ્ત્રીઓની પારવાર વેદના જાણી નથી, પરંતુ એના નિવારણ માટે કચ્છમાં કેટલાય સ્ત્રીરોગ શિબિરનું આયોજન કર્યું અને પોતાનાં હૈયાંને



શ્રી લીલાધરભાઈ ગડા

વલોવતી એ વેદનાને પોતાની જાત ઘસીને શાતા આપી.

આવો એક ભેખધારી માનવી છે લીલાધર ગડા. જેને સહુ 'અધા'ને નામે ઓળખે. એણે યોજેલી એક શિબિરમાં ફરીદા એની પુત્રી સલમા સાથે આવી. એને ગર્ભાશયની ગાંઠ હતી. માનસિક રીતે અસ્થિર હતી, પણ લાંબી મહેનત અને સમજાવટ બાદ ફરીદાનું ઓપરેશન થયું. દીકરી સલમાએ એની માની અનોખી સેવા કરી. એ પછી બે વર્ષ બાદ સલમા સેવાભાવી લીલાધર ગડાને

મળવા માટે ભોજાય ગામે આવી અને લીલાધર ગડા 'અધા'ના શબ્દોમાં હવે પછીની કહાની સાંભળીએ :

'એ એકલી આવી હતી અને એણે મને જણાવ્યું કે મને સમય હોય તો તે વાત કરવા માંગે છે. મેં હા કહી.

સલમાએ વાત રજૂ કરતી વખતે સૌપ્રથમ જણાવ્યું કે અધા, હું આપની પાસેથી કન્યાદાનની માંગણી કરું છું અને આવી માંગણી શા માટે કરું છું તે જાણવા માટે તમારે મારી આખી કથા સાંભળવી પડશે. આપની પાસે સમય તો છે ને? મેં ડોકું ધુણાવીને હા કહી અને સલમાએ પોતાની વાત રજૂ કરી.

સલમાએ કહ્યું, 'મારી માતાનું લગ્ન ૧૪ વર્ષની ઉંમરે થયું અને દોઢ વર્ષમાં એ માતા બની. મારા પિતા છુટક મજૂરી કરતા. ઘરમાં દાદા-દાદી અને પોતાના પરિવારનું માંડ માંડ નભતું. મારી મા માવતરથી પૂરતી રકમ લાવી ન હતી એટલે એ થોડી અળખામણી પણ હતી. મારી માની પાંચ સુવાવડો થઈ. પહેલી વાર ગર્ભવતી થઈ ને કસુવાવડ થઈ ગઈ. બાપને દારૂ પીવાની લત હતી. દારૂના નશામાં બાપે માને મારપીટ કરી. તે વખતે મા બીજી વખત પેટે હતી. મારપીટને કારણે તેને કસુવાવડ થઈ ગઈ. ત્રીજી સુવાવડ વખતે દીકરી જન્મી. તેને મારા બાપે મારી કાકીને ગોદ આપી. ખરું કહું તો તેને વેચી દીધી. ચોથું બાળક છોકરો હતો. બાપની દહેજની વારંવારની માંગણીથી મા કંટાળી ગઈ હતી. ઉપરાછાપરી પેટ રહેવાથી તે થોડી માનસિક રીતે અસ્થિર પણ થઈ ગઈ હતી. મારા મોસાળ પક્ષે માતાનું કોઈ સગું ન હતું. છેલ્લે છેલ્લે એ પેટે હતી ત્યારે બાપે એને ઘરમાંથી કાઢી મૂકી અને બાળકને પોતાની પાસે રાખી લીધું. દૂરના કોઈ સગાએ થોડો સમય આશરો આપ્યો અને ત્યાં મારો જન્મ થયો. દાદા-દાદીનું મૃત્યુ થતાં બાપ દીકરાને લઈ ક્યાં નીકળી ગયો તેની કોઈ ખબર નથી અને હું જન્મી ત્યારે બાપ વિનાની હતી. જોતજોતામાં સોળ વર્ષ નીકળી ગયા.

આટલી વાત કહી સલમા થોડીવાર થોભી. મેં એને પીવા માટે પાણી આપ્યું. પાણી લઈ, થોડીવાર માટે ખોંખરો કરી તેણે પોતાની વાત આગળ લંબાવી. 'મા અને હું છુટક મજૂરી કરી, ઘરકામ કરી, અમારું ગુજરાન ચલાવતા હતા. મારી માની મગજની અસ્થિરતા એ માસિકમાં આવે ત્યારે વધી જતી. નહીં તો એ શાંતપણે ચૂપચાપ કામ કરતી હતી.

અમને આશરો આપનાર ભાઈ એક દિવસ મારા માટે માગું લઈ આવ્યા. મારી માને સમજાવી અને એણે હા કહી. કચવાતે મને મેં પણ હા કહી. માને છોડવાનો જીવ ચાલતો ન હતો અને બીજી તરફ મારું ઠેકાણું પડતું હતું અને મારા નિકાહ થઈ ગયા.

લગ્ન વખતે મારા ખાવિંદને મેં મારી હાલતની, પરિસ્થિતિની વાત કરી હતી. મારી માતા માટે વારંવાર મારે પીયરે આવવું પડશે તે પણ જણાવ્યું હતું. તે માટે સાસરીયાઓએ હા પાડી. થોડા સમય માટે બરોબર ચાલ્યું. બે વર્ષ પછી મને જવા રજા મળતી ન હતી. મેં એમને ઘણી વખત સમજાવટ કરી, પણ ધાકધમકી આપી મને બેસાડી દેતા. ક્યારેક રજા પણ મળતી.

માને વાંગો થયો (વાંગો એટલે માસિકનું સતત રહેવું) ત્યારે એની તકલીફ વધવા લાગી. પાડોશીઓ મને સંદેશો મોકલતા અને હું સાસરે ઝઘડો કરી પીયર આવતી. પહેલી વખત ભોજાય કેમ્પ માટે માંડ માંડ રજા મળી. પણ ત્યારે માએ ઑપરેશન માટે સાથ આપ્યો નહીં. બીજી વખત કેમ્પ માટે સાસરીએથી રજા માંગી અને તેઓએ ઘસીને ના પાડી. હું હાથે પગે પડી અને વિનંતી કરી કે મને છેલ્લી વખત રજા આપો. ત્યારે મારા પતિએ મને પુષ્કળ અપશબ્દો કહ્યા અને બોલ્યા, 'તારી મા તો મરશે ત્યારે અમારો પીછો છુટશે.' એ શબ્દો મારાથી સહન ન થયા અને મેં એમની રજાની રાહ જોયા વગર જવાની તૈયારી કરી. મારી નજર સમક્ષ મારી માનો ચહેરો તરવરતો હતો. એની પીડા સહન થતી ન હતી. મેં ચપ્પલ પહેરી ત્યારે મારા પતિએ મારી તરફ જોઈ મને ત્રણ વખત તલાક તલાક શબ્દો કહ્યા. હું એમને પગે પડી. ઘૂંટણિયે પડી ત્યારે એમણે મને ધક્કો મારી બહાર કાઢી મૂકી અને હું પીયરમાં પાછી આવી. ત્યાર પછી ભોજાયમાં માનું ઑપરેશન થઈ ગયું અને એની તકલીફ બાર આના ઓછી થઈ ગઈ. માની તકલીફ-પીડા હળવી કરવા મારે મારા સંસારનો ભોગ આપવો પડ્યો. અધા, મને કહો કે મારી આમાં ક્યાં ભૂલ હતી? નવ મહિના પેટમાં સાચવી અને તકલીફો વચ્ચે એણે મને ઉછેરી, મોટી કરી અને એના માટે હું કશું કરી છૂટું એમાં મારા વરને ક્યાં વાંધો આવ્યો? એને કંઈ તકલીફ પડી? અમારે દીકરીઓએ આ બધું સહન કરવું?

બોલતા બોલતા સલમા ફરી અટકી ગઈ. પાણીનો ગ્લાસ પી એણે ફરી વાત આગળ ચલાવી. એ અસ્ખલિતપણે બોલતી જતી હતી. જાણે વર્ષો સુધી સંઘરેલી પીડા પૂર બનીને બહાર આવતી હતી.

ઓપરેશને મારી મા પર જાદુ કર્યો. આજે એ વાતને બે વર્ષ થઈ ગયા છે. તબિયત સારી થઈ ગઈ છે. એ એકલી દોઢ માણસનું કામ કરી લે છે અને એ પોતે મને લગ્ન કરી લેવા કહે છે. અમારા બાજુના ગામમાં એક પરિવાર રહેવા આવ્યો છે. પરિવારમાં મા, મોટો દીકરો અને એક નાનો છોકરો છે. એમણે મારા માટે માગું મોકલ્યું છે. મારે તમારી સલાહ લેવી છે કે હું આ માગા માટે હા કરું કે નહીં. મારી મા મને સતત આગ્રહ કરે છે.... ને હા, એક બીજી વાત, જેને માટે મારું માગું આવ્યું છે એ વિધુર છે. એની પત્ની એક બાળકને મૂકી મેલેરિયામાં ગુજરી ગઈ છે. આસપાસના સૌએ આ માગું

*સ્વીકારી લેવાની સલાહ આપી છે. પરિવાર સારો છે. છોકરો સરકારી નોકરીમાં છે એટલે એને અવારનવાર બહાર રહેવું પડે છે.*

*સલમાની આટલી લાંબી વાતો સાંભળ્યા પછી હું પ્રથમ વખત બોલ્યો, તારી મા તારા વગર એકલી રહી શકશે?*

*સલમાએ ડોકું ધુણાવી જવાબ આપ્યો, 'એટલે જ હું તમારી પાસે આવી છું. એ ઘણી રીતે સ્વસ્થ છે અને પાડોશીઓએ પણ સામેવાળા પાસે બધી વાતની રજૂઆત કરી છે.'*

*મેં સલમાને જણાવ્યું, 'સંજોગો બધા સારા અને અનુકૂળ હોય તો લગ્ન કરી લેવા જોઈએ.'*

*આઠ દિવસ પછી સલમા ફરી ભોજાય આવી. મારી પાસે પાંચ મિનિટનો સમય માંગ્યો. સલમાએ મારી પાસે રજુઆત કરી કે એણે લગ્ન કરવાનું નક્કી કર્યું છે. એણે કહ્યું, 'અમારી પાસે લગ્નનો ખર્ચ કરવા માટે કંઈપણ નથી. સામેવાળાએ કહ્યું છે કે ખર્ચ તેઓ કરશે પરંતુ અધા, હું તમારી પાસે કન્યાદાનની માંગણી કરું છું. મને બીજું કશું નથી જોઈતું. માત્ર નાકની એક સળી જેની કિંમત અંદાજે ૬૦૦થી ૭૦૦ રૂપિયા થશે અને રૂપિયા ૮૦૦ની કપડાંની એક જોડ. ૧૫૦૦ રૂપિયાની કન્યાદાનની માંગણી ખુલ્લા મને આપની પાસે મૂકું છું. નિકાહ ઘરમેળે જ થશે એટલે ખાસ કોઈની હાજરી નહીં હોય. મારા પક્ષે મારી મા સિવાય આપ છો અને બે પાડોશીઓ છે. આપ રૂબરૂ પધારી કન્યાદાન આપશો તો મારી ખુશીનો કોઈ પાર નહીં રહે.'*

*મેં હાજર ન રહેવાની મારી મજબૂરી જણાવી કારણકે એ દિવસો દરમિયાન હું બિહાર રહેવાનો હતો. મેં એના હાથમાં રૂપિયા ૩૦૦૦ મૂક્યા અને માથે હાથ મૂકી જણાવ્યું, 'સલમા, અલ્લાહ તારા ઉપર રહેમત ફરમાવે. તેં તારી મા માટે ફરજ અદા કરી છે તો પરવરદિગાર તારો સંસાર સુખી રાખી એનો નેક બદલો તને આપે.'*

*અધાએ વાત પૂરી કરતાં કહ્યું, 'આ અનોખું કન્યાદાન મારી સ્મૃતિમાં સદાય સચવાઈ ગયું છે.'*

***'ગુજરાત સમાચાર'ના સૌજન્યથી***

## સાધુ કલ્યાણબાપા અને સોનગઢ બોર્ડિંગ

**(અનુસંધાન : પાના નં. – ૨૧ ઉપરથી ચાલુ)**

મુનિ કલ્યાણબાપાની આયોજન શક્તિ કાબિલેતારીફ હતી. એનાં ઉત્તમ ઉદાહરણ તરીકે આજે પણ બોર્ડિંગની ૫૦ એકર જમીનમાં ઓર્ગેનિક ખેતી કરવામાં આવે છે. જેના શાકભાજી ઈત્યાદિ વિદ્યાર્થીઓ માટે વપરાય છે. બોર્ડિંગના બાળકોને સ્વાવલંબી બનાવવા અથાણા, સાબુ, વેસેલીન ઈત્યાદિ બનાવતા શીખવાડીને કિફાયતી ભાવે વેચાણ કરાય છે. બોર્ડિંગની શરૂઆતથી જ ગૌશાળા બંધાઈ હતી. જેમાં અત્યારે એકસોથી વધુ ગાયો છે. એ સમયે હાજા રબારી નામના પશુપાલક ગાયોની સંભાળ લેવા બોર્ડિંગ સાથે જોડાયા. હાજા રબારીની પાંચમી પેઢી અત્યારે બોર્ડિંગમાં કાર્યરત છે. એમના પ્રપૌત્ર ભરતભાઈ અત્યારે બોર્ડિંગના સુપ્રિન્ટેન્ડન્ટ તરીકે સેવા આપે છે. કલ્યાણબાપા 'બાળકોની મૂછાળી મા' બનીને સ્વાવલંબન, સ્વચ્છતાના પાઠ ભણાવતા. એમણે કલા કારીગરી માટે પણ જબરું કાર્ય કર્યું. **પરિણામે ૧૪૦ જેટલા સંગીત વિશારદ, ૨૦૦ જેટલા ચિત્રકારો, ૧૦૦ જેટલા રાષ્ટ્રીય કક્ષાના રમતવીરો આપણને મળ્યા.** તાજેતરના વર્ષોમાં બેંગ્લોર ખાતેની આઈ.ટી. ક્વિઝમાં ૧૮ લાખ બાળકો વચ્ચે બોર્ડિંગના બે વિદ્યાર્થીઓએ વિજેતા બની ગુજરાતને પ્રથમવાર આઈ.ટી. ક્વિઝમાં ચેમ્પિયનશિપ અપાવી ગુજરાતનું ગૌરવ વધાર્યું છે.

મુનિ કલ્યાણબાપાને સાહિત્યકારો માટે વિશેષ લાગણી હતી. રમણલાલ વસંતલાલ દેસાઈથી માંડી ચં.ચી. મહેતા સુધીના અસંખ્ય સાહિત્યકારોએ સોનગઢ બોર્ડિંગની આંબાવાડીમાં મહિનો મહિનો રહીને મબલક સાહિત્યનું સર્જન કર્યું છે. કચ્છના ધૂરંધર સાહિત્યકાર દુલેરાય કારાણીએ કચ્છના શિક્ષણ અધિકારી તરીકે નિવૃત્ત થઈ છેલ્લા ૩૫ વર્ષ સુધી બોર્ડિંગમાં સ્થિરવાસ કર્યો. **દુલેરાય કારાણીએ કચ્છની લોકકથાઓ, કાવ્યો, વાર્તાઓ, નાટકોનું લેખન કરી જગત આખાને 'કચ્છીયત'નો અદ્‌ભુત પરિચય કરાવ્યો.** કલ્યાણબાપાના કાળધર્મથી થોડાક વર્ષો પહેલાં જ બોર્ડિંગના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ માતૃ સંસ્થાના સંચાલનનો પડકાર સ્વીકાર્યો. દામજીભાઈ એન્કરવાલા, નવનીત પરિવાર, ચંદ્રકાંતભાઈ ગોગરી ઈત્યાદિની હૂંફ બોર્ડિંગને મળી રહી છે. ચંપકભાઈ ગંગર, પંકજભાઈ ગોસર જેવા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ બોર્ડિંગને હજુ વધુ ઊંચાઈએ લઈ જવા તનતોડ મહેનત કરે છે. એનું શ્રેષ્ઠ ઉદાહરણ એટલે ગુજરાતની પહેલી રોબોટીક લેબ ત્યાં આકાર પામી રહી છે. સોનગઢ બોર્ડિંગના સર્જક બે જૈન સાધુ ચરિત્રબાપા અને કલ્યાણબાપાની વાતોથી ગદગદિત થઈ, 'મિડ-ડે'ના 'કચ્છી કોર્નર' વતીથી માનવંદના કરી વિરમું છું. અસ્તુ.

***લેખક અને કચ્છી નાટ્યકાર***

*(નોંધ : 'વસંત મારૂની ડાયરી'ની આ મારી બ્લોગ કથા ૨૦૧૮ના 'મિડ-ડે'ની મારી કોલમમાં આવી હતી.)*

***ઉંમર થકવી નથી શકતી, ઠોકરો પાડી નથી શકતી, અગર જીતવાની જીદ હોય તો પરિસ્થિતિ હરાવી નથી શકતી.***

# આઝાદીનો ચિરાગ, શહાદતનું અમી!



જયંતી જોષી 'શબાબ'

*"મહોબત કહો તો મહોબત કરી છે*
*ઈબાદત કહો તો ઈબાદત કરી છે,*
*શૂળીએ ચઢીને જો નથી પ્રાણ દીધા,*
*સીઝાતાં સીઝાતાં શહાદત કરી છે."*

વેળાની વરસતી વાદળી જ્યારે સાંબેલાધાર વરસે છે ત્યારે પાણીના વહેણમાં કંઈક ડૂબે છે, કંઈક તરે છે, તો કંઈક તણાય પણ છે.

સમયની આ ધારામાં આજે જે આઝાદીનું પર્વ આપણને મળ્યું છે તેમાં આઝાદીનો અમૃત મહોત્સવ ભળેલો છે. સાચી વાત એ છે કે આઝાદી પોતે જ અમૃત છે! જ્યાં જ્યાં ગુલામી કે બંધન છે ત્યાં ત્યાં મૃત્યુ છે!

*"પાંજરે પૂરેલ ખગની, આંખમાં એક પ્યાસ છે,*
*પાંખમાં એની નથી તો, આંખમાં આકાશ છે!"*
*(શબાબ)*

હા, એ વાત સાચી છે કે આપણા કચ્છ મલકમાં ભારત દેશની આઝાદીનો કોઈ સંગ્રામ કે લડાઈ સીધે સીધી નથી લડાઈ. પરંતુ તે છતાં કચ્છ રાજ્ય બ્રિટીશરોનું ખંડિયું રાજ્ય હતું અને તેથી એને પૂરેપૂરું આઝાદ કેમ કહી શકાય?

કોઈ પણ સ્વમાની માણસની જેમ કચ્છીઓની તાસીર પણ એવી કેવી રહી છે એવું કોઈ મને પૂછે તો હું કહીશ કે,

*"પંછી, નદિયાં, પવન કે ઝોંકે*
*કોઈ સરહદ ના ઈન્હે રોકે."*

છતાં સમયની ઝીણી ઝીણી અને નીરવ વરસતી રજમાં માણસ તો માણસ, ધોળાવીરા જેવા કંઈ કેટલાય નગર પણ દબાઈ ગયા છે અને ઘણી ઘણી મહેનત કરવા છતાં એમના પૂરા સગડ મળતા નથી! એ જ પ્રમાણે આજે એક એવા માણસની વાત કરવી છે કે જેણે આપણા દેશની આઝાદી માટે પોતાના જીવનની સાથે સાથે પરિવારના જીવનની પળે પળે કુરબાની આપી છે. પરંતુ આજે યાદને ઝરૂખે ઊભીને, એ તરફ નજર નાખીએ તો એમના વિશે થોડુંક જ અને તેય અલપ ઝલપ જ સાંપડે છે.

**એ કચ્છી સપૂતનું નામ હતું શ્રી નારાણજી નેણશી ઠક્કર.** પૂજ્ય મહાત્મા ગાંધી જ્યારે કચ્છ આવ્યા ત્યારે એમની વિચારધારાની શ્રી નારાણજીભાઈ ઉપર જબરી અસર થઈ. તેઓ 'સુતરને તાંતણે સ્વરાજ'ને અનુસરી સ્વદેશી પહેરવેશ એટલે કે ખાદી તરફ ખેંચાયા. અંજાર તાલુકાના ખેડોઈ ગામના ગાંધીવાદી વૈદ્ય શ્રી વિશ્રામભાઈ રામજી ઠક્કરની મદદ લઈ **તેઓ સત્યાગ્રહ આશ્રમ સાબરમતીમાં ચાલતા ખાદી વિદ્યાલયમાં તાલીમ લેવા ઈ.સ. ૧૯૨૮માં ગયા.**

**ઈ.સ. ૧૯૩૦માં દાંડીકૂચ ગોઠવાણી. તેમાં ખાદી વિદ્યાલયના અધ્યાપકો ભેગા તેઓ પણ જોડાયા.** એપ્રિલ મહિનામાં ૨૪૧ માઈલનો પંથ કાપીને કૂચના સ્વયંસેવકો ભેગા તેઓ દાંડી પહોંચ્યા અને ૬ઠ્ઠી એપ્રિલ રવિવારની સવારે સાડા છ વાગે પૂ. ગાંધીબાપુ ભેગા તેમણે પણ મીઠાના દમનકારી કાયદાનો ભંગ કર્યો.

કચ્છ ઉપરાંત ઉત્કલમાં ખાદીકામ કરનારા ૮૧ સત્યાગ્રહીઓમાં નારાણજીભાઈ પણ એક હતા. **૧૯૩૨થી ફરી તેઓ આશ્રમના ખાદી વિદ્યાલયમાં વણાટકામનો વધુ અભ્યાસ કરવા જોડાયા.**

સ્વાતંત્ર્ય ચળવળના એક અદના સ્વયંસેવક તરીકે તેઓ ૧૯૩૨માં યરવડા સેન્ટ્રલ જેલ પણ ગયા હતા અને છ મહિનાથી વધુ સમય સુધી તેમણે જેલવાસ ભોગવ્યો હતો. જેઓ જેઓ જેલમાં રહી આવ્યા હોય અને તે પણ અંગ્રેજોની જેલમાં, તેમને ખબર હોય છે કે આઝાદી અને ગુલામી વચ્ચે કેવું અને કેટલું અંતર હોય છે! જેલમાં નારાણજીભાઈને પણ બીજા કેદીઓની જેમ જ મીઠાવાળી રાબ પીવા માટે અપાતી અને વળી કપડા પણ ગુણપાટના કંતાનના પહેરવા મળતા. વળી આ કંઈ એક-બે દિવસનો અત્યાચાર નહોતો. જ્યારે લાંબા સમય સુધી આવું નિરંતર ચાલ્યું, ત્યારે નારાણજીભાઈનું શરીર ધોવાઈ ગયું અને ઘણી ઘણી બીમારીઓએ તેમને ઘેરી લીધા. પરંતુ....

*"સરફરોશી કી તમન્ના અબ હમારે દિલમેં હૈ,*
*દેખના હૈ જોર કિતના, બાજુએ કાતિલમેં હૈ."*

એવા અડગ મનોબળ સાથે આ સ્વાતંત્ર્ય સેનાનીએ પણ શરીરની પરવા કર્યા વિના આ બધી જ યાતનાઓ સહન કરી.

ઈ.સ. ૧૯૩૨ના અંતિમ ભાગે કચ્છમાં 'હરિજન સેવક સંઘ'ની સ્થાપના થઇ અને એ સંઘ વતીથી ભુજમાં દલિત વર્ગ માટે શાળા ખોલવામાં આવી. સંઘના મંત્રી શ્રી પ્રભુલાલભાઈ ધોળકિયાજીએ આ શાળામાં જોડાઈ જવા નારાણજીભાઈને નિમંત્રણ આપ્યું. એમને તો એ 'ભાવતું હતું ને વૈદ્યે કહ્યું' જેવું હતું કારણકે દલિતો અને વંચિતોની સેવા કરવી એટલે એમને મન પૂ. ગાંધીબાપુની વિચારધારાને મૂર્તિમંત કરવી. જ્યારે આ પ્રમાણે એમણે એ સેવાનું કામ સ્વીકાર્યું ત્યારે એમના પરિવારજનોએ તેમજ તેમના જ્ઞાતિબંધુઓએ પણ તેમનો બહિષ્કાર કર્યો. આમ છતાં એમણે ઈ.સ. ૧૯૩૭ સુધી આ કામ પૂરી નિષ્ઠા સાથે અને ભાવપૂર્વક ચાલુ રાખ્યું.

ઈ.સ. ૧૯૩૭માં માંડવી તાલુકાના ગઢશીશા ગામે સ્વ. માવજીભાઈ વૈદ્યની પ્રેરણાથી ખાદીકામ ચાલુ થયું અને નારાણજીભાઈ પણ તેમાં જોડાયા. ધીમે ધીમે ગઢશીશામાં ખાદીકામનું વિસ્તરણ થતાં આજુબાજુના ગામડાંઓમાં જઇ વણકરોને તાલીમ આપવાનું કામ નારાણજીભાઈ કરવા લાગ્યા. આ કામના અનુસંધાને તેઓ કુરબઈ ગામમાં જઇને વસ્યા અને ગઢશીશાના ખાદીકામના વિસ્તરણને પોતાની નિષ્ઠાવંત કામગીરીથી શોભાવ્યું.

ઈ.સ. ૧૯૪૮ની સાલમાં પાકિસ્તાનમાંથી હિજરત કરીને આવેલા હજારો નિરાશ્રિતોના પુનર્વસનનું કામ જ્યારે આ દલિત સેવક સંઘે ઉપાડ્યું ત્યારે એ કામમાં એક સમર્પિત સેવક તરીકે તેઓ જોડાયા. એટલું જ નહીં, એ સેવાનું કામ તેમણે પોતાના જીવનના અંત સુધી ચાલુ રાખ્યું.

આઝાદી માટેના સત્યાગ્રહની અમૃતમય જ્યોતના આશક એવા નારાણજીભાઈએ કોઈપણ જાતની અપેક્ષા વગર એટલે કે ગાંધીજીએ આચરણ દ્વારા પ્રબોધેલા અપરિગ્રહ વ્રતને અપનાવીને રાષ્ટ્રસેવામાં જાતને સમર્પિત કરી. કચ્છના આ સપૂત પૂ. ગાંધીબાપુના અત્યંત નિકટના સ્નેહીજન હતા. **પૂ. બાપુ ભેગા તેઓ બારડોલી સત્યાગ્રહ માટે પણ ગયા હતા અને જેલવાસ પણ ભોગવ્યો હતો.**

નારાણજીભાઈના નજીકના સાથી મિત્રોને પણ યાદ કરવા જેવા છે. એ કચ્છી સપૂતોમાં સર્વશ્રી હીરજીભાઈ કોટક, મણિભાઈ સંઘવી, દયારામભાઈ કેવડિયા અને બીજા પણ કંઈ કેટલાય સ્વાતંત્ર્યવીર નિઃસ્વાર્થ ભાવથી માતા ભારતીની સ્વતંત્રતા માટે પોતાના તન, મન, ધન વામતા રહ્યા.

સ્વાતંત્ર્યવીર નારાણજીભાઈનું જીવન અત્યંત સાદગી, સરળતા અને નિષ્કપટને વરેલું હતું. દલિત વર્ગ માટેના સેવક સંઘ દ્વારા ચાલતી નિશાળમાં સૌને અક્ષરદીક્ષા દેનારા આ અમુલખ કચ્છી માણસ પાસે આઝાદીને લગતા કંઈ કેટલાય પુસ્તકોના કબાટ ભરેલા હતા. જેમાં શ્રી મહાદેવભાઈની ડાયરી કે પછી ગાંધીજીનું પુસ્તક 'મારા સત્યના પ્રયોગો' અને બીજા ઘણાય પુસ્તકો હતા. **ઇ.સ. ૧૯૬૧માં જ્યારે નારાણજીભાઈએ પોતાની જીવનલીલા સંકેલી લીધી અને અમરત્વનું વરણ કર્યું ત્યારે આ બધાય પુસ્તકો તેમના સહધર્મચારીણી રમાબાઈએ એક ગ્રંથાલયને ભેટ દઈ દીધા.**

**આજે આ વાતને ભલે વધારે સમય નથી થયો તોય આપણને એમના એકાદ ફોટા માટે પણ ફાંફા મારવા પડે છે! કારણકે પૂ. બાપુના સંનિષ્ઠ અનુયાયી નારાણજીભાઈ હંમેશાં એમ માનતા કે માણસ પોતાના શણગારમાં પડી જાય તો સ્વાધ્યાય ન થઈ શકે, તે પ્રમાણે લોકેષણા કે આત્મપ્રસિદ્ધિના ચક્કરમાં પડ્યા પછી સેવાધર્મ ભૂલાઈ જાય છે. માણસનું કામ તો પોતાનું કર્તવ્ય નિઃસ્વાર્થભાવે અને નિષ્ઠાપૂર્વક કરવામાં રહ્યું છે. વળી એવું કરતી વખતે કોઈ પણ જાતના વળતર, ફળ કે પ્રસિદ્ધિની અપેક્ષા ન રાખવી જોઈએ.** ભગવાન શ્રીકૃષ્ણ પ્રણિત ગીતા અને પૂ. બાપુજી દ્વારા અપાયેલા અનાસક્તિના સંસ્કાર કઈ રીતે જીવી શકાય એ શીખવા માટે નારાણજીભાઈનું જીવન આદર્શ કહી શકાય. 'સાદું જીવન અને ઉચ્ચ વિચાર'ના રૂપમાં નારાણજીભાઈને માણસાઈના મસીહા ગણી શકાય.

ભારત સરકારના ગૃહ મંત્રાલય દ્વારા સ્વાતંત્ર્ય સેનાની શ્રી નારાણજીભાઈના દેહાવસાન પછી તેમના સહધર્મચારીણી અને પુત્રીને પણ સદ્‌ગતના મરણોત્તર પેન્શન રૂપે ફુલ નહીં તો ફુલની પાંખડી વડે સન્માનિત કરવામાં આવ્યા હતા. (ભારત સરકાર, ગૃહ મંત્રાલય, નવી દિલ્હી. પત્ર ક્રમાંક : ૧૫(૨૪)૧૯૭૩ એફ.એમ.યુ. કચ્છ (૩૬), તા. ૮-૨-૭૩/૭૪). ખાદી ગ્રામોદ્યોગ સંઘ - ભુજ દ્વારા પણ એમના ધર્મપત્નીને માસિક રૂા. ૭૫/-ની સહાય આપવામાં આવતી હતી. આઝાદીના અમૃત વિના કોઈપણ ઉત્સવ કે આપણું અસ્તિત્વ પણ નિરર્થક છે.

ચાલો, આઝાદ હવામાં શ્વાસ લેનારા આપણે સૌ એ માટે પોતાનું જીવન નિઃસ્વાર્થ ભાવે હોમનાર નારાણજીભાઈ અને બીજા બધાય સ્વાતંત્ર્ય સેનાનીઓને નમન કરી સ્વતંત્રતાને સ્વાધીનતામાં પરીણત કરવા પ્રતિબધ્ધ થઈએ.

*(__ખાસ નોંધ__ : આ લેખની માહિતી માટે અમે આભારી છીએ : (૧) એમના સુપુત્રી જયાબેન જી. ઠક્કર (અંજાર) અને (૨) વરિષ્ઠ ધારાશાસ્ત્રી તેમજ નોટરી (કચ્છ) શ્રી શંકરભાઈ સચદેવજી.*

*__તા.ક.__ : દિવંગત સ્વાતંત્ર્ય સેનાની શ્રી નારાણજી નેણશી ઠક્કર સાહેબની સ્મૃતિ સચવાય તેમજ આવનારી પેઢીને પ્રેરણા મળે તે માટે કોઈ સ્મારક બને કે કોઈ રસ્તા કે ચોકને એમનું નામ આપી શકાય. જો આ કામ થાય તો સાચા અર્થમાં એ આઝાદીના અમૃતની પરબ બની રહેશે.*

*— લેખક)*

# વકીલાત, રાજકારણ, શિક્ષણ અને સમાજસેવા ક્ષેત્રના કચ્છી લોહાણા અગ્રણી : પ્રેમજીભાઈ રાઘવજી ઠક્કર



ભરત'કુમાર' પ્રા. ઠાકર

*જન્મ : સંવત ૧૯૫૭, શ્રાવણ સુદ-૫*
*(૨૧ ઓગસ્ટ, ૧૯૦૧)*
*નિધન : ૫મી મે, ૧૯૮૨*
*૨૧મી ઓગસ્ટ, ૨૦૨૩ : ૧૨૨મી જન્મ જયંતી*



વકીલ પ્રેમજીભાઈ રાઘવજી ઠક્કર

કચ્છમાં રાજાશાહી સમયના બાહોશ વકીલ, ભૂતપૂર્વ કચ્છ રાજ્યના પ્રથમ ઍડવોકેટ જનરલ (૧૯૪૮થી ૧૯૫૬) અને ભુજની લાલન કૉલેજના સ્થાપકો પૈકીના એક એવા પ્રેમજીભાઈ રાઘવજી ઠક્કરની તિથિની દૃષ્ટિએ આ મહિને એટલે કે ૨૧મી ઓગસ્ટ, ૨૦૨૩ અને સોમવારે ૧૨૨મી વર્ષગાંઠનો અવસર છે. તે પ્રસંગે અહીં એમને યાદ કરવામાં આવ્યા છે.

● **વકીલાત કારકિર્દીની ઝલક :**

કચ્છના જાણીતા ધારાશાસ્ત્રી અને ઉચ્ચ કેળવણીના રાહબર પ્રેમજીભાઈ ઠક્કરનો જન્મ સંવત ૧૯૫૭ના શ્રાવણ સુદ પાંચમના રોજ (તે વર્ષના અંગ્રેજી માસ ઑગસ્ટ, ૧૯૦૧માં) થયો હતો. કચ્છમાં આ દિવસ, ખાસ કરીને ત્યારે નાગ પંચમીની શાહી સવારી અને અત્યારે ભુજિયા ડુંગરના લોકમેળા માટે વિખ્યાત છે.

ભુજની ઑલ્ફ્રેડ હાઈસ્કૂલમાં ફારસી-અંગ્રેજી સાથે માધ્યમિક શિક્ષણ લઈ તેઓ મુંબઈની વિલ્સન કૉલેજમાં ઉચ્ચ અભ્યાસ કરતા હતા. પરંતુ પિતાજીનું અવસાન થતાં ઈન્ટર સાયન્સ પછી એમણે પ્રથમ અંજારની ડી.વી. અને પછી ભુજની ઑલ્ફ્રેડ હાઈસ્કૂલમાં શિક્ષક તરીકેની કારકિર્દી શરૂ કરી. નોકરી સાથે કાયદાનું પણ શિક્ષણ લીધું અને કચ્છ રાજ્યની સનદ મેળવી ૧૯૨૭થી વકીલાત આરંભી. ફોજદારી - દીવાની બંને પ્રકારના દાવાઓમાં એમણે કાબેલિયત દાખવી હતી.

પોતાની કાર્યદક્ષતા થકી પ્રેમજીભાઈ કચ્છ રાજ્યના વકીલ તરીકે નિમાયા અને પ્રતિષ્ઠા પામ્યા. આઝાદીના ઉષાકાળમાં તેઓ ૧૯૪૮-૧૯૫૬ દરમિયાન રાજ્યના ઍડવોકેટ જનરલ જેવા ગૌરવશાળી ઉચ્ચ પદે રહ્યા હતા. આવું માન મેળવનાર તેઓ પહેલા કચ્છી હતા. એમના અને અન્યોના પ્રયાસથી ભારતના કેટલાક કાયદા સુધારા સાથે કચ્છમાં દાખલ થયા. તેમાં 'ઋણ રાહત ધારો' (ડેટ રીલીફ એક્ટ) સ્થાનિક ખેડૂતોને આશીર્વાદરૂપ નીવડેલો.

● **રાજકારણ - શિક્ષણ - સમાજસેવા :**

કચ્છના રાજકારણમાં પણ તેઓ વર્ષો સુધી સંકળાયેલા રહ્યા હતા. કચ્છ પ્રજાકીય પરિષદના તેઓ સક્રિય સભ્ય હતા. તે સમયે લોકસભામાં કચ્છની બે બેઠકો હતી. ૧૯૫૨ની પ્રથમ સંસદીય ચૂંટણીમાં શ્રી ઠક્કર પણ સ્વતંત્ર પક્ષના ઉમેદવાર તરીકે પૂર્વ કચ્છની બેઠક પરથી ચૂંટણી લડેલા. પરંતુ કોંગ્રેસના ગુલાબશંકર અમૃતલાલ ધોળકિયા જીત્યા હતા. જ્યારે પશ્ચિમ કચ્છની બેઠક સ્વતંત્ર પક્ષના પ્રો. ખુશાલભાઈ તલકશી શાહ સામે કોંગ્રેસના ભવાનજી અરજણ ખીમજી જીતેલા.

કચ્છમાં જ્યારે એક પણ કૉલેજ ન હતી તે સમયે ભંડોળ એકઠું કરી 'કચ્છની પ્રથમ કૉલેજ' ગણાતી ભુજની રામજી રવજી લાલન કૉલેજની સ્થાપના (૧૯૫૩) કરવામાં અન્યોની સાથે પ્રેમજીભાઈનો પણ મોટો ફાળો હતો. પ્રભાવક વ્યક્તિત્વ અને અસરકારક વક્તૃત્વને કારણે તેઓએ ભુજ બાર, કચ્છ બાર, ભુજ જીમખાના, રોટરી ક્લબ, વિજયરાજજી લાઈબ્રેરી વગેરે જેવી સંસ્થાઓનું પ્રમુખસ્થાન શોભાવેલું. ૧૯૭૩માં ગુજરાત ઈતિહાસ પરિષદનું અધિવેશન ભુજ ખાતે યોજાયું ત્યારે ઠક્કરજી તેના સ્વાગત ઉપપ્રમુખ હતા. લાંબા સમય સુધી લોહાણા જ્ઞાતિના માનદ્ સલાહકાર પણ રહ્યા હતા.

આમ, વકીલાત સાથે સામાજિક, શૈક્ષણિક અને રાજકીય ક્ષેત્રે પણ પોતાનો યત્કિંચિત ફાળો આપનાર કચ્છના આ એક પ્રખર ધારાશાસ્ત્રી અને શિક્ષણ વિકાસના માર્ગદર્શકનું ૫મી મે, ૧૯૮૨ના રોજ અવસાન થયું. પ્રેમજીભાઈના સંતાનોમાં મોટા પુત્ર મણિભાઈ ઠક્કર કચ્છના નિવૃત્ત સરકારી વકીલ અને બીજા પુત્ર સુરેશભાઈ ઠક્કર લૉ કૉલેજના નિવૃત્ત આચાર્ય છે. જ્યારે

(અનુસંધાન : જુઓ પાના નં. – ૨૯ ઉપર)

# કચ્છના ઇતિહાસના પાનેથી



વસંત 'કચ્છ કેસરી' – મુંબઈ

*નોંધ : 'મંગલ મંદિર'ના જુલાઈ-૨૦૨૩ના અંકમાં શરતચૂકથી આ લેખ પૂર્ણ પ્રકાશિત કરી શકાયેલ ન હોવાથી આ અંકમાં આ લેખનો ફરીથી સમાવેશ કરવામાં આવેલ છે.*

*– તંત્રી મંડળ*

લગભગ ૧૩૫ વર્ષ પહેલાનો સમય. મારા દાદા દામજીભાઈ દેશમાં ખેતી કરતા. પાક તૈયાર થયે, બળદગાડામાં નાખી, માંડવી લઈ જઈ આડત પેઢી મારફત વેચાણ કરે. એક દિવસ માંડવીની પેઢી પર એમની મુલાકાત એક ભાટીયા ગૃહસ્થ સાથે થઈ. એ ભાઈ મુંબઈ માલ મોકલાવતા. એટલે ધંધાદારી સંબંધ મુંબઈના વેપારીઓ સાથે હતા. એમની મુલાકાતથી દામજીભાઈને મુંબઈ જઈ વેપાર અથવા તો કોઈ સારી નોકરીમાં જોડાઈ જવાનો વિચાર થયો. એમણે એ ભાટીયા મહાશયને વાતવાતમાં પોતાની ઈચ્છા જણાવી. એ ભાટીયા સજ્જને મુંબઈની એક વેપારી પેઢીમાં 'માણસની જરૂર હોય તો મોકલી આપું' એવું લખી મોકલાવ્યું. બે અઠવાડિયા બાદ ફરી બીજી ખેપમાં માંડવી જઈને દામજીભાઈએ એ ભાટીયા ભાઈની તપાસ કરી, એમને મળ્યા. મુંબઈથી જવાબ આવેલો કે સારો પાણીદાર માણસ હોય તો મોકલી આપજો. ખાવા પીવાની સાથે રહેવાની વ્યવસ્થા પેઢી તરફથી. શરૂમાં પગાર નહીં. વર્ષાંતે કામ જોઈને યોગ્ય રકમ ભરી આપવાનું નક્કી થયું.

એકાદ મહિના બાદ, બોટ રસ્તે દામજીભાઈ મુંબઈ પહોંચ્યા. કામ શીખવા લાગ્યા. વાણિયાનો દીકરો. ધગશથી કામ કરી ઘણું શીખી લીધું. છ મહિના પછી પેઢીના મુનીમે રૂપિયા પંદર દામજીભાઈને દેશમાં મોકલવા આપ્યા. એ રૂપિયા દામજીભાઈએ પોતાની પાસે જમા રાખ્યા. એવી રીતે અંદાજે બે વરસની નોકરી કરી. તે દરમિયાન વેપારના કામકાજમાં એક અંગ્રેજ સજ્જન સાથે ઓળખાણ થઈ, જે નસીબજોગે મિત્રતામાં ફેરવાઈ. અંગ્રેજી ભાષાનું જ્ઞાન પણ મેળવ્યું. વાંચનના શોખના લીધે ગુજરાતી પણ ખૂબ સારું લખી વાંચી શકતા હતા. સુખમાં સમય પસાર થતો રહ્યો. એ અરસામાં એક દશા ઓસવાલ કેશવજીભાઈ, જે નજીકમાં રહેતા હતા અને એમની એક પ્રિન્ટીંગ પ્રેસ હતી, એમની સાથે પરિચય થયો.

ફુરસદના સમયે પ્રેસમાં જવાનું થતું. એટલે દામજીભાઈને એ કામનું કુતુહલ થતું. જેથી કાંઈ ને કાંઈ શીખતા. ભાગ્યવસાતે કેશવજીભાઈની તબિયત બગડતા મુંબઈ છોડવાની ડૉક્ટરે તાકીદ કરી અને દેશમાં જવાની સલાહ આપી. આ સંજોગોમાં પ્રેસ વેચવા સિવાય ઉપાય નહોતો. દામજીભાઈએ એ પ્રેસ ચલાવવાનો નિર્ણય કર્યો. કેશવજીભાઈ માયાળુ સ્વભાવના હતા. સુખી સંપન્ન હતા. એટલે એમની પ્રેસ દામજીભાઈને ચલાવવા આપી. પ્રેસના કારીગરો ભલા હતા. તેથી આ નવા કામમાં કોઈ ખાસ મુશ્કેલી ન પડી. અંગ્રેજી તથા ગુજરાતી ભાષામાં છપાઈનું કામ સારું ચાલ્યું. ધીરે ધીરે દામજીભાઈ ગુજરાતી છાપું પ્રગટ કરવાનું વિચારતા થયા અને સુઝબુઝથી એકાદ વર્ષમાં બધું સરખું ગોઠવી "કચ્છ કેસરી" નામનું સાપ્તાહિક ચોપાનીયું છાપી, કચ્છી, ગુજરાતી, પારસી તેમજ ખોજા અને મેમણ બંધુઓને પહોંચાડવાની વ્યવસ્થા કરી.

આર્થિક પરિસ્થિતિ સુધરતા એમના સુપુત્ર લીલાધરને, જે દેશમાં અભ્યાસ કરતા હતા તેમને મુંબઈ બોલાવી લીધા. એમને પ્રેસના કામમાં પરોવી દીધા. એ અરસામાં દામજીભાઈને દેશમાં જવાનું થયું. એમની દીકરીના વિવાહ માટે નિર્ણય કરવા કુટુંબીઓ સાથે ચર્ચા વિચારણા કરી નક્કી કરવાનું હતું. પુત્ર લીલાધર કાબેલ હોતાં એમને પ્રેસ સોંપી તેઓ દેશમાં સિધાવ્યા. દોઢ મહિનો દેશમાં રોકાયા. દીકરીના વિવાહનું બધું યોગ્ય ગોઠવી લીધું. કચ્છના રોકાણ દરમિયાન દામજીભાઈની ઈચ્છા હતી કે કચ્છના તત્કાલીન રાજવીને ભુજ રાજમહેલમાં મળી એમની ભવ્યતા, જનતા પ્રત્યેની સદ્ભાવના તથા પ્રજા વાત્સલ્ય અંગે 'કચ્છ કેસરી'માં સુંદર રજુઆત કરવી. આ આશયથી તેઓ ભુજ ગયા. રાજમહેલ પહોંચ્યા. મહેલના કમ્પાઉન્ડ દ્વાર પર દરવાન ચોકીદારે રોક્યા. 'બાવાને મળવું હોય તો એક પાયલો આપો પછી જ અંદર જવાની પરવાનગી આપું' એમ કહ્યું. દામજીભાઈ આ રૂશ્વત આપવા તૈયાર નહોતા. પાછા વળી ગયા. દેશનું રોકાણ ટુંકાવી મુંબઈ પહોંચ્યા. 'કચ્છ કેસરી'ના આગામી

અંકમાં એમનો ભુજમાં થયેલ અપમાનિત અનુભવ વિગતે છાપી દીધું. **'ભુજમાં કચ્છના રાજા બાવાને મળવું હોય તો એક પાયલો ચોકીદારને આપવા તૈયાર રાખવો" એવા મથાળા હેઠળનું લખાણવાળું છાપું દેશમાં રાજવીના હાથમાં આવ્યું.** વાંચી ખૂબ ગુસ્સે થયા. 'આ કોણે લખ્યું છે? મારા રાજ્યને છાપે ચડાવવાની હિંમત એક વાણિયાએ કરી!' તરત હુકમ કર્યો કે આ કચ્છ કેસરીવાળા વાણિયાને આજથી હદપારનો હુકમ લખો અને મહોર મારી દામજીભાઈને મોકલી આપ્યું. **'કચ્છ રાજ્યની નાલેશી થાય તેવા લખાણ માટે તમને કચ્છમાં આવવાની આજીવન બંધી ફરમાવવામાં આવે છે જેની નોંધ લેશો.'** દામજીભાઈએ શાંતિથી સ્વીકાર કર્યું. હવે એમની દીકરીના લગ્ન લેવાનો સમય થયો એટલે એમણે વેવાઈને જણાવ્યું કે હું દેશમાં આવી શકું એમ નથી તો આ લગ્ન હું મુંબઈમાં કરી આપવા તૈયાર છું. આપને મંજુર હોય તો જાણ કરશો. સર્વ સંમતિથી લગ્ન મુંબઈમાં થયા અને એ આપણી જ્ઞાતિના મુંબઈમાં થયેલ પહેલા લગ્ન હતા. ઘણા સારા માઠા સમયની સફર કરી, પ્રગતિ સાધી સને ૧૯૧૪ સુધીમાં 'કચ્છ કેસરી' ચોપાનિયામાંથી ૨૦ પાનાનું છાપું બની ગયું. ત્યારના ગુજરાતી વાંચતા પ્રજાજનોમાં લોકપ્રિય પણ એટલું જ હતું. પહેલાં વિશ્વયુદ્ધના ચાર વર્ષના ગાળામાં છાપવાનું બંધ રાખવું પડ્યું. જેથી થોડું નુકસાન પણ ભોગવ્યું.

સને ૧૯૦૦ આસપાસ વીસા ઓસવાલ જ્ઞાતિના કુટુંબોની વસતી મુંબઈમાં સારા પ્રમાણમાં વધી હતી. મસ્જિદ બંદર, લાલબાગ અને ડિલાઇલ રોડ વિસ્તારોમાં રહેણાંક હતા. શરૂઆતમાં દાણાની દુકાનો માંડી. પછી જથ્થાબંધ અનાજનો વેપાર અને વીમા ક્ષેત્રે પણ પગરણ થયું. વીસા ઓસવાલ પહેલાં દશા ઓસવાલ બંધુઓ મુંબઈ આવી કપાસના વેપારમાં સફળ થઇ સ્થિર થયા હતા. દશા તથા વીસા વેપારીઓનું સ્ટેશનરીનું છાપકામ 'કચ્છ કેસરી' પ્રેસ ખૂબ સુંદર રીતે કરી આપતું. સ્વચ્છ છપાઈ, સમયસર ડિલીવરી અને પ્રામાણિક વ્યવહારને લીધે જ્ઞાતિબંધુઓ સાથે ખૂબ સુમેળભર્યા સંબંધો બંધાયા. **સમાજમાં દામજીભાઈ કચ્છ કેસરી નામે ઓળખાવા લાગ્યા. આજે પણ અમારું કુટુંબ, દેવપુરમાં કચ્છ કેસરી નામે ઓળખાય છે.**

૧૯૧૪માં વિશ્વયુદ્ધ શરૂ થતાં, અંગ્રેજ સરકારે પ્રાદેશિક વર્તમાનપત્રો છાપવા પર પ્રતિબંધ મૂકતું ફરમાન કાઢ્યું. 'કચ્છ કેસરી'નું પ્રકાશન બંધ થયું. પિતા-પુત્રનો પત્રકાર જીવ મુંઝાયો પણ કોઈ ઉપાય ન હતો. સને ૧૯૧૫માં દામજીભાઈ ટૂંકી માંદગીથી અવસાન પામ્યા. ત્યારબાદ એમના પુત્ર લીલાધરભાઈ (મારા પિતાશ્રી)એ વ્યાપારી છાપકામ ચાલું રાખ્યું. સને ૧૯૧૮માં યુદ્ધ બંધ થયું. લીલાધરભાઈનો પત્રકાર જીવ ફરી અખબાર શરૂ કરવા સળવળ્યો.

'કચ્છ કેસરી'નું નામ ચાર વર્ષ બંધ રહ્યું એટલે એમણે નવા નામે વર્તમાનપત્ર સાપ્તાહિક સને ૧૯૧૯માં શરૂ કર્યું. નામ રાખ્યું 'સત્યપ્રકાશ.' મિત્ર વર્તુળ મોટું હતું તેથી એ સાપ્તાહિકનો ફેલાવો કરવામાં સરળતા રહી. થોડા સમય બાદ કચ્છ ખાતે પ્રતિનિધિઓ નીમી કચ્છના તાજા સમાચાર દર અઠવાડિયે પીરસતા રહ્યા, જે 'કચ્છ કેસરી'ના નામે શક્ય ન હતું કારણકે કચ્છના રાજવીની પાબંધી હતી.

***મો. ૮૪૫૧૦ ૯૮૬૭૮***

---

## કચ્છી લોહાણા અગ્રણી : પ્રેમજીભાઈ રાઘવજી ઠક્કર

**(અનુસંધાન : પાના નં. – ૨૭ ઉપરથી ચાલુ)**

સુપુત્રી ઝવેરબેન ભુજ નગરપાલિકાના ઉપપ્રમુખ બનેલાં.

- **બંને બંધુઓની સામ્યતા**

કોઈ એક ક્ષેત્રમાં બે ભાઈઓ પ્રવૃત્ત હોય એવા ઘણા ઉદાહરણો મળશે, પણ એકસરખા ત્રણ કાર્યક્ષેત્રોમાં બંનેનું પ્રદાન હોય એવું જૂજ જોવા મળશે. હા, મોટા ભાઈ પ્રેમજી રાઘવજી ઠક્કર (૧૯૦૧-૧૯૮૨) અને નાના ભાઈ રામજી રાઘવજી ઠક્કર (૧૯૧૫-૨૦૦૦) વકીલાત, રાજકારણ અને શિક્ષણ – એમ ત્રણ સમાન ક્ષેત્રો સાથે સંકળાયેલા હતા.

લઘુ બંધુ રામજીભાઈ ઠક્કર પણ કચ્છના એવા જ નામાંકિત ધારાશાસ્ત્રી હતા, જેઓ ભુજ વિભાગના ધારાસભ્ય તરીકે ચૂંટાઈને ઓઝા કેબિનેટમાં મહેસૂલ અને ઉદ્યોગ નાયબ મંત્રી (૧૯૭૨-૭૩) બનેલા. રામજીભાઈ અને અન્યોના પ્રયાસોથી ભુજમાં પીપલ્સ એજ્યુકેશન સોસાયટીના નેજા તળે લૉ કૉલેજ (૧૯૬૯) અને કોમર્સ કૉલેજ (૧૯૭૦)ની સ્થાપના થયેલી.

જાહેર જીવનમાં એક જ નામ - અટકધારી એકાધિક વ્યક્તિઓ 'નામેરી' કહેવાય છે. આ સામ્યતા પણ બંને 'ઠક્કરબંધુઓ' ધરાવે છે. પ્રેમજી રાઘવજી ઠક્કરના નામેરી ગુજરાતના પૂર્વ મહેસૂલ પ્રધાન પ્રેમજી ભવાનજી ઠક્કર (૧૯૧૦-૧૯૭૬) અને રામજી રાઘવજી ઠક્કરના નામેરી ભુજના સામાજિક-વેપારી અગ્રણી રામજી નરશી ઠક્કર (૧૯૨૦-૨૦૧૨) હતા. એમના પરિવારમાં વકીલાતનો વ્યવસાય ત્રણ પેઢીથી ચાલ્યો આવે છે. આ પરંપરામાં બંને ભાઈઓના સંતાનો પણ વકીલાત ક્ષેત્રે આગળ વધ્યા છે.

***'શિવમ્', ૪૦, વૃંદાવન નગર-૧, ખડિયા તળાવ સામે,***
***વૈશાલી સિનેમા રોડ, અંજાર, કચ્છ-૩૭૦ ૧૧૦.***
***ફોન : (૦૨૮૩૬) ૨૪૦૧૩૯, મો. ૯૪૨૭૨ ૨૩૧૫૦***

# જાતીય શોષણનું વધતું દૂષણ



પી. કે. લહેરી

*કુદરતે સ્ત્રી-પુરુષ વચ્ચે વિજાતીય આકર્ષણની પ્રબળ વૃત્તિ જોડી છે. જીવનનો પ્રવાહ આગળ વધારવા માટે આ સહજ જરૂરિયાત છે. કમનસીબે મનુષ્ય સહિત અનેક પશુ-પંખી યોનિમાં સ્ત્રીની શારીરિક રચના તેના માટે સમસ્યાનું કારણ બને છે. જનસમાજમાં પુરુષની છાપ મર્દાની, સાહસિક અને હિંમતવાનની છે. મહિલા શાંત, ધૈર્યવાન અને આજ્ઞાંકિત હોય તેવી અપેક્ષાઓ છે. આના કારણે હજારો વર્ષથી મહિલાઓ અનેક દુઃખો, યાતનાઓ અને અન્યાયનો શિકાર થતી રહી છે. સીતાની અગ્નિપરીક્ષા લેવાય છે, દ્રૌપદીનું ચીરહરણ થાય છે. ભરી સભામાં તેને વાળથી ઢસડીને અપમાનિત કરાય છે. આ સમયે ભીષ્મ - દ્રોણ જેવા વડીલો મૌન ધારણ કરે છે. અનેક વાર્તાઓ અને આત્મકથામાં સ્ત્રીની વ્યથા ઉજાગર થાય છે. દુનિયાના થોડા દેશો સિવાય સ્ત્રીના જાતીય શોષણની ઘટનાઓ ચાલતી રહે છે. ન તો શિક્ષણ, ન તો ધર્મ, ન તો સમાજ સ્ત્રીના સ્વમાનની રક્ષા કરે છે. થોડા સમય પહેલાં એક મહિલાએ હિંમત કરીને પોતાની આપવીતીની વાત નિખાલસ રીતે રજૂ કરી. જોતજોતામાં સોશિયલ મીડિયામાં લાખો સ્ત્રીઓએ 'મી ટૂ' (મારા પર પણ)ના શિર્ષક હેઠળ તેમના દુઃખદ અનુભવો ઉજાગર કર્યા. વિશ્વમાં થોડા સમય માટે આ પ્રશ્નની ગંભીરતા સમજાઈ પણ ધીમે ધીમે ફરી 'વોહી રફ્તાર બેઢંગી' જેમ ચાલી રહ્યું છે.*

તાજેતરમાં અખિલ ભારતીય કુસ્તી સંઘના પ્રમુખ સામે દેશને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ગૌરવ અપાવનાર મહિલા પહેલવાનોએ જાતીય સતામણી અને શોષણના ગંભીર આક્ષેપો કર્યા. આ અંગેની ફરિયાદ નોંધાવવા માટે પણ કોર્ટના દ્વાર ખખડાવવાં પડે તે કેવું શરમજનક કહેવાય! હજી આ આક્ષેપોની તપાસ શરૂ થઈ છે. વિવિધ રમતોમાં મહિલા ખેલાડીઓની તાલીમ માટે પુરુષ કોચ હોય છે. પુરુષ કોચ જ સારી તાલીમ આપી શકે તેવું રમતના મંડળો અને સરકાર માની લે છે. આવા પુરુષ કોચ સામે સમયસર દાખલારૂપ કાર્યવાહી થવાને બદલે તેમને છાવરવાના અગણિત કિસ્સાઓ છે. ૧૯૮૧થી ૧૯૮૪ દરમિયાન શિક્ષણ વિભાગમાં રમતગમતના સંયુક્ત સચિવ તરીકે મેં જવાબદારી સંભાળી, ત્યારે અમુક પુરુષ કોચ દ્વારા થતી સતામણીની ફરિયાદો આવતી હતી. યુવા મહિલા ખેલાડી અને તેમનાં માતા-પિતા બદનામી થશે તેવા ડરથી ફોજદારી ફરિયાદ કરતાં નહોતાં અને ન તો ખાતાકીય તપાસ માટે લેખિત ફરિયાદ કરવા ઈચ્છતા હતા. અંતે આવા કોચને વ્યક્તિગત બોલાવી ચેતવણી આપ્યા બાદ સ્થિતિમાં આંશિક સુધારો આવ્યો હતો.

આપણે શાસ્ત્રો અને પુરાણોનો હવાલો આપીને સ્ત્રીઓનું મહિલામંડન કરતા શ્લોકો બોલી ગૌરવ અનુભવીએ છીએ. આ સમયે આપણે આજની વાસ્તવિક્તા અને મુશ્કેલીઓ સાવ નજરઅંદાજ કરીએ છીએ. જ્યાં જ્યાં સ્ત્રી-પુરુષોએ સાથે કામ કરવાનું થાય છે, ત્યાં સ્ત્રી જાતીય શોષણનો ભોગ ન બને તેવી ચુસ્ત વ્યવસ્થા હોવી જ જોઈએ. આપણા દેશમાં બળાત્કાર અને જાતીય સતામણી રોકવા માટે ભારતીય ફોજદારી ધારામાં ખૂબ મહત્ત્વના ફેરફારો કરવામાં આવ્યા છે. નિર્ભયાની નિર્મમ હત્યા બાદ રચાયેલી ઉચ્ચાધિકારી સમિતિની ભલામણો સ્વીકારી કાયદાઓ કડક કર્યા છે. કમનસીબી એ વાતની છે કે આપણા દેશમાં બળાત્કાર અને જાતીય સતામણીના કેસોમાં વધારો થતો હોય તે રીતે અનેક સમાચારો પ્રસિદ્ધ થતા રહે છે. પ્રેમી દ્વારા પ્રેમિકાની ક્રૂર હત્યા બાદ એના અંગો વિચ્છેદ કરી નાખવામાં આવે છે. મહિલાના મૃતદેહનો મલાજો પણ જળવાતો નથી ત્યારે આપણું મસ્તક શરમથી ઝૂકી જાય છે. પુરુષોના મનમાં પ્રેમ નથી, પણ વાસના જ છે. તે માપવાનું કોઈ યંત્ર નથી કે મહિલા તેના દ્વારા પોતાની સુરક્ષા નિશ્ચિત કરી શકે. આવા પ્રસંગે મહિલાઓ કેમ ભોળવાઈ જાય છે તે પ્રશ્ન પૂછવા કરતાં પુરુષોમાં આવી પાશવી વિકૃતિઓ કેમ આવી છે તે સાચો સવાલ છે. **મહિલાઓની સમાનતા, સ્વતંત્રતા, સુરક્ષા અને સ્વમાન માટે જો આપણે યોગ્ય વાતાવરણનું નિર્માણ ન કરી શકીએ, તો તે એકવીસમી સદીની સૌથી કરુણ ઘટના હશે.** સવિશેષ ચિંતાની બાબત તો એ છે કે કન્યા કે યુવા મહિલા પોતાના પરિવારમાં પણ જાતીય સતામણી મુદ્દે સુરક્ષિત નથી.

બાળકીથી માંડીને યુવતી/મહિલા હોય, તે જીવનના કોઈ તબક્કે સુરક્ષિત નથી. સ્ત્રી સામેના ગુનાઓમાં બળાત્કાર, અપહરણ, દહેજ, ક્રૂર યાતના, છેડતી, સતામણી અને હત્યા સહિત અનેક અપકૃત્યો સામેલ છે. ઘરેલુ હિંસાના પાયામાં પુરુષ પોતાને પરિવારનો 'ધણી' - માલીક માને છે. તેને અણગમતી વાત કરનાર પરિવારના સભ્યને મારપીટ કરવાનો અબાધિત હક્ક

હોય તેવું વર્તન ઘરેલુ હિંસા માટે કારણભૂત છે. સ્ત્રી એ એક વ્યક્તિ છે, જેને જીવન જીવવામાં સ્વતંત્રતા હોવી જોઈએ તે વાતનો જ્યાં સુધી સમાજમાં સ્વીકાર નહીં થાય ત્યાં સુધી લિંગભેદની સમસ્યાનો ઉકેલ આવશે નહીં. સ્ત્રીના અસ્તિત્વનો અર્થ દાસી તો નથી જ. જીવનસાથી હોય, બહેન હોય, પુત્રી હોય, માતા હોય કે મિત્ર હોય, પુરુષે સ્ત્રીના વ્યક્તિત્વનો બિનશરતી સ્વીકાર કરવો જ રહ્યો. જાતીય સતામણીમાં કુદરતી વિજાતીય આકર્ષણ કરતાં પુરુષની ગુરુતાગ્રંથિ જવાબદાર છે. સ્ત્રીની સહમતિ જરૂરી નથી એમ કોઈ કહે, ત્યારે તે સ્ત્રીના અસ્તિત્વ અને વ્યક્તિત્વનો ઈન્કાર કરે છે. આપણા રાજ્ય બંધારણે બક્ષેલા મૂળભૂત અધિકારોનો અસ્વીકાર કરે છે. **બંધારણના ૭૩ વર્ષ બાદ સમાજમાં સ્ત્રીની જે સ્થિતિ છે, તે આપણા અધકચરા પ્રયત્નોનો પુરાવો છે.**

***એક સર્વે મુજબ ભારતમાં ૮૦ ટકા સ્ત્રીઓ ક્યારેક ને ક્યારેક તો જાતીય સતામણીનો અનુભવ કરે છે. ૪૫ ટકા મહિલાઓ હિંસાનો ભોગ બને છે. આમાંથી એક ટકા જેટલી સ્ત્રીઓ જ ફરિયાદ નોંધાવે છે. દેશમાં દર વર્ષે ૩૫થી ૪૦ હજાર બળાત્કારના કિસ્સા નોંધાય છે. સ્ત્રી માટે જાહેર પરિવહન, કચેરીઓ, રસ્તાઓ અને શૈક્ષણિક સંસ્થાઓ પણ જાતીય સતામણીના દૂષણથી મુક્ત નથી. એક બાજુ સ્ત્રી સશક્તિકરણની વાતો થાય છે, જ્યારે બીજી બાજુ મહિલાઓ સલામતીના મુદ્દે સતત તણાવયુક્ત સ્થિતિમાં રહે છે. અનેક સંસ્થાઓ યુવતીઓને જાતીય સતામણીથી બચવા સ્વરક્ષણની તાલીમ આપે છે. આ જરૂરી છે. પણ પુરુષની માનસિકતાનું પરિવર્તન પણ તેટલું જ જરૂરી છે.***

સ્ત્રીની ભ્રૂણ હત્યાથી શરૂ થતો સિલસિલો આગળ વધીને પ્રેમી-પતિના હાથે થતી હત્યાઓએ આપણને ચિંતામાં મૂક્યા છે. શું આપણે આ સમસ્યા અંગે જાગૃત છીએ? શું ખરેખર આ બાબતમાં ગંભીર છીએ? શું આપણે માનસિકતા બદલવા તૈયાર છીએ? દુર્ભાગ્યે આ પ્રશ્નોના ઉત્તર નકારમાં છે.

જાતીય સતામણી અને શોષણ રોકવા માટે, મહિલાઓ સામેના ગુના ઘટાડવા આપણા દેશમાં એક સર્વસંમત, સર્વગ્રાહી વ્યૂહરચના આવશ્યક છે. સૌથી પ્રથમ પરિવાર એટલે પ્રેમ અને કાળજી, સુરક્ષા અને સુખ એવો માહોલ ન હોય તો આપણી સમસ્યા ઘટવાને બદલે વધશે. શિક્ષણમાં યુવાન-યુવતી વચ્ચેના સંવાદો અને સંપર્કો પુખ્ત બને અને એકમેકની સ્વતંત્રતા-સમાનતા સ્વીકારે તો સૌનું ભવિષ્ય ઉજ્જવળ બને.

જાતીય સતામણી અંગે દરેક મોટી ઑફિસોમાં અલગ સ્વતંત્ર સમિતિ રચવાની જોગવાઈ છે. ક્યાંક ક્યાંક આ સમિતિઓની વ્યવસ્થાએ હલકી માનસિકતા પર અંકુશ મૂક્યો છે. **મહિલા સામેના ગુનાઓમાં કેસો ચલાવવા અલગ કોર્ટની રચના પણ થઈ છે. હવે જરૂરિયાત છે જનજાગૃતિની, લોકશિક્ષણની અને મહિલાઓમાં સલામતીની ભાવના સુદૃઢ બને તેવા અસરકારક પગલાંઓની.**

સ્ત્રીને અબળા ન માનતાં અને તેને એક જણસ (વસ્તુ) રૂપે ન ગણતાં તથા તેની શક્તિઓનું અવમૂલ્યન ન કરતાં આપણે સૌએ એક નૂતન અભિગમ અપનાવવાની જરૂર છે. પરિવાર હોય કે શાળા, ઑફિસ હોય કે જાહેર ટ્રાન્સપોર્ટ, દિવસ હોય કે રાત્રી, દરેક જગ્યાએ, દરેક સમયે મહિલા સ્વમાનપૂર્વક સ્વતંત્ર રહી શકે તે જરૂરી છે. એના શરીરની સલામતીની ચિંતા કર્યા વિના તેની ક્ષમતા ઉજાગર કરી શકે અને મા, પત્ની, પુત્રી, બહેનના સંબંધો બાધારૂપ ન બનતાં તેના સશક્તિકરણનું માધ્યમ બને તેવી આશા રાખવી વધારે પડતી નથી.

આજે સોશિયલ મીડિયા, ચલચિત્રો, ટી.વી.ના કાર્યક્રમોમાં મહિલા પ્રતિના પૂર્વગ્રહો દૃષ્ટિગોચર થાય છે. 'સ્ત્રીની બુદ્ધિ પગની પાનીએ' એવી કહેવત સમાજે શા માટે સ્વીકારી છે? આશાનું કિરણ એ છે કે યુ.પી.એસ.સી. (યુનિયન પબ્લિક સર્વિસ કમિશન)ની ૨૦૨૨-૨૦૨૩ની આઈ.એ.એસ. વગેરેની સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામમાં પ્રથમ ચારેય સ્થાનો પર મહિલાઓ છે. સ્ત્રીની જાતીય સતામણી રોકવા માટે સરકાર અને સમાજ સક્રિય થાય તે સમયનો તકાજો છે. ■


## Relitrade Stock Broking Pvt. Ltd.

**SERVICES**

- Equity Trading
- Derivatives
- Commodities
- Mutual Funds
- Depository Services
- IPO
- Online Trading
- Margin Trading Fund
- SLBM

## Relitrade Stock Broking Pvt.

'O' Block, Mondel Re:a'l ?ark, Nr. Rajpath Club,
S.G. Highway, Ahmedabad - 380 059.
**E-mail : wecare@relitrade.in**
**Contact : (079) 6819 9999**

# જીવનસંધ્યાનું મેઘધનુષ્ય



જાગૃતિ આર. વકીલ

ચીનના લેખક ઝૉ ડેક્સિનની 'ધ સ્કાય ગેટ્સ ડાર્ક, સ્લોલી' વૃદ્ધોના જીવનની સંકુલ સમસ્યાઓ અને એમના ભાવોની સંવેદનાત્મક નવલકથા છે. એમણે કહ્યુ છે : 'આકાશમાં અંધારું ઘેરાતું જાય છે. ધીરે ધીરે આકાશ સંપૂર્ણપણે અંધારું થઈ જાય તે પહેલાં જીવનયાત્રાના અંતિમ તબક્કામાં અજવાળું ઓસરવા લાગે છે. સ્વાભાવિક પ્રક્રિયા મુજબ આગળનો માર્ગ જોવાનું મુશ્કેલ બનતું જાય છે. તેથી જ બરાબર જોઈ શકાતું હોય ત્યારે વૃદ્ધાવસ્થામાં પ્રવેશના સમયે જ, આવનારી કઠિન વાસ્તવિક્તા માટે અગાઉથી સજ્જ થવું જોઈએ. ઝૉએ કહ્યું છે કે લોકોએ વૃદ્ધાવસ્થાનો પ્રવાસ હળવો કરવા માટે શક્ય તેટલો ભાર ઉતારતા જવું જોઈએ.

આવો, જીવન સંધ્યાએ આનંદનું મેઘધનુષ ખીલવવાના સાત રંગોને માણીએ અને જાણીએ.

**૧. વૃદ્ધાવસ્થા એ જીવનની અંતિમ અવસ્થા નથી**

વૃદ્ધાવસ્થા એ અંતિમ અવસ્થાની અગાઉની એક અવસ્થા છે. વૃદ્ધાવસ્થા એક સેતુ છે, જેના પર ચાલીને આપણે જીવનના અંતિમ બિંદુએ, પૂર્ણવિરામ સ્થાને પહોંચવાનું છે. ઘણા માને છે નિવૃત્ત થયા, વૃદ્ધ થયા એટલે બધું પતી ગયું.' ના, ના... વૃદ્ધત્વ એટલે એક નવો આરંભ, નવી શરૂઆત. વૃદ્ધાવસ્થા એટલે વૃદ્ધિ જ વૃદ્ધિ - જીવનભરનો અનુભવ. અનેક લીલીસૂકી જોઈ છે. કામ, ક્રોધ અને રાગ દ્વેષના પ્રચંડ તોફાનની થપાટો પણ ખાઈ ચૂક્યા છીએ. પ્રેમ, સૌજન્ય અને સૌહાર્દના સ્પર્શ પણ પામ્યા છીએ.

**૨. વૃદ્ધાવસ્થા એટલે પોતાને એકાંત મળવાનો ઉત્સવ**

ઉમાશંકર લખે છે : 'હું મને મળવા આવ્યો છું.' વૃદ્ધાવસ્થા એટલે પોતે પોતાની જાતને મળવાની અવસ્થા. વૃદ્ધાવસ્થા સ્વ-પરિચયના બારણાં ખોલી આપવા માટે આવે છે. **'ગુલમહોરી છાંયડાઓ ભૂલીને ભાઈ હું તો બાવળની કાંટ્ય મહીં મોહ્યો, મોહ્યો તે વળી એવો મોહ્યો કે મને મેં જ મારા હાથમાંથી ખોયો.'** વૃદ્ધાવસ્થાની વાસ્તવિક્તાનો ધીરે ધીરે આરંભ થાય છે. સંપૂર્ણ અંધારું છવાય તે પહેલાં આપણે જિંદગીમાં અઢળક અજવાળાનો અનુભવ કર્યો હોય છે. એ જ અજવાળું ગાઢ અંધકારમાં માર્ગ ચીંધે છે.

**૩. વૃદ્ધાવસ્થા એટલે આ આત્મશક્તિની હોડીમાં બેસીને સામે કાંઠે પહોંચવાની યાત્રા**

અંદર પડેલી આત્મશક્તિનું ભાન આપણામાં શક્તિઓના અનેક દરિયા ખડા કરી દેશે. લોકોએ વૃદ્ધાવસ્થાનો પ્રવાસ હળવો કરવા માટે શક્ય તેટલો ભાર ઉતારતા જવું જોઈએ. 'હું' એટલે પેલા ખોવાયેલા 'હું'ને મેળવવાની અવસ્થા. અત્યાર સુધી જે કાંઈ જાણ્યું તે બધું 'હું'ની હદોની બહારનું જ્ઞાન હતું. હવે મારી જાતને જાણવાની છે. પ્રાચીન ધર્મગ્રંથોની આ પ્રથમ આજ્ઞા છે. Know thyself. કોડહમ 'હું કોણ છું?'નો જવાબ મેળવવાની અવસ્થા.

**૪. વૃદ્ધાવસ્થા એટલે સાર્થકતાના વર્ષો**

વીત્યું તેનો અફસોસ નહીં, પણ જે મળ્યું તેનો આનંદ. જીવન તો છેલ્લા શ્વાસ સુધી પ્રસન્ન રહેવા માટે મળ્યું છે. સમાજ પર, સંતાનો પર, ત્રીજી પેઢી પર બોજારૂપ થવાને બદલે બધાની સાથે પ્રેમ અને વહાલથી વર્તવાથી એમને પ્રસન્ન રાખી શકાય છે. આપણને પણ પ્રસન્નતા મળે છે.

**૫. વૃદ્ધાવસ્થા આત્મજાગૃતિનો તબક્કો છે**

જીવન આખું મથીને એક મંદિર રચ્યું છે. મનમાં લાચારીની કે અસહાયતાની ભાવના હોય, તો એને ધરમૂળથી ફગાવી દેવાની છે. ભલે શરીર નબળું પડતું જશે, ભલે કદાચ દીકરા, બંધુ વગેરે પરિવાર છોડીને જતા રહે, તો પણ હૈયે આત્મવિશ્વાસ છે કે આ શરીરની શક્તિ ઉપરાંત મારી અંદર આત્માની એક એવી અજોડ શક્તિ પડી છે, જેના આધારે હું એક ભવ નહીં, ભવોભવ પાર કરી શકું એમ છું.

**૬. વૃદ્ધાવસ્થા પણ એક જાતની દીપ્તિ છે**

વાણી પર સંયમ રાખી, કટુ વચનોથી દૂર રહી, બીજાંને માન આપીશું તો આપણને પણ સન્માન મળશે. કુદરતનો પ્રવાહ જીવનનો પ્રવાહ છે એમાં કમને તણાઈએ નહીં, પરંતુ નિજાનંદે તરીને એને પાર કરીએ. સંવાદિતા અને સમભાવ વૃદ્ધાવસ્થાનો પવિત્ર મંત્ર છે. સૌને એક કરીને રાખીએ અને આપણે સમગ્રતાની સાથે એક થઈને ભળી જઈએ.

(અનુસંધાન : જુઓ પાના નં. – ૩૭ ઉપર)

# વડોદરામાં પ્રથમ વખત ત્રીસથી વધુ બાળકો કુદરતની નજીક આવ્યા



મનીષ જોષી 'મૌન'

વડોદરામાં વસતા કેટલાક પ્રકૃતિપ્રેમીઓ દ્વારા એક સંસ્થાની સ્થાપના કરવામાં આવી છે. જેની ઓળખ નગરમાં 'નેચર વોક ગ્રુપ' તરીકેની છે. દર રવિવારે આ ગ્રુપ શહેર અને આસપાસના વિસ્તારમાં લહેરાતા વૃક્ષો, પશુ-પક્ષીઓનો અભ્યાસ કરવા વહેલી સવારે નીકળી પડે છે અને પ્રકૃતિ સાથે તાદાત્મ્યતા અનુભવે છે.

વર્ષોથી કાર્યરત આ ગ્રુપ દ્વારા થોડા દિવસ પહેલા બાળકોનો પણ પ્રકૃતિ પ્રત્યેનો પ્રેમ વધે તે હેતુથી બાળકો માટે ખાસ વૉકનું આયોજન સયાજી બાગ (કમાટી બાગ)માં કરવામાં આવ્યું હતું. જેમાં શહેરના અલગ અલગ વિસ્તારોમાંથી ૩૦થી વધુ બાળકો અને તેમના કેટલાક વાલીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને વડોદરાની કુદરતી સંપદા વિશે જ્ઞાન લીધું હતું.

નેચર વોકના અગ્રણી અરુણ મઝુમદારે કહ્યું હતું કે, 'સામાન્ય રીતે નેચર વૉકનું આયોજન થાય ત્યારે મોટાભાગના સભ્યો ઉંમરમાં મોટા હોય છે. પરંતુ ગ્રુપના સભ્યોને લાગ્યું કે પર્યાવરણ સાથે બાળકો અને યુવાનોને જોડવાની પણ ખાસ જરૂર છે. એટલે બાળકો માટે ખાસ વૉકનું આયોજન કર્યું હતું.

પોતાની જરૂરી કીટ ઉપરાંત નોટબુક-પેન લઈને રસપ્રદ અભ્યાસ માટે આવેલા બાળકોને બોટનિસ્ટ અને વૃક્ષપ્રેમી એવા **ડૉ. જીતેન્દ્ર ગવળી** તેમજ પક્ષીપ્રેમી **અવી સબાવાલા**એ સયાજી બાગના અલગ અલગ વિસ્તારોમાં લઇ જઇને વૃક્ષો તેમજ પક્ષીઓ બતાવી તેના વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

બાળકોને કમાટીબાગના વર્ષો જૂના બુધ્ધા કોકોનટ ટ્રી, આંદ્રખ, ફિશ ટેઈલ પાલ્મ, બ્રાન્ચિંગ પાલ્મ તેમજ ગરમાળા નજીક લઈ જઈ તેની ભવ્યતા અને જૈવ વિવિધતામાં તેમની મહત્ત્વતા સમજાવી હતી.

આ લખનાર સાથે વાત કરતા ડૉ. ગવળીએ કહ્યું હતું કે બ્રિટીશના શાસનમાં કમાટીબાગ બન્યો ત્યારે જંગલમાં લહેરાતા વૃક્ષોનું પણ અલગ મહત્ત્વ હોવાથી આંદ્રખ, હલદરવો (આજે તેની ઉંમર ૧૫૦ વર્ષની છે) સહિતના કેટલાક જંગલી વૃક્ષ બાગની ડિઝાઈન કરતી વખતે ઉખાડી નાખવામાં આવ્યા ન હતા. ભલે તેની ઉપયોગીતા હજુ જાણવામાં મળી નથી. પરંતુ તે વૃક્ષ શહેરી વૃક્ષોને સંરક્ષણ બક્ષે છે તે નક્કી છે.

આપણી આસપાસના પક્ષીઓ કઈ રીતે પર્યાવરણની રક્ષામાં પોતાનો ભાગ ભજવે છે, તે જણાવતા મેમ અવી સબાવાલાએ બાળકોને બ્લોક ડ્રોન્ગો (પોલીસ પટેલ તરીકે પણ ઓળખાય છે) તે પક્ષી બતાવ્યું હતું અને માહિતી આપી હતી કે બ્લેક ડ્રોન્ગો જ્યાં પોતાનો માળો બાંધે, ત્યાં તે કોઈ પણ શિકારી પક્ષીને આવવા દેતું નથી. તેના કારણે બીજા ઘણા પક્ષીઓ પણ ત્યાં જ માળો બનાવે છે.

બાળકોએ સાથે લાવેલા બાઈનોક્યુલરમાં પર્પલ સન બર્ડ, કોમન આયોરા (શોબિગી), સમડી, બપૈયા તેમજ બીજા પક્ષીઓને જોવાનો લહાવો લીધો હતો.

બે કલાક ઉપરાંતના સમય બાદ વૉક પૂર્ણ થતાં બાળકો માટે એક ક્વિઝનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વૉક દરમિયાન થયેલી વાતો તેમજ જોયેલા વૃક્ષો તેમજ પક્ષીઓ વિશે ૧૨થી ૧૬ વર્ષના ધોરણ ૭ થી ૧૧ના ૩૦ બાળકોને પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. પરંતુ જવાબ આવડતા હોવા છતાં માત્ર ૧૦ વિદ્યાર્થીઓએ જ જવાબ આપ્યા હતા.

બાળકોની રસરૂચિ જળવાતી રહે તે માટે પ્રોત્સાહક ઈનામો પણ આપવામાં આવ્યા હતા. આપ પણ આપના સંતાનોમાં પ્રકૃતિની તાદમ્યતા વધે તે માટે પ્રયત્નશીલ છો? આપના જવાબ મને : "મેઘ વર્ષા, ૧૪ સપ્તગિરી સોસાયટી, વિભાગ-૩, સાંઈ મંદિર અને બગીચાની પાછળ, વિશ્વામિત્રી ક્રોસીંગ, માંજલપુર, વડોદરા-૩૯૦૦૧૧, મો. ૯૯૨૫૬૨૮૪૯૮ અથવા ઈ-મેઈલ : maunjoshi@gmail.com કે maun_66@yahoo.co.in પર મોકલી આપશો. રાહ જોઈશ....

*પૂરક માહિતી : મિલિંદ ગદરે*

**સંવેદના :**

પ્રકૃતિદત્ત વાતાવરણમાં 'બાળ પુષ્પો' વધુ મહેકી ઉઠે છે.

## લાઈબ્રેરી

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની સમૃધ્ધ લાઈબ્રેરીનો લાભ લેવા સમાજના તમામ સભ્યોને વિનંતી.*

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના વાચકોને જણાવવાનું કે આપની પસંદગીના પુસ્તકો ઉપલબ્ધ થઈ શકે તે માટે આપની પસંદગીના પુસ્તકોના નામ જણાવવા વિનંતી.*

# કચ્છના કેટલાક જૈન દેરાસરોનો ઇતિહાસ



ડૉ. મિહિર એમ. વોરા

મિત્રો, કચ્છના જૈન દેરાસરોનો ઇતિહાસ જોઈએ તો બહુ જૂનો છે. આ લેખ માહિતી આધારીત છે. વિવિધ સંદર્ભોનો ઉપયોગ કરીને લખવામાં આવ્યો છે.

## વસહી જૈન દેરાસર - ભદ્રેશ્વર, મુંદ્રા, કચ્છ

ભદ્રેશ્વર જૈન મંદિર અથવા વસઈ જૈન મંદિર, એ એક ઐતિહાસિક સ્થળ છે. ભદ્રેશ્વર ગામ ભારતના ગુજરાત રાજ્યના કચ્છ જિલ્લાના મુંદ્રા તાલુકામાં આવેલું છે. આ મંદિરને ભારતના સૌથી પ્રાચીન જૈન મંદિરોમાંનું એક માનવામાં આવે છે. અલબત્ત સમય સમય પર તેનું નવીનીકરણ અને પુનર્વસન કરવામાં આવ્યું છે. એવું માનવામાં આવે છે કે પ્રથમ વખત ભદ્રાવતીના રાજા સિધ્ધસેને ઇ.સ.પૂ. ૪૪૯માં આ મંદિરનો જીર્ણોધ્ધાર કરાવ્યો હતો. **એવું માનવામાં આવે છે કે દેવચંદ્ર નામના એક સામાન્ય જૈન વ્યક્તિએ સદીઓ પહેલા આ મંદિરનો પાયો નાંખ્યો હતો. વર્ષ ૧૧૨૫માં જગડુશા દ્વારા આ મંદિરનું મોટાપાયે નવીનીકરણ કરવામાં આવ્યું.** આ મંદિર ભૂકંપ જેવી કુદરીત આપત્તિઓને કારણે ઘણી વખત ક્ષતિ પામ્યું છે. કચ્છના મિસ્ત્રીઓની વાર્તાઓ જણાવે છે કે તેઓ સ્થપતિઓ અને કસબીઓ હતા અને તેમણે ધરતીકંપો પછી ૧૮૧૯, ૧૮૪૪-૪૫ અને ૧૯૭૫માં મંદિરોનો જીર્ણોધ્ધાર કર્યો હતો.

ભૂતપૂર્વ મંદિરમાં નીચલો ભાગ સૌથી પ્રાચીન હતો. તેનું બાંધકામ આશરે ઇ.સ. ૧૧૭૦ની સાલમાં થયું હતું. મંદિર સંકુલને બરામદા દ્વાર અને પછી બાહ્ય પાંખો, પછી મંદિર અને છેલ્લે મંડપથી વિસ્તૃત કરવામાં આવ્યું હતું.

૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ના રોજના ભૂકંપમાં મંદિર સંકુલ ફરી સંપૂર્ણ રીતે નાશ પામ્યું હતું. હવે તેનું સંપૂર્ણપણે પુનઃનિર્માણ કરવામાં આવ્યું છે કારણકે ઘણી જૂની દેરીઓ એટલી નાશ પામી હતી કે તેનું પુનર્વસન શક્ય ન હતું. મંદિરની સામાન્ય યોજના માઉન્ટ આબુ પરના દેલવાડાના મંદિરો જેવી છે. ૪૮ ફુટ પહોળા અને ૮૫ ફુટ લાંબા પ્રાંગણમાં મંદિર ઊભું છે, જેની ચારે પાસની પરીમિતિમાં નાની નાની દેરીઓની હરોળ છે. તેમાં ત્રણ સ્તંભો ધરાવતો એક ઘુમ્મટ છે. મંદિરનું મુખ પૂર્વ તરફ છે. એક દાદર પરથી મંદિરમાં પ્રવેશી શકાય છે. મંડપની ઉપર એક બીજું મોટું ગુંબજ છે. મંદિરમાં ત્રણ સફેદ આરસની મૂર્તિઓ છે. મંદિરના મૂળ નાયક તીર્થંકર અજીતનાથ સ્વામી છે. તેના પર સંવત ૬૨૨ની તારીખ સંભવતઃ ૧૬૨૨ અથવા ઇ.સ. ૧૫૬૫નું વર્ષ દર્શાવે છે. તેની જમણી બાજુ પર નાગેશ્વરની ફેણ નીચે પાર્શ્વનાથની મૂર્તિ છે. જેમાં ઇ.સ. ૧૧૭૫ (સંવત ૧૨૩૨) છે અને તેની ડાબી બાજુ ૧૬મા તીર્થંકર શાંતિનાથ પણ ૧૧૭૫ (સંવત ૧૨૩૨)ની મૂર્તિ છે. એકદમ જમણી બાજુએ કાળી અથવા શામળા પાર્શ્વનાથની છબી છે.

## કચ્છના કોઠારા જૈન દેરાસર

આજથી ૧૯૩ વર્ષ પહેલાની આ વાત છે. દસ વર્ષનો એક નાનકડો બાળક કચ્છના કોઠારા નામના નાનકડા ગામમાં પોતાના ભેરુ - ભાઇબંધોને છોડીને, માંડવી બંદરેથી વહાણમાં બેસીને, મામાની સાથે કમાવા મુંબઈ જાય છે. આ બાળકનું નામ હતું કેશવજી. તેના પિતા તો એ સાવ નાનો હતો ત્યારે જ ગુજરી ગયા હતા. માતાએ તેને મોસાળમાં ઉછેર્યો હતો.

કેશવજીના જીવનનો ટર્નિંગ પોઇન્ટ : દુખિયારી મા નો આ એકનો એક દીકરો કેશવજી મુંબઈ જઈને ભણવાની સાથે નોકરી પણ કરતો જાય છે. હવે એ તરુણાવસ્થામાં પ્રવેશ્યો હતો.

આપણે સૌ જાણીએ છીએ એમ ટીનએજરની દુનિયા અને તેના સપના કંઈક જુદા જ હોય છે. સમય જતાં કેશવજીના જીવનમાં એક એવી ઘટના બની કે તે નિરાશા, હતાશા ને ગુસ્સામાં દરિયામાં પડીને આપઘાત કરવા પહોંચી જાય છે.

વાત જાણે એમ હતી કે, કેશવજી મુંબઈમાં તેના મામાના દીકરા સાથે રોજ નિશાળે જતો હતો અને ત્યાંથી આવીને મામાની પેઢીમાં નોકરી કરતો હતો. એક દિવસ તેના મામાનો દીકરો સુંદર મજાનું જરી ભરેલું પહેરણ પહેરીને નિશાળે આવ્યો. કેશવજીને એ પહેરણ ખૂબ ગમી ગયું. તેણે ઘરે જઈને માતા પાસે એવું પહેરણ (શર્ટ) લેવાની જીદ કરી.

જીદ પૂરી ન થતાં કેશવજી ઉદાસ રહેવા લાગ્યો. એમાં એક દિવસ મામાની પેઢીમાં કામ કરતાં તેનાથી કંઈક ભૂલ થઈ અને મામાએ ખૂબ ઠપકો આપ્યો. મામાના ઠપકાએ આગમાં ઘી

હોમવાનું કામ કર્યું. કેશવજીએ ગુસ્સામાં મામાની પેઢીના હિસાબ કિતાબના એક ચોપડા પર શાહીનો ખડિયો જ ઊંધો વાળી દીધો.

એ પછી હવે જીવવું જ નથી એવી મનમાં ગાંઠ વાળીને તે મુંબઈના દરિયા ભણી ઉપડ્યો. સમુદ્ર તટ પર કેશવજી જ્યારે પહોંચ્યો ત્યારે એ સમયે દરિયામાં ઓટ હતી. ભરતી આવવાની રાહ જોતો અને વિચારોમાં ડૂબેલો કેશવજી દરિયાની રેતીમાં ક્યારે ઊંઘી ગયો તેની તેને ખબર જ ન પડી.

**કેશવજીના જીવનની સોનેરી સવાર : કેશવજીનો ભાગ્યોદય**

એ જાગ્યો ત્યારે વહેલી સવાર થઇ ગઈ હતી. કેશવજીની સામે એક શેઠ ઊભા હતા. એમણે કેશવજીને થોડી પૂછપરછ કરી અને તેને પોતાની સાથે આવવા મનાવી લીધો. **આ પ્રભાત જાણે કેશવજીના જીવનની સોનેરી સવાર હતી.**

**આ ભાટીયા શેઠને પણ કોઈ જ્યોતિષીએ કહેલું કે, તમને કોઈ અજાણ્યો વ્યક્તિ મળશે અને તેના નામે ભાગીદારીથી તમે સારું કમાશો. શેઠને કેશવજી પર વિશ્વાસ બેઠો.**

ભાગ્ય જોગે કેશવજીને પણ એક તક સાંપડી. એ દિવસોમાં ખારેક ભરેલું એક જહાજ પોતાની સફર રદ થતાં મુંબઈના બંદરે લાંગર્યું હતું. એમાંનો માલ હરાજીથી વેચવા મૂકાયો. કેશવજીએ તે માલ ભાટીયા શેઠની નાણાંકીય સહાયથી ખરીદી લીધો. એ પછી તેના વેચાણથી ૮૦૦૦ રૂપિયાનો નફો થયો.

ભાટીયા શેઠે કેશવજીને એ નફામાંથી અડધા ૪૦૦૦ રૂપિયા રોકડા આપ્યા. આમ, કેશવજી હવે શેઠ કેશવજી નાયક તરીકે ઓળખાવા લાગ્યો.

તકદીર પલટાય ત્યારે શું નથી થતું? જે મામાની પેઢીમાં કેશવજી નોકરી કરતો હતો, તે જ મામા શિવજી નેણશીની સાથે વખત જતાં તેણે ભાગીદારી પણ કરી હતી.

શેઠ શ્રી કેશવજી નાયકનો સૂર્ય જ્યારે મધ્યાહ્ને તપતો હતો ત્યારે એક વખત તેને ખબર પડી કે મામા શિવજી નેણશી અને શેઠ વેલજી માલુ પોતાના વતન કોઠારામાં એક જિનાલય બંધાવવા જઈ રહ્યા છે. આ વાત જાણીને આ શુભ કાર્યમાં કેશવજીએ પોતાનો ત્રીજો હિસ્સો આપવાની તૈયારી દર્શાવી હતી. પરંતુ મામા શિવજી નેણશીએ આનાકાની કરતા શેઠ કેશવજી નાયકે ચોખ્ખું કહી દીધું કે, 'જો તમે જિનાલયના નિર્માણમાં મારો હિસ્સો નહીં સ્વીકારો તો હું એકલો નવું જિનાલય બંધાવીશ.'

શેઠ કેશવજી નાયકની આ વાતની ધારી અસર થઈ. **એ પછી શેઠ શિવજી નેણશી, શેઠ વેલજી માલુ તથા શેઠ શ્રી કેશવજી નાયકે ભેગા મળીને કોઠારામાં ભવ્ય જિનાલયનું નિર્માણ કરાવ્યું હતું.**

ભુજથી ૮૦ કિ.મી. દૂર અને ગુજરાતનું સૌથી ઠંડું સ્થળ, નલિયા. એ ગામથી ૨૩ કિ.મી.ના અંતરે નાયરા નદીના કિનારે કોઠારા નામનું ગામ છે. આ ગામની મધ્યમાં ૧૨ શિખરોથી સુશોભિત આ સુંદર જિનાલય છે.

અગાઉ આપણે જાણ્યું તેમ આ જિનાલય ૧૫૯ વર્ષ પહેલાં કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિના ત્રણ શ્રેષ્ઠીઓ દ્વારા બનાવવામાં આવ્યું હતું. તેમના નામ છે શ્રી વેલજી માલુ, શ્રી શિવજી નેણશી અને શ્રી કેશવજી નાયક. આ ત્રણેય શ્રેષ્ઠીઓનો મુંબઈ અને વિદેશોમાં વેપાર ચાલતો હતો. પરંતુ એક સમયે આ લોકો નસીબ અજમાવવા કચ્છથી મુંબઈ ગયા હતા. ત્યાં જઇને તેઓ શ્રીમંત બન્યા. મહાન શેઠ પણ બની ગયા. પરંતુ સફળતા મળ્યા બાદ પણ તેઓ પોતાના ધર્મ અને વતનને ક્યારેય ભૂલ્યા નહીં.

કોઠારા ગામમાં આ ત્રણ મહા પુરુષોએ વિક્રમ સંવત ૧૯૧૪, ઈ.સ. ૧૮૫૭માં શ્રી શાંતિનાથ ભગવાનના મેરૂપ્રભ જિનાલયના નિર્માણ કાર્યની શરૂઆત કરી હતી. ૭૮ ફુટ લાંબુ, ૬૯ ફુટ પહોળું અને ૭૪ ફુટ ઊંચું આ મંદિર કચ્છ જિલ્લાનું સૌથી ઊંચું શિખરબંધ દેરાસર છે. આ મંદિર આજુબાજુથી ઊંચા કોટ વડે ઘેરાયેલું છે. જેમાં પાંચ બુર્જ અને ૧૨ X ૬ ફુટનો દરવાજો છે. તેને બે માળ જેટલું ઊંચું પ્રવેશદ્વાર છે.

**આ જૈન મંદિર કચ્છના ૪૦૦ કારીગરોની અથાક મહેનતથી સાભરાઇના સલાટ નાથુની દેખરેખ હેઠળ ૪ વર્ષમાં બનાવવામાં આવ્યું હતું અને તેના નિર્માણ કાર્યમાં ૧૬ લાખ કચ્છી કોરી એટલે કે ૪,૫૭,૧૪૩ રૂપિયાનો ખર્ચ થયો હતો. આજના હિસાબે જોઈએ તો એ વખતે અંદાજે ૬ કરોડ રૂપિયાથી વધુના ખર્ચે આ મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું હતું.**

આ ભવ્ય જિનાલયની પ્રતિષ્ઠા સંવત ૧૯૧૮ મહા સુદી તેરસ બુધવાર, ૧૩ ફેબ્રુઆરી, ૧૮૬૨ના શુભ દિવસે પરમ પૂજ્ય અચલગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રી રત્નસાગરસૂરીશ્વરજી મ.સા.ની પાવન નિશ્રામાં કરવામાં આવી હતી.

મુખ્ય મંદિરની બાજુમાં બીજું એક સુંદર મંદિર છે, જે ૪૨૫ વર્ષ જૂનું છે અને તેમાં ભગવાન શાંતિનાથની પ્રતિમા લગભગ ૧૨૦૦ વર્ષ પ્રાચીન છે.

## વાંકી જૈન તીર્થ

કચ્છમાં ભદ્રેશ્વર જૈન તીર્થથી ૨૬ કિ.મી. દૂર વાંકી નામનું નાનકડું ગામ આવેલું છે. આ ગામના વતની લક્ષ્મીચંદભાઈ છેડાએ કાંડા ઘડિયાળના પટ્ટા બનાવવાની ફેક્ટરી કરવા માટે વાંકી ગામનાં

મુખ્ય માર્ગ પર મોકાની પોણા ત્રણ એકર જેટલી જમીન લઈ રાખી હતી. પરંતુ જૈનાચાર્ય શ્રી કલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજના વાંકી ગામે પગલા થયા. લક્ષ્મીચંદભાઈના મનના ભાવ બદલાયા અને આ જમીન પર વાંકી જૈન તીર્થનું નિર્માણ થયું.

આમ તો વાંકી ગામમાં ૧૨૮ વર્ષ જૂનું પ્રાચીન શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભગવાનનું દેરાસર છે જ. પણ વર્ષ ૧૯૭૪માં જૈનાચાર્ય શ્રી કલાપૂર્ણ સૂરીશ્વરજી મહારાજ સાહેબ વાંકી ગામે પધાર્યા હતા એ વખતે ગામમાં મહોત્સવ જેવું વાતાવરણ સર્જાયું. વાંકી તથા આસપાસના ગામોના વતની શહેરમાં વસતા જૈનો આ પ્રસંગે વાંકી આવ્યા હતા. આ પ્રસંગે આચાર્ય ભગવંતે વાંકી જૈન તીર્થ માટે પ્રેરણા કરી. એ વખતે ત્યાં ઉપસ્થિત કોઈએ નવું જિનાલય બનાવવાનો વિચાર રજૂ કર્યો, પરંતુ ઉપસ્થિત અન્ય શ્રેષ્ઠીઓમાંથી કોઈએ કહ્યું કે, જિનાલયના બદલે જૈન વિદ્યાલય બનાવીએ તો? એ વખતે વાંકીના વતની પણ અમદાવાદ વસતા શેઠ શ્રી લક્ષ્મીચંદભાઈ છેડા આગળ આવ્યા અને તેમણે કહ્યું કે, આ શુભ કાર્ય માટે વાંકીના મુખ્ય માર્ગ પર આવેલી મારી સંપૂર્ણ જમીન હું આપવા તૈયાર છું.

આ જમીન પર તેઓ ઘડિયાળના પટ્ટા બનાવવા માટેનું કારખાનું બનાવવાના હતા. પરંતુ આ શુભ પ્રસંગે, મંગળ ઘડીએ એ જમીન પર ધર્મસ્થાન બનાવવાનું નક્કી કરવામાં આવ્યું. **લગભગ પોણા ત્રણ એકર જમીન દાનમાં મળ્યા બાદ ૧૯૭૫માં શ્રી વર્ધમાન તત્ત્વજ્ઞાન જૈન વિદ્યાલયનો શિલાન્યાસ થયો. આમ, અહિંયા સમૃદ્ધ લાઈબ્રેરી (જ્ઞાન ભંડાર) સાથે સાધુ-સાધ્વી ભગવંતો તથા મુમુક્ષો તેમજ જૈનીઝમમાં રસ ધરાવતા અભ્યાસુઓ માટે વિદ્યાલયનું નિર્માણ કાર્ય કરવામાં આવ્યું.**

## પંચતીર્થ માહિતી

### નાની પંચતીર્થ

કચ્છ નાની પંચતીર્થના ગામો : વડાલા, ગુંદાલા, મુંદ્રા, ભુજપુર, મોટી ખાખર, નાની ખાખર, બીદડા, બોંત્તેર જિનાલય, જૈન આશ્રમ માંડવી.

### મોટી પંચતીર્થ

કચ્છ જિલ્લાના અબડાસા તાલુકામાં સાંધાણ, સુથરી, જખૌ, નલીયા, તેરા પંચતીર્થના ગામો આવેલા છે. ત્યાંના દેરાસરોની બાંધણી અને નકશીકામ ખૂબ જ સુંદર અને કલાત્મક છે. જે ત્યાંના જ પથ્થરથી ત્યાંના જ સ્થાનિક કારીગરો સોમપુરાઓએ નિર્માણ કરેલા છે.

★ **સાંધાણ :** શ્રી શાંતિનાથ પ્રભુજીની સૌમ્ય શાંત પ્રતિમાજી બિરાજમાન છે. તે સાંધાણ તીર્થમાં તિલકટુંક નામની નવ ટુંકો છે.

★ **સુથરી :** મુખ્ય તીર્થ સુથરી રહસ્યમય, ચમત્કારીક શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથ તીર્થના નામે પ્રસિધ્ધ છે. તેમજ સહસ્રકુટ મંદિર પણ બંધાયું છે.

★ **કોઠારા :** કોઠારા તીર્થ મેરૂપ્રભ ટુંકના નામે પ્રખ્યાત છે અને કચ્છના સર્વે જિનાલયોમાં ઉંચામાં ઉંચું શિખર ધરાવતું તીર્થ છે. મુખ્ય દ્વાર ઉચ્ચત્તમ કલાકૌશલ્યભરી કોતરણીથી સુશોભિત છે. અહીં શ્રી શાંતિનાથ પ્રભુજી બિરાજમાન છે.

★ **જખૌ :** જખૌમાં રત્નટુંકના જિનાલયો શોભાયમાન છે. જ્યાં દેરાસરજીમાં શાસનપતિ શ્રી મહાવીર સ્વામી પ્રભુજી તથા ચૌમુખજી પ્રતિમા બિરાજમાન છે.

★ **નલીયા :** નલીયા તીર્થ ચંદ્રપ્રભુજી તથા અષ્ટાપદનાં જિનાલયોના વિશાળ શિખરો, મંડપો તથા પથ્થર ઉપરની સુવર્ણ કલાવાળું ભવ્ય તીર્થ છે. જે વસહી ટુંક તરીકે પ્રખ્યાત છે.

★ **તેરા :** શ્રી સંપ્રતિ મહારાજાનાં સમયની ચમત્કારી શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ તથા શ્રી શામળીયા પાર્શ્વનાથ પ્રભુજીની પ્રતિમાઓ ધરાવતા સુંદર નયનરમ્ય જિનાલયો તેરા તીર્થમાં છે.

આ તીર્થોની યાત્રા કરીએ ત્યારે જ તીર્થોની કલામય કોતરણી, દર્શનીય સ્થાપત્ય તથા ભવ્યતાનો ખ્યાલ આવે. જે જીવનનો એક અણમોલ લહાવો છે.

નાની મોટી પંચતીર્થમાં નીચે મુજબના ગામોમાં રહેવાની તથા ભોજનાલયની સુંદર વ્યવસ્થા છે : બૌંત્તેર જિનાલય, જૈન આશ્રમ, સુથરી, કોઠારા, જખૌ, તેરા તેમજ વાંકીમાં પણ ઉપર મુજબ સગવડ છે.

૨૦૧૬માં વાગડ વિસ્તારના ઓસવાળ સમાજના જૈન શ્રેષ્ઠીઓના સહયોગથી અંદાજે ૫ કરોડના ખર્ચે ભચાઉ - સામખિયાળી વચ્ચે નમસ્કાર તીર્થધામનું નિર્માણ થઈ રહ્યું છે. કચ્છ બહારથી આવતા જૈન શ્રાવકો માટે આધુનિક ધર્મશાળા પણ બંધાઈ રહી છે. એકાદ વર્ષમાં આ ભવ્ય મંદિરનું નિર્માણ કાર્ય સંપન્ન થશે.

કચ્છમાં મોટી સંખ્યામાં જૈન ધર્મી લોકો રહે છે. અહીંના પ્રાચીન જૈન મંદિરોમાં અનેક હસ્તપ્રતો સચવાયેલી છે. સદીઓ જૂના મંદિરો સમયે સમયે જીર્ણોધ્ધાર પામતા રહે છે. અહીંની જૈન ઐતિહાસિક, સાંસ્કૃતિક અને સામાજિક ધરોહર આજે વિશ્વભરમાં ફેલાયેલી છે. જો કે તે વિશે ગહન સંશોધન થયું નથી. પરંતુ આ દિશામાં એક પહેલ કચ્છ યુનિવર્સિટી દ્વારા કરવામાં આવી છે - સુચિતા બોઘાણી કનર દ્વારા.

**જૈન ધર્મના પ્રાચીન ગ્રંથોનો વારસો સાચવવો, તેનો**

**સંગ્રહ કરવો, તેનું ડિજિટાઇઝેશન કરવું, જૈન સ્થાપત્ય અને તેના મૂર્તિવિજ્ઞાન વિશે સંશોધન કરવું, કચ્છમાં પ્રવર્તતી જૈન પરંપરાઓ વગેરે અંગે અભ્યાસ કરવો અને કરાવવો, એ ઉદ્દેશ સાથે કચ્છ યુનિવર્સિટીમાં જૈન સ્ટડી અને રીસર્ચ સેન્ટર શરૂ કરાયું છે.** આ સેન્ટર જૈન ધર્મ વિશે પાયાથી જાણવા અને સમજવા ઇચ્છતા લોકોને તેનું શિક્ષણ આપશે. તેમાં ઉચ્ચ અભ્યાસ માટે સગવડો પણ પૂરી પાડશે. આ ઉપરાંત ચાતુર્માસ દરમિયાન કચ્છના ગામોમાં આવતા જૈન તથા અન્ય લોકો માટે તેમને ગામમાં જઇને વિવિધ કોર્સ કરાવવાનું પણ આયોજન સેન્ટર દ્વારા કરાયું છે.

**કચ્છમાં જૈનોનો ઇતિહાસ ક્યારથી શરૂ થયો તે એક સંશોધનનો વિષય છે. પરંતુ ભારતમાં પ્રાચીનમાં પ્રાચીન જૈન તીર્થો પૈકીનું એક ગણાતું ભદ્રેશ્વર - વસહી તીર્થ કચ્છમાં આવેલું છે.** આ તીર્થ ૨૫૦૦ વર્ષ જૂનું હોવાનું મનાય છે. આ ઉપરાંત કચ્છમાં માંડવી તાલુકામાં નાની અને અબડાસા તાલુકામાં મોટી પંચતીર્થી આવેલી છે. જ્યાંના જૈન મંદિરો પ્રાચીન છે. આ મંદિરોનું સ્થાપત્ય ખૂબ કલાત્મક છે. માંડવી તાલુકાનાં જૈન મંદિરોમાં તો વિદ્યાનો મોટો ભંડાર સચવાયેલો પડ્યો છે. કચ્છમાં જૈનોનો ઇતિહાસ, તેનું સ્થાપત્ય, હસ્તપ્રતો કે પ્રાચીનતમ ગ્રંથો વિશે ઉંડાણપૂર્વક અભ્યાસ થવાનો બાકી છે. આવા અભ્યાસ માટે પણ ભવિષ્યમાં આ સેન્ટર ઉપયોગી થશે.

*સંદર્ભ : ગુજરાતી વિકિપીડિયા, વિવિધ અખબારી અહેવાલ.*

***"પરમેશ્વરી", પ્લોટ નંબર ૧૬૫, હોસ્પિટલ રોડ,***
***વિજયનગર એરિયા, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.***
***મો. ૯૪૨૮૦ ૭૭૨૯૫***

## ગઝલ

ગમે ત્યારે ગમે ત્યાં, તું જવાની રાખ તૈયારી,
કરે બદલી ઘડીભરમાં, મરણનું કામ સરકારી.

કફન, શ્રીફળ, અગરબત્તી, ફૂલોના હાર ને દીવો
ખરેખર મોત સસ્તું છે, ને મોંઘી થઈ છે તરકારી.

જરા આરામથી તો શ્વાસ પણ લેવા ન દે જીવન,
ન કોઈ શ્વાસની ખટપટ, મજા છે મોતની ભારી.

જરા ફુરસદથી આવે તો જમાવીશું અમે મહેફિલ,
હશે મૃત્યુ ઉતાવળમાં, તો રસ્તામાં થશે યારી.

તને લીધા વિના આ મોતને, 'જીનલ' જવું પડશે,
જો સામે આવે તો રાજી કરી દઉં શેર ફટકારી.

***અંકિતા મારૂ 'જીનલ' - કાંદિવલી, મુંબઈ***

## જીવનસંધ્યાનું મેઘધનુષ્ય

**(અનુસંધાન : પાના નં. – ૩૨ ઉપરથી ચાલુ)**

**૭. વૃદ્ધાવસ્થામાં પ્રવેશ એટલે એક નવીનતામાં પ્રવેશ :**

પરિવર્તન માટે તૈયાર રહીએ. જીવન પલટાય છે. પરિવર્તન વિકાસની સીડી બની શકે. જીવનની અવસ્થાઓ પોતપોતાની વિશિષ્ટતા લઇને આવે છે. એનામાં કશુંક અપૂર્વપણું છે, અભૂતપૂર્વતા છે એ આપણે શોધી કાઢવાની છે. જીવન એટલું બધું ગહન, વ્યાપક અને વૈવિધ્યસભર છે કે એના જુદા જુદા વ્યાપને આંબવા માટે હજારો જિંદગી જોઈએ. વૃદ્ધાવસ્થા પોતાની એક આગવી વિશિષ્ટ જિંદગી લઇને આવે છે.

આ ઉંમરે ખાસ જરૂરી આ અવસ્થામાં વય અને તાસીરને અનુરૂપ નિયમિત જીવનશૈલી, યોગ, પ્રાણાયામ, કસરત અને જરૂરી ડાયેટ, સમતોલ આહાર અપનાવી, શરીર સાથે મનને પણ સ્વસ્થ અને તંદુરસ્ત બનાવીએ.

આવો, સાથે મળીને નૂતન જિંદગીનું આપણે હોંશભેર સ્વાગત કરીએ. જીવન સંધ્યાના આ તબક્કે સર્વ જીવમાત્ર પ્રત્યે મૈત્રીભાવ કેળવવો ખૂબ અગત્યનો છે. જીવનભરના રાગદ્વેષ ભૂલી માત્ર મૈત્રીભાવ વહાવીએ. ખુદ ખુશ રહી સહુની ખુશીઓની દુવા માંગીએ. જેથી આપણા અને પરિવારના જીવન આકાશ ખુશીઓના રંગોથી ભરપૂર બની શકે.

***સી/૬૬, મુંદ્રા રીલોકેશન સાઈટ, ભુજ, કચ્છ.***
***મો. ૯૫૮૬૬ ૮૫૪૬૩***

## જન્મ દિવસ

જન્મદિવસ આવે ને જાય છે,
ક્યાં કદી કોઇને ત્યાં રોકાય છે.

રોજની જેમ જ ઊગે દિવસો,
સૂર્ય આથમતા સાંજ થાય છે.

શુભ સંદેશા ને સ્નેહનું ભાથું,
એક વર્ષ જિંદગીનું કપાય છે.

ઢગલાબંધ યાદોની હારમાળા,
ઊગી, ખીલીને પછી કરમાય છે.


'કેતુ' કડવા અનુભવો દફનાવી,
સુધરવા તક મળી કહેવાય છે.

***કેતના જયેશ છેડા 'કેતુ' - મુંબઈ***
***મો. ૯૮૧૯૮ ૪૨૫૩૦***

# તીર્થ દર્શન

## તીર્થ દર્શન-૩૪

### શ્રી વામજ તીર્થ
### (શ્રી આદિશ્વર ભગવાન)



ઉત્તર ગુજરાતના કલોલથી ૧૬ કિ.મી. દૂર આવેલા વામજ ગામની પાસે શેરીશા તીર્થથી ૬ કિ.મી. દૂર વામજ તીર્થ આવેલું છે. અહીં મૂળનાયક શ્રી આદિશ્વર ભગવાનની શ્વેત વર્ણની ૧.૦૭ મીટર ઊંચી પદમાસનસ્થ પ્રતિમા આવેલી છે. આ પ્રતિમાની કલાકૃતિ રાજા સંપ્રતિ કાળની લાગે છે. આ દિવ્ય પ્રતિમા અંગે એવી ક્વિદંતિ છે કે એ કેટલાંય વર્ષ સુધી જમીનમાં અદૃશ્ય રહી. પુણ્ય યોગી કોઈ મહાત્માને આનો સંકેત મળ્યો અને તેને આધારે શોધ કરવામાં આવી. જે સ્થાનનો સંકેત મળ્યો હતો તે સ્થાન પરથી જ પ્રતિમાજી મળ્યા. એમ પણ કહેવાય છે કે એક સમયે આ તીર્થ અતિ પ્રસિદ્ધ હતું અને અહીંથી શેરીશા જઈ શકાય તેવું ભોંયરું હતું. આજે પણ અહીં જોવા મળતાં અનેક પ્રાચીન ખંડેરોના અવશેષો એવી ઝાંકી આપે છે કે પ્રાચીન સમયમાં આ એક જાહોજલાલીભર્યું નગર હશે. વિ.સં. ૧૫૬૨માં કવિવર શ્રી લાવણ્યગણિએ એમના કાવ્યમાં આ તીર્થાધિરાજનો ઉલ્લેખ કર્યો છે, પરંતુ એ પછી એનો કશો ઈતિહાસ મળતો નથી. વિ.સં. ૧૯૭૯માં આ પ્રતિમા અહીં કણબીઓના મહોલ્લામાંથી પ્રાપ્ત થઈ. એના પર કોઈ લેખ નથી. લોકો તેને ભગવાન શાંતિનાથની પ્રતિમા કહે છે, પરંતુ તે પ્રતિમા આદિશ્વર ભગવાનની છે. વિ.સં. ૨૦૦૦ના વૈશાખ સુદ તેરસના દિવસે શ્રી વિજયઉદયસૂરીશ્વરજીના હાથે નવનિર્માણ થયેલા આ ભવ્ય મંદિરમાં આ પ્રતિમાની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. આ પ્રતિમાની બંને બાજુએ કાઉસ્સગ્ગિયા છે અને તે મૂળ નાયકના સમયના હોવાનો સંભવ છે.

***રીલેશન મનથી બને છે, વાતોથી નહીં. કેટલાક લોકો ઘણી બધી વાતો કર્યા પછી પણ આપણા નથી બની શકતા અને કેટલાક શાંત રહીને પણ આપણા બની જાય છે.***

## તીર્થ દર્શન-૩૫

### શ્રી મહેસાણા તીર્થ
### (શ્રી સીમંધર સ્વામી)



મહેસાણા ગામની બહાર અમદાવાદના મુખ્ય માર્ગ પર આવેલું કલાપૂર્ણ ગગનચુંબી શિખરવાળું આ ભવ્ય મંદિર જૈન મંદિરોમાં આગવું ગણાય તેવું છે. અહીં મૂળનાયક શ્રી સીમંધર સ્વામીની શ્વેત વર્ણની ૩.૬૮ મીટર ઊંચી પદમાસનસ્થ પ્રતિમા બિરાજમાન છે. જૈન ધર્મના વર્તમાન (વિહરમાન) તીર્થંકર અને આ મહાતીર્થના અધિપતિ શ્રી સીમંધર સ્વામિનું ભવ્ય મનોહર શૈલીનું આવું મંદિર ભારતમાં પ્રથમ ગણી શકાય. શિલ્પશાસ્ત્રમાં આવા મંદિરને એની વિશાળતાના કારણે કૈલાસ પ્રાસાદ કહેવામાં આવે છે. એની ૧૪૫ ઇંચ ઊંચી પ્રભુ પ્રતિમાની કલા ખૂબ આકર્ષક છે. લગભગ ૧૨૫ ફૂટની ઊંચાઈએ લહેરાતી એની ધજા જાણે દૂર દૂર સુધી ધર્મનો સંદેશ મૂકપણે સંભળાવીને ભાવિકજનોને આકર્ષે છે. આ જિન પ્રાસાદનો અંદરનો ભાગ સપ્રમાણ અને જીવંત શિલ્પોથી સમૃદ્ધ છે. એ જ રીતે એનો જ બહારનો ભાગ પણ નયનમનોહર શિલ્પકળાથી મનને હરી લે છે. વિશાળ ગૂઢ મંડપમાં બિરાજમાન છ જિનેશ્વર દેવોના દર્શન કરીને એના મોટા ઘુમ્મટની ઝીણી કોતરણી નિહાળી આહ્લાદ અનુભવે છે. નૃત્ય મંડપની છતમાં પધરાવવામાં આવેલી પાંચ શાસન દેવીઓની તથા બીજી કલાકૃતિઓને નીરખીને ધન્યતા અનુભવે છે. પ.પૂ.આ.મ. શ્રી કૈલાસસાગરસૂરિજી મ.ની પ્રેરણાથી વિ.સં. ૨૦૨૮ વૈશાખ સુદ છઠ્ઠના દિવસે આની પ્રતિષ્ઠા સંપન્ન થઈ. મહેસાણાનું એક પ્રાચીન મંદિર ગામની બજારમાં છે. જેના મૂળ નાયક શ્રી મનમોહન પાર્શ્વનાથ ભગવાન છે. આમ, શ્રી સીમંધર સ્વામી જૈન મંદિર ઉપરાંત બીજા કુલ ૧૪ મંદિરો છે.

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*
*મો. ૯૪૨૭૩ ૯૦૦૦૭*

# 'મારા લાડલા સંતાનનું શારીરિક નુકસાન કરીશ' ઓબ્સેસિવ વિચારો – ઓ.સી.ડી. (OCD)

ભાગ-૪



ડૉ. મણિલાલ ગડા
(સિનિયર મનોચિકિત્સક)


ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)


આગળના લેખમાં આપણે કુમુદિનીબેનના કેસ વિશે જાણકારી મેળવી. જેમાં અનિચ્છિત દબાણપૂર્વકના વિચારોના (પોતાના લાડલા સંતાન 'કૃતિકા'ને શારીરિક નુકસાન પહોંચાડશે - Obsessive thoughts) લક્ષણો હતા. જેને લીધે મનના અન્ય કાર્યોમાં ખલેલ પહોંચતી હતી.

અનિચ્છિત વિચારોએ કુમુદિનીબેનનો કાબૂ મેળવ્યો હતો. જેથી રોજિંદા કાર્યોમાં તથા વ્યવહારમાં મુશ્કેલીઓ સર્જાતી હતી.

આ લેખમાં બીમારી તરફ ધકેલનારા પરિબળો તથા સારવાર વિશે જાણકારી મેળવીએ.

- **કુમુદિનીબેનના કેસમાં બીમારી તરફ લઇ જનારા પરિબળો (Predisposing Factors) :**

**૧. વ્યક્તિત્વ (Personality) :** કુમુદિનીબેન ભાઈ-બહેનમાં સૌથી મોટા હતા. મમ્મી નાનપણમાં ગુજરી ગયા હતા. એટલે ભાઈ-બહેનને ઉછેરવાની જવાબદારી એમના પર આવી પડેલ. નાનપણથી જ એમનો સ્વભાવ બધાની કાળજી લેવાનો હતો. એમના વિચારો તથા નિર્ણયોમાં બીજા બધા પહેલા આવે, પોતે પછી આવે. પોતાની લાગણીઓ, ઈચ્છાઓને ભોગે અન્યોની લાગણી, ઈચ્છાઓને કુમુદિનીબેન વધારે મહત્ત્વ આપતા. પોતાની જરૂરિયાતોને છોડી બીજાની જરૂરિયાતોમાં સંતોષ માનતા.

કુમુદિનીબેન પોતાની વાણી, વર્તણુંક, વ્યવહારને લીધે બીજાની લાગણી ન દુભાય એનો વધારે પડતો ખ્યાલ રાખતા. આમ કરવામાં ઘણી વખત પોતાની યોગ્ય લાગણીઓને પણ દબાવી દેતા. આ નકારાત્મક લાગણીઓ સુષુપ્ત મનમાં દબાઈને પડી રહેતી. દસેક વર્ષથી એમને ડાયાબિટીસ તથા થાઈરોઈડની બીમારી પણ થઈ હતી.

**૨. બનેવીની બીમારી :** પાંચેક વર્ષ પહેલા બનેવીને ગંભીર બીમારી થયેલ. બનેવી કોમામાં સરી ગયેલ. ડાયાબિટીસની બીમારી વધી ગયેલ. પંદરેક દિવસ હોસ્પિટલમાં દાખલ કરવા પડેલ. સદ્ભાગ્યે યોગ્ય સારવારથી બનેવીની તબિયતમાં સુધારો થયેલ. આ પ્રસંગની કુમુદિનીબેનના મન પર ઊંડી અસર થયેલ. આ પ્રસંગના બે-એક મહિના બાદ ઉપરોક્ત નકરાત્મક વિચારો શરૂ થયેલ.

**૩. દીકરાનું પરદેશ જવું :** બે-એક વર્ષ પહેલાં પોતાના દીકરાને પરદેશમાં સારી નોકરી મળતા વિદેશ જવાનું નક્કી થયું. દીકરો પત્ની તથા બાળક સાથે વિદેશ ગયો. કુમુદિનીબેનને હતું કે દીકરો પોતાના બુઢાપામાં મા-બાપનો સહારો બનશે. પણ આ આશા પર પાણી ફરી વળ્યું. આ પ્રસંગ બાદ ઉપરોક્ત નકારાત્મક વિચારોનું પ્રમાણ ખૂબ જ વધી ગયું હતું.

- **સારવાર :**

ઓ.સી.ડી.ની બીમારીમાં મનના અવયવોમાં - લિમ્બિક સિસ્ટમમાં - ન્યુરોટ્રાન્સમિટર સીરોટોનની માત્રા ઓછી થાય છે. જેના લીધે ઓ.સી.ડી.ના લક્ષણો જોવા મળે છે. યોગ્ય માત્રામાં એસ.એસ.આર.આઈ. (SSRI) દવાઓ આપવાથી ધીમે ધીમે બીમારીના લક્ષણો પર કાબૂ મેળવાય છે. ફ્લુઓક્ષીન (Fluoxetine), ક્લોમીપ્રામીન (Clomipramine), ફ્લુવેક્ષામીન (Fluvoxamine) ઓ.સી.ડી. માટે મુખ્ય દવાઓ છે.

કુમુદિનીબેનના કેસમાં ફ્લુઓક્ષીન તથા ક્લોમીપ્રામીનની દવા ચાલુ કરી. ધીમે ધીમે સુધારો થવા માંડ્યો.

ડાયાબિટીસ તથા થાઈરોઈડ માટેની દવાઓ પણ ચાલુ રાખી. મનની બીમારીની દવાઓ તથા શારીરિક બીમારીઓની દવા એક સાથે લઈ શકાય છે. મોટા ભાગના કિસ્સાઓમાં કોઈ રીએક્શન કે આડઅસર થતી નથી.

**૨. કોગ્નિટીવ બિહેવિયર થેરાપી (CBT) :**

દવાઓ સાથે કોગ્નિટીવ બિહેવિયર થેરાપી ચાલુ કરી. સી.બી.ટી.ની (અ) જોહનસનની પ્રોગ્રેસીવ મસ્ક્યુલર રીલેક્સેશન થેરાપી (Progressive Muscular Relaxations), (બ) સિસ્ટમિક ડીસેન્સેટાઈઝેશન (Systemic Desensitization), (ક) થોટ પ્રિવેન્શન (Thought Prevention) પદ્ધતિ દ્વારા સારવાર કરી.

(અનુસંધાન : જુઓ પાના નં. – ૪૩ ઉપર)

# પિત્તાશય અને તેનો સૌથી કોમન રોગ પિત્તાશયની પથરી



ડૉ. તપન શાહ
MS, FMAS, FICS (USA)

પિત્તાશય એ એક થેલી જેવું અવયવ છે જે લીવરની જોડે ચોંટેલું હોય છે. તેનું કામ પિત્તનો સંગ્રહ કરવાનું છે. જે ખોરાક પાચનની જરૂરિયાત પ્રમાણે તેમાં ભેળવવાની પ્રક્રિયામાં ભાગ લે છે.




આપણે જાણીએ છીએ તેમ જે પણ પ્રવાહી કે વસ્તુ એક જગ્યાએ સંગ્રહિત થાય, વપરાય નહીં અથવા વધુ પ્રમાણમાં ઉદ્ભવે તો તેમાં ઈન્ફેક્શન થવાની શક્યતા રહે છે અથવા તેમાં ક્ષાર બાઝે છે.

સામાન્ય રીતે પથરી એટલે કિડનીના ડૉક્ટર જોડે જ જવાનું એવી માન્યતા લોકોમાં હોય છે. પરંતુ શરીરમાં પથરી અલગ અલગ ૪ જગ્યાએ થાય છે.

૧. પેશાબના માર્ગની પથરી.

૨. પિત્તાશય (Gall bladder)ની પથરી

૩. સ્વાદુપિંડ (Pancreas)ની પથરી

૪. લાળ ગ્રંથિની પથરી

દરેક પથરીમાં અલગ અલગ ડૉક્ટર હોય છે. તો આપણે પિત્તાશયની પથરીની વાત કરીએ તો તેના માટે પેટના ડૉક્ટર અને સર્જન ડૉક્ટરનો સંપર્ક કરવો જરૂરી બને છે.

પિત્તાશયની પથરી ત્રણ પ્રકારની હોય છે :

૧. પિત્તની પથરી

૨. કોલેસ્ટેરોલની પથરી

૩. મિક્સ પથરી (પિત્ત અને કોલેસ્ટેરોલ)

મોટાભાગે આ પથરીઓ એક હોય અથવા ઘણી બધી સંખ્યામાં હોઈ શકે છે. આપણને એમ થાય કે એ શું નુકસાન કરી શકે? આપણે details માં જાણીએ પિત્તાશયની પથરી વિશે.

પિત્તાશયનો ચેપ અથવા તેમાં પથરી થાય તો તેમાં નીચે પ્રમાણેના લક્ષણો જોવા મળે છે :

૧. પેટમાં ઉપરની બાજુ જમણી તરફ દુઃખાવો થાય.

૨. ઊલટી થવી.

૩. ઉબકા આવવા.

૪. પેટ ભારે થવું.

૫. ગેસ / એસિડિટી થવી.

૬. કબજિયાત રહેવી.

આ બધા લક્ષણો પેટના બીજા રોગોમાં પણ જોવા મળે છે પરંતુ સોનોગ્રાફી કરાવી પથરીનું નિદાન કરાવવું જ.

પિત્તાશયની પથરીમાં દુઃખાવો કેમ થાય છે? તેમાં ચેપ કેમ લાગે છે? કારણકે તે પાચનની પ્રક્રિયામાં અગત્યનો ભાગ ભજવે છે.

પુરુષો કરતા મહિલાઓમાં પિત્તાશયની પથરી વધુ પ્રમાણમાં જોવા મળે છે. અનુભવ અને રીસર્ચ કહે છે કે સ્ત્રીઓમાં પથરી એક કરતાં વધુ જોવા મળે છે જ્યારે પુરુષોમાં એક કે બે પથરી પણ મોટી જોવા મળે છે.

એક કે બે પથરી હોય તો એ પિત્તાશયની નળી આગળ આવીને ચોંટે તો પિત્ત કે તેના સ્ત્રાવોને આગળ જવા દેતું નથી અને પિત્તાશયને મોટું કરે છે અને તેમાં પરું / ઈન્ફેક્શન કરે છે. વધુ પ્રમાણમાં જો પિત્તાશય ફૂલે તો ફાટવાની શક્યતા અને ચેપ પેટમાં ફેલાઈને Sepsis થવાની શક્યતા રહે છે.

એક કરતાં વધુ પ્રમાણમાં પથરી હોય અને તે નાની હોય તો તે પિત્તની નળીમાં થઈને પિત્તની મોટી નળી (Common bill duct)માં જાય છે, જે પિત્તના સામાન્ય પરિવહનમાં અવરોધ ઉભો કરે છે. જેના કારણે લોહીમાં પિત્તનું પ્રમાણ વધે છે. જે લીવરમાં સોજો, લોહીમાં Sepsis, કિડની ફેલ, આંતરડામાં અવરોધ, સ્વાદુપિંડમાં સોજો/ચેપ (pancreatitis) વગેરે થઈ શકે છે.

ઘણીવાર પિત્તાશયની પથરીના કારણે પણ સ્વાદુપિંડમાં

સોજો આવવો (gall stone pancreatitis) કે આંતરડાના અવરોધ (gall stone ileus)ની શક્યતા વધી જાય છે જે જીવલેણ બની શકે છે.

સોનોગ્રાફી એ પિત્તાશયના રોગો (ચેપ અથવા પથરી) માટે Gold standard છે. અન્ય લોહીના રીપોર્ટસ જેવા કે CBC, liver function test and creatinine (કિડનીનો રીપોર્ટ) પણ રોગની તીવ્રતા માટે મદદરૂપ બને છે.

એકવાર નિદાન થાય કે ચેપ છે, કમળો છે, પથરી છે તે પછી અલગ અલગ પ્રકારે તેમાં ઓપરેશન કરવામાં આવે છે. પથરી કે તેના ચેપ માટે પિત્તાશયનું ઑપરેશન કરીને પિત્તાશયને પથરી સાથે કાઢવામાં આવે છે. આ ઑપરેશન બે પ્રકારે કરી શકાય છે : ટાંકાવાળું (open) અથવા દૂરબીનથી (Laproscopic). Laproscopic Cholecystectomy (પિત્તાશયનું દૂરબીનથી ઑપરેશન) એ Gold standard ગણાય છે. પરંતુ જો ચેપ વધુ હોય, આંતરડા ચોંટેલા હોય તો ઑપન પદ્ધતિથી ઑપરેશન કરવાની જરૂર પડી શકે છે. જેથી અન્ય અવયવોને નુકસાન ના પહોંચે. પિત્તની મોટી નળીમાં પથરી હોય તો પહેલાં દૂરબીનથી (ERCP) કરીને તેને કાઢીને તેમાં સ્ટેન્ટ મૂકવામાં આવે છે અને ૪ અઠવાડિયા પછી પિત્તાશયનું ઑપરેશન કરવામાં આવે છે (interval cholecystectomy).

જો સ્વાદુપિંડ પર સોજો હોય તો પહેલાં તેને Antibiotics અને અન્ય ઈન્જેક્શન વડે ઓછો કર્યા પછી પિત્તાશયનું ઑપરેશન કરવામાં આવે છે. ડાયાબિટીસના દર્દીઓમાં પિત્તાશયમાં પરુ/ઈન્ફેક્શન (pyocoele of gall bladder)ની શક્યતા ૮૦-૯૦% હોય છે. તેથી તેમણે દવા કે ઈન્જેક્શનથી મટાડવાની રાહ જોવી જોઈએ નહીં. એ જીવલેણ નીવડી શકે છે.

***નોંધ : પથરી કોઈ પણ હોય, ત્વરીત ઉપચાર જ નિવારણ છે.***

## રક્ષા બંધનનું ગીત

ચંપો ખીલે ફૂલવાડીમાં રે લોલ
ફૂલમાં ખીલે મારો વીર જો...
ખમ્મા...

આંગણે ઉજાસ મારે સૂર્યનો રે લોલ
ઘરમાં ઉજાસ મારો વીર જો...
ખમ્મા...

એક તો આનંદ મારા ઉરનો રે લોલ
બીજો આનંદ મારો વીર જો...
ખમ્મા...

આ શુભ દિને ભાભી, નણંદી માટે ઓછી ઓછી થઈ જાય છે. બેનીમાં બેનીના વીરાનું જ પ્રતિબિંબ જોતી ભાભી, બળેવને દિવસે નણંદીને વ્હાલભર્યું આમંત્રણ આપે છે –

મારે બારણે બોલ બળેવના
એના ઓછા રે હજુ ઓછલા હાસ
નણંદી આવોને મારે આંગણે.
પરદેશણ આવોને પોપટી
મારે હૈયે રૂડા હિંચજો હાસ
– નણંદી આવોને

બલિરામ સમા તમ બાંધવા
વારે વારે જુએ બહેનની વાટ
– નણંદી આવોને.

ત્યારે બહેન પણ ક્યાં ઓછી ઉતરે તેમ છે! હોંશભર્યા આમંત્રણ સ્વિકારી, ભાઈને ત્યાં આવે છે. એના કોમળ હાથોમાં પૂજાપાનો થાળ, મંગલ દીપ, ને હૃદયરૂપી વાડકીમાં અમૃતરૂપી સ્નેહ ઘૂંટી તૈયાર કરેલી રાખડી છે.

લાલ ચુંદડીમાં સોહતી બહેન ભાઈના કપાળે શુકનવંતો અક્ષયતિલક કરી, ઈન્દ્રધનુષ જેવી સપ્તરંખી 'રાખડી' ભાઈના હાથે બાંધે છે અને 'શતાયુ ભવ'ના આશિષ આપી દુઃખણા લે છે ત્યારે ઘડીભર માટે થંભી ગયેલી પૃથ્વી, આંચકો ખાઈને પાછી પરિક્મા શરૂ કરે છે.

સાસરે જતી બહેનને ભાઈનો પ્રેમ મુંઝવી નાખે છે. ભાઈને સમજાતું નથી કે, બહેન ક્યાં જઈ રહી છે! એ બહેનની પાલખી રોકવા મથે છે ત્યારે લોકગીતમાં આલેખાયું છે –

નાનો વીરો મારો રોકે છે પાલખી;
આંસુનાં ઝરણાં વહાવી રે;
બાપુને ધીરજ ધરાવ મારા વીરા,
જેણે મને કીધી પરાઈ રે."

આવા તો અનેક પ્રસંગ, ભાઈ-બહેનના જીવનમાં આવે છે.


માનવ હૃદયના, ઉલ્લાસના સીમાચિહ્ન જેવા આ પર્વ માટે શ્રી ર.વ. દેસાઈએ કહ્યું છે કે, 'આપણી ભાષાનો પવિત્રમાં પવિત્ર શબ્દ 'બહેન' છે.' આ હેતને, હીરથી આજે રક્ષાબંધનમાં ગૂંથાવું - બંધાવું છે.

આ બધા ઉદાહરણો પરથી, 'રક્ષાબંધન'નું પર્વ આપણા સમાજમાં કેટલું મહત્ત્વનું બન્યું છે, તે સ્પષ્ટ સમજાશે. આ પર્વે જ, આપણા કુટુંબમાં મધુરતા આણી છે. સમાજમાં પવિત્ર ભાવના પ્રસરાવી છે અને રાષ્ટ્રમાં પણ વિશુદ્ધ ભાવના ફેલાવી છે. તેથી સમગ્ર રાષ્ટ્રમાં આ પર્વ લોકપ્રિય બને તેમાં શું આશ્ચર્ય?

***– દેવચંદ ગાલા***

યોગદર્શન

# મોહ દૂર થતાં પરમાત્માથી નિત્યયોગ સધાય છે



યોગસાધક કિરણ ચાંપાનેરી

બંધ ઘરમાં પ્રવેશતા અકળામણ થાય છે, ગભરામણ થાય છે, ગરમી લાગે છે, ગમતું નથી. બારીઓ ખોલતાવેંત જ શીતળ ઠંડી હવા ઘરમાં પ્રવેશતા શરીરને સારું લાગે છે. આ ગમા-અણગમાથી પર થવું એટલે સમત્વભાવમાં સ્થિર થવું. સમત્વ એ જ યોગ અને સમતામાં સ્થિરતાં થતાં સ્વરૂપની અનુભૂતિની આપણે વિચારણા કરીએ છીએ... શ્રીમદ્ ભગવદ્ ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાન અને અર્જુન સંવાદ દ્વારા યોગ પ્રાપ્તિના માર્ગની ચર્ચા ચાલે છે. શ્રીમદ્ ભગવદ્ ગીતા એટલે સાધક માટેની માર્ગદર્શિકા. સાધકને સાધનામાં કઈ રીતે આગળ વધવું તેનો માર્ગ ચિંધે છે. આવો આપણે આ લેખમાં 'યોગઃ કર્મસુ કૌશલમ્' અને 'યોગમવાપ્સ્યસિ' અંગે વાત કરીએ...

*બુદ્ધિયુક્તો જહાતીહ ઊભે સુકૃતદુષ્કૃતે,*
*તસ્માદ્યોગાય યુજ્યસ્વ યોગઃ કર્મસુ કૌશલમ્.*

*(ગીતા, અ.૨.૫૦)*

***અર્થાત્ :*** સમબુદ્ધિયુક્ત માણસ આ લોકમાં પુણ્ય અને પાપ બેયને ત્યાગી દે છે. આથી સમત્વરૂપ યોગમાં જોડાઈ જા. કર્મોમાં સમત્વરૂપ યોગ એ જ કુશળતા છે.

જેમ કમળ જળમાં ઉત્પન્ન થાય છે અને જળમાં જ રહે છે છતાં જળથી અલિપ્ત રહે છે. પાણી કમળને કે તેના પાંદડાને ભીંજવી શકતું નથી. તે પ્રમાણે સમબુદ્ધિયુક્ત, સમતાવાળો માણસ સંસારમાં રહેતો હોવા છતાં સંસારથી અલિપ્ત રહે છે. તેને પુણ્ય પાપનો સ્પર્શ થતો નથી. આથી શ્રીકૃષ્ણ ભગવાન અર્જુનને યોગમાં જોડાઈ જવાનું કહે છે. નિરંતર સમતામાં સ્થિર થઈ જવા કહે છે. કારણકે સમતા સાધકનું સ્વરૂપ છે. સમતા વ્યક્તિનું સાચું સ્વરૂપ છે. જે નિત્ય નિરંતર સમતામાં જ સ્થિર રહે છે, એ સમતાની અનુભૂતિ કરવાની છે. રાગદ્વેષ, કષાયને કારણે સમતાનો અનુભવ થતો નથી. એટલે રાગદ્વેષથી અલિપ્ત રહેવાનું છે, સુખદુઃખથી અલિપ્ત રહેવાનું છે. રાગદ્વેષ અને સુખદુઃખથી અલિપ્તતા કેળવાતા સમતાની અનુભૂતિ થાય છે... ગરમ હવા હોય કે ઠંડી હવા બંને સ્થિતિમાં સમત્વ રહે...

'યોગઃ કર્મસુ કૌશલમ્' – એટલે કે કર્મોમાં યોગ એ જ કુશળતા છે. કર્મોની સિદ્ધિ કે અસિદ્ધિમાં સમત્વભાવ રાખવો એ જ યોગ છે. કર્મોના ફળની પ્રાપ્તિ કે અપ્રાપ્તિમાં સમત્વભાવે રહેવું એ જ કર્મોમાં કુશળતા છે. કર્મોમાં યોગ, સમતા સિવાય બીજી કોઈ મહત્ત્વની વાત નથી. કર્મો કરતા રહેવા છતાં પણ જેના અંતઃકરણમાં સમતા રહે છે, તે કર્મ અને તેના ફળમાં બંધાશે નહીં. એટલા માટે કર્મોને કરતા રહીને સમતાભાવમાં રહેવું એ જ કુશળતા છે. આ સંદર્ભમાં શ્લોક-૫૧ અને ૫૨ માં સમબુદ્ધિ અને કર્મ વિશે સમજ આપતા ભગવાનશ્રી કૃષ્ણ અર્જુનને ઉપદેશ આપે છે કે – ''કેમ કે સમબુદ્ધિથી યુક્ત જ્ઞાની સાધકો કર્મોથી ઉત્પન્ન થનાર ફળનો અર્થાત્ સંસાર માત્રનો ત્યાગ કરીને જન્મરૂપી બંધનથી મુક્ત થઈને નિર્વિકાર પદને પ્રાપ્ત થઈ જાય છે.'' સમતાયુક્ત સાધકો જન્મરૂપ બંધનથી મુક્ત થઇ જાય છે. સમતામાં સ્થિર થવાથી રાગદ્વેષ, કામના, વાસના, મમતા વગેરે દોષો પણ નથી રહેતા. તેથી જન્મ મરણરૂપ બંધનથી સદાને માટે મુક્ત થઇ જાય છે.

શ્લોક-૫૨ માં કહે છે કે – ''જ્યારે તારી બુદ્ધિ મોહરૂપી કળણને સારી રીતે ઓળંગી જશે તે જ વખતે સાંભળેલા અને સાંભળવા બાકી રહેલા પ્રત્યે વૈરાગ્યને પ્રાપ્ત થઇ જઈશ.'' અનુકૂળ પદાર્થ, વસ્તુ, વ્યક્તિ, ઘટના વગેરે પ્રાપ્ત થવાથી પ્રસન્ન થવું અને પ્રતિકૂળ પદાર્થ વસ્તુ, વ્યક્તિ, ઘટના વગેરે પ્રાપ્ત થવાથી ઉદ્વિગ્ન થવું, સંસારમાં પરિવારમાં વિષમતા, પક્ષાપાત વગેરે વિકારો થવા એ બધું જ મોહ કલિલ સમાન છે, કાદવ સમાન છે. મોહરૂપી કાદવમાં જ્યારે બુદ્ધિ ફસાઈ જાય છે ત્યારે માનવી - સાધક - અર્જુનની જેમ કિંકર્તવ્યવિમૂઢ બની જાય છે અને પછી શું કરવું, શું ન કરવું, કશું સૂઝતું નથી...

મોહરૂપી કાદવમાંથી ઉગરવાના બે ઉપાયો છે : વિવેક અને સેવા. વિવેક સારાસારનો, સતઅસત્ વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરી આપે છે. અસત્ વિષયોથી અરૂચિ કરાવે તે વિવેક. બીજાઓને સુખ પહોંચાડવું, બીજાઓની સેવા કરવી, અન્યને સુખ પહોંચાડવાનો ભાવ જેટલો ઉત્કૃષ્ટ થશે, તેટલો જ પોતાના સુખની ઈચ્છાનો ત્યાગ થશે. જેવી રીતે શિષ્યની ગુરુને માટે સુખ, પુત્રની માતા-પિતાને માટે સુખ, નોકરની માલીકને માટે સુખ આપવાની ઈચ્છા થઈ જાય છે ત્યારે તેઓની પોતાની સુખ આરામની ઈચ્છા આપોઆપ દૂર થઈ જાય છે. એવી જ રીતે જ્યારે કર્મયોગીને સંસારમાત્રની સેવા કરવાની ભાવના થઈ જાય છે ત્યારે પોતાના સુખભોગની ઈચ્છા આપોઆપ દૂર થઈ જાય છે... આમ, જ્યારે બુદ્ધિ મોહરૂપી કાદવને તરી જશે, ત્યારે આલોકના અને

પરલોકના ભોગોથી અને વિષયોથી વૈરાગ્ય થઈ જશે. બુદ્ધિ મોહરૂપી કાદવને પાર કરી જાય છે ત્યારે બુદ્ધિમાં તીવ્ર વિવેક જાગૃત થાય છે. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ – આ બધા વિષયોથી આપોઆપ વૈરાગ્ય આવી જાય છે.

*શ્રુતિવિપ્રતિપન્ના તે યદા સ્થાસ્યતિ નિશ્ચલા,*
*સમાધાવચલા બુદ્ધિસ્તદા યોગમવાપ્સ્યસિ.*
*(ગીતા, અ.૨.૫૩)*

***અર્થાત્ :*** જ્યારે શાસ્ત્રીય મતભેદોથી વિચલિત થયેલી તારી બુદ્ધિ નિશ્ચળ થઇ જશે અને પરમાત્મામાં અચળ થઈ જશે ત્યારે તું યોગને પ્રાપ્ત થઇ જશે.

શ્રુતિવિપ્રતિપત્તિ એટલે સાંભળવાથી વિપરીત થયેલું જ્ઞાન. આ વિપરીત જ્ઞાન, શ્રુતિવિપ્રતિપત્તિના કારણે અર્જુનની બુદ્ધિ વિચલિત થઈ હતી. પોતાના ગુરુજનોનો અને પોતાના કુટુંબીજનોનો નાશ કરવો ઉચિત નથી અને પોતાના ક્ષાત્રધર્મનો, યુદ્ધનો ત્યાગ કરવો પણ ઉચિત નથી. કુટુંબનું રક્ષણ કરવા જાય તો યુદ્ધ ના થઇ શકે અને યુદ્ધ કરે તો કુટુંબનું રક્ષણ ના થઇ શકે. આથી ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને શાસ્ત્રીય મતભેદોમાં બુદ્ધિને નિશ્ચલ કરવાની પ્રેરણા આપે છે. આપણી સાધકની સ્થિતિ પણ અર્જુન જેવી છે... સાંસારિક વ્યવહાર બરાબર કરવો જોઈએ કે પરમાત્માની પ્રાપ્તિ કરવી જોઈએ?! અને જ્યારે પરમાત્મા તરફ ચાલવાનું શરૂ થાય છે ત્યારે સાધકની સામે સાધ્ય અને સાધન વિશે જાતજાતના શાસ્ત્રીય મતભેદો ખડા થાય છે. કયા સાધ્યનો સ્વીકાર કરવો અને કઇ સાધના પદ્ધતિએ ચાલવું? ધર્મસંપ્રદાયના વાડાઓના મતભેદોમાં અટવાઈ જવાય છે. આમાં સાધક ગૂંચવાઈ જાય છે.

સાંસારિક મોહ અને શાસ્ત્રીય - દાર્શનિક મોહ એમ મોહના બે પ્રકાર છે. શરીર, સ્ત્રીપુત્ર, ધનસંપત્તિમાં રાગ થવો એ સાંસારિક મોહ છે. દ્વૈત, અદ્વૈત, વિશિષ્ટાદ્વૈત, દ્વૈતાદ્વૈત... વગેરે દાર્શનિક મોહભેદમાં ફસાવું એ શાસ્ત્રીય મોહ છે. આ બંનેનો ત્યાગ કરવાથી મનુષ્ય - સાધકને ભોગોમાં વૈરાગ્ય થઈ જાય છે. સાધકની બુદ્ધિ સ્થિર થાય છે. બુદ્ધિ સ્થિર થવાથી પરમાત્માની પ્રાપ્તિ થાય છે. આત્માનું પરમાત્માથી અંતર રહેતું નથી. યોગની પ્રાપ્તિ થાય છે.

મનુષ્યને માત્ર સ્વકલ્યાણનો ઉદ્દેશ હોય અને ધનસંપત્તિ, કુટુંબ પરિવાર સાથે કોઈ સ્વાર્થનો સંબંધ ન હોય તો તે સાંસારિક મોહથી તરી જાય છે. જ્યારે પુસ્તકો વાંચવાનો કે શાસ્ત્રોની વાતો સાંભળવાનો ઉદ્દેશ ન હોય અને માત્ર તત્ત્વની અનુભૂતિ કરવાનો ઉદ્દેશ હોય તો શાસ્ત્રીય મોહથી તરી જાય છે. ટૂંકમાં, સાધકે સંસાર સાથે મોહ રાખવાનો નથી અને શાસ્ત્રીય મતભેદમાં પડવાનું નથી. આમ થાય તો સાધક યોગનો, મુક્તિનો કે ભક્તિનો અધિકારી બની જાય છે.... 'તદા યોગમવાપ્સ્યસિ' એટલે કે ત્યારે તું યોગને પ્રાપ્ત થઇ જશે... યોગ પ્રાપ્ત થશે... મનુષ્યની સદાથી જે વાસ્તવિક સ્થિતિ છે તે સ્થિતિમાં સ્થિર રહેવું એ યોગ છે. વાસ્તવિક સ્થિતિ એટલે પરમાત્માથી નિત્યયોગ! અસત સાથે માની લીધેલા સંબંધનો ત્યાગ એટલે યોગ. આ નિત્યયોગની અનુભૂતિ જો કર્મો-સેવા દ્વારા કરવામાં આવે તો તે કર્મયોગ કહેવાય. વિવેક-વિચાર દ્વારા કરવામાં આવે તો તે જ્ઞાનયોગ થયો અને પ્રેમ દ્વારા કરવામાં આવે તો તે ભક્તિયોગ થયો. સંસારના લયચિંતન દ્વારા કરવામાં આવે તો તે લયયોગ કહેવાય. પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધિ – આ આઠ અંગો દ્વારા કરવામાં આવે તો અષ્ટાંગયોગ થયો કહેવાય...

આ રીતે ગીતાના અધ્યાય-૨ ના શ્લોક ૫૨ અને ૫૩માં ભગવાન શ્રીકૃષ્ણના ઉપદેશથી અર્જુનનું મોહરૂપી કાદવમાંથી અને શ્રુતિવિપ્રતિપત્તિ – સાંભળવાથી થયેલા વિપરીત જ્ઞાન દૂર થતાં, સાંસારિક તથા શાસ્ત્રીય મોહ દૂર થવાથી યોગને પ્રાપ્ત થયેલા સ્થિર બુદ્ધિવાળા સાધકના લક્ષણો અંગે અર્જુનને પૂછેલા પ્રશ્નનું સમાધાન શ્રીકૃષ્ણજી કઈ રીતે કરે છે તેની વાત હવે પછી કરીશું... ઓમ...

***૧૦૪/૧૮૪૨, કૃષ્ણનગર સોસાયટી, સૈજપુર બોઘા,***
***અમદાવાદ-૩૮૨ ૩૪૬. મો. ૯૬૬૨૮ ૩૩૨૬૮***

## ઓબ્સેસિવ વિચારો – ઓ.સી.ડી. : ભાગ-૪

**(અનુસંધાન : પાના નં. – ૩૯ ઉપરથી ચાલુ)**

### ૩. કાઉન્સેલિંગ : અભિગમમાં ફેરફાર :

કાઉન્સેલિંગની પદ્ધતિઓ દ્વારા અભિગમમાં જરૂરી ફેરફારો વિશે ચર્ચા કરી. વિવેકપૂર્વક ના પાડતાં શીખવાની જરૂરત પર ભારપૂર્વક ચર્ચા કરી. પોતાની જાતનો, સમયનો, શક્તિનો, સંજોગોનો, પ્રવૃત્તિઓનો, ક્ષમતાનો અને સીમાનો ખ્યાલ રાખ્યા પછી જ ના કે હા કહેવાનો નિર્ણય લેવો.

### ૪. જીવનશૈલીમાં ફેરફારો :

પોતાના માટે સારી રીતે જીવવાની (Quality Life) પદ્ધતિઓ વિશે ચર્ચા કરી. મોર્નિંગ વૉકની શરૂઆત કરી. કુમુદિનીબેન વરિષ્ઠ નાગરિક મંડળ તથા લાફિંગ ક્લબના સભ્ય બન્યા તથા સક્રિય રસ લેવા લાગ્યા. પોતાને મનગમતી પ્રવૃત્તિઓ અપનાવી.

ઉપરોક્ત પદ્ધતિથી ત્રણેક મહિનામાં વિચારો પર કાબૂ મેળવ્યો. એક વર્ષ બાદ કુમુદિનીબેન મળવા આવ્યા ત્યારે તેઓ પહેલાની જેમ જીવન માણી રહ્યા છે તથા ડાયાબિટીસમાં ઘણો જ સુધારો થયો છે.

હવે પછીના લેખોમાં ઓ.સી.ડી.ની બીમારી વિશે ઉંડાણમાં જાણકારી મેળવીશું. ***(ક્રમશઃ)***

વાર્તા

# હમસફર



રમીલા પી. મહેતા

એ યુવતી, બહુ મોટી નહોતી - માંડ વીસ-એકવીસની વય લાગતી હતી, કંઈક રઘવાટમાં ગાંધીધામથી ચઢી. સીટ નંબર જોતી એ મારી બર્થની સામેની બર્થમાં પોતાની બેગ રાખી બાજુમાં બેઠી. એના ચહેરા પરની ચિંતા અને વારેવારે દરવાજા તરફ જોયા કરવું કંઈક વિચિત્ર તો મને લાગ્યું. બેગ બર્થ નીચે રાખી, એ બારી પાસે ગોઠવાઇ તો ખરી પણ એનો અજંપો એની બોડી લેંગ્વેજ પરથી વરતાતો હતો. ટ્રેન ઉપડી... એ દરવાજા પાસે દોડી... ટ્રેનની રફતાર વધી... એ ડોક તાણી તાણી જોયા કરતી હતી. હું એક મેગેઝીન લઇને વાંચવાનો ડોળ કરતી, એની ગતિવિધિઓ જોયા કરતી હતી. અહીંથી બીજા કોઈ ઉતારુ ચઢ્યા નહીં, સિવાય કે આ યુવતી... હવામાં ઉડતા વાળ, પેન્ટ અને ટોપ પહેરેલી એ યુવતી મારી સામે ગોઠવાઈ. એની આંખમાંથી આંસુ ટપકી પડ્યા. મને કંઈક અંદાજ તો આવી ગયો... મેં બોટલમાંથી પાણી કાઢીને ગ્લાસ એની સામે ધર્યો. એ કશું ન બોલી. ચૂપચાપ આખો ગ્લાસ ગટગટાવી ગઈ.

ગાડી સ્પીડમાં ધસમસતી આગળ વધતી રહી. અચાનક પેલીનો મોબાઈલ રણક્યો. ચહેરા પર રોનક છવાઈ. ‘અરે યાર, તું ક્યાં છો? હું તને મળવા કેટલી બેતાબ છું! તું ગાંધીધામથી ચઢ્યો કે નહીં? મારી તો જાણે જાન નીકળી ગઈ...’ એ બોલતી રહી. સામે છેડેથી જે જવાબ આવ્યો એ મેં ન સાંભળ્યો. એ પાછી બેસી ગઈ. વળી ઉભી થઈ દરવાજા સુધી ગઈ. પછી મારી સામેની સીટ પર ગોઠવાઈ. મને વાત કંઈક સમજાઈ, થોડી ન સમજાઈ. એકદમ એના વિશે કેમ કશું ધારી લઉં? અંતે મેં પૂછી નાખ્યું, ‘બેટા, તું કોઈની રાહ જુએ છે?’ ‘હા આન્ટી, પણ ન જાણે કેમ એ આ ડબ્બામાં ન આવ્યો!’ એ બોલતા બોલી ગઈ. પછી ચૂપ થઈ ગઈ. હજુ સુધી અમે એકબીજાના નામથી પણ અજાણ્યા હતા. સમય પસાર થતો ગયો. મેં મારા ચાના થરમોસમાંથી ચા કાઢી, એને ઑફર કરતા પૂછ્યું, ‘ચા લઈશ માયરા?’ એ મારી સામે તાકી રહી. કપ હાથમાં લેતા બોલી, ‘મારું નામ માયરા નથી, મારું નામ વેદાંશી છે.’ એ બોલતાં તો બોલી ગઈ. પછી કંઈક ખ્યાલ આવ્યો હશે એટલે ચૂપ થઈ બારી બહાર જોવા લાગી. મને ખ્યાલ આવ્યો કે આ છોકરી જુઠું બોલતી હતી. પણ એનું વર્તન, વાતચીતમાં ઘડીભર હોંશભેર બોલવું, ઘડીકમાં ચૂપ થઈ જવું – મને એ બધું કંઈક રહસ્યમય લાગતું હતું. એ વોશરૂમ ગઈ ત્યારે એ ફોન બર્થ પર રાખીને ગઈ હતી. ત્યાં જ ફોન આવ્યો. મેં ફોન ઉપાડી સ્ક્રીન પર જે ફોટો આવ્યો એ જોઈ હું પણ ચક્કર ખાઈ ગઈ. ‘હેલ્લો, હેલ્લો, માયરા ક્યાં છો?’ ફોનમાં અવાજ આવતો હતો. માયરા ઝડપથી પાછી આવી. ફોન લઇ એ દરવાજા પાસે દૂર ઊભી રહી વાત કરવા લાગી. એ પાછી આવી ત્યારે થોડી સ્વસ્થ લાગતી હતી. મેં કશું ન પૂછ્યું અને એની બેગ પર લગાવેલી નેમ ટેગ બતાવી મેં ઇશારાથી પૂછ્યું, ‘આ શું છે?’ એ થોડું સમજી ન સમજી... પછી મેં વાત કરવા માંડી.

‘જો બેટા, તું મને કદાચ નહીં ઓળખતી હોય પણ તને જે ફોન કરે છે અને ડિયર ડિયર કહી બોલાવે છે એને હું સારી રીતે ઓળખું છું. ગાંધીધામમાં તારા ફ્લેટની સામે જ મારું મકાન છે.’ એ સાંભળી રહી. જાણે મારી વાતની કોઈ અસર નહોતી થતી. ‘માયરા, હું બધી વાત સમજી ગઈ છું. તું કોઈનો શિકાર બની ગઈ છો. પણ માયરા શાહ, તું સારા ગૃહસ્થ પરિવારમાંથી છે અને તું જાણે છે, જેને તું તારો હમસફર માને છે એ સાચ્ચે જ કોણ છે?’ મારી આટલી ચોંકાવનારી વાત પછી પણ એના ચહેરા પર કોઈ ફરક ન પડ્યો. ન એનો સ્વર બદલાયો કે ન એણે કોઈ પ્રતિક્રિયા દર્શાવી.

‘તમે જે હો તે પણ મારી વાતમાં ન પડો તો સારું. હા, તમે મારા ઘરની પાસે રહેતા હશો પણ હવે મને એ ઘર સાથે કોઈ સંબંધ, કોઈ રીશ્તા - વાસ્તા નથી. હા, તમે શું નામ બતાવ્યું આન્ટી?’ એણે બહુ જ આત્મવિશ્વાસ સાથે જવાબ આપ્યો.

‘માયરા, મેં હજુ મારું નામ ક્યાં બતાવ્યું છે? પણ હું તારી સાચી હમસફર છું એટલો વિશ્વાસ કર...’ ‘પણ મેં તમારી મદદ માંગી છે આન્ટી, કે તમે મારી અંગત બાબતમાં માથું મારો છો? અને મારો હમસફર તો મને અમદાવાદમાં મળશે. મારી તો દુનિયા જ બદલી જશે.’ અને એ આનંદથી ઝુમી ઉઠી. એના અવાજમાં નર્તન હતું પણ મારા મનમાં એ બધું તીરની જેમ ચૂભતું હતું. હું પણ ઘડીભર ચૂપ રહી. પછી મારાથી ન રહેવાયું. એક માસુમની જિંદગીનો સવાલ હતો.

‘માયરા, તારા પગલાંથી ઘર પરિવારની કેવી હાલત થશે એનો ખ્યાલ છે તને? સુખી સંપન્ન પરિવાર તારા આવા

(અનુસંધાન : જુઓ પાના નં. – ૪૬ ઉપર)

<u>વાર્તા</u>

# 'હાર-ચોર'ની હાર કે જીત?



જસ્મીન દેસાઇ 'દર્પણ'

જો, જો... માવજીએ આજે બપોરે ઘરે જમવા આવવા સાથે પોતાની પત્ની સવિતાને કંઈક વિશેષ ઉત્સાહ સાથે કહેવા માંડ્યું : 'જો, જો, સવિતા... આજે તો એક મોટો હાર હાથ લાગી ગયો. એનું વજન તો જો. એમાં જડેલા હીરા તો જો. બહુ કિંમતી છે. એના સોનાની અને તેમાંથી અલગ કાઢી લીધેલા હીરાની કિંમત ખૂબ આવશે. પણ હમણાં શહેરની પોલીસ બહુ બાજ નજર બની ગઈ છે. ક્યાંક આ હાર કોઈ સોનીને વેચવા જતા હું પકડાઈ જાઉં એવું બને. આજકાલ સોનીઓની પણ બહુ પૂછપરછ થઈ રહી છે. એટલે હું ક્યાંય તેને વેચવા નહીં જાઉં પણ એને ગરમાં જ હીરા છૂટા પાડીને સોનાને ગાળી નાખીને તેને અને હીરાને વેચી આવીશ. એટલે પકડાઈ જવાનો ભય નહીં રહે.' એમ કહેતા માવજીએ કબાટમાં એ મોટી કિંમતનો હાર મૂકી દીધો. પરંતુ સવિતાએ આજે પણ રોજની જેમ માવજીને સાચી વાત કરી કે, 'તમે આવા ધંધા છોડી દો. આવી ચોરી શું સારી છે? શું તમારા મા-બાપના આવા સંસ્કાર છે? આવો અનીતિનો ધંધો મૂકી દો. તમને કેટલીવાર કહ્યું, આપણા છોકરા ઉપર કેવા સંસ્કાર પડશે? કોઈકવાર પકડાઈ જશો ત્યારે બધું બરબાદ થઇ જશે. તમારા કારણે મા-બાપની આબરૂ જશે. વળી જેનો હાર તમે ચોર્યો તેની આંતરડી કેવી બળી હશે. તેના ઘરવાળા, તેનો પતિ કેટલા દુઃખી થયા હશે. કકળાટ કર્યા હશે. તેઓએ આ હાર ચોરનારને એટલે કે તમને ધિક્કાર્યા હશે. તેઓએ હૃદયમાંથી ધગધગતી હાય આપી હશે. નિસાસા નાખ્યા હશે. બદદુઆ આપી હશે. આ બધું હવે છોડી દો. તમને કેટલી વાર કહ્યું કે આવી કદુઆથી હેરાન થઈ જઈશું. એના કરતાં નાની કેબિન કરો. કોઈ ચીજવસ્તુ વેચો, રેકડી ફેરવો. હું તમારા કામમાં મદદ કરીશ. હું ઘરઘરના કામ કરીશ પણ આ ખરાબ ધંધા છોડી દો.'

આ સાંભળીને માવજી ખૂબ ઉશ્કેરાયો. એ બરાડા પાડી ઉઠ્યો, 'મારે તારું લેક્ચર નથી સાંભળવું. મારી મરજી હશે એ હું કરીશ. તારે મારી વાતમાં વચ્ચે પડવાની જરૂર નથી.' એમ કહીને માવજી જેમ તેમ જમીને બહાર ચાલ્યો ગયો. પરંતુ સવિતાએ હવે માવજીને આ ધંધા છોડાવીને સાચા માર્ગે લાવવા અર્થે એક ખેલ શરૂ કર્યો.

હવે માવજી રાતે ઘેર આવ્યો એટલે ઉતાવળે ઉતાવળે જમીને સવિતા પાસે હાર માંગ્યો. સવિતા હારના વખાણ કરતી હાર લઈ આવી અને કહેવા લાગી, 'તમે આ તો બહુ સરસ હાર કોઈકના ગળામાંથી ઝુંટવી લાવ્યા છો. મને તો એ બહુ ગમે છે.' આવું સવિતાનું ફરી ગયેલ વર્તનથી માવજી નવાઈ પામવા લાગ્યો અને કહેવા લાગ્યો, 'સવિતા, તું મને મૂર્ખ બનાવે છે ને? તને તો મારા ધંધાથી વાંધો છે. હવે કેમ ફરી ગઈ?' ત્યારે સવિતાએ જવાબ આપ્યો, 'ના, ના, સાચું કહું છું. મારે આવતીકાલે એ હાર પહેરવો છે. તમે હા પાડો...' આ સાંભળીને માવજી રાજી થયો અને કહેવા લાગ્યો, 'આવતીકાલે પહેરજે. પણ એ પહેરીને ક્યાંય બહાર ન જતી. ઘરમાં જ રહેજે. આ બહુ મોટી રકમ મળે તેવો ભરાવદાર હાર છે. તારી ઈચ્છા છે તો એકવાર પહેરી લે. પછી તો ઓગાળી નાખવાનો છે અને સોનુ અને તેના હીરા વેચીને મોટી રકમ હાથ કરી લેવી છે.'

વળતે દિવસે સવારે માવજી બહાર ગયો પછી બપોરે ઘરે જમવા આવ્યો કે સવિતાનો ચહેરો મુરઝાયેલો, ગભરાયેલો, રોવા જેવો માવજીને લાગ્યો. એટલે તેણે સવિતાને પૂછ્યું કે, 'તું આમ ગભરાયેલી અને રોવા જેવી કેમ દેખાય છે? તને શું થયું છે?' ત્યારે સવિતાએ પેલો ખેલ શરૂ કર્યો. 'જો જો, મને વઢતા નહીં પણ આજે સવારે હું બજારે ગઈને ત્યારે બધા વચ્ચે મારો વટ પાડવા અને બીજાને દેખાડી દેવા તમે ઝુંટવી લાવેલ એ બહુ કિંમતી હાર પહેરીને ગઈ હતી. પણ રસ્તામાં એ હાર મારા ગળામાંથી સરકીને પડી ગયો છે. હું બહુ ગભરાઈ ગઈ, મુંઝાઈ ગઈ. હારને ત્યાં આગળ પાછળ ખૂબ ગોત્યો પણ ક્યાંય મળ્યો નહીં. તમે મને મારતા નહીં, મારતા નહીં.' ત્યાં તો માવજી કાળઝાળ થઇ ગયો અને બરાડી ઉઠ્યો, 'અરે મૂર્ખ, તને કંઈ ભાન છે કે નહીં? એ હાર કેટલી મોટી કિંમતનો હતો. નાલાયક, ખોઈ બેઠી? તારા બાપે આપ્યો તો? ના નહોતી પાડી કે એ પહેરીને ઘરની બહાર ક્યાંય ન જતી.' આમ ગુસ્સે થયેલ માવજીએ સવિતાને બે જોરદાર થપ્પડો મારી દીધી. તેનો ચોટલો પકડીને પલંગમાં પછાડી... ત્યારે હવે સવિતાએ પોતાના પતિને સાચા અને સારા રસ્તે લાવવા પોતાનો પેલો ખેલ શરૂ કર્યો. એણે કહ્યું, 'તમને ચોરેલા એ હાર માટે આટલું દુઃખ થયું, આટઆટલો કકળાટ થયો, દિલ દિમાગ ઉપર આટલો ઘા લાગ્યો

ત્યારે વિચાર તો કરો કે તમે જે બહેનના ગળામાંથી એ હાર સેરવીને ચોરી લીધો, તેના ઉપર, તેના પતિ કે ઘરના બીજાં ઉપર શી વીતી હશે? તેઓનો જીવ કેટલો બળ્યો હશે. એ હાર તો તેઓની પરસેવાની કમાણીનો હશે. એ હાર ચોરનારને એટલે કે તમને કેટલી કદુઆ આપી હશે, દિલમાંથી ઉઠેલા ધગધગતા નિસાસા નાંખી તમારું નખ્ખોદ જાય એવું પણ કહ્યું હશે. હવે મારી સામે જુઓ. એ હારને જુઓ. લ્યો, એ ક્યાંય પડી ગયો નથી, ચોરાઈ ગયો નથી. હું એ પહેરીને ક્યાંય બહાર પણ ગઈ નહોતી...' ત્યાં તો માવજી ઉછળી પડ્યો અને સવિતાને કહેવા લાગ્યો, 'તો તું શું કામ ખોટું બોલી?' ત્યારે સવિતાએ કહ્યું, 'કારણકે તમે હવે સુધરો. જાગ્યા ત્યારથી સવાર. તમે પ્રામાણિકપણે યાદ કરો કે એ હાર કઇ જગ્યાએથી કઈ બહેનના ગળામાંથી સેરવી લીધો હતો અને કોઈ પણ ટ્રીક વાપરીને પરત કરી આવો.' ત્યારે માવજીએ કહ્યું, 'સવિતા, તારી વાત સાચી છે. હવે આ ચોરીના ધંધા બંધ કરીશ. અને હા, મને યાદ આવ્યું કે અહીંથી જરાક આઘે જે મોટો રસ્તો છે ત્યાં એક મોટો બંગલો છે. ત્યાંથી એ બહેન તે દિવસે બહાર નીકળ્યા કે મેં આ હાર તેમના ગળામાંથી સેરવી લીધો હતો.'

આ પછી માવજીએ એ હાર એક નાના ખોખામાં પેક કરીને એના ઉપર એ બંગલાના દરવાજે જે નામની તક્તી હતી એ નામ આ પેકિંગ ઉપર લખીને એ બંગલે માવજી પહોંચી ગયો અને ત્યાં 'કુરિયર' એમ અવાજ મારીને ઉભો. ત્યાં તો એક બહેન બહાર આવ્યા અને માવજીએ કહ્યું, 'બહેન, લો તમારું આ કુરિયર આવ્યું છે.' એ બહેન એ લઈને અંદર ચાલ્યા ગયા. અને જોગાનુજોગ... એ કુરિયર લેનાર બહેન એ જ હતા જેના ગળામાંથી માવજીએ પેલો હાર સરકાવી લીધો હતો!

બસ, આ એક ચોરની હાર નહોતી કે નહોતી પીછેહઠ, આ તો હાર ચોરની જીત હતી.

*'નીલયમ', એસ.બી.એસ. સોસાયટી,*
*સહકારનગર મેઇન રોડ, મહિલા કૉલેજ પાસે, રૈયા રોડ,*
*રાજકોટ. • મો. ૯૪૨૮૩ ૪૯૮૧૨*

## લાઈબ્રેરી

***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની સમૃધ્ધ લાઈબ્રેરીનો લાભ લેવા સમાજના તમામ સભ્યોને વિનંતી.***

***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના વાચકોને જણાવવાનું કે આપની પસંદગીના પુસ્તકો ઉપલબ્ધ થઈ શકે તે માટે આપની પસંદગીના પુસ્તકોના નામ જણાવવા વિનંતી.***

## વાર્તા : હમસફર

**(અનુસંધાન : પાના નં. – ૪૪ ઉપરથી ચાલુ)**

આત્મઘાતી પગલાંથી કેટલો દુઃખી દુઃખી થઈ જશે. અરે રે... એ ભોળા મા-બાપ તો એવું જ માને છે કે દીકરી ટ્રેનિંગ લેવા ગઈ છે. તું એ લોકોના વિશ્વાસનો ભંગ કરી કેટલું મોટું પાપ કરે છે એનો લેશમાત્ર ખ્યાલ તને નથી?

'તમને આ બધી વાતની કેમ ખબર પડી?' હવે માયરાને લાગ્યું કે આ બધી વાત આ આન્ટી કેમ જાણે છે? કંઈક તો વાત ક્યાંકથી લીક થઈ છે! શું આન્ટી અભિષેકને ઓળખતા હશે? મમ્મી સાથે કોઈ લીંક હશે? અભિષેક વિશે આન્ટી જાણતા હશે? અમારા પ્લાન વિશે ખબર હશે? ગાંધીધામથી જાસુસી કરવા ચઢ્યા હશે? માયરાના મનમાં વિચારોનો બિપરજોય જેવો વંટોળ ચઢ્યો. ઘડીભર ગભરાઈ હતી પણ ફરી કશું ન બન્યું હોય એમ સ્વસ્થ થવાનો ઢોંગ કર્યો.

'તું જેને અભિષેક માને છે એ કોણ છે એ જાણે છે, માયરા?' એના પરિવાર વિશે કે એના બિઝનેસ વિશે કશી ખબર છે તને?' મેં એની આંખમાં આંખ પરોવી સવાલ કર્યા. ટ્રેનની ગતિ સાથે હવે માયરાના વિચારોમાં પણ ઝડપ આવી.

'આન્ટી, તમે આવા સવાલ કેમ કરો છો? અરે, અભિષેકનો તો દુબઈમાં મોટો બિઝનેસ છે અને મારે એના પરિવાર વિશે શા માટે જાણવું? મારે તો અભિષેક સાથે નિસ્બત... અમે બંને અમદાવાદથી દુબઈ જતા રહીશું. બસ, પછી તો મોજે મોજ છે મારે ત્યાં...'

શેખચલ્લીના વિચારોમાં રાચતી માયરાના સપના ચૂરે ચૂરા થાય નહીં અને શાંતિથી વાત સમજી ચૂપચાપ ઘેર પાછી ફરે એમાં મને રસ હતો. મેં એની બાજુમાં બેસતા, મારા મોબાઈલમાં એક ફોટો કાઢી બતાવ્યો. 'આ જ તારો અભિષેક છે ને?' એ ઘડીભર જોઈ રહી. મારા મોબાઈલમાં જે ફોટો હતો એ અભિષેક જેવા દેખાતા યુવકનો હતો પણ એ અભિષેકનો નહોતો. 'માયરા, આ અમદાવાદમાં મારા દીકરાની ગાડીનો ડ્રાઇવર અલ્તાફ છે. એ ગાંધીધામ ક્યારેક અમારે ઘેર પણ ગાડી ડ્રાઇવ કરવા આવે છે. અને માયરા, આ અલ્તાફ બે દીકરા અને એક દીકરીનો બાપ છે. એણે તને ફસાવી છે અને તું એની જાળમાં ફસાઇ ગઈ. તારી ઉંમર હજુ એ સમજવાની નથી કે તું કેવા મોટા રેકેટનો ભોગ બની છો! બેટા, ચૂપચાપ મારી સાથે અમદાવાદ ચાલી આવ... બે દિવસ રહી તારી હમસફર, પડોશી આન્ટી મિલન સાગર તારું સહજ રીતે તારા મા-બાપ સાથે મિલન કરાવી દેશે!'

માયરા ધ્રુસકે ધ્રુસકે રડી પડી...

*૧૬/એ, 'ધવલ ધારા', પ્રાથમિક શાળા સામે,*
*ભાનુશાલી નગર, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૪૨૭૨૭૨૯૧૯*

બોધ કથા

# મનુષ્યની સ્થિતિ તેની ભાવના ઉપર નિર્ભર છે



વિનોદભાઈ માછી નિરંકારી

એક મંદિર હતું. તેમાં તમામ લોકો પગાર ઉપર કામ કરતા હતા. આરતી ઉતારનાર, ઘંટ વગાડનાર પણ પગારદાર હતા. ઘંટ વગાડનાર આરતીના સમયે પ્રભુ ભક્તિના ભાવમાં એટલા મશગુલ થઈ જતા હતા કે તેમને પોતાના અસ્તિત્વનું ભાન રહેતું નહોતું. મંદિરમાં આવતા તમામ દર્શનાર્થીઓ ભગવાનની સાથે સાથે ઘંટ વગાડનાર વ્યક્તિના ભાવના પણ દર્શન કરતા અને તેમની વાહ વાહ કરતા હતા.

એક દિવસ મંદિરનું ટ્રસ્ટ બદલાઈ જાય છે અને નવા ટ્રસ્ટીઓએ આદેશ બહાર પાડ્યો કે આપણા મંદિરમાં કામ કરતા તમામ લોકો ભણેલા-ગણેલા હોવા જોઈએ અને જે ભણેલા નહોતા તેમને કાઢી મૂકવામાં આવે છે. મંદિરમાં ઘંટ વગાડનાર ભણેલા ન હોવાથી આજદિન સુધીનો પગાર આપીને તેમને નોકરીમાંથી છુટા કરી દેવામાં આવે છે. ત્યારે ઘંટ વગાડનાર ભાઈએ કહ્યું કે, સાહેબ! ભલે હું ભણેલો ગણેલો નથી પરંતુ આ ઘંટ વગાડવાની સેવામાં મારો ભગવાનની સાથે ભાવ જોડાયેલો છે. ત્યારે ટ્રસ્ટીઓએ કહ્યું કે ભાઈ તમે ભણેલા ન હોવાથી તમોને નોકરીમાં રાખી શકાય તેમ નથી.

બીજા દિવસે મંદિરમાં નવા માણસોને રાખવામાં આવે છે. પરંતુ આરતીમાં આવેલા ભક્તજનોને પહેલા જેવો આનંદ આવતો નથી અને ઘંટ વગાડનાર વ્યક્તિની ખોટ લાગે છે. એટલે કેટલાક વ્યક્તિઓ ભેગા થઈને ઘંટ વગાડનારના ઘરે જાય છે અને મંદિરમાં આવવાની વિનંતી કરે છે. ત્યારે અગાઉ ઘંટ વગાડનાર ભાઈ કહે છે કે હું જો મંદિરમાં આવીશ તો ટ્રસ્ટીઓ વિચાર કરશે કે હું નોકરી કરવા માટે આવ્યો છું. એટલે હું આવી શકું તેમ નથી.

શ્રદ્ધાળુ ભક્તોએ એક ઉપાય બતાવ્યો કે તમે મંદિરની સામે એક દુકાન ખોલો અને ફક્ત આરતીના સમયે ઘંટ વગાડવા માટે આવજો એટલે તમોને કોઈ નહીં કહે કે તમે નોકરી માટે મંદિરમાં આવ્યા છો. તે ભાઈએ મંદિરની બહાર એક દુકાન ખોલી અને દુકાન એટલી ચાલી કે એકમાં સાત દુકાનો થઈ અને સમય જતાં એક ફેક્ટરી પણ ખોલી.

હવે તે વ્યક્તિ મર્સિડીઝ કાર લઈને મંદિરમાં ઘંટ વગાડવા માટે આવતા હતા. સમય પસાર થતાં આ વાત જૂની થઈ ગઈ. ફરીથી મંદિરનું ટ્રસ્ટ બદલાયું. નવા ટ્રસ્ટને નવું મંદિર બનાવવા માટે દાનની જરૂર હતી. એટલે નવા ટ્રસ્ટીઓએ વિચાર કર્યો કે સૌથી પહેલાં આપણા નગરના ફેક્ટરીના માલીક સાથે વાત કરીએ એમ વિચારી ફેક્ટરીના માલીક પાસે જાય છે અને મંદિર માટે સાત લાખ રૂપિયાની જરૂરિયાત છે તે વાત વિસ્તારથી કહી. તો ફેક્ટરીના માલીકે કોઈપણ જાતનો પ્રશ્ન કર્યા વિના મુનિમને સાત લાખનો ચેક લખી આપવા કહ્યું. એટલે મુનિમે સાત લાખનો ચેક લખી ટ્રસ્ટીઓના હાથમાં આપી દીધો.

ટ્રસ્ટીઓએ ચેક હાથમાં લઈને જોયું તો ચેક ઉપર સહી બાકી હતી. એટલે ફેક્ટરી માલીકને કહ્યું કે ચેક ઉપર સહી તો બાકી છે. ત્યારે ફેક્ટરી માલીક કહે છે કે મને સહી કરતાં નથી આવડતી કેમકે હું અભણ છું. ચેક લાવો, હું મારા અંગુઠાનું નિશાન લગાવી દઉં છું તે બેંક સ્વીકાર કરશે.

આ સાંભળીને ટ્રસ્ટીઓને નવાઈ લાગે છે. તેથી કહે છે, સાહેબ! આપ અભણ હોવા છતાં આટલી પ્રગતિ કરી છે. જો આપ ભણેલા-ગણેલા હોત તો ક્યાંના ક્યાં પહોંચી ગયા હોત! ત્યારે શેઠ હસતા હસતા કહે છે કે ભાઈ, હું ભણેલો ગણેલો હોત તો આજે પણ મંદિરમાં ઘંટ વગાડતો હોત!

***આ બોધકથામાંથી સાર એ લેવાનો છે કે પરિસ્થિતિ ગમે તેવી હોય, મનુષ્યની સ્થિતિ તેની ભાવના ઉપર નિર્ભર હોય છે. આપણી ભાવના શુદ્ધ હશે તો ઈશ્વર અને સુંદર ભવિષ્ય આપણને અવશ્ય સાથ આપશે. જે પણ કામ કરો, સો ટકા પ્રેમ અને મહેનતથી કરો. વિપરીત સ્થિતિઓમાં કોઈ બીજાને દોષ ના આપો. ખરાબ પરિસ્થિતિમાં પણ કદાચ આપણું સુખદ ભવિષ્ય છુપાયેલું હોઈ શકે છે.***

કર્તાની જાણકારી પછી જ સંતુષ્ટીનો ભાવ આવે છે. જ્યારે પ્રભુ હૃદયમાં વસી જાય તો વિનમ્રતાનો ભાવ સહજમાં જ આવી જાય છે. સેવા કાર્ય ફક્ત સેવા ભાવથી જ કરો. સેવા કાર્યમાં જ્યારે અહમ તથા કર્તાભાવ આવી જાય છે ત્યારે સુખ – આનંદ મળતા નથી.

***નવી વાડી, તા. શહેરા, જિ. પંચમહાલ***
***મો. ૯૭૨૬૧ ૬૬૦૭૫***

બોધ કથા

# જેવી કરણી તેવી પાર ઉતરણી



સુમિત્રાબેન નિરંકારી

એક રાજા ઘણા જ ધર્માત્મા, ન્યાયપ્રેમી અને પરમેશ્વરના પરમ ભક્ત હતા. તેમણે મહેલમાં ભગવાનનું મંદિર બનાવડાવ્યું અને પૂજા કરવા માટે એક બ્રાહ્મણને પૂજારી તરીકે નિયુક્ત કર્યા. આ બ્રાહ્મણ સદાચારી, ધર્માત્મા અને સંતોષી હતા. આ પૂજારી રાજા પાસે ક્યારેય કોઈ યાચના કરતા ન હતા. રાજા પણ પૂજારીના સ્વભાવથી ઘણા પ્રસન્ન હતા. રાજાના મહેલમાં આવેલ મંદિરની પૂજા કરતાં કરતાં વીસ વર્ષ પસાર થાય છે. તેમણે ક્યારેય રાજાને કોઈ પણ પ્રકારનો પ્રશ્ન કર્યો નહીં.

રાજાને ત્યાં એક બાળકનો જન્મ થયો. રાજાએ તેને ભણાવી ગણાવીને મહાન વિદ્વાન બનાવ્યો અને મોટો થતાં તેના લગ્ન એક સુંદર રાજકન્યા સાથે કરાવવામાં આવે છે. લગ્ન કરીને જે દિવસે રાજકન્યાને મહેલમાં લાવવામાં આવે છે તે રાત્રીએ રાજકુમારીને ઊંઘ આવતી નથી. તે રાજમહેલમાં બધે ફરે છે. તે જ્યારે પોતાના પતિના પલંગની પાસે આવે છે ત્યારે તેની નજર હીરા ઝવેરાત જડિત મુઠવાળી એક તલવાર ઉપર પડે છે.

રાજકન્યાએ જોવા માટે મ્યાનમાંથી તલવાર બહાર કાઢી તો તીક્ષ્ણ ધારવાળી અને વીજળી સમાન પ્રકાશમાન તલવારને જોઈને તે ભયભીત થાય છે અને તેના હાથમાંથી તલવાર નીચે સૂતેલા રાજકુમારની ગરદન ઉપર પડે છે અને રાજકુમારનું મસ્તક કપાઈ જાય છે અને રાજકુમારનું મૃત્યુ થાય છે. રાજકન્યાને પતિના મૃત્યુનું ઘણું જ દુઃખ થાય છે અને પરમેશ્વરને પ્રાર્થના કરે છે કે હે પ્રભુ! મારાથી ઓચિંતું આ પાપ કેવી રીતે થઈ ગયું? મારા હાથે જ મારા પતિનું મૃત્યુ થઈ ગયું છે તે આપ તો જાણો છો પરંતુ સભામાં કે જાહેરમાં હું આ સત્યને કહીશ તો મારા માતા-પિતા અને સાસુ-સસરાને કલંક લાગશે અને મારી વાત ઉપર કોઈ વિશ્વાસ નહીં કરે.

સવારમાં પૂજારી જ્યારે કુવા ઉપર સ્નાન કરવા માટે આવે છે ત્યારે રાજકન્યા દૂરથી તેમને જોઈને વિલાપ કરતા બૂમો પાડે છે કે મારા પતિને કોઈએ મારી નાખ્યા છે. આ સાંભળીને નગરના લોકો ભેગા થઈ જાય છે. તે સમયે રાજા પણ ત્યાં આવે છે અને પૂછે છે કે રાજકુમારને કોણે માર્યા છે? ત્યારે રાજકન્યા કહે છે કે હું તેમને ઓળખતી તો નથી પરંતુ તેને મેં ભગવાનના મંદિરમાં જતો જોયો હતો. રાજા તથા તમામ લોકો ઠાકોરજીના મંદિરમાં જાય છે ત્યારે પૂજારી પૂજા કરી રહ્યા હતા. પૂજારીને પકડીને પૂછવામાં આવે છે કે તમે રાજકુમારને કેમ માર્યો છે? ત્યારે પૂજારી કહે છે કે, હું ઈશ્વરની સાક્ષીએ કહું છું, મેં રાજકુમારને માર્યો નથી. મેં તો રાજકુમારનો મહેલ પણ જોયો નથી. જોયા વિના, કોઈ સાબિતી વિના કોઈની ઉપર અપરાધનો ખોટો દોષ લગાવવો યોગ્ય નથી.

બ્રાહ્મણની સત્ય વાત કોઈ સાંભળતું નથી અને લોકો કંઈનું કંઈ બોલ્યે જાય છે. રાજા પૂજારીને સારી રીતે ઓળખતા હતા. રાજાના મનમાં વારંવાર એ જ વિચાર આવતો હતો કે આ પૂજારી નિર્દોષ છે. પરંતુ સમગ્ર ભેગા થયેલા નગરજનોના કહેવાથી રાજાએ બ્રાહ્મણને કહ્યું કે, હું તમોને પ્રાણદંડ આપતો નથી પરંતુ જે હાથથી તમે મારા પુત્રની હત્યા કરી છે એ હાથને કાપી નાખવાનો આદેશ આપું છું. આમ કહીને રાજાએ પૂજારીનો એક હાથ કપાવી નંખાવ્યો. આમ કરવાથી બ્રાહ્મણને ઘણું દુઃખ થાય છે અને રાજાને અધર્મી સમજીને તેના રાજ્યનો ત્યાગ કરીને દૂર ચાલ્યા જાય છે.

બ્રાહ્મણ વિચાર કરે છે કે કોઈ વિદ્વાન જ્યોતિષ મળી જાય તો મારે તેમને વિના અપરાધ મારો હાથ કાપી નાખવાનું કારણ પૂછવું છે. કોઈકે કહ્યું કે કાશીમાં એક વિદ્વાન જ્યોતિષ છે. સરનામું લઈને બ્રાહ્મણ તેના ઘેર પહોંચે છે. જ્યારે તેઓ જ્યોતિષના ઘેર પહોંચે છે ત્યારે તેઓ બહાર ગયેલા હતા. તેમની ધર્મપત્ની ઘેર હતી. તેને પૂછ્યું કે, માતાજી, આપના પતિ જ્યોતિષજી મહારાજ ક્યાં ગયા છે અને ક્યારે આવશે? ત્યારે તે સ્ત્રીએ અયોગ્ય, અસહ્ય દુર્વચન કહ્યા. જેને સાંભળીને બ્રાહ્મણને ઘણી જ નવાઈ લાગે છે. તે મનોમન વિચાર કરે છે કે, હું તો મારો હાથ કપાઈ જવાનું કારણ પૂછવા અહીં આવ્યો હતો. પરંતુ મારે હવે સૌપ્રથમ આ જ્યોતિષની હાલત વિશે જાણવું છે. એટલામાં જ જ્યોતિષજી આવી જાય છે. ઘરમાં પ્રવેશતાની સાથે જ તેમની પત્નીએ અનેક દુર્વચનો કહીને તેમનો તિરસ્કાર કર્યો. તેમ છતાં જ્યોતિષજી મૌન રહે છે અને પોતાની પત્નીને કશું જ કહેતા નથી અને પોતાની ગાદી ઉપર જઈને બેસી જાય છે અને બ્રાહ્મણને કહે છે કે, પધારો બ્રહ્મદેવતા, શા માટે અહીં આવવાનું થયું છે?

બ્રાહ્મણ કહે છે કે હું આવ્યો હતો તો મારા વિશે પૂછવા પરંતુ પહેલા આપ આપના વિશે મને કહો કે આપ આટલા મહાન જ્યોતિષ હોવા છતાં આપની પત્ની આપનો આટલો બધો તિરસ્કાર કેમ કરે છે? કે બીજો કોઈ સામાન્ય માણસ તેને સહન ના કરી શકે જે આપ સહન કરો છો તેનું કારણ શું છે?

જ્યોતિષજી કહે છે કે આ મારી પત્ની નહીં પરંતુ મારું કર્મ છે. દુનિયામાં આપણે જેને પણ જોઈએ છીએ, મળીએ છીએ તે માતા-પિતા, ભાઈ-બહેન, ગુરુ-શિષ્ય કે સંબંધીઓ હોય તે તમામ

આપણા પૂર્વજન્મના ઋણાનુબંધ હિસાબ પૂરો કરવા ભેગા થયા છીએ. તે તમામ આપણા કર્મ છે. આ સ્ત્રી નહીં પરંતુ મારું પૂર્વજન્મનું કર્મ છે અને તે ભોગવ્યા વિના છુટકો જ નથી.

*કર્મપ્રધાન વિશ્વ કરી રાખા,*
*જો જસ કરઈ સો તસ ફલ ચાખા.*

*(રામાયણ)*

કર્મનો સિદ્ધાંત અટલ છે. જેવું વાવો તેવું લણો. જેવું કરો તેવું પામો. જેવી કરણી તેવી પાર ઉતરણી... કર્મ ફળ આપીને જ શાંત થાય છે.

*અવશ્યમેવ ભોક્તવ્યં કૃતં કર્મ શુભાશુભમ,*
*નાભુક્તં ક્ષીયતે કર્મ કલ્પકોટિશતૈરપિ.*

આપણાં કરેલ તમામ શુભ-અશુભ કર્મો છે તેને અવશ્ય ભોગવવા જ પડે છે. ભોગવ્યા વિના તો અનેક કલ્પો પસાર થવા છતાં કર્મો ટાળી શકાતા નથી. એટલે હું મારા કર્મથી ખુશી ભોગવી રહ્યો છું. આમ કરવાથી નવા કર્મ બંધાય અને તેનું ફળ ભોગવવું ના પડે એટલે મારી પત્નીને સમજાવતો નથી કે શિક્ષા પણ કરતો નથી.

બ્રાહ્મણ પૂછે છે કે મહારાજ, આપે એવું તે કયું કર્મ કર્યું હતું કે પરિણામ સ્વરૂપ આવી વિપરીત સ્વભાવની પત્ની મળી?

જ્યોતિષજી પોતાના પૂર્વજન્મની કથા કહેતા કહે છે કે, પૂર્વ જન્મમાં હું કાગડો હતો અને આ જે મારી પત્ની છે તે ગાય હતી. તેની પીઠ ઉપર એક ચાંદુ (ફોડલો) પડ્યું હતું અને તેનાથી તે ઘણી જ દુઃખી અને શક્તિહીન બની ગઈ હતી. મારો સ્વભાવ ઘણો જ દુષ્ટ હતો એટલે તેની પીઠ ઉપર થયેલ ચાંદા ઉપર જ ચાંચ મારીને તેનું માંસ ખાતો અને તેને વધુ દુઃખી કરતો હતો. જ્યારે દર્દના કારણે તે ઘણી જ કૂદાકૂદ કરતી હતી ત્યારે હું ઘણો ખુશ થતો હતો.

મારા ત્રાસથી કંટાળીને તે એક ઘનઘોર જંગલમાં ચાલી ગઈ પરંતુ મેં તેને શોધી કાઢી. એકવાર ઘણા દિવસ બાદ તે મળી તો તેનું માંસ ખાવા માટે મેં તેના ઘા ઉપર ચાંચ મારી. તો મારી ચાંચ તેના હાડકામાં ફસાઈ ગઈ. ઘણા પ્રયત્નો કરવા છતાં મારી ચાંચ બહાર ના નીકળી તો મારા ત્રાસથી બચવા તે ગંગાજીના જળમાં ડૂબી. ત્યાં પણ હું મારી ચાંચ બહાર ના કાઢી શક્યો. છેલ્લે તે ગંગાજીના ઉંડા ધસમસતા પ્રવાહમાં તણાઈ અને અમે બંને ગંગાજીના પ્રવાહમાં ડૂબીને મરણને શરણ થયા.

ગંગાજીના પ્રભાવથી તે બ્રાહ્મણી તરીકે જન્મી અને હું એક બહુ મોટો જ્યોતિષ બન્યો. અત્યારે તે જ મારી સ્ત્રી બનીને આવી છે જે મને આજીવન પોતાના મુખારવિંદથી ગાળો બોલીને, મારું અપમાન કરીને મને દુઃખ આપશે અને હું પણ મારા પૂર્વજન્મના કર્મોનાં ફળ ભોગવી રહ્યો છું તેમ સમજીને સહન કરતો રહીશ. આમાં હું તેને દોષિત માનતો જ નથી કારણકે આ મારા કરેલા કર્મોનું ફળ ભોગવી રહ્યો છું એટલે હું શાંત છું. હવે આપ આપની સમસ્યા મને કહો કે જેના માટે આપ અહીં આવ્યા છો.

બ્રાહ્મણે પોતાની તમામ વાતો કહી અને કહ્યું કે અધર્મી રાજાએ મને નિર-અપરાધીનો હાથ કેમ કાપી નાખ્યો છે તે મને કહો.

જ્યોતિષીએ કહ્યું કે રાજાએ આપનો હાથ નથી કપાવ્યો પરંતુ આપે આપના કર્મોના કારણે જ પોતાનો હાથ કપાવ્યો છે. પૂર્વજન્મમાં આપ એક તપસ્વી હતા અને રાજકન્યા ગાય હતી તથા રાજકુમાર કસાઈ હતો. આ કસાઇ જ્યારે ગાયને મારવા લાગ્યો ત્યારે ગાય પોતાનો જીવ બચાવવા સામેના જંગલમાં ભાગી ગઈ. પાછળથી પીછો કરતો કસાઈ આવી પહોંચે છે અને આપશ્રીને 'આ રસ્તેથી ગાય ગઈ છે?' તેમ પૂછે છે.

આપે પ્રતિજ્ઞા કરી હતી કે હું જીવનમાં ક્યારેય જુઠ્ઠું નહીં બોલું. તેથી ગાય જે તરફ ગઈ હતી તે તરફ પોતાના હાથથી ઈશારો કરીને રસ્તો બતાવ્યો અને કસાઈએ ગાયને પકડીને મારી નાખી.

ગંગા નદીના કિનારે ગાયને મારી નાખ્યા બાદ કસાઈ ગાયના શરીર ઉપરથી ચામડું ઉતારી રહ્યો હતો તે સમયે જંગલમાં સિંહ આવે છે અને ગાય અને કસાઈને મારીને તેમનું માંસ ખાઈ જાય છે. ગંગાના પ્રવાહમાં આ બંનેના હાડકા તણાઈ જાય છે. ગંગાના પ્રભાવથી કસાઈને રાજકુમાર અને ગાયને રાજકન્યા તરીકે જન્મ મળે છે તથા પૂર્વજન્મના કરેલા કર્મોના લીધે તેઓ એક દિવસ માટે પતિ-પત્ની બને છે.

કસાઈએ ગાયને તીક્ષ્ણ હથિયારથી મારી હતી તે કારણે રાજકન્યાના હાથોમાંથી ઓચિંતા તલવાર છૂટી જવાથી રાજકુમારનું મસ્તક કપાઈ જાય છે અને મરી જાય છે અને આમ કર્મો ફળ આપીને શાંત થઈ જાય છે. તમે હાથના ઈશારાથી જે કર્યું હતું તે પાપકર્મના લીધે તમારો હાથ કાપી નાખવામાં આવ્યો છે. આમાં અન્ય કોઈનો દોષ નથી, તમારો જ દોષ છે આવું નિશ્ચયપૂર્વક જાણી સુખપૂર્વક જીવન જીવો.

જે કંઈ પ્રારબ્ધ સામે આવે તેને પ્રેમપૂર્વક સ્વીકારી લેવું કારણકે તે આપણે જ કરેલા કર્મોનું પરિણામ છે અને આપણે તે ભોગવવું જ પડે છે. કેટલું સહજ અને જ્ઞાનયુક્ત જીવન છે! જો અમે આ કર્મના સિદ્ધાંતને માની લઈએ, જાણી લઈએ, તો પૂર્વજન્મમાં કરેલ ઘોર કર્મનું ફળ ભોગવતાં ભોગવતાં ક્યારેય દુઃખી થઈશું નહીં પરંતુ અમારા ચિત્તમાં સમતા બનાવવામાં સફળ રહીશું.

ભગવાને ગીતામાં કહ્યું છે કે આસક્તિ છોડીને સિદ્ધિ અને અસિદ્ધિમાં સમબુદ્ધિ રાખીને યોગમાં સ્થિત થઈ કર્તવ્યો કરો. કેમકે સમત્વ એ જ યોગ છે. જેમાં દ્રઢ સ્થિતિ પ્રાપ્ત થતાં મનુષ્ય કર્મબંધનથી મુક્ત થઈ જાય છે. (૨/૪૮)

*છક્કડિયા, ધાણીત્રા,*
*તા. ગોધરા, જિ. પંચમહાલ.*

# અન્ય સંસ્થાઓના સમાચાર

## શ્રદ્ધા સ્કૂલ અને કોલેજ - માધાપર ખાતે સી.એ. બનવા માટે સેમિનાર યોજાવા બાબતે

જન કલ્યાણ ટ્રસ્ટ શ્રદ્ધા સ્કૂલ એન્ડ કોલેજ - માધાપર ખાતે બાળકોને વ્યવસાયલક્ષી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. શાળામાં તારીખ ૨૮ જૂન, ૨૦૨૩ના રોજ બાળકોને કેરિયર કાઉન્સેલિંગ પ્રોગ્રામ દ્વારા વ્યવસાય અંગેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. શાળાના આચાર્યશ્રી રીટાબેન અધ્યારુ દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓએ આ પ્રોગ્રામમાં ભાગ લીધો હતો. સી.એ. ચેતનાબેન ઠક્કર અને વકીલ રોનિત શાહ દ્વારા બાળકોને ધોરણ ૧૨ પછી કયા ફિલ્ડમાં જવું તથા CA કોર્સમાં કઈ રીતે આગળ વધવું તથા CA બન્યા પછી કયા કયા ફિલ્ડમાં જઈ શકીએ તે વિશેની માહિતી આપી હતી અને એમની ટીમ દ્વારા બાળકોને પ્રશ્નોત્તરી જેવી રમત રમાડીને બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમમાં શાળાના ચેરમેન શ્રી પ્રીતમભાઈ ઠક્કર, મેનેજિંગ ડાયરેક્ટર શ્રી મનોજભાઈ ઠક્કર ખાસ ઉપસ્થિત રહ્યા હતા તેમજ શાળાના શિક્ષિકા બહેનો પણ ઉપસ્થિત રહ્યા હતા. આભારવિધિ અદિતિબેન દ્વારા કરવામાં આવી હતી.

## માનવ જ્યોત – ભુજ

### માનવ જ્યોત દ્વારા ૫૦૦ પરિવારોને રાશન કીટ વિતરણ કાર્યનો પ્રારંભ કરાયો

કાળઝાળ મોંઘવારીમાં પીસાતા અનેક પરિવારો એક સાંધે ત્યાં તેર તૂટે એવી પરિસ્થિતિમાં જીવતા અને ભૂંગા - ઝુંપડા - કાચા મકાનોમાં રહેતા પરિવારોને ભુજની માનવ જ્યોત સંસ્થા દ્વારા પાંચ કિલો ઘઉંનો લોટ તથા પાંચ કિલો ચોખા સાથેની રાશનકીટ પહોંચાડવાના કાર્યનો આરંભ કરાયો હતો. ભુજના જુદા જુદા વિસ્તારોમાં જરૂરતમંદ પરિવારોનાં ઘર સુધી જઈ સંસ્થાના કાર્યકરોએ હાથોહાથ રાશનકીટ વિતરણકરી હતી. ગરીબ પરિવારોએ ખુશી વ્યક્ત કરી સંસ્થાને આશિર્વાદ પાઠવ્યા હતા.

માનવજ્યોતના કાર્યકરોએ જુદા જુદા વિસ્તારોમાં વિતરણ વ્યવસ્થા સંભાળી હતી.

### અંકલેશ્વરની ગુમ મહિલાને ઘર-પરિવાર શોધી અપાયા

અંકલેશ્વરની યુવાન મહિલા આબેદાબાનુ બસીરખાન પઠાણ (ઉં.વ. ૩૦) ગુમ થતાં પરિવારજનોએ તેને શોધી કાઢવા રાત-દિવસ એક કરી દોડધામ કરી હતી. અંકલેશ્વરમાં ગુજરાત હાઉસિંગ બોર્ડના મકાનોમાં રહેતી આ મહિલાના લગ્ન થયા હતા પણ લગ્નજીવન ઝાઝું ચાલ્યું નહીં. તલાક થતાં જ તેણે માનસિક સમતુલા ગુમાવી હતી. ભાઈઓનાં ઘરેથી તે અચાનક ગુમ થતાં પરિવાર ચિંતાતુર બન્યો હતો.

રખડતી - ભટકતી તે પોપટભાઈ ફાઉન્ડેશન - આણંદમાં પહોંચી હતી. ત્યાં તેની ખૂબ જ સારી સારવાર થઈ. તેને માનવજ્યોત સંસ્થા - ભુજ દ્વારા સંચાલિત શ્રી રામદેવ સેવાશ્રમ પાલારા - કચ્છ મધ્યે લઇ આવવામાં આવેલ.

આશ્રમનાં સામાજિક કાર્યકર રીતુબેન વર્માએ અંકલેશ્વર પોલીસનો સંપર્ક કરી માત્ર ૭ દિવસમાં તેનું ઘર અને પરિવાર શોધી કાઢ્યા. તેના બંને ભાઈઓ તાબડતોબ ભુજ આવી પહોંચ્યા હતા. પરિવારની યુવાન મહિલાનો કબજો લઇ ખુશી અનુભવી રહેલા મુસ્લિમ પરિવારે માનવ જ્યોત સંસ્થા - ભુજની કામગીરીની પ્રશંસા કરી હતી.

મહિલાને ઘર છોડે ત્રણ મહિના થઈ ચૂક્યા હતા. છતાં મહિલા હેમખેમ મળી આવતાં પરિવારે આનંદ વ્યક્ત કર્યો હતો. માનવતાનાં આ કાર્યમાં અનેક કાર્યકરો સહભાગી બન્યા હતા.

## શ્રી રામદેવ સેવાશ્રમ - પાલારા, કચ્છ

### ૩ માસનાં પુત્રને મૂકી ઘર છોડનાર મહિલા ૧૩ વર્ષ પછી મળી આવી. પતિ-પત્નીનું થયું મિલન. પતિ-પત્નીએ એકબીજાને હારારોપણ કરાવી મીઠું મોઢું કરાવ્યું

બિહારનાં બગુસરાઈ વિસ્તારની યુવાન મહિલા ગૌતમકુમારી (ઉં.વ. ૩૦) અચાનક ગુમ થતાં પરિવારજનોએ તેની સતત શોધ ચલાવી હતી. તે રખડતી - ભટકતી વર્ષ ૨૦૨૨માં બાયડના જય અંબે મંદબુદ્ધિ મહિલા સમાજ સેવા ટ્રસ્ટ આશ્રમ મધ્યે પહોંચી હતી. જ્યાં આશ્રમનાં સંચાલકો અને કાર્યકરોએ તેની ખૂબ જ સંભાળ રાખી સારી સારવાર કરાવી હતી.

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ભુજનાં સિનિયર પેરાલીગ વોલન્ટિયર પ્રબોધ મુનવરના માર્ગદર્શન હેઠળ માનવ જ્યોત સંસ્થાનાં સામાજિક કાર્યકર રીતુબેન વર્મા તેને બાયડથી શ્રી રામદેવ સેવાશ્રમ પાલારા - કચ્છ મધ્યે લઇ આવી, ભુજની માનસિક

આરોગ્યની હોસ્પિટલનાં મનોચિકિત્સક ડોક્ટરશ્રીઓ પાસેથી સારવાર કરાવતાં તે સ્વસ્થ બની હતી. રીતુબેન વર્માએ બિહાર પોલીસનો સંપર્ક કરી તેનું ઘર અને પરિવાર શોધી કાઢ્યા. તેનો પતિ જીતેન્દ્રકુમાર તેને તેડવા તાબડતોબ ભુજ પહોંચ્યો હતો. તેના જણાવ્યા મુજબ તેને એક દીકરી અને દીકરો છે. પુત્ર ૩ મહિનાનો હતો ત્યારે ગૌતમકુમારીએ ઘર છોડ્યું. બાળકને ઉછેરવાની જવાબદારી પિતા ઉપર આવી પડી. પત્નીની ગેરહાજરીમાં પિતાએ દીકરીનાં પણ લગ્ન કર્યા. ગૌતમકુમારી ગુમ થયાને ૧૦ વર્ષ વિતતાં જ પરિવારજનોની સલાહ મુજબ તેને મૃત ઘોષિત કરી તેનું સરામણું કરી નાખવામાં આવ્યું. આખરે ૧૩ વર્ષ પછી ગૌતમકુમારી જીવિત મળી આવતાં પરિવારમાં બેવડી ખુશી છે.

તેનો પુત્ર ૧૩ વર્ષનો જ્યારે પોતે ૪૩ વર્ષની થઈ ચૂકી છે. પતિ-પત્નીનું ૧૩ વર્ષ પછી મિલન થતાં બંનેની આંખોમાં અશ્રુનો ધોધ વહ્યો હતો. માનવ જ્યોતનાં આશ્રમની માનસિક દિવ્યાંગ મહિલા પણ તેને ભેટીને ઘરે પરિવાર પાસે જવા વિદાય આપી હતી. પતિ-પત્નીએ એકબીજાને હારતોરા કરી મીઠું મોઢું કરાવી હવે પછીની જિંદગી સાથે જીવવાનો એકબીજાને કોલ આપ્યો હતો. માનવતાના આ કાર્યમાં અનેક સેવાભાવી લોકોએ સહકાર આપ્યો હતો.

## કવિ કલાવૃંદ સંસ્થા - ભુજ

કવિ કલાવૃંદ સાહિત્ય સંસ્થાના ઉપક્રમે કાવ્ય પઠન સાથે સાહિત્યિક ગોષ્ઠિની બેઠક દિલીપ આચાર્ય 'દિલકશ'ના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવેલ હતી. જેમાં કચ્છી અને ગુજરાતી કાવ્ય પઠન કરવામાં આવેલ. જેમાં કચ્છ અને બૃહદ્ કચ્છના કવિઓની રચનાઓ ગ્રુપ સભ્યની વાંચન-વિવેચન સાથે મૂલ્યાંકન, વિચાર વિમર્શ કરવામાં આવેલ હતો. આ પ્રસંગે અનેક કવિઓની રચનાઓનું વાંચન અને પઠન કરવામાં આવેલ હતું. અનેક કાર્યકરોએ કાર્યક્રમને સફળ કરવામાં સહયોગ આપ્યો હતો.

## ભુજના યુવાને પિતાને અનોખી અંજલી આપી



ડૉ. મિહિર એમ. વોરા

પોતાના પિતા સ્વ. મહાભાઈ રૂષિકાંત વોરાના અવસાન પછી તેમને અંજલી આપવા માટે ભુજના યુવા લેખક મિહિર મહાભાઈ વોરાએ સ્વનિર્ભર લેખક અને સ્વનિર્ભર પ્રકાશન હેઠળ પોતાની માતાના નામ સાથે – મિહિર જાગૃતિ વોરાના નામ સાથે આ પુસ્તકો લખવાની શરૂઆત કરી હતી.

કુલ ૩ ભાષા જેમાં ગુજરાતી, હિંદી અને અંગ્રેજી ભાષામાં સાહિત્યના દરેક પુસ્તક ઓછામાં ઓછા ૪૦ પાનાનાં દરેક વિષય જેવા કે બાળ સાહિત્ય, ટૂંકી વાર્તા, નવલિકા, નિબંધ, વિવેચન, કલા, વિજ્ઞાન, સંગીત, લોક સાહિત્ય, શિક્ષણ, ધાર્મિક સાહિત્ય, પશુ-પક્ષી વિજ્ઞાન, સામાન્ય જ્ઞાન, ભારતની આઝાદીનો ઈતિહાસ, ભૂગોળ, સામાજિક પ્રશ્નો, ભારત - ગુજરાત - કચ્છની સંસ્કૃતિ, રસોઇ વિજ્ઞાન, ભારત - ગુજરાત - કચ્છના જાણીતા વ્યક્તિ વિશેષ, પ્રવાસનના અલગ અલગ રંગીન ચિત્રો સહિત કુલ ૧૭૦ પુસ્તકો આઈ.એસ.બી.એન. નંબર સાથે આંતરરાષ્ટ્રીય ભારતીય પ્રકાશન નોશન પ્રેસ ચેન્નાઇ અને પેન્સિલ પ્રકાશન - મુંબઈ હેઠળ પ્રકાશિત કર્યા છે. નોશન પ્રેસ એ ચેન્નાઈમાં અને પેન્સિલ પ્રકાશન મુંબઈમાં ભારતીય સ્વ-પ્રકાશન કંપની છે. આ તમામ પુસ્તકોનું વિમોચન લેખકે જાતે સ્વનિર્ભર કરીને સાહિત્ય જગતમાં એક નવી પહેલને આવકાર આપ્યો છે અને યુવા લેખકે જણાવ્યું છે કે પુસ્તક પ્રકાશન અને તેના વિમોચનનો જે ખર્ચો થાય છે તેને પોતાના પુસ્તક વિતરણમાં કરવાથી લેખકને મોટો ફાયદો થાય તેમ છે. આ તમામ પુસ્તકોની પ્રિન્ટ કોપી અને ડિજિટલ ઇ-કોપી તમામ વાચકો માટે નોશન પ્રેસ, એમેઝોન, ફ્લિપકાટ, પેન્નસિલ, શોપસી, ઇ-બે જેવી ઓનલાઇન બજાર ઉપર રાહત દરે ઉપલબ્ધ છે. તમામ સાહિત્યપ્રેમી લોકો આ પુસ્તકોનો લાભ લે તેવી લેખકે અપીલ કરી છે.

## ફિઝીયોથેરાપી ડોક્ટર બનવા માટે સ્પેશિયલ સ્કીમ

***ભુજમાં ચાણક્ય કોલેજ ઓફ ફિઝીયોથેરાપીના જૈન ટ્રસ્ટીશ્રીઓ દ્વારા સ્પેશિયલ સ્કીમ :*** પહેલા ડૉક્ટર બનો, પૈસા પછી હપ્તેથી ચૂકવો.

સમગ્ર કચ્છ, ગુજરાત અને ભારતના સાયન્સ સ્ટ્રીમના જૈન બાળકો જો ઇચ્છે તો ડૉક્ટર બનીને પોતાની સર્વશ્રેષ્ઠ કારકિર્દી બનાવી શકે, વગર પૈસે.

ધ તક્ષશિલા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત ભુજ અને કચ્છની એકમાત્ર કોલેજ ચાણક્ય કોલેજ ઓફ ફિઝીયોથેરાપીના જૈન ટ્રસ્ટીશ્રીઓએ ૧૨ સાયન્સ બાયોલોજી સબ્જેક્ટ સાથે પાસ આઉટ કચ્છ, ગુજરાત અને સમગ્ર ભારતના દીકરા-દીકરીઓ માટે પૂરા ૪ વર્ષ અને ૬ મહિનાના ફિઝીયોથેરાપીસ્ટ કોર્સ દરમિયાન એક પણ રૂપિયો ફી લીધા વગર ડૉક્ટર બનવાનું સ્વપ્ન પૂરું કરી શકે એવું નક્કી કર્યું છે.

ફિઝીયોથેરાપી ટ્રીટમેન્ટ હવે ખૂબ વિસ્તાર પામી છે. સ્પોર્ટસ, ન્યુરો, ઓર્થો, કાર્ડિયો, પીડિયા જેવા અનેક એરિયામાં પોતાનું નોલેજ ઉપરાંત રોબોટીક્સ જેવા અનેક લેટેસ્ટ ગેજેટ્સ સાથે આશ્ચર્યજનક સફળતાના પરિણામ પ્રાપ્ત થઈ રહ્યા છે.

વિદેશમાં જે અત્યંત ઉચ્ચ માન મેળવી રહી છે અને દિન-પ્રતિદિન ભારતમાં જેનું ભવિષ્ય ખૂબ જ ઝડપથી ઉજ્જવળતાપૂર્વક વિસ્તરી રહ્યું છે એવી ફિઝીયોથેરાપીસ્ટની ડિગ્રી મેળવી, સામાજિક પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી, લોકોની સેવા કરવાના ઉમદા ધ્યેય સાથે પોતાનું સ્વતંત્ર ક્લિનિક સ્ટાર્ટ કરી શકાય છે.

દીકરી કે દીકરો પોતાનું ક્લિનિક સ્ટાર્ટ કરી, આત્મનિર્ભર બનીને પોતાની આવકમાંથી પોતાની ફી વગર વ્યાજના સાવ નાનકડા સરળ માસિક હપ્તામાં ભરી શકે છે.

માતા-પિતા પર એક પણ રૂપિયાનો આર્થિક બોજો આપ્યા વગર ડૉક્ટર બનવાનું સ્વપ્ન પૂરું કરી, પોતે આત્મનિર્ભર બની લોકોની સેવા કરી દેશને સ્વસ્થ અને મજબૂત બનાવવા આ નવતર સંકલ્પનો લાભ લેવા જૈન જ્ઞાતિના બાળકો અને એમના માતા-પિતાને વિચારવા જેવું છે.

***આ યોજનાની વધુ માહિતી માટે સંપર્ક :***

***ડૉ. વિજયભાઈ***

***મો. ૯૯૭૮૧ ૧૨૭૭૧, ૭૯૮૫૧ ૩૪૪૩૪***

હાલ, જૈનો માટે રીઝર્વ સીટ પર એડમિશન લેવા ઇચ્છુક વાલી તાત્કાલિક સંપર્ક કરે.

## યુવા અનસ્ટોપેબલ (ટ્રસ્ટ) દ્વારા આકાશ સંસ્થા - આંબાવાડી શાખામાં ૧૧ અને ૧૨ (JEE અથવા NEET) માટે કોચિંગ

**પસંદગીના માપદંડ :**

૧. ૧૦મા ધોરણની ટકાવારી ૮૦%થી વધુ હોવી જોઈએ.
૨. પરિવારની વાર્ષિક આવક રૂપિયા ૩ લાખ કરતાં ઓછી.
૩. ૧ મહિનાનું વીજળીનું બીલ રૂા. ૧,૦૦૦/- કરતાં ઓછું હોવું જોઈએ.

**પસંદગી પ્રક્રિયા :**

★ *પગલું-૧ :* ઇન્ટરવ્યુની પસંદગી માટે ફરજિયાત દસ્તાવેજો પ્રદાન કરો.

★ *પગલું-૨ :* Yuva દસ્તાવેજોની ચકાસણી કરશે અને તેમને ઇન્ટરવ્યુ માટે પરવાનગી આપશે.

★ *પગલું-૩ :* પસંદગી પછી તે ભરવા માટે ફોર્મ શેર કરશે.

★ *પગલું-૪ :* એકવાર યુવા ફોર્મ દ્વારા વિગતો મેળવે પછી નોંધણીની પ્રક્રિયા કરાશે.

**દસ્તાવેજોની સૂચિ :**

૧. વિદ્યાર્થીનો પાસપોર્ટ સાઇઝનો ફોટો (JPG ફોર્મેટ)
૨. વિદ્યાર્થીનું આધાર કાર્ડ (JPG ફોર્મેટ)
૩. વાર્ષિક આવક પ્રમાણપત્ર (JPG ફોર્મેટ)
૪. વીજળીનું બીલ એપ્રિલ-૨૦૨૩થી જૂન-૨૦૨૩ વચ્ચેનો કોઈપણ મહિને (માસિક બીલ રૂા. ૧,૦૦૦/-થી વધુ ન હોવું જોઈએ) (JPG ફોર્મેટ)
૫. ૧૦મા ધોરણની માર્કશીટ (JPG ફોર્મેટ)
૬. ઘરના ૩ ફોટા : ઘરની બહાર, ઘર અને રસોડાની અંદર (PDF ફોરમેટ)

***વધુ વિગત માટે કોલ કરો : ૯૨૮૯૪ ૯૦૧૦૨, ૯૨૮૯૮ ૨૮૦૪૮***

## લઘુકથા : આપણી ગણતરી પણ...

હું એકવાર શહેરથી ઘરે આવી રહ્યો હતો. ગામની ગાડી મળી નહીં એટલે હાઈવે પર પડતા એક ગામે ઉતર્યો. સામાન્ય રીતે કોઈ પણ સ્ટેન્ડ પર લોકોની અવર-જવર, પાણીની પરબ, પંક્ચરની દુકાનો, ગલ્લા વગેરે હોય. દિવસ ઉગે ત્યારથી રાત્રે સોપો પડે ત્યાં સુધી સ્ટેન્ડ ધમધમ્યા કરે. ઢોર-ઢાંખર અને કૂતરાનો પડાવ તો ખરો જ. ઘરે પાળેલા કૂતરા કરતાં સાર્વજનિક સ્થળે રહેતાં કૂતરાનો સ્વભાવ અને સ્વરૂપ થોડાં અલગ તરી આવે. કોઈ ભસવામાં પાવરધો તો કોઈ ખાવામાં માહેર હોય. તો કોઈ વળી રોડ પર ચાલતા વાહનોને સળી કરવામાં આનંદ અનુભવે છે. મજાક કરતાં કરતાં ક્યારેક રામેય રમી જાય!

પુણ્ય થશે એવી આસ્થા સાથે ઘણીવાર સ્થાનિકો અને બીજા વટેમાર્ગુઓ કૂતરાને ખાવા માટે બિસ્કીટ નાખતા હોય છે. હું પણ આજે એવા જ એક સ્ટેન્ડ પર ઉતર્યો હતો. ત્યાં રાખેલા બાંકડા પર જેવો બેસવા ગયો એવો તરત જ એક કૂદરો મારી પાસે આવ્યો અને ઉંઉંહૂં... ઉંઉંહૂં... કરવા લાગ્યો. મને ખબર પડી ગઈ કે નક્કી બિસ્કીટ ખાવા માટે આમ કરે છે. મેં દુકાનેથી બિસ્કીટના બે પડીકા લીધા. ધૂળમાં ન ખાય એટલે બાંકડા પર નાખ્યા. આ જોઈને બીજા બે-ત્રણ મોટા કૂતરા અને નાના ગલુડિયા પણ આવ્યા. કૂતરાની જાત ખરીને! સંગ કાશીએ ન જાય એમ ઝઘડવા લાગ્યા. એવામાં બીજો એક કૂતરો ત્યાં આવ્યો. જીર્ણ થઈ ગયેલું શરીર, ચામડી પર દેખાતી મોટી મોટી કરચલીઓ પરથી લાગી રહ્યું હતું કે ઉંમર ડોકિયું કરી રહી છે. ધીમી પણ મક્કમ અને રૂવાબદાર ચાલ! જાણે કોઈ મોટો લાટસા'બ હોય એમ ઝઘડી રહેલા કૂતરાને જાણે કહી રહ્યો હતો, 'શરમ નથી આવતી? ઝઘડવાનું બંધ કરો... લોકો જુએ છે. પછી આપણી ગણતરી પણ...'

વાત નહિં માનો! કૂતરા પોતપોતાનાં બિસ્કીટ લઇને વેરવિખેર થઈ ગયા. હું ફાટી આંખે એ દૃશ્ય જોઈ રહ્યો...

***કેશવ સુથાર***
***મુ.પો. વાઘાસણ, તા. થરાદ, જિ. બનાસકાંઠા, ગુજરાત-૩૮૫ ૫૬૬. મો. ૯૬૨૪૬ ૬૪૩૭૯***

## NanoNine® શબ્દ રમત-૧૯૭

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ■ | ૪ | | ૫ | | ■ | ૬ | ૭ |
| ૮ | | | ■ | ૯ | | ■ | | ■ | ૧૦ | | |
| | ■ | ૧૧ | ૧૨ | | ■ | ૧૩ | | ૧૪ | ■ | ૧૫ | ■ |
| ■ | ૧૬ | ■ | ૧૭ | | | | ■ | ૧૮ | ૧૯ | | ■ |
| ૨૦ | | ૨૧ | | ■ | ■ | ૨૨ | | ■ | | ■ | ૨૩ |
| ૨૪ | | | ■ | ૨૫ | | | ■ | ૨૬ | | ૨૭ | |
| | ■ | ૨૮ | ૨૯ | | ■ | ■ | ૩૦ | | ■ | ૩૧ | |
| ૩૨ | | ■ | ૩૩ | | | ■ | ૩૪ | | ■ | ■ | ■ |
| | ■ | ૩૫ | | ■ | ■ | ૩૬ | | ■ | ■ | ■ | ૩૭ |
| ■ | ૩૮ | ■ | ■ | ૩૯ | | | ■ | ૪૦ | ૪૧ | ૪૨ | |
| ■ | ૪૩ | ૪૪ | | | ■ | ■ | ■ | ૪૫ | ૪૬ | ૪૭ | ■ |
| ૪૮ | | | ■ | | ■ | ૪૯ | | ■ | ૫૦ | | |

શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મો. ____________________

*આપશ્રીના જવાબો તા. ૩૧-૦૮-૨૦૨૩ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલાવવા વિનંતી.*

### આડી ચાવીઓ

૧. કાપડ વેચનારો (૪)
૪. ઘરેણું, શણગાર (૪)
૬. સોગન, સરખું, સમાન (૨)
૮. મુખ, મોં, ચહેરો (૩)
૯. મદમાતું, ઉન્મત્ત (૨)
૧૦. ખેલ, ક્રીડા (૩)
૧૧. પહોંચ, પાવતી (૩)
૧૩. ચહેરો ઢાંકવાનું જાળીવાળું કપડું (૩)
૧૭. કમઅક્કલ, મૂર્ખ, મૂર્ખતા (૪)
૧૮. લીંપણ, જમીન ઉપર કરેલ છાણ-માટીનો લેપ (૩)
૨૦. નિરંતર, સતત (૪)
૨૨. વાણિયાઓમાં એક અટક (૨)
૨૪. યાદીના કાગળોની નોંધ, રજિસ્ટર (૩)
૨૫. હિંદુઓનો મોટો તહેવાર (૩)
૨૬. ધીમી ગતિ (૪)
૨૮. નારી, સ્ત્રી, વનિતા (૩)
૩૦. બળવો, બગાવત, વિદ્રોહ (૨)
૩૧. હિંદુ મહિનાનો દિવસ, મિતિ, સંવત્સરીનો દિવસ (૨)
૩૨. નુકસાન, હાનિ (૨)
૩૩. રસોડામાં ગરમ વાસણ પકડવાનું કપડું (૩)
૩૪. ઉડતી વાત, અફવા (૨)
૩૫. રહેવા ખાવાની સગવડ આપતું સ્થાન, વીશી (૨)
૩૬. પાણી પીવાનો ગ્લાસ (૨)
૩૯. રજોગુણ, રજ (૩)
૪૦. શંખનો અવાજ (૪)
૪૩. રાત્રે ક્યાંક મુકામ કરવો તે (૪)
૪૫. સંદેશો લાવનાર - લઈ જનાર, ખેપિયો (૩)
૪૮. કપડાં વણનાર વણકર (૩)
૪૯. સ્વામી, માલીક (૨)
૫૦. મોત, મૃત્યુ (૩)

### ઊભી ચાવીઓ

૧. ખભે બોજો ઉપાડવાની તુલા, શ્રાવણ માસમાં ______ યાત્રા કરવામાં આવે છે (૩)
૨. હોદ્દો, દરજ્જો (૨)
૩. સાંજનું ભોજન (અં) (૩)
૪. આથમવું તે, પડતી, નાશ, મરણ (૨)
૫. કાતરવાનું ઓજાર, કપડું કાપવા વપરાય (૩)
૬. અક્કલ, જ્ઞાન, ડહાપણ (૪)
૭. અભિપ્રાય, 'વોટ' (૨)
૮. એક વિશાળ વૃક્ષ (૨)
૯. સહાય, કુમક (૩)
૧૨. અધરણી (૩)
૧૩. બુદ્ધિવાળું, અક્કલવાળું (૪)
૧૪. ઓરડી (૨)
૧૫. આદમી, વ્યક્તિ (૨)
૧૬. શુદ્ધ, પાવન (૩)
૧૯. ગમતું, પસંદગી, રૂચિ (૩)
૨૦. નઠારું લક્ષણ, દુરાચરણ (૫)
૨૧. ગણિતના દાખલાની સંખ્યા (૩)
૨૩. મહેમાન, પરોણો (૩)
૨૫. આશ્વાસન, ધીરજ (૩)
૨૬. માંડવો, સામિયાનો (૩)
૨૭. ચાલ, ઝડપ (૨)
૨૯. નાની હરડે (૩)
૩૦. આધુનિક સુખ-સગવડવાળું મકાન (૩)
૩૬. તરસ (૨)
૩૭. અવાજ, ઘાંટો, સૂર (૨)
૩૮. ડાંગર વગેરે અનાજનું પોચું ઘાસ, લોખંડનો દસ્તો (૩)
૩૯. શરીર ઉપર ઉપસી આવેલી ગાંઠ (૩)
૪૦. શક, વહેમ (૨)
૪૧. પતિ, ધણી, વર (૩)
૪૨. અસાધારણ, ઉત્તમ (૩)
૪૩. ઝટ સળગી ઉઠે તેવો પદાર્થ (૨)
૪૪. નાનો તવો (૨)
૪૬. સોગંદ, સરખું (૨)
૪૭. પ્રાણીએ જમીનમાં રહેવા કરેલું છિદ્ર, કિંમત (૨)

*ડિલીટ જેટલું જલ્દીથી થઈ શકે છે,*
*ડાઉનલોડ તેટલું જલ્દી થતું નથી;*
*કેમ કે સર્જનમાં સમય લાગે છે,*
*વિસર્જનમાં નહીં.*
*પછી ચાહે તે એપ્લીકેશન હોય*
*કે સંબંધ.*

## NanoNine® શબ્દ રમત-૧૯૬નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| જ | ગ | તિ | યું | | પ | મ | રા | ટ | ■ | સ | ■ |
| મ | મ | રા | ■ | પ | ટ | રા | ણી | ■ | ના | ન | મ |
| નો | ■ | ડ | ફો | ળ | | મ | ■ | ડ | ગ | મ | ગ |
| ત્રી | જ | | ર | ■ | સં | ત | રા | મ | ■ | ■ | ■ |
| | સ | તા | મ | ણી | ■ | ■ | સ | રો | વ | ર | ■ |
| કો | ત | ર | | ■ | અ | સ | લી | | ■ | ■ | એ |
| ત | | ણ | ■ | ખુ | દા | તા | લા | ■ | ■ | ચ | લ |
| ર | | હા | ■ | ■ | કા | મ | ■ | ત | બ | લ | ચી |
| કા | ચ | ર | ■ | વ | ર | ણી | ■ | ક | ળ | ણ | ■ |
| મ | મ | ■ | અ | ખા | ■ | ■ | ક | લા | ■ | ■ | ર |
| | ■ | મ | ક | ર | ■ | બા | લ | દી | ■ | રાં | ક |
| શ | ત | દ | લ | ■ | આ | લ | મ | ■ | ■ | ■ | મ |

*જૂન-૨૦૨૩ના અંકમાં છપાયેલ નેનો શબ્દ-રમત ૧૯૫ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

| | | |
|---|---|---|
| ૧. સરલા શાહ | – | અમદાવાદ |
| ૨. દમયંતી દંડ | – | અમદાવાદ |
| ૩. જ્યોતિ શાહ | – | અમદાવાદ |
| ૪. સ્મિતા શાહ | – | અમદાવાદ |
| ૫. ચંદ્રા શાહ | – | અમદાવાદ |
| ૬. લક્ષ્મી ખત્રી | – | અમદાવાદ |
| ૭. અરવિંદ ભટ્ટ | – | અમદાવાદ |
| ૮. યેશા મહેતા | – | અમદાવાદ |
| ૯. ઈન્દુબેન પટેલ | – | અમદાવાદ |
| ૧૦. તૃપ્તિ સાવલા | – | અમદાવાદ |
| ૧૧. હસમુખ દેઢિયા | – | અડાલજ |
| ૧૨. ધનલક્ષ્મી મોતા | – | મુંબઈ |
| ૧૩. પ્રભા શેઠિયા | – | વલસાડ |
| ૧૪. હેતલ શાહ | – | નાગપુર |
| ૧૫. મણિલાલ રૂઘાણી | – | પોરબંદર |
| ૧૬. કંચનબેન મોરબિયા | – | ભુજ |

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારમાંથી લક્કી ડ્રૉ કરતાં એક વિજેતાનું નામ નીચે પ્રમાણે છે. તેમણે પોતાનું ઈનામ સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

મણિલાલ રૂઘાણી – પોરબંદર

## મુખ મેં રામ બગલમેં છુરી

કોઈને ન્યાય કરવામાં કોઈ નિર્દોષને અન્યાય થાય છે
ક્ષમતા ક્યાં જોવાય છે, લાગવગથી લાઈકિંગ નક્કી થાય છે.

શું છે સત્ય કે અસત્ય શું બધું ચલાવી લેવાય છે
ખંજર મારી પીઠ પાછળ, મિત્ર સ્વાર્થી થાય છે.

ફક્ત રામ નામ જપવાથી વાલ્મિકી ક્યાં બનાય છે,
મુખ મેં રામ બગલમેં છુરી, કહેવત એમ જ ક્યાં રચાય છે.

કોઈના કહેવાથી કોઈને જજ અહીં કરાય છે,
કલીયુગમાં કર્ણ જેવા દોસ્તથી ક્યાં મળાય છે.

કરી લો દોસ્ત, ઈર્ષા-અદેખાઈ, કાવતરું 'નેહ' વિરૂધ્ધ
વાંધો નથી તમારી સાથે, ઈશ્વરથી હિસાબ રખાય છે.

***નેહા શાહ 'નેહ'***

## મેહુલો

પૂરી રંગતમાં આજ
ખીલ્યા છે મેઘરાજ
છે વરસાદનો માહોલ જરા
બહાર તો આવો
વહેતું પાણી ખળખળ
ઉતરી આવ્યું ગલીમાં
છે જોયા જેવો ખેલ જરા બહાર
તો આવો
મેઘ કરે ગર્જનાને
ચમકી જાય છે વીજળી
આજ જામ્યો છે તાલ-મેલ જરા
બહાર તો આવો
તૃપ્ત થઈ ગઈ તરસી ધરા
ને આવી માટીની મહેક
માગ્યો કળશો આપી હેલ જરા
બહાર તો આવો
ટહુકા ઉપર ટહુકા કરી
થનગન નાચે મોર
ને આજે રંગતે ચડી છે ઢેલ જરા
બહાર તા આવો

***મણિલાલ ડી. રૂઘાણી - રાણાવાવ (પોરબંદર)***

***વાંક લીમડાનો નથી કે એ કડવો છે, પરંતુ જીભને મીઠાશ જ ગમે છે,***
***સંબંધોની માયાજાળમાં એક સંબંધ લીમડા જેવો રાખવો,***
***શિખામણ કડવી આપે પણ તકલીફમાં ઠંડો છાયડો પણ આપે.***

## NanoNine® Sudoku

**જૂન-૨૦૨૩ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૫૩ના બધા સાચા ઉકેલ મોકલનારનાં નામ**

૧. જીયા સંઘવી – અમદાવાદ
૨. જ્યોતિ શાહ – અમદાવાદ
૩. નયના કારાણી – અમદાવાદ
૪. પ્રતાપસિંહ ચૌહાણ – અમદાવાદ
૫. સનત મહેતા – અમદાવાદ
૬. અરવિંદ ભટ્ટ – અમદાવાદ
૭. કેશા મહેતા – અમદાવાદ
૮. યેશા મહેતા – અમદાવાદ
૯. ઈંદુબેન પટેલ – અમદાવાદ
૧૦. સ્મિતા શાહ – અમદાવાદ
૧૧. ચંદ્રા શાહ – અમદાવાદ
૧૨. મિતેશ દેઢિયા – અમદાવાદ
૧૩. કામિની શેઠ – અમદાવાદ
૧૪. કિશોર મહેતા – અમદાવાદ
૧૫. ભાગ્યવંતી મહેતા – અમદાવાદ
૧૬. હેમલતા દેઢિયા – અડાલજ
૧૭. પ્રભા શેઠિયા – વલસાડ
૧૮. ચારૂ સંઘવી – માંડવી
૧૯. કાવ્યા શાહ – નાગપુર

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રો અનુસાર એક વિજેતાનું નામ નીચે જણાવેલ છે. તેમણે પોતાનું ઈનામ પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

**પ્રતાપસિંહ ચૌહાણ – અમદાવાદ**

## NanoNine® Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

*સુડોકુ ક્રમાંક-૧૧૫૫અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૧-૦૮-૨૦૨૩ સુધીમાં મોકલી આપવા વિનંતી.*

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મોબાઈલ : ____________________

### ક્રમાંક - ૧૧૫૫

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | 5 | | | | 4 | | | 6 |
| 3 | | | 9 | | 1 | 2 | | 8 |
| | 8 | | 5 | 2 | | 9 | | |
| | | 6 | | 9 | | 4 | | 7 |
| | | | | 4 | | | | |
| 1 | | 5 | | 8 | | 3 | | |
| | | 7 | | 5 | 6 | | 9 | |
| 2 | | 8 | 7 | | 9 | | | 3 |
| 5 | | | 4 | | | | 6 | 2 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | | | | 6 | 7 | | | 8 |
| | | 5 | | 4 | | | 1 | |
| 7 | 4 | | 8 | | 1 | 5 | | |
| | 6 | 2 | | | | | 5 | |
| | | 1 | 2 | 5 | 6 | 7 | | |
| | 5 | | | | | 9 | 6 | |
| | | 9 | 4 | | 8 | | 3 | 6 |
| | 2 | | | 7 | | 1 | | |
| 3 | | | 6 | 9 | | | | 5 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | | | | | 6 | | 1 | 5 |
| 3 | | 5 | | 4 | | 8 | | |
| | | | 1 | | 5 | 2 | | 9 |
| | 3 | 4 | 2 | | 7 | | | |
| | 8 | | | 1 | | | 9 | |
| | | | 6 | | 8 | 1 | 3 | |
| 8 | | 7 | 3 | | 9 | | | |
| | | 3 | | 2 | | 6 | | 8 |
| 6 | 5 | | 8 | | | | | 3 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 6 | | | | | 7 | | |
| | | | 2 | | | | 1 | 8 |
| 1 | 4 | 7 | 6 | 9 | | | | |
| | 2 | 6 | 9 | 5 | | 4 | | |
| 3 | | | | 4 | | | | 1 |
| | | 1 | | 8 | 6 | 2 | 5 | |
| | | | | 6 | 3 | 1 | 7 | 2 |
| 7 | 3 | | | | 9 | | | |
| | | 5 | | | | | 4 | 3 |

### ઉકેલ : ક્રમાંક - ૧૧૫૪

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 1 | 4 | 2 | 7 | 5 | 9 | 3 | 8 |
| 2 | 7 | 3 | 9 | 6 | 8 | 5 | 1 | 4 |
| 8 | 9 | 5 | 4 | 1 | 3 | 2 | 6 | 7 |
| 9 | 5 | 1 | 8 | 4 | 2 | 3 | 7 | 6 |
| 7 | 6 | 8 | 1 | 3 | 9 | 4 | 5 | 2 |
| 3 | 4 | 2 | 6 | 5 | 7 | 1 | 8 | 9 |
| 5 | 8 | 9 | 3 | 2 | 6 | 7 | 4 | 1 |
| 1 | 3 | 6 | 7 | 9 | 4 | 8 | 2 | 5 |
| 4 | 2 | 7 | 5 | 8 | 1 | 6 | 9 | 3 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | 4 | 8 | 2 | 3 | 9 | 1 | 6 | 7 |
| 2 | 3 | 7 | 4 | 6 | 1 | 5 | 9 | 8 |
| 6 | 1 | 9 | 7 | 5 | 8 | 4 | 2 | 3 |
| 8 | 5 | 2 | 3 | 9 | 4 | 6 | 7 | 1 |
| 4 | 6 | 3 | 1 | 8 | 7 | 9 | 5 | 2 |
| 7 | 9 | 1 | 5 | 2 | 6 | 8 | 3 | 4 |
| 3 | 2 | 4 | 9 | 1 | 5 | 7 | 8 | 6 |
| 1 | 8 | 5 | 6 | 7 | 2 | 3 | 4 | 9 |
| 9 | 7 | 6 | 8 | 4 | 3 | 2 | 1 | 5 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 2 | 8 | 9 | 5 | 4 | 1 | 7 | 3 |
| 7 | 9 | 1 | 3 | 2 | 6 | 8 | 5 | 4 |
| 3 | 4 | 5 | 1 | 8 | 7 | 6 | 9 | 2 |
| 2 | 5 | 7 | 8 | 6 | 1 | 4 | 3 | 9 |
| 1 | 8 | 3 | 4 | 9 | 2 | 5 | 6 | 7 |
| 9 | 6 | 4 | 7 | 3 | 5 | 2 | 1 | 8 |
| 8 | 1 | 6 | 2 | 7 | 9 | 3 | 4 | 5 |
| 5 | 3 | 9 | 6 | 4 | 8 | 7 | 2 | 1 |
| 4 | 7 | 2 | 5 | 1 | 3 | 9 | 8 | 6 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 9 | 6 | 1 | 3 | 5 | 2 | 7 | 4 |
| 7 | 1 | 5 | 2 | 9 | 4 | 3 | 8 | 6 |
| 4 | 2 | 3 | 8 | 7 | 6 | 1 | 5 | 9 |
| 3 | 7 | 2 | 9 | 8 | 1 | 4 | 6 | 5 |
| 6 | 4 | 9 | 7 | 5 | 2 | 8 | 1 | 3 |
| 5 | 8 | 1 | 4 | 6 | 3 | 9 | 2 | 7 |
| 2 | 5 | 8 | 6 | 4 | 9 | 7 | 3 | 1 |
| 9 | 8 | 7 | 5 | 1 | 8 | 6 | 4 | 2 |
| 1 | 6 | 4 | 3 | 2 | 7 | 5 | 9 | 8 |

Nano 9 kitchenware in new avatar
NanoNine® INNOVATIVE KITCHENWARE
Bana De Life Aasaan!
Mfg By: Shree Balaji Metal Industries, Vasai.
: (+91) 88792 99950 | E: care@nanonine.in | W: www.nanonine.in
AHMEDABAD: Authorised Distributors: Devam Enterprises : M. 96385 21024, 97245 00513
MUMBAI: Authorised Distributors: Vasant Marketing: (+91) 98206 72501 / KK Associates: (+91) 93234 04736

# આંજો કાગર

આપશ્રી દ્વારા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મુખપત્ર 'મંગલ મંદિર'ને સાંઈઠ વર્ષ પૂર્ણ થતાં તેના પ્રગટ કરવામાં આવેલા ષષ્ઠી પૂર્તિ વિશેષાંકના કચ્છ વિશેના બીજા સંપુટમાં કચ્છ અંગે અભ્યાસપૂર્ણ અને ચિંતનશીલ પ્રગટ થયેલા લેખોમાંથી પ્રભાવશાળી લેખના લેખકોને વિશેષ પુરસ્કાર તથા પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા. એ સંદર્ભે મારા એ અંકમાં લેખને ત્રીજા નંબરે પસંદ કરી રોકડ પુરસ્કારનો ચેક તથા પ્રમાણપત્ર મળી ગયા છે. આ માટે આપશ્રીનો આભાર.

**'મંગલ મંદિર' દ્વારા કરાયેલ આ પ્રવૃત્તિ સરાહનીય અને અનુકરણીય છે. આ આયામમાં જાણીતા અને સમર્થ લેખકો પણ પુરસ્કૃત કરાયા છે, જે ખરેખર યોગ્ય છે. કેમકે એનાથી આવનારી પેઢીના લેખકોને પણ પ્રોત્સાહન મળશે.** કારણકે, જો નવોદિતો વચ્ચે આ આયામ હાથ ધરાય તો સરખા લેખો હોય પણ સમર્થ સર્જકોના લેખો પણ પસંદ કરવામાં આવ્યા અને પુરસ્કૃત કરવામાં આવ્યા એટલે એ જાણીતા અને નીવડેલા લેખકોના લેખ નવોદિતો વાંચે તો તેમને તેમાંથી પ્રેરણા મળે અને તે લેખના આધારે પોતાનું લેખન પણ સબળ બનાવી શકે અને તેમાંથી માર્ગદર્શન પણ મેળવી શકે.

**આપની આ પ્રવૃત્તિને હું આવકારું છું અને ભવિષ્યમાં પણ તે ચાલુ રાખશો એવી આશા છે. મારા લાયક કામકાજ ફરમાવશો.**

*નરેશ પ્રદ્યુમનરાય અંતાણી - ભુજ, કચ્છ*
*મો. ૯૯૯૮૨ ૨૦૪૭૮*

★

I personally feel that this Bopal Navneet Medical Center is the best Medical facilitator. The Doctors visiting are Senior & well experienced. Best medical facility for common, middle class people at very reasonable rate by expert doctors.

***Dushyant Shah - Ahmedabad***
***M. 99252 00176***

★

*My experience for Kutchhi Vishram Gruaj at Shahibaug :* ★ Good experience. ★ Nice Service. ★ Polite Staff. ★ Top cleanliness.

***Amit R. Doshi - Rajkot***
***M. 93274 91973***

આપશ્રી દ્વારા ચાલતા / ચલાવાતા શ્રી કચ્છી વિશ્રામ ગૃહ તથા જલારામ અન્નક્ષેત્રમાં આજે આવવાનો મોકો મળ્યો. પ્રથમ વખત આવ્યો. વ્યવસ્થા ઉત્તમ છે. ઓછા દરે રહેવાની તથા જમવાની વ્યવસ્થા જોઈ આનંદ થયો. ખરેખર જલારામ બાપાના મંત્રને સાર્થક થતાં જોઈ હર્ષ વ્યક્ત કરું છું.

***આર. એમ કોટેચા - જામનગર***
***મો. ૯૪૨૭૯ ૭૮૫૩૪***

★

It was a nice stay at your Kutchhi Samaj - Shahibaug. All the people were very co-operative and even the food was good along with the Service. Jai Jinendra.

***Rahul S. Shah - Chennai***
***M. 98840 43891***

★

જય જિનેન્દ્ર સાથે જણાવવાનું શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પર અમારા રોકાણના સમયે લીલીબેન ઠાકોરને કપડા ધોવા આપેલ. ભૂલમાં કપડાની અંદર પૈસા રહી ગયા હતા. અમે કર્મચારીને જાણ કરી તો અમને તરત અમારા રૂપિયા પરત મળી ગયા છે. રૂા. ૧૩,૫૦૦/- પૂરા પરત મળ્યા છે. સંસ્થાના કર્મચારીનો ખૂબ આભાર માનીએ છીએ. જય જિનેન્દ્ર.

***લાલજીભાઈ કાનજીભાઈ***
***મો. ૯૭૬૯૧ ૧૭૧૭૦***

★

मैं हंसराज धाकड अपनी माता के इलाज के लिये अहमदाबाद आया और डोक्टर साहब के यहां एक सज्जन मिले. उन्होंने मुझे ठहरने और रहने के लिये ***कच्छी विश्राम गृह*** रुकने के लिए सलाह दी. कच्छी जैन धर्मसाला में आकर ठहरने का अवसर प्राप्त हुआ. कच्छी जैन विश्राम गृह का स्टाफ सहयोगमें तत्पर रहता है. केन्टीनमें शुद्ध सात्त्विक भोजन मिला. जन हितमें कच्छी जैन समाजकी इस प्रकारकी सेवा मानवता के लिए आदर्श है. ***मैं कच्छी जैन समाज के प्रति मध्यप्रदेश के लोकसेवकों की और से आभार और कृतज्ञता प्रकट करता हुं. और सभी के लिए शुभकामना प्रेषित करता हुं.***

***कच्छी जैन समाज के बंधुओ को इंदोरमें किसी भी प्रकार की सेवा सहायता के लिए प्रतिबध्ध हुं. सर्वे भवन्तु सुखिनः***

*हंसराज धाकड, लोकसेवक - इंदोर (म.प्र.)*
*मो. ९३००६ ३०१११*

# દેશ-વિદેશ....



ચૌલા કુરૂવા

## દેશના સમાચાર

### નવા કુલપતિ

ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ હિમાંશુ પંડ્યાની કુલપતિ તરીકેની ટર્મ પૂર્ણ થઈ રહી છે. હવે નવા કુલપતિ મળી ગયા છે. યુનિવર્સિટીની સ્થાપનાના ૭૩ વર્ષે એક મહિલા કુલપતિ નિમાયાં છે. ડૉ. નીરજા ગુપ્તાની પસંદગી કરવામાં આવી છે. ડૉ. નીરજા ગુપ્તાની ગુજરાત યુનિવર્સિટીના નવા અને પહેલા મહિલાં કુલપતિ તરીકે નિમણુંક કરાઈ છે. તેઓ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આર.એસ.એસ.)નું સ્ટ્રોંગ બેકગ્રાઉન્ડ ધરાવે છે. તેઓ છેલ્લા ૨ વર્ષથી સાંચી યુનિવર્સિટીમાં કુલપતિ હતાં. *(તા. ૨૬-૦૬-૨૦૨૩)*

### બોલીવુડ

આગામી ૬ મહિના બોલીવુડ માટે અપેક્ષાઓથી ભરેલા છે. ક્રિસમસ સુધી ૧૭ મોટી ફિલ્મો રીલીઝ થશે. જેના પરથી એક્સપર્ટ ૨૫૦૦ કરોડના બિઝનેસનો અંદાજ લગાવી રહ્યા છે. આ દરમિયાન લગભગ તમામ મોટા સ્ટાર્સની ફિલ્મો છે. જુલાઈમાં 'રોકી ઑર રાની કી પ્રેમ કહાની'ની રીલીઝ સાથે શરૂ થયેલી આ સિરીઝ રાજકુમાર હીરાની અને શાહરૂખ ખાનની ફિલ્મ 'ડંકી' સાથે ૨૨ ડિસેમ્બર સુધી ચાલશે. *(તા. ૦૨-૦૭-૨૦૨૩)*

### જૈન સંઘ દ્વારા સેવા સમર્પણ યોજના

જૈન સંઘ દ્વારા સેવા સમર્પણ યોજના શરૂ કરવામાં આવી છે. જેમાં સેવા આપવા ઇચ્છતા લોકો સેવા કરી શકશે. દિવસમાં એક કલાક પણ સેવા કરવા ઇચ્છતા લોકો સેવા કરી શકશે.

*(તા. ૦૬-૦૭-૨૦૨૩)*

### ૫ દિવસમાં ૬૭ હજાર શ્રદ્ધાળુઓ અમરનાથ ગુફા પહોંચ્યા

૧ જુલાઈથી શરૂ થયેલી અમરનાથ યાત્રાના પ્રથમ ૫ દિવસમાં કુલ ૬૭,૫૬૬ શ્રદ્ધાળુઓએ અમરનાથ ગુફાની મુલાકાત લીધી છે. બુધવારે બાલતાલ બેઝ કેમ્પ અને નુનવાન બેઝ કેમ્પથી ૧૮,૩૫૪ શ્રદ્ધાળુઓ અમરનાથ ગુફા માટે રવાના થયા હતા. જેમાં ૧૨,૪૮૩ પુરુષો, ૫૧૪૬ મહિલાઓ, ૪૫૭ બાળકો, ૨૬૬ સાધુ અને ૨ સાધ્વીઓનો સમાવેશ થાય છે.

ગુરૂવારે પણ ૬૦૦૦ મુસાફરો સાથે છઠ્ઠી બેચ બંને બેઝ કેમ્પમાંથી રવાના થઈ હતી. ૬૨ દિવસ સુધી ચાલનારી શ્રી અમરનાથ યાત્રા રક્ષાબંધનના દિવસે ૩૧ ઓગસ્ટે છડી મુબારક સાથે સમાપ્ત થશે.

*(તા. ૦૬-૦૭-૨૦૨૩)*

### ચંદ્રયાન-૩ મિશનની તૈયારીઓ
### ૧૩ જુલાઈના રોજ થઇ શકે છે લોન્ચ. જો મિશન સફળ થશે તો ભારત આવું કરનાર ચોથો દેશ બનશે.

ઈન્ડિયન સ્પેસ રીસર્ચ ઓર્ગેનાઇઝેશન (ઈસરો) ૧૩ જુલાઈએ ચંદ્રયાન-૩ લોન્ચ કરી શકે છે. આ માટેની તૈયારીઓ લગભગ પૂર્ણ થઈ ગઈ છે. શ્રી હરિકોટાના સતીષ ધવન સ્પેસ સેન્ટર ખાતે બુધવારે ચંદ્રયાન-૩ ની એન્કેપ્સ્યુલેટેડ એસેમ્બલી LMV3 સાથે જોડાઈ હતી. ઈસરોએ વીડિયો ટ્વિટ કરીને આ અંગેની માહિતી આપી હતી. જો ચંદ્રયાન-૩ નું લેન્ડર ચંદ્ર પર ઉતારવામાં સફળ રહેશે, તો ભારત આવું કરનાર ચોથો દેશ બની જશે. આ પહેલા અમેરિકા, રશિયા અને ચીન ચંદ્ર પર પોતાનું અવકાશયાન ઉતારી ચૂક્યા છે.

*(તા. ૦૬-૦૭-૨૦૨૩)*

### જૈન મુનિશ્રી વિરાગમુનિજીએ ૧૭૧ દિવસના ઉપવાસ પૂર્ણ કર્યા

આ દિવસોમાં બાલાઘાટની જૈન દાદાબારીમાં જૈન મુનિશ્રી વિરાગમુનિજી ઉપવાસ પર છે. તે પણ થોડા દિવસો માટે નહીં, પરંતુ પૂરા ૧૭૧ દિવસ માટે. બુધવારના ૧૭૨મો ઉપવાસ છે. પરંતુ ઈશ્વરીય મર્યાદા ધ્યાનમાં રાખીને તેમણે બુધવારે ઉપવાસ છોડીને પારણા કરવાનો નિર્ણય લીધો.

ડોક્ટરોની એક રીસર્ચ ટીમે મુનિશ્રી વિરાગમુનિજીના

સ્વાસ્થ્યની તપાસ કરી અને તેમને સંપૂર્ણ રીતે ફીટ જોઈને આશ્ચર્ય વ્યક્ત કર્યું. ટીમ આ રીપોર્ટ WHO ને આપશે.

૧૫ જૂન, ૨૦૨૩ના રોજ ચંદ્રપુરથી નીકળેલા મુનિશ્રી વિરાગમુનિજી નિરાહાર રહેવાના સંકલ્પ સાથે છત્તીસગઢ પહોંચ્યા. અહીં રાજનાંદગાંવ, દુર્ગ, રાયપુર, ખૈરાગઢથી મધ્યપ્રદેશના બાલાઘાટ સુધીની યાત્રા કરી. **આ દરમિયાન તેમણે કુલ ૪૦૦ કિ.મી.ની પદયાત્રા કરી છે.**

મુનિશ્રીનો નિત્યક્રમ સવારના ૩ વાગ્યાથી શરૂ થાય છે જે રાત્રિના આરામ સુધી ચાલતો રહે છે. આ દરમિયાન સવારે ઉપાધ્યાય, પ્રવચન, બપોરે અભ્યાસ કરે છે. ગુરૂઓ અને સાથી નાના સંતો માટે ભોજન લેવા માટે તેઓ જાતે જ જાય છે. તેમની ગતિશીલતા આરામ સુધી ચાલુ રહે છે. સૂર્યાસ્ય પહેલાં લેવાયેલું ગરમ પાણીનું છેલ્લું ટીપું એ જ તેમનો ખોરાક છે.

જૈન સમાજના સાધક મનોજ ડાકલીયાથી લઇને મુનિશ્રી વિરાગમુનિજી મ.સા. બનવા સુધીનું તેમનું સમગ્ર જીવન પ્રેરણાદાયી અને માર્ગદર્શક છે. રાજસ્થાનના પાલી નિવાસી મનોજ ડાકલીયાએ તેમના સમગ્ર પરિવાર સાથે શ્રી કુશલમુનિજી મ.સા. પાસે ૨૧ જૂન ૨૦૧૪ના રોજ નવરંગપુરા, દાદાવાડી, અમદાવાદ ખાતે દીક્ષા લીધી હતી.

પત્ની સુશ્રાવિકા મોનિકાજી, હાલ સાધ્વી શ્રી વીરતિયશાશ્રીજી, પુત્ર ભવ્ય હાલમાં મુનિશ્રી ભવ્યમુનિ, પુત્રી કુમારી ખુશી હાલમાં શ્રી વિનયમરાયશાશ્રીજીએ પણ દીક્ષા લીધી છે. પુત્ર મુનિશ્રી ભવ્યમુનિ તેમની સાથે છે.

સમગ્ર પરિવારે કરોડોની મોહ-માયાનો ત્યાગ કરીને ભગવાન મહાવીરના માર્ગે ચાલવાનો સંકલ્પ કર્યો.

*(તા. ૦૬-૦૭-૨૦૨૩)*

## ગીતા પ્રેસનો શતાબ્દી સમારોહ

ગીતા પ્રેસના શતાબ્દી સમારોહના કાર્યક્રમમાં પી.એમ. મોદીએ કહ્યું હતું કે, 'ગીતા પ્રેસ વિશ્વની એકમાત્ર પ્રિન્ટીંગ પ્રેસ છે, જે માત્ર એક સંસ્થા નહીં, પરંતુ જીવંત આસ્થા છે. ગીતા પ્રેસ જેવી સંસ્થાઓ માનવ મૂલ્યોને બચાવવા માટે જન્મી છે. ગીતાનું કાર્યાલય કરોડો લોકો માટે મંદિરથી ઓછું નથી. તેના નામ અને કાર્યમાં ગીતા છે. જ્યાં ગીતા છે ત્યાં વ્યક્તિમાં કૃષ્ણ છે, કરુણા છે, જ્ઞાનનો સાક્ષાત્કાર છે. સાથે વિજ્ઞાનનું સંશોધન છે. અહીં બધા વાસુદેવમય છે.'

પી.એમ.એ કહ્યું, 'ગીતા પ્રેસ ભારતને જોડે છે. દેશભરમાં તેની ૨૦ શાખાઓ છે. ગીતા પ્રેસનો સ્ટોલ દેશભરના દરેક રેલવે સ્ટેશન પર જોવા મળે છે. તેના ૧૬૦૦ પ્રકાશનો છે. ગીતા પ્રેસ એક ભારત, શ્રેષ્ઠ ભારતનું પ્રતિનિધિત્વ કરે છે. જ્યારે દેશ આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી કરી રહ્યો છે ત્યારે તેણે ૧૦૦ વર્ષની યાત્રા પૂર્ણ કરી છે. *(તા. ૦૬-૦૭-૨૦૨૩)*

## રીલાયન્સ દ્વારા વન સર્જન

કેન્દ્ર સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલી MISHTI (મેન્ગ્રુવ ઈનિસિએટીવ ફોર શોરલાઈન હેબિટેટ્સ એન્ડ ટેન્ગીબલ ઈન્કમ્સ) યોજના અંતર્ગત મરીન નેશનલ પાર્કમાં ૩૫૦૦ એકર વિસ્તારમાં ચેર (મેન્ગ્રુવ્સ)ના જંગલોના સર્જન માટે રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા રાજ્ય સરકાર સાથે સમજુતિ કરાર પર આજે હસ્તાક્ષર કરવામાં આવ્યા. *(તા. ૦૭-૦૭-૨૦૨૩)*

## અમરનાથ યાત્રામાં ગુજરાતીઓ ફસાયા હેલિકોપ્ટરથી રેસ્ક્યુની માંગ

ગુજરાતથી અમરનાથ યાત્રાએ ગયેલા વડોદરા અને સુરતના યાત્રાળુઓ અધવચ્ચે ખરાબ વાતાવરણને કારણે ફસાયા છે. સુરતના ૧૦ યાત્રાળુઓ ટેન્ટમાં છેલ્લા ત્રણ દિવસથી ફસાયા છે. ખરાબ હવામાનને કારણે હાલ યાત્રા થંભાવી દેવામાં આવી છે. યાત્રામાં ઉપર પહોંચેલા યાત્રાળુઓને ટેન્ટમાં રોકી દેવામાં આવ્યા છે. ગુજરાતમાંથી ૧૦ સુરતના અને ૨૦ વડોદરાના યાત્રાળુ ત્રણ દિવસથી ટેન્ટમાં ફસાયા છે. બરફ અને વરસાદ પડવાને કારણે તેઓના કપડાં, ગાદલા અને ગોદડા પણ પલળી ગયા છે. યાત્રાળુએ વીડિયો બનાવી તેઓને ત્યાંથી બહાર કાઢવા ગુજરાત સરકારને આજીજી કરી. *(તા. ૦૮-૦૭-૨૦૨૩)*

## રીલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ

દેશની સૌથી મૂલ્યવાન કંપની રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેર ખરીદવા રોકાણકારો સ્પર્ધા કરી રહ્યા છે. મુકેશ અંબાણીની આ કંપનીએ તેની ફાઇનાન્સિયલ સર્વિસ કંપની રીલાયન્સ સ્ટ્રેટેજીક ઇન્વેસ્ટમેન્ટ્સના ડીમર્જરની રેકોર્ડ ડેટ ૨૦મી જુલાઈ નક્કી કરી છે. જેના કારણે સોમવારે બજાર ખૂલતાની સાથે જ રોકાણકારો રીલાયન્સના શેરમાં આક્રમક ખરીદી દર્શાવી રહ્યા છે. બજાર ખૂલતાની સાથે જ આક્રમક તેજી જોવા મળી હતી અને રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝનો શેર ૪.૫ ટકાથી વધી તેની વર્ષની ટોચે સ્પર્શી અંતે ૩.૭૮ ટકાની વૃદ્ધિ સાથે ૨૭૩૫.૧૫ના લેવલે બંધ રહ્યો હતો. રોકાણકારોની આક્રમક ખરીદીથી કિંમત સતત વધી રહી છે. છેલ્લા એક સપ્તાહમાં કિંમતમાં વધારો થવાથી રોકાણકારોએ સપ્તાહમાં ૭૫,૦૦૦ કરોડથી વધુની કમાણી કરી લીધી છે. કંપનીનું માર્કેટકેપ સરેરાશ ૧૮ લાખ કરોડે પહોંચ્યું છે.

*(તા. ૦૯-૦૭-૨૦૨૩)*

## કચ્છી ભાષા

એક અંદાજ મુજબ ભારતમાં ૧૯,૭૩,૦૦૦ લોકો કચ્છી ભાષા બોલે છે. જેમાં સિંધી ભાષી પાકિસ્તાનના લોકો પણ આવી જાય છે. મોંહે-જો-દડો ધોળાવીરાને હડપ્પા સંસ્કૃતિ વખતે કચ્છી ભાષા બોલાતી. આને મીઠી બોલી કચ્છી ભાષા તરીકે પણ ઓળખવામાં આવે છે.

*(તા. ૧૩-૦૭-૨૦૨૩)*

## રામ મંદિરમાં મૂકાશે ૫ વર્ષના રામલલ્લાની મૂર્તિ

અયોધ્યાના રામ મંદિરમાં ભગવાન રામની ૫ વર્ષની બાળ સ્વરૂપની મૂર્તિ સ્થાપિત કરવામાં આવશે. ગર્ભગૃહમાં મૂર્તિનો અભિષેક ૧૫થી ૨૪ જાન્યુઆરી, ૨૦૨૪ વચ્ચે કોઈપણ એક દિવસે કરવામાં આવશે. આ વર્ષે ઓક્ટોબર સુધીમાં મંદિરના ભોંયતળિયાનું કામ પૂર્ણ થઈ જશે. પછી માત્ર ફિનિશિંગ જ બાકી રહેશે. એ ડિસેમ્બર સુધીમાં પૂર્ણ થશે. આ વાત રવિવારે શ્રીરામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાયે કરી હતી.

તેમણે કહ્યું, ભગવાન શ્રીરામ આખા પરિવાર સાથે ગ્રાઉન્ડ ફ્લોર પર બેસશે. હાલ યોજનામાં બીજા માળે કોઈ પ્રતિમા સ્થાપિત કરવામાં આવશે નહીં. મંદિરને ઊંચાઈ આપવા માટે જ બનાવવામાં આવશે. હાલમાં મંદિરના નિર્માણમાં ૨૧ લાખ ઘનફૂટ ગ્રેનાઈટ, રેતી, પથ્થર અને માર્બલનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

કહેવામાં આવ્યું છે કે ૧૦૦૦ વર્ષ સુધી મંદિરને કશું જ થશે નહીં. રીપેરીંગની પણ જરૂર નહીં પડે.

રામ મંદિરના ગ્રાઉન્ડ ફ્લોરનું ૮૦% કામ પૂર્ણ થઈ ગયું છે. એમાં ૧૬૨ પીલ્લર બનાવવામાં આવ્યા છે. હવે આ સ્તંભોમાં ૪૫૦૦થી વધુ મૂર્તિઓ કોતરવામાં આવી રહી છે. આમાં ત્રેતાયુગની ઝલક જોવા મળશે. આ માટે કેરળ - રાજસ્થાનથી ૪૦ કારીગરોને બોલાવવામાં આવ્યા છે. *(તા. ૧૪-૦૭-૨૦૨૩)*

## ગુજરાતનું ગૌરવ

૧૪ જુલાઈની બપોરે ભારતના લોકો જ નહીં વિશ્વભરની આંખો આકાશમાં મંડાયેલી હતી, કારણકે ચંદ્રયાન-૩ લોન્ચ થવા જઈ રહ્યું હતું. ભારત માટે આ ક્ષણ ઐતિહાસિક હતી અને ૨૫ ઓગસ્ટે ચંદ્રયાન જ્યારે લેન્ડ થશે ત્યારે ભારત માટે ગૌરવની ઘડી હશે.

ચંદ્રયાન-૩ બનાવવા માટે ગુજરાતનો મોટો ફાળો રહ્યો છે. એ અમદાવાદમાં ઈસરો સેન્ટર છે. એમાં સેટેલાઈટના સેન્સર, પે લોડ સહિતના ૧૧ પ્રકારના પાર્ટસ બન્યા. રોકેટનો મુખ્ય ભાગ જામનગરની ગીતા એન્જિનિયરીંગ કંપનીએ બનાવ્યો છે. આ મશીનને જુદી જુદી ૮ ટ્રકોમાં લઈ જવામાં આવ્યું હતું અને પછી તેને ભેગા કરીને રોકેટનો મુખ્ય ભાગ બનાવવામાં આવ્યો. તો ચંદ્રયાન રોવરમાં માઈક્રો અને સૂક્ષ્મ કેમેરા ચારે બાજુ મૂકવામાં આવ્યા છે. તે પ્રોજેક્ટનું કામ મૂળ કચ્છની કંપનીને સોંપવામાં આવ્યું હતું. એટલું વિચારો કે, ચંદ્રયાન-૩ ના રોકેટના મુખ્ય તોતિંગ ભાગો ટ્રકમાં જામનગરથી નીકળ્યા હશે અને આંધ્રના શ્રીહરિકોટા પહોંચ્યા હશે, ત્યાં જ ગુજરાતી તરીકે કેવો ગર્વ થાય!

ચંદ્રયાન-૩ માં અમદાવાદ ઈસરોનો મહત્ત્વનો ફાળો છે. અમદાવાદ ઈસરો દ્વારા અલગ અલગ ૧૧ જેટલા પાર્ટ બનાવાયા છે. *(તા. ૧૫-૦૭-૨૦૨૩)*

## દિલ્હી પૂરમાં

દિલ્હીમાં યમુના નદીમાં પૂર આવ્યું હતું. જો કે હવે દિલ્હીમાં યમુના નદીના જળસ્તરમાં ઘટાડો નોંધાયો હતો. યુપીના આગ્રા-મથુરામાં યમુનાનું પાણી પૂરનું સ્વરૂપ લઈ રહ્યું છે. આગ્રાના તાજમહેલ સુધી યમુનાના પાણી પહોંચી ગયા છે.

*(તા. ૧૬-૦૭-૨૦૨૩)*

## ગાંધીનગર : શું છે અંબાલાલ પટેલની આગાહી

હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે જણાવ્યું છે કે, ગુજરાતમાં અતિવૃષ્ટિ થવાની શક્યતા છે. ઓગસ્ટ મહિનામાં ગુજરાત પાણીથી તરબોળ થશે. સાથે જ અંબાલાલ પટેલે કહ્યું છે કે, ૧૭ જુલાઈ બાદ ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાત તેમજ સૌરાષ્ટ્રમાં ફરી એકવાર મેઘરાજાની તોફાની બેટીંગ આફતરૂપ બની શકે છે. તો હવામાન વિભાગે પણ રાજ્યમાં આગામી ૭ દિવસ સુધી ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. *(તા. ૧૮-૦૭-૨૦૨૩)*

## સુરતીઓના વરસાદી ગરબા

ગઈકાલે સુરતમાં વહેલી સવારથી જ અવિરત વરસાદ શરૂ થયો હતો. તેના કારણે જનજીવન પર તેની સીધી અસર દેખાઈ હતી. ઠેરઠેર પાણી ભરાઈ ગયા હતા અને લોકોની મુશ્કેલીમાં પણ વધારો થયો હતો. નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાયા હતા. જેથી લોકો અવરજવર કરી શકતા ન હતા. થોડા સમય માટે જાણે સુરત થંભી ગયું હતું અને આજે સુરતીઓ ફરી મોજમાં દેખાઈ રહ્યા છે. આજે સવારે વરસાદી માહોલમાં સુરતનું એક યંગસ્ટર ગ્રુપ ગરબા રમવા ડુમસ બીચ પર પહોંચી ગયું હતું અને ડી.જે.ના તાલે ગરબાની રમઝટ બોલાવી હતી. જય જય અંબેના ના નાદ સાથે યુવાનો - યુવતીઓ દોઢિયા રમ્યા હતા. આથી દરિયા કિનારો ભક્તિથી ગુંજી ઉઠ્યો હતો. *(તા. ૧૯-૦૭-૨૦૨૩)*

# વિદેશના સમાચાર

## અમેરિકામાં ગીતા પાઠ

અમેરિકાના ટેક્સાસમાં સોમવારે ૧૦,૦૦૦ લોકોએ એકસાથે ગીતાનો પાઠ કર્યો હતો. ગુરૂ પૂર્ણિમાના અવસરે એલન ઈસ્ટ સેન્ટર ખાતે ૪ વર્ષથી ૮૪ વર્ષની વયના લોકોએ પાઠ કર્યો હતો. આ કાર્યક્રમનું આયોજન યોગ સંગીતા અને એસ.જી.એસ. ગીતા ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવ્યું હતું.

*(તા. ૦૩-૦૭-૨૦૨૩)*

## વિરોધ

તાજેતરમાં જ ફ્રાન્સમાં એક ૧૭ વર્ષીય સગીરનું પોલીસના હાથે મોત થયું. આ ઘટનાથી રોષે ભરાયેલા લોકોએ રાજધાની પેરિસ સહિત દેશનાં અનેક શહેરોમાં વિરોધ પ્રદર્શન કર્યું.

*(તા. ૦૪-૦૭-૨૦૨૩)*

## તિબેટ

તિબેટના આધ્યાત્મિક વડા દલાઈ લામાએ શનિવારે બેઈજિંગ ખાતે વાતચીત કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. લદાખ જતા પહેલાં કાંગડા ઍરપોર્ટ પર તેમણે કહ્યું કે ચીન બદલાઈ રહ્યું છે અને હવે તેને અહેસાસ થયો છે કે તિબેટીયન લોકો ખૂબ જ મજબૂત છે. તિબેટની સમસ્યાનો સામનો કરવા માટે ચીન મારો સંપર્ક કરવા માંગે છે. દલાઈ લામાએ કહ્યું કે, મેં ઘણા વર્ષો પહેલાં જ સ્પષ્ટ કરી દીધું છે કે અમે સંપૂર્ણ સ્વતંત્રતા નથી ઈચ્છતા.

*(તા. ૦૮-૦૭-૨૦૨૩)*

## નવી એપ

૫ જુલાઈના રોજ રાત્રે ૧૧.૩૦ વાગે ઈન્સ્ટાગ્રામ અને ફેસબુકના માલીક માર્ક ઝુકરબર્ગે ટેક્સ્ટ શેરિંગ એપ થ્રેડ્સ લોન્ચ કરી. માત્ર ૨ કલાકમાં ૫૦ લાખથી વધુ લોકોએ એપ ડાઉનલોડ કરી. ૨૪ કલાક પછી એને ડાઉનલોડ કરનારા લોકોની સંખ્યા વધીને ૧ કરોડ થઈ ગઈ અને ૪૮ કલાકમાં આ સંખ્યા વધીને ૩ કરોડ થઈ ગઈ. હવે સોશિયલ મીડિયા યુઝર્સ થ્રેડને ટ્વિટર કીલર ગણાવી રહ્યા છે. આનું કારણ એ છે કે થ્રેડ્સને ટ્વિટર માટે વધુ સારો વિકલ્પ માનવામાં આવી રહ્યો છે. *(તા. ૦૮-૦૭-૨૦૨૩)*

## અમેરિકા અને ભારતીય ગન લાઇસન્સ

અમેરિકાના નેશનલ ફાયર આર્મ્સ સર્વેના રીપોર્ટ અનુસાર હવે ગન લાઈસન્સ ધરાવતા ભારતીયોની સંખ્યા વધીને એક લાખ ૨૦ હજાર થઈ ગયી છે. સર્વે અનુસાર, ૮૦ હજાર ભારતીયોએ ગન લાઈસન્સ માટે અરજી કરવાનું નક્કી કરી લીધું છે. અમેરિકામાં ભારતીય સમુદાયને સૌથી શાંતિપ્રિય માનવામાં આવે છે. દર ૧૦૦ અમેરિકનોએ ૧૨૦ ગન છે.

*(તા. ૧૫-૦૭-૨૦૨૩)*

## હોલીવુડના કલાકારોની હડતાળ

દુનિયાની સૌથી મોટી ફિલ્મ ઈન્ડસ્ટ્રી હોલીવુડના લેખકો છેલ્લા બે મહિનાથી હડતાળ પર છે. હવે આ હડતાળમાં હોલીવુડના કલાકારો પણ જોડાયા છે. હજારો લેખકો અને કલાકારો ડાઉનટાઉન લોસ એન્જેલસમાં નેટફ્લિક્સ ઓફિસ સામે એકઠા થયા હતા. અભિનેતાઓનું કહેવું છે કે ઈન્ડસ્ટ્રીના કલાકારો ઓછા મહેનતાણાને કારણે આર્થિક સંકટનો સામનો કરી રહ્યા છે.

એક તરફ આર્ટીફિશિયલ ઈન્ટેલિજન્સના વધતા પ્રભાવને કારણે નોકરીઓ જોખમમાં છે તેમજ નવી નોકરી મેળવવામાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. હવે હોલીવુડમાં ૧.૭૧ લાખ લોકો હડતાળ પર છે, જેમાં સ્ક્રીન એક્ટર્સ ગિલ્ડ, અમેરિકન ફેડરેશન ઓફ ટેલીવિઝન એન્ડ રેડિયો આર્ટીસ્ટ્સ (સેગ-એ.એફ.ટી.આર.એ.)ના ૧.૬૦ લાખ કલાકારો અને ૧૧,૫૦૦થી વધુ લેખકો હડતાળ પર છે. નેટફ્લિક્સને પણ એમેઝોન, એપ્પલ સાથે સ્ટ્રીમિંગને લઈને વિવાદ ચાલી રહ્યો છે.

*(તા. ૧૫-૦૭-૨૦૨૩)*

## અમેરિકાના અલાસ્કામાં ભૂકંપના જોરદાર આંચકા રીક્ટર સ્કેલ પર ૭.૪ની તીવ્રતા

અમેરિકાના અલાસ્કામાં ભૂકંપના આંચકા અનુભવાયા છે. રીક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૭.૪ હતી. અમેરિકાની સુનામી વોર્નિંગ સિસ્ટમે પણ એલર્ટ જાહેર કર્યું છે. યુનાઈટેડ સ્ટેટ્સ જિયોલોજિકલ સર્વે અનુસાર, ભૂકંપનું કેન્દ્ર જમીનથી ૯.૩ કિ.મી.ની ઊંડાઈએ હતું.

અલાસ્કામાં આ પહેલા પણ જોરદાર ભૂકંપ આવ્યો હતો. ૧૯૬૪માં ૨૫૦ લોકો માર્યા ગયા હતા. ૨ વર્ષ પહેલાં ૨૦૨૧માં પણ અલાસ્કામાં ૮.૨ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. યુનાઈટેડ સ્ટેટ્સ જિયોલોજિકલ સર્વે (યુ.એસ.જી.એસ.) એ ત્યારે પણ સુનામીની ચેતવણી જારી કરી હતી. જોકે આનાથી કોઈ નુકસાન થયું નથી. ૨૦૨૦માં પણ અલાસ્કાના દક્ષિણ કિનારે ૭.૫ની તીવ્રતાના ભૂકંપને કારણે સુનામીના મોજાઓ આવ્યાં હતાં. પરંતુ કોઈ જાનહાનિ થઈ ન હતી.

*(તા. ૧૬-૦૭-૨૦૨૩)*

# જ્ઞાન – વિજ્ઞાન

• સંકલન : રસીક ખીમજી મહેતા •

## કયા ગ્રહ પર સજીવ સૃષ્ટિ સંભવ છે?

આપણે પરગ્રહવાસી અથવા એલિયનની વાર્તાઓ વાંચીએ છીએ. ફિલ્મો વગેરેમાં પણ એલિયનની કાલ્પનિક વાતો જોવા મળે છે. જો કે હાલમાં પૃથ્વી સિવાય કોઈ ગ્રહ ઉપર સજીવ સૃષ્ટિ હોવાનું જાણવા મળ્યું નથી. વિજ્ઞાનીઓ અન્ય ગ્રહો અને સૂર્યમાળાની બહારના અવકાશી પદાર્થો પર સજીવ સૃષ્ટિ કે એલિયન વસે છે કે કેમ તેના સંશોધનો કરે છે. લાખો પ્રકાશ વર્ષ દૂર આવેલા ગ્રહો ઉપર સજીવ હોય તો પણ નજરે પડે નહીં. પરંતુ ગ્રહના વાતાવરણ વગેરેના અભ્યાસ કરી વિજ્ઞાનીઓ અંદાજ મેળવી શકે. કેવા ગ્રહ ઉપર જીવન શક્ય છે તે વિજ્ઞાનીઓએ નક્કી કર્યું છે.

કોઈ પણ ગ્રહ સૂર્યથી એટલો નજીક ન હોય કે જ્યાં તીવ્ર ગરમી પડે અને એટલો દૂર પણ ન હોય કે સખત ઠંડી પડે. ગ્રહ ઉપર પાણી હોવું જોઈએ. સજીવના શરીરનું બંધારણ કાર્બન આધારીત છે. એટલે તે ગ્રહ ઉપર કાર્બન હોવું જોઈએ. સજીવ માટે જમીન જોઈએ. કેટલાક ગ્રહો માત્ર વાદળના ગોળા છે. વિજ્ઞાનીઓએ આવી શરતોનું પાલન કરતા હોય તેવા હજારો ગ્રહ શોધી કાઢ્યા છે. તેને એક્સ્ટ્રા સોલેટ પ્લાનેટ કહે છે. પરંતુ હજી સુધી એલિયન વસતો હોય તેવો ગ્રહ મળ્યો નથી.

## દક્ષિણ ધ્રુવની અજાયબ ભૂગોળ

★ દક્ષિણ ધ્રુવ (એન્ટાર્કટીકા) વિશ્વનું સૌથી મોટું રણ છે.

★ દક્ષિણ ધ્રુવ સૌથી ઠંડો, સૌથી ઊંચો, સૌથી વધુ પવનવાળો અને સૌથી સૂકો ખંડ છે.

★ દક્ષિણ ધ્રુવના હાઈરીજ વિસ્તારમાં તાપમાનનો પારો માઇનસ ૯૩ ડિગ્રી રહે છે.

★ દક્ષિણ ધ્રુવ પર સૌથી ઊંચું તાપમાન ૧૮ સેન્ટીગ્રેડ નોંધાયું છે.

★ વિશ્વના મીઠા પાણીનો ૯૦% હિસ્સો દક્ષિણ ધ્રુવમાં બરફ સ્વરૂપે સચવાયેલો છે.

★ દક્ષિણ ધ્રુવની પ્રથમ સફર ઇ.સ. ૧૮૨૦માં રશિયન સાહસિકોએ કરેલી.

★ દક્ષિણ ધ્રુવના કેટલાક વિસ્તારોમાં લાખો વર્ષથી વરસાદ કે બરફ વર્ષા થઇ નથી. ત્યાં માત્ર જામેલો બરફ જ છવાયેલો છે.

★ ચીલીએ દક્ષિણ ધ્રુવ પર એક ગામ વસાવ્યું છે. 'વિલાલા એસ્ટ્રેલાસ' નામના ગામમાં કાયમ લગભગ ૧૩ ડિગ્રી સેન્ટીગ્રેડ તાપમાન રહે છે. આ ગામમાં શાળા, કૉલેજ, ચર્ચ, પોસ્ટ ઓફિસ, બેંક, ટી.વી. અને મોબાઈલ ટાવર અને ઇન્ટરનેટ પણ છે.

★ દક્ષિણ ધ્રુવ એકમાત્ર ખંડ છે જ્યાં ટાઈમ ઝોન નથી.

★ દક્ષિણ ધ્રુવ પરનું બરફનું પડ ૪ કરોડ વર્ષથી અકબંધ છે.

★ દક્ષિણ ધ્રુવ પર વિશ્વના ૩૮ દેશોએ કરાર કરીને સેના પ્રવૃત્તિ, ખાણ ખોદકામ, અણુધડાકા કરવા પર પ્રતિબંધ મૂક્યો છે. ત્યાં ન્યુક્લિયર કચરો પણ ફેંકી શકાતો નથી.

★ દક્ષિણ ધ્રુવના બરફ વિસ્તાર હેઠળ લગભગ ૩૦૦ જેટલા તળાવ છે, જે પૃથ્વીના પેટાળની ગરમીને કારણે થીજી જતા નથી.

★ દક્ષિણ ધ્રુવમાં લગભગ સાત જેટલા ચર્ચ છે.

★ દક્ષિણ ધ્રુવના જમીન વિસ્તાર પર ઓસ્ટ્રેલિયા સૌથી વધુ અધિકાર ધરાવે છે. લગભગ ૨૦ લાખ ચો.કિ.મી. વિસ્તાર તેના તાબામાં હોવાનો દાવો કરે છે.

## સૂર્યનું જીવનચક્ર

સૂર્યના કેન્દ્રમાં લગભગ ૧.૫ કરોડ સેલ્સિયસ ડિગ્રી તાપમાન હોય છે. સૂર્યમાંથી સતત ઉર્જા વછુટે છે. તેનાથી પ્રચંડ ગરમી અને પ્રકાશ ઉત્પન્ન થાય છે. સમય જતાં તે ખલાસ થઈ જશે. વિજ્ઞાનીઓનું માનવું છે કે સુપરનોવા પ્રલયકારી વિસ્ફોટ થઈને સૂર્ય નાશ પામશે. આ ઘટના લગભગ પાંચ અબજ વર્ષ પછી થશે. સૂર્યના કેન્દ્રમાં રહેલો હાઇડ્રોજન ખલાસ થશે. પછી હિલીયમનો વપરાશ શરૂ થશે. તે ખલાસ થશે એટલે સૂર્ય ઠંડો પડી જશે અને લાલ રંગનો ગોળો બની જશે. તે કદમાં વિસ્તાર પામશે ત્યારે કેન્દ્રમાં રહેલા કાર્બનના કણો સખત ધાતુ બનશે. તે ઉર્જાનું શોષણ કરશે અને ગોળાનું કદ નાનું થતું જશે. આ બધું ગણતરીની મિનિટોમાં જ થશે અને પ્રચંડ વિસ્ફોટ થશે. આ વિસ્ફોટને સુપરનોવા કહે છે. બ્રહ્માંડના તારાઓ સુપરનોવાના વિસ્ફોટમાં નાશ પામે છે. સૂર્ય પણ એક તારો જ છે. એ પણ આવા જ વિસ્ફોટમાં નાશ પામશે.

## આકાશમાં હવાઈ સરહદ કઈ રીતે નક્કી થાય છે?

આકાશમાં ઉડતા વિમાનો દેશ વિદેશની સફર માટે ચોક્કસ

માર્ગ પર ઉડતા હોય છે. જમીન પર સરહદ નક્કી કરવા માટે તારની વાડ કે દીવાલ બાંધી શકાય. આકાશમાં આવું કરવું શક્ય નથી. સામાન્ય રીતે આકાશમાં વિમાનો ૩૦,૫૦૦ મીટરની ઊંચાઈએ ઉડી શકે છે. તેનાથી વધુ ઉંચાઈએ હવા પાતળી હોવાથી ખાસ પ્રકારના વિમાનો જ ઉડી શકે છે. એટલે દરેક દેશના જમીન વિસ્તારની ઉપર ૩૦,૪૮૮ મીટરની ઉંચાઈ સુધી તે દેશની હવાઈ સરહદ ગણવાનો નિયમ છે. તેથી વધુ ઊંચાઈનું સમગ્ર આકાશ આંતરરાષ્ટ્રીય બગીચા જેવું છે. તેનાથી વધુ ઊંચાઈએ ફરી રહેલા સેટેલાઈટને કોઈ સરહદ કે સીમાનો નિયમ લાગુ પડતો નથી.

## ગુરૂ ગ્રહનું વિરાટ વાવાઝોડું : રેડ સ્પોટ

વાવાઝોડા અને વંટોળીયા માત્ર પૃથ્વી પર જ નહીં પણ સૂર્યમાળાના બધા જ ગ્રહો પર થતા હોય છે. દરેક ગ્રહ પોતાની ધરી પર ફરે અને સાથે સૂર્યની પ્રદક્ષિણા પણ કરે. આ ગતિવિધિને કારણે દરેક ગ્રહ પર ચક્રવાત અને વાવાઝોડા સર્જાય છે.

સૂર્યમાળાનો સૌથી મોટો ગ્રહ ગુરૂ ધરી પર ફરવામાંય સૌથી ઝડપી છે. તે દસ કલાકમાં એક ચક્ર પૂરું કરે. કદની દૃષ્ટિએ જોતાં તે પૃથ્વી કરતાં અનેકગણી ઝડપથી ફરે છે. એટલે તેની સપાટી પર વાવાઝોડા અને વંટોળીયા સતત ચાલુ હોય છે. ગુરૂનું ટેલિસ્કોપથી નિરીક્ષણ કરીએ તો તેની સપાટી પર વિરાટ કદનું લાલ ધાબું દેખાય છે. ૪૦,૦૦૦ કિ.મી. વ્યાસના આ ધાબાને રેડ સ્પોટ કહેવાય છે. ઈ.સ. ૧૬૬૪માં તે પ્રથમ વખત જોવા મળેલું. ગુરૂના આ રેડ સ્પોટ ખરેખર તો ચક્રવાત છે. તેમાં હાઈડ્રોજન, મિથેન, ફોસ્ફરસના ઘટ્ટ વાદળો ચક્રાકાર ફરે છે અને દર છ દિવસે દિશા બદલે છે. રેડ સ્પોટ ઘડિયાળના કાંટાની વિરૂધ્ધ દિશામાં ફરે છે. તેની ઝડપ ૩૬૦ કિ.મી. પ્રતિ કલાક છે. છેલ્લા ત્રણસો વર્ષથી ગુરૂ પરનું આ તોફાન ચાલુ જ છે.

## અનેક રીતે ઉપયોગી નદી પરના ડેમ

નદીના પ્રવાહમાં પાણીનો સંગ્રહ કરવા માટે ડેમ બાંધવામાં આવે છે. ડેમ પાણીના સંગ્રહ, સિંચાઈ, વીજળી ઉત્પાદન અને પૂર સંકટને રોકવા માટે ઉપયોગી છે. ડેમ સાથે વીજ ઉત્પાદન પ્લાન્ટ હોય છે. સંગ્રહ થયેલા પાણીને છોડવા માટે વિવિધ ટેકનિકવાળા દરવાજા હોય છે. ડેમ, એ માનવસર્જિત અજાયબી છે. ડેમ વિશે અન્ય વાતો પણ જાણવા જેવી છે.

★ વિશ્વનો સૌથી જૂનો અને આજે પણ ઉપયોગમાં લેવાતો ડેમ ગ્રીસની લાકિસા નદી પર છે. તે ૧૨મી સદીમાં બંધાયેલો છે.

★ વિશ્વના તમામ ડેમો પૈકી અડધા ઉપરાંત ચીન અને ભારતમાં છે.

★ વિશ્વના ૨૪ ટકા દેશો પોતાની વીજ જરૂરિયાતનો ૯૦% હિસ્સો ડેમ દ્વારા મેળવે છે.

★ વિશ્વનો સૌથી મોટો ડેમ ચીનમાં છે. તે ૧૮૨ મીટર ઊંચો અને ૨૩૩૫ મીટર લાંબો છે. ■

## ગઝલ

વર્ષોથી કોરી આંખને લ્હોયા કરું છું હું
ભીના સમયમાં સ્મૃતિઓ ધોયા કરું છું હું

ત્યારે સુધાથી મીઠું ગરલ લાગે છે મને
રણ થઈ ગયેલો જીવ જો ટોયા કરું છું હું

સૂરજની શાખે ફૂલ સા સગપણથી ઝુઝવું
ને બાણ-સેજે રાતના સોયા કરું છું હું

શું જાણી ભાગ્યશાળી મને માને છે જગત
પામ્યાથી પણ વધારે તો ખોયા કરું છું હું

સપનાં - સ્મરણ - ઉમીદ - તમન્ના ને આસ્થા
દિનરાત કાચા તાંતણે પ્રોયા કરું છું હું

એ શખ્સને હજીય નથી ઓળખી શક્યો
દર્પણ મહીં જે શખ્સને જોયા કરું છું હું

'સાહિલ' મળ્યો છે તાગ હજી ક્યાં આ વાતનો
જ્યાં પણ તમે હો ત્યાં જ કાં હોયા કરું છું હું.

*સાહિલ - રાજકોટ*
*મો. ૯૪૨૮૭ ૯૦૦૬૯*

## મેઘોત્સવ

હેતથી વધાવો મેઘોત્સવ આવ્યો
મોજથી મનાવો મેઘોત્સવ આવ્યો...

જળાશયો છલકાયા ખેડૂતો મલકાયા
ખેતરોને વાવો મેઘોત્સવ આવ્યો...

પશુઓને પક્ષીઓ આવી ગયા ગેલમાં
ચારા ખવરાવો મેઘોત્સવ આવ્યો...

ધરતીયે ખીલશે વનરાવન ખીલશે
વૃક્ષો રોપાવો મેઘોત્સવ આવ્યો...

મેઘ લાડવાને લાપસીનાં આંધણ
'પ્રભુ'ને ધરાવો મેઘોત્સવ આવ્યો...

*પ્રભુલાલ સિધ્ધપુરા - ગાંધીધામ*

# ગુલાબ ગયું, ફોરમ રહી



શ્રીમતી ફાલ્ગુની હિરેન

*તા. ૧૧મી જુલાઈ, ૨૦૨૩ના રોજ સાંજે ઘણી હા - ના પછી અંતે હું બપોરે ગુલાબચંદ રાંભિયાના ઘરે એમની સાથે વાતચીત કરવા પહોંચી. ભૂતકાળને વાગોળવામાં બે કલાક ક્યાં પૂરા થઈ ગયા એ ખબર ન રહી. મુલાકાતની વાતો ફોનમાં રેકોર્ડ કરી લગભગ ૫.૩૦ વાગે કાકાની ફરમાઈશ મુજબ ગરમ ગરમ ભજિયાનો ચોવિયાર કર્યો. એમની દીકરી અને 'સંકલ્પ'ની અમારી જૂની સાથીદાર મોક્ષદા પણ અડધો કલાક માટે આવી ગઈ. કાકા-માસી, પ્રીતિ અને મોક્ષદાને મળ્યાનો આનંદ મમળાવતા સાંજે સાતેક વાગે ત્યાંથી વિદાય લીધી. આ મુલાકાત માટે કૌશલને આભારનો મેસેજ પણ મોકલાવ્યો. આ ઘટનાને હજુ ૧૨ કલાક પણ થયા ન હતા, ને ૧૨મીએ સવારે કૌશલભાઈનો ફોન આવ્યો, એવું કહેવા કે પપ્પા ગયા... આ સમાચાર ઓચિંતા, અણધાર્યા, અસ્વીકાર્ય અને ખૂબ જ આઘાતજનક હતા.*

*ઈશ્વર ઈચ્છા કહો, કુદરતનું કરવું કે નિયતિનું લખાણ કહો, એ અફર છે. માણસ માત્ર આ ઉપરવાળાની દોરી સંચારમાં ફરતી કઠપૂતળી માત્ર છે, એવો વૈરાગ્યભાવ જાગે, એવી ઘટનાઓ આપણી આસપાસ સતત ઘટતી રહે છે. આપણે માત્ર એક રજકણ સમ છીએ એવી ભાવના ક્ષણભર આપણો અહંકાર ઓગાળી દે છે અને પછી પાછા આપણે રોજિંદી ઘટમાળમાં પ્રવૃત્ત થઈ જઈએ છીએ.*

*સમાજના ખૂબ જૂના સભ્યોમાંના એક અને 'મંગલ મંદિર'ના સક્રિય સર્જક સ્વ. ગુલાબચંદ ધારશી રાંભિયાને ભાવપૂર્વક શ્રદ્ધાંજલી સાથે ભારે હૃદયે આ લેખ સદ્ગતને સમર્પિત.*

મહારાષ્ટ્રના પાંચોરા (ખાનદેશ)માં કચ્છના મૂળ નાના ભાડિયાનો એક પરિવાર વસે. મેઘજીભાઈ રાંભિયાનો પરિવાર. તેમને છ સંતાનો હતા. પરંતુ કાળ એક પછી એક પરિજનનો કોળિયો કરી રહ્યો હતો. એટલે એક છોકરો ધારશી વધુ સારા ભવિષ્યની આશાએ અમદાવાદ આવી વસ્યો. ૧૯૩૦-૩૫ની આ વાત. એમણે જમાલપુરમાં કરિયાણાની દુકાન કરી. થોડા વર્ષ થયા ને કોમી હુલ્લડમાં દુકાન લૂંટાઈ ગઈ. કમનસીબી પીછો છોડતી ન હતી. એટલે સગાઓએ એમને લગ્ન કરવાનું સૂચવ્યું. ગૃહલક્ષ્મીના પગલે નસીબ આડેનું પાંદડું ખસી જાય, એવી ગણતરી હતી. પરંતુ ઠરીઠામ ન થયેલા ધારશીભાઈ લગ્નના પ્રસ્તાવને ઠુકરાવતા રહ્યા. જીવનના ચાર દાયકાઓ તો એ વટાવી ચૂક્યા હતા. દીકરી કોણ આપે? તે સમયે પૈસા આપીને દીકરી લેવાની પ્રથા પણ પ્રચલિત હતી. એટલે કચ્છના ગરીબ ઘરની કન્યા તેમને મળી ગઈ. નામ પાનબાઈ. લગ્ન સમયે ધારશીભાઈની ઉંમર ૪૬-૪૭ વર્ષની અને વધૂની ઉંમર હતી માત્ર ૧૪ વર્ષ. ૧૯૪૬માં લગ્ન થયા. ૧૯૪૭ની ૩૦મી ઓગસ્ટે આ દંપતિની કૂખે પ્રથમ સંતાન ગુલાબચંદનો જન્મ સ્વતંત્ર ભારતમાં થયો. પછી એક દીકરી અને દીકરો જનમ્યા. પણ નાનો દીકરો ૧૦-૧૧ મહિનાની ઉંમરે ડિપ્થેરીયાનો ભોગ બન્યો. ૬-૭ વર્ષના લગ્નજીવન બાદ ધારશીભાઈ પણ અવસાન પામ્યા. ધારશી મેઘજીનો વંશવેલો વધારે એવા કુળદીપક તરીકે એકમાત્ર પુત્ર ગુલાબચંદ હતા. પિતાની છત્રછાયા ગુમાવી ત્યારે ગુલાબચંદની ઉંમર હતી માંડ પાંચ વર્ષ. માત્ર ૨૦ વર્ષની વયે પતિ ગુમાવનાર પાનબાઈ અને એમના સંતાનવિહોણા વિધવા જેઠાણીએ પોતાનું દુઃખ ભૂલી જઇને બે કુમળા બાળકોની સારી જિંદગી માટે કમર કસી. લોકોના ઘરે ઘરકામ અને રસોઇકામ કરીને દેરાણી-જેઠાણીએ છોકરાઓના પેટ ભર્યા, તેમને ભણાવ્યા, ઉછેર્યા.



સ્વ. ગુલાબચંદ ધારશી રાંભિયા

આમ આર્થિક તંગી અને સંઘર્ષોની વચ્ચે ગુલાબચંદભાઈનું બાળપણ જમાલપુર કોર્પોરેશનની સામે ઘાંચી ઓળના એક નાનકડા ઘરમાં વિત્યું. ભણવામાં હોંશિયાર હતા. વાંચનનો ખૂબ શોખ. સ્કૂલના સમયમાં પાનકોર નાકા કોર્નર પાસે આવેલી દાદાભાઈ નવરોજી લાઈબ્રેરીમાં રૂા. ૨/- ફી ભરીને સભ્ય બની ગયા. એમની સ્કૂલ માણેકચોકમાં હતી. સ્કૂલમાંથી છૂટીને સીધા પાનકોર નાકાની લાઈબ્રેરીમાં જતા. ત્યાં બેસીને મેગેઝીન્સ વાંચી લેતા. પુસ્તકાલયમાંથી દરરોજ એક પુસ્તક ઘરે લઈ જતા અને વાંચીને બીજા દિવસે પરત કરી દેતા. ભણવામાં કામ લાગે એવી ચોપડી હોય કે અન્ય કોઈ વિષયની, બધી જ ચોપડીઓ વાંચી જવાની. આવો હતો એમનો પુસ્તક પ્રેમ. વાંચનના આ શોખના કારણે જ પાછળથી એમને લેખન માટે પણ પ્રેમ જાગ્યો હતો.

તેઓ ૧૦મા ધોરણમાં આવ્યા ત્યારે સંભવતઃ શ્રી કચ્છી વીસા ઓસવાળ જૈન મિત્ર મંડળની સ્થાપના થઈ ચૂકી હતી. તેમણે સ્મરણોને આધારે તે વખતના કર્તાહર્તાના કહેલા નામો હતા : રમેશભાઈ સાવલા, પોપટભાઈ ધરોડ, મગનભાઈ દેઢિયા, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, મગનભાઈ ગડા, રામજીભાઈ કોલસાવાળા, ભવાનજીભાઈ, કેશવજી ઉકેડા ગોગરી, હીરજીભાઈ, દામજી હીરજી સંગોઈ વગેરે... એ સમયે માત્ર ૧૫-૨૦ પરિવારો હતા. સારંગપુર બગીચામાં એક નાનકડો હોલ હતો – કાપડિયા હોલ. તેમાં બધા ભેગા થતા. વાતોચીતો કરતા અને ચા-પાણી-નાસ્તો કરી છૂટા પડતા. વર્ષમાં એકાદ વાર આ ગણ્યા ગાંઠ્યા પરિવારો ભેગા થતા. પણ ત્યારે લગભગ બધા જ પરિવારો હાજર રહેતા. તે સમયે નવનીતવાળા લાલજીભાઈ અને ધનજીભાઈ મુંબઈમાં સાઈકલ પર ફરીને જૂના ચોપડા એકઠા કરતા અને વ્યવસ્થિત બાઈન્ડિંગ કરીને વિદ્યાર્થીઓને અડધી કિંમતે વેચતા. નવનીત ગ્રુપે સુખરામનગર ખાતે પ્રેસ ખોલી હતી. ત્યારે તેમણે પહેલીવાર ગાલા એડવાન્સ ઈંગ્લીશ ડિક્ષનરી બહાર પાડી હતી અને એસ.એસ.સી.ના વિદ્યાર્થીઓને ભેટ આપી હતી. લાલજીબાપા જાતે બધું કામ કરતા હતા, એ પણ વિદ્યાર્થી ગુલાબચંદભાઈએ નજરે નિહાળ્યું હતું.

શાળાભ્યાસ બાદ તેમણે એચ.કે. કૉલેજમાંથી B.A. અને ગુજરાત યુનિવર્સિટીમાંથી M.A. ની ડિગ્રી મેળવી. એચ.કે. કૉલેજના પ્રોફેસર્સ તરીકે પણ મોટા ગજાની વ્યક્તિઓ હતી. પ્રિન્સિપાલ તરીકે વિદ્વાન એવા શ્રી યશવંત શુક્લ હતા. ચીનુભાઈ નાયક, જશવંત ઠક્કર અને કુસુમબેન ભટ્ટ જેવા પ્રોફેસર્સ હતા. જેમના હાથ નીચે ભણવાનો ગુલાબભાઈને લહાવો મળ્યો. અબ્દુલ કરીમ શેખ અંગ્રેજી ભણાવતા. ગુલાબભાઈએ સામાન્ય અંગ્રેજી પસંદ કર્યું હતું. પરંતુ સ્પેશિયલ ઈંગ્લીશ ભણતા વિદ્યાર્થીઓ કરતા પણ અંગ્રેજીમાં વધુ માર્કસ મેળવતા. બધા શિક્ષકોમાં પણ તેઓ માનીતા.

એચ.કે. કૉલેજમાં પ્રવેશ માટે તેઓ યશવંતભાઈને મળવા ગયા, તો તેમણે કહ્યું એડમિશન મળી જશે. પણ ગુલાબભાઈએ ફ્રી શિપ અને સ્કોલરશિપ બંનેની માંગણી કરી. એ બંને મળવાની શરતે તેમણે કૉલેજમાં વટથી એડમિશન મેળવ્યું. કૉલેજમાં વિઝીટીંગ લેક્ચરર તરીકે ઓશો, ફાધર વાલેસ જેવા નામી વક્તાઓ આવતા. ઓશોના પ્રવચન સાંભળવા માટે રૂક્ષ્મણીબેન પણ તેમની સાથે કૉલેજમાં જતાં. ઉલ્લેખનીય છે કે લગ્ન અને એક સંતાન બાદ તેમણે ૧૯૭૨માં સ્નાતકની પદવી મેળવી.

કોલેજકાળમાં તેઓ એન.સી.સી.ની પ્રવૃત્તિઓમાં પણ સક્રિય હતા. પરીક્ષાઓ આપી અને શિબિરોમાં પણ ભાગ લીધો. દહેગામ કેમ્પમાં નહેર પણ ખોદી હતી. Abnormal Psychology વિષય સાથે અનુસ્તાનક થયા બાદ તેમણે નાણાવટી લૉ કોલેજમાંથી L.L.B. પણ કર્યું. આ દરમિયાન ૧૯૭૨થી તેમણે નોકરી શરૂ કરી દીધી. ખાનગી કંપનીમાં સ્ટોર કીપર તરીકે કામ શરૂ કર્યું. નિવૃત્તિ સુધી TVS, Seasons, રૂપકલા સારીઝ, વિજય સ્ટોર્સ – એમ જુદી જુદી જગ્યાઓ પર સ્ટોર કીપર તરીકે નોકરી કરી.

દરમિયાન ૧૯૬૬માં એમના લગ્ન રૂક્ષ્મણીબેન સાથે થયા. તેમને તેમના પપ્પાના ભાઈ લાલજીભાઈ લીલાધર ગોગરીએ દત્તક લીધાં હતાં. લાલજીભાઈ પૈસે ટકે સુખી હતા. તેમણે નવા વાસમાં બોર્ડિંગ બનાવડાવ્યું હતું. ગરીબ પણ ભણેલા ગણેલા જમાઈ ગુલાબચંદભાઈને આર્થિક રીતે સક્ષમ બનાવવા, લાલજીભાઈએ તેમને મુંબઈ તેડાવ્યા. કામ - જવાબદારી સોંપી. ગુલાબચંદભાઈ છ મહિના મુંબઈ રહ્યા પણ ખરા. પરંતુ નસીબે યારી ન આપી એટલે પતિ-પત્ની અમદાવાદ પાછા આવ્યા. ૧૯૬૭માં પુત્રી મોક્ષદા, ૧૯૭૩માં દીકરો કૌશલ અને ૧૯૭૯માં બીજી દીકરી પૂર્વીનો જન્મ થયો.

હજી પણ આર્થિક સ્થિરતા ન હોવાને કારણે તેઓ સમાજમાં ખાસ સક્રિય થયા ન હતા. પહેલા જમાલપુર અને પછી ૮૦ના દાયકામાં મણિનગરમાં રહેઠાણ કર્યા. પરંતુ સમાજના ભવન સુધી પણ આવવા જવાની મુશ્કેલી હતી. સાઇકલ કે સ્કુટર ન હતા અને રીક્ષા કે બસનો ખર્ચ પરવડે તેમ ન હતો. જો કે સમાજ પણ આજ જેટલો જાગૃત ન હતો.

એ દરમિયાન 'મંગલ મંદિર'માં સમાજ માટેનું પ્રતીક ચિહ્ન બનાવવા માટેની જાહેરાત અપાઈ. પસંદ થનાર લોગોના સર્જકને ઈનામ આપવાનું પણ જાહેર થયું. જેના અનુસંધાને ગુલાબભાઈએ એક પોસ્ટકાર્ડ ઉપર જ પ્રતીક ચિહ્ન બનાવી મોકલ્યું અને સમાજ દ્વારા એ પસંદગી પામ્યું. તે વખતે લોગો સ્પર્ધાના વિજેતા તરીકે તેમને રૂા. ૨૧/- રોકડાનું ઈનામ પણ મળ્યું હતું.

ચાર ફિરકાઓના અતૂટ સંપનું પ્રતીક એવું ચાર હાથની કડીનું ચિહ્ન એમણે બનાવ્યું હતું, જે આજે પણ આપણા સમાજનું પ્રતીક ચિહ્ન છે.

ગુલાબભાઈનું વાંચન વિશાળ હતું. આ શોખથી પ્રેરાઈને તેમણે કલમ હાથમાં લીધી. 'મંગલ મંદિર'ના સંપાદિકા ચંદ્રિકાબેન દેઢિયાએ 'બાલુંડે જયું ગાલિયું' વિભાગ તેમને સોંપ્યો. શરૂઆતમાં એમાં ૨-૩ ટુચકાઓ આવતા. પછી અશોક મહેતાના પ્રસ્તાવ પ્રમાણે એક આખા પાનાની મેટર આપવી શરૂ કરી. વાર્તાઓ, રમુજી ટુચકાઓ, રૂઢીપ્રયોગ પરથી આખી વાર્તા વગેરે તેમણે શરૂ કર્યા. બાળકોની સાથે મોટાઓ પણ આ બધું રસથી વાંચતા. વળી ઉખાણાના જવાબો કે પ્રતિભાવો પણ વાચકો લખી મોકલતા. બાળકો માટેના વિભાગનો વ્યાપ પણ વધ્યો. રોજિંદા જીવનની ઘટનાઓ પરથી તેઓ નિર્દોષ હાસ્ય પ્રગટાવતા. કચ્છી ભાષામાં જોક્સ બનાવીને તેઓ વાચકોને પીરસતા ને કહેતા, 'ખિલજા મ ભલા!' તેમની અધા અને પુત્તર બચુડાની જોડી પણ ખાસ્સી લોકપ્રિય બની ગઈ.

'મંગલ મંદિર' ઉપરાંત તેમણે 'કચ્છ રચના', 'દિવ્ય ધ્વનિ', 'પગદંડી' જેવા સામયિકો માટે પણ લખ્યું, સંકલન કર્યું. બત્રીસ પુતળીઓની જાણીતી વાર્તાઓનો કચ્છીમાં અનુવાદ કર્યો, જે 'કચ્છ રચના'માં પ્રકાશિત થયો. 'કચ્છ રચના' માટે સંકલન / સંયોજનની જવાબદારી પણ ઉપાડી લીધી. કવિતાઓ પણ લખી. 'પરિશ્રમ'ના પંદરેક અંકો પણ તેમણે બહાર પાડ્યા. 'પગદંડી'ના એક અંકમાં ગુલાબચંદ દેઢિયાની, ભુવનચંદ્ર મહારાજશ્રીની અને ગુલાબભાઈ રાંભિયાની કવિતાઓ એક જ પાના પર છપાઈ હતી. શ્રીમદ્ રાજચંદ્રજીના કોબા સ્થિત કેન્દ્રથી પ્રકાશિત જાણીતા સામયિક 'દિવ્ય ધ્વનિ'ના બીજા ટાઈટલ પાના ઉપર પણ ગુલાબભાઈનો લેખ પ્રકાશિત થતો, એ પણ નોંધનીય સિદ્ધિ લેખાય. 'મંગલ મંદિર'ના સંપાદિકાની જવાબદારીમાંથી નિવૃત્તિ લીધી ત્યારે ચંદ્રિકાબેને લખેલા ખાસ લેખમાં ગુલાબભાઈની જવાબદારીની વિશેષ નોંધ લીધી હતી. બાળકોના વિભાગની જવાબદારી સંભાળવામાં તેમની નિયમિતતા માટે તેમણે ખાસ અભિનંદન પાઠવ્યા હતા. મૌલિક અને સર્જનાત્મક લેખન, એ મહેનત માંગી લેતું કાર્ય છે. માસિક મુખપત્રના એક વિભાગની જવાબદારી લાગલગાટ ૨૫-૩૦ વર્ષો સુધી અવિરત ચલાવવી એ નાની-સૂની વાત નથી. તેમના યોગદાનને શ્રી મગનભાઈ સંઘવીએ પણ બિરદાવ્યું હતું. ચંદ્રિકાબેન અને મગનભાઈ સંઘવી તરફથી મળેલ તટસ્થ શબ્દ-સન્માનને ગુલાબચંદભાઈએ પોતાની સિદ્ધિ લેખાવી હતી. જો કે છેલ્લા કેટલાક સમયથી તેમણે લેખનકાર્ય છોડી દીધું હતું. પરંતુ વાંચન તો ચાલુ જ હતી.

વાંચન, લેખન અને મંથનનો શોખ ધરાવતા ગુલાબચંદભાઈ ચુસ્ત જૈન હતા. દેવ-દર્શન એ રોજિંદો નિયમ હતો. ઘરમાં પણ ધાર્મિક વાતાવરણ. મણિનગરમાં અચલગચ્છનું ગુણસાગર મંડળ ચાલે છે. છેલ્લા ૪૦ વર્ષથી ચાલતા આ પૂજા મંડળના રૂક્ષ્મણીબેન સભ્ય છે. સાઈકોલોજીમાં એમ.એ. થયેલા એમના પુત્રવધૂ પ્રીતિબેન પણ અનુષ્ઠાન મંડળ સાથે સંકળાયેલા છે. જેમાં નવકાર મંત્રના જાપ અને સ્તવન ગીત વગેરે માટે મહિનામાં એકાદ-બે વાર સૌ એકઠા થાય છે. ઘરમાં ચોવિહાર પણ પળાય છે. આ લખનાર જ્યારે એમની મુલાકાતે સાંજે એમના ઘરે પહોંચ્યા, ત્યારે પણ ગુલાબચંદભાઈના કપાળે દેરાસરનો સુખડ-ચંદનનો ચાંદલો હતો. ડાયાબિટીસના દર્દી હોવા છતાં, તેઓ ખાવાના શોખીન હતા. તે દિવસે તેમની ઈચ્છા મુજબ જ કાચા કેળાના ભજિયા બનાવ્યા હતા. ઘણા ક.વી.ઓ. પરિવારોમાં સામાન્ય રીતે જોવા મળતી મીઠાઈ ખાવાની આદત, ગુલાબભાઈને પણ હતી. તેમનો અન્ય શોખ હતો, અપ-ટુ-ડેટ રહેવાનો. મુલાકાત માટે ઈસ્ત્રી ટાઈટ પીંક શર્ટ પહેરીને બેઠા હતા. આ જોઈને દીકરી મોક્ષદાએ ટીપ્પણી પણ કરી, 'એકદમ કોલેજિયન જેવા ફ્રેશ લાગો છો.' નામ પ્રમાણે જ ગુણ ધરાવતા ગુલાબચંદભાઈને સુવાસનો પણ ગજબનો શોખ હતો. સુગંધીદાર પરફ્યુમનો ઉપયોગ કરીને તેઓ જાતને હંમેશાં મઘમઘતી રાખતા. તેમને એન્ટીક વસ્તુઓનો પણ શોખ. જૂની વસ્તુઓ અને પુસ્તકોનો તેમણે સંગ્રહ કર્યો હતો. છોકરાઓને એ બધું વ્યર્થ લાગતાં, કેટલાય પુસ્તકો તેમણે દાન કર્યા. એક કબાટમાં થોડી વસ્તુઓ હજી સાચવી રાખી હતી, તે તેમણે બતાવી પણ ખરી.

ધર્મ પ્રત્યે તેમને જેટલી આસ્થા હતી, એટલો જ આદર તેમને આપણા સમાજ માટે હતો. તેમણે કહ્યું કે, 'વર્તમાન સમયમાં સમાજે જે પ્રગતિ કરી છે, એનાથી સૌ સભ્યોને ફાયદો જ ફાયદો છે. આપણા સમાજમાં છે એવું સંકલન અન્યત્ર હોતું નથી. દરેક સભ્યની એક એક જરૂરિયાત અહીં પૂર્ણ થાય છે. સ્કોલરશિપ, કાઉન્સેલિંગ, એપ્ટીટ્યુડ ટેસ્ટ જેવી શિક્ષણ ક્ષેત્રની સહાય, વાજબી દરે નામાંકિત ડૉક્ટરો દ્વારા અપાતી તબીબી સહાય, અન્ય ક્ષેત્રોમાં પણ સૌ સભ્યો ઉપરાંત બૃહદ્ સમાજને અપાતી સહાય અને થતી પ્રવૃત્તિઓ ખરેખર ઉત્કૃષ્ટ છે. સમાજના સભ્યોએ આ બધાનો વધુને વધુ લાભ લેવો જોઈએ.

શ્રી અશોકભાઈ મહેતાની કાબેલિયત, કાર્યપ્રણાલી અને કર્મનિષ્ઠાની પણ ગુલાબચંદભાઈએ અવારનવાર પ્રશંસા કરી. તેમના શબ્દો અક્ષરસઃ *"જો સામાજિક વિષયમાં કોઈને પણ કંઈ કામ કરવું હોય તો તેમના Ph.D. ગાઈડ તરીકે મદદરૂપ થઈ શકે, તે જગ્યાએ અશોકભાઈ મહેતા હવે પહોંચી ગયા છે એવી*

*એમની ક્ષમતા છે. એમની દૂરંદેશીથી આપણો સમાજ સમય કરતાં ૧૫-૨૦ વર્ષ આગળ ચાલી શકે. તેઓ આપણા સમાજ માટે આશીર્વાદ છે.''*

મુલાકાત દરમિયાન ગુલાબચંદભાઈએ વારંવાર અશોકભાઈના વખાણ કરી તેમને ઘરે આવવાનો આગ્રહ કર્યો. ભવનથી નીકળી, મને એમના ઘરે ઉતારી, હિરેન અને અશોકકાકા સમાજ માટે જ કોઈક જગ્યા જોવા ગયા હતા. રસ્તામાં અશોકકાકાએ મને કહ્યું, 'બાલુડેં જ્યું ગાલિયું' વિભાગ હમણાં બંધ થઈ ગયો છે. એ ફરીથી શરૂ કરવા માટે ગુલાબભાઈને મનાવી લેજે. આ પ્રસ્તાવ ગુલાબભાઈ સમક્ષ મૂક્યો, ત્યારે એમણે સહમતિ દર્શાવી અને શરત મૂકી કે અશોકભાઈ આજે અહીં (ઘરે) આવે તો જ હું કામ કરું. એમણે તો મને એટલે સુધી કહ્યું કે હિરેન અને અશોકભાઈ નહીં આવે તો તને જવા નહીં દઉં. તેમના આગ્રહને વશ થઈને બંનેએ ગુલાબભાઈના ઘરે થઈને પરત ભવન જવાનું નક્કી પણ કર્યું. પરંતુ વિધિની વક્રતા જુઓ કે તેમને ત્યારે જ બીજી બે જગ્યાઓ જોવા જવાનું થયું અને મુલાકાત અધૂરી રહી – હંમેશને માટે.

આખાય ઘટનાક્રમ પછી એક પ્રશ્નાર્થ હજી મનમાં સતત ઘુમરાયા કરે છે – જો તે દિવસે અશોકકાકા ઘરે આવી ગયા હોત, તો સંજોગો જુદા હોત? કદાચ ગુલાબચંદભાઈ 'મંગલ મંદિર' માટે અધા - બચુડાનો નવો ટુચકો લખી રહ્યા હોત???

*ઈશ્વર આપના આત્માને પરમ શાંતિ અર્પે એ પ્રાર્થના.*

***(તા.ક. : જીવનભર આટલા સંઘર્ષો વેઠ્યા પછી પણ, ગુલાબકાકાએ આપણને સતત હાસ્ય પીરસ્યું. એમના મન હૃદયમાં ચાલતા વિચાર-વલોણામાંથી નીકળતું નવનીત, એમની કલમ થકી હંમેશાં વહેંચ્યું. આવી ઝીંદાદિલ વ્યક્તિની વિદાય પછી એમના જાગૃત પરિવારે એમની સકારાત્મક ઉર્જાને છાજે એવો સ્તુત્ય પ્રયાસ કરી, એમના ચક્ષુઓનું દાન કર્યું. કોઈ જરૂરતમંદ વ્યક્તિની આંખે હજી પણ ગુલાબકાકા આ વિશ્વને નિહાળતા રહેશે. અને હા, સ્વર્ગમાં દેવોના રોજિંદા જીવન પરથી જોક્સ બનાવીને ગુલાબકાકા ત્યાં પણ હાસ્યરસ ફેલાવતા જ હશે, એ નક્કી.)***

## ચક્ષુદાતા



**શ્રી ગુલાબચંદ ધારશી શાહ (રાંભિયા)** (ઉં.વ. ૭૬) તા. ૧૨-૭-૨૦૨૩ના રોજ ૪૦૨, 'શિવમ ભગીરથ', પંચવટી સોસાયટી, મણિનગર, અ'વાદ ખાતે અરિહંત શરણ પામ્યા છે.

સ્વર્ગસ્થશ્રી તથા તેમના પરિવારજનોના આદર્શ વિચારો થકી અને તેઓની સંમતિથી અંગદાન સમિતિના કન્વીનર શ્રી કમલેશભાઈ બાબુભાઈ શાહના સહયોગથી સ્વ.શ્રીનું ચક્ષુદાન કરી અન્યો માટે પ્રેરણારૂપ કાર્ય કર્યું છે.

શ્રી ગુલાબભાઈ એમના જીવન દરમિયાન હંમેશાં સારા વિષયો પર એમનું ચિંતન-મનન ચાલુ રહેતું. 'મંગલ મંદિર'માં 'બાલુડેં જ્યું ગાલિયું' કરીને વર્ષોથી આપણને હસાવતા રહ્યા છે. હવે આપણને કોણ હસાવશે?

સ્વ.શ્રીના બંને ચક્ષુઓનો સદુપયોગ થઈ ગયો છે. સ્વાભાવિક પોતાના પરિવારની આંખોમાં ભલે દુઃખના આંસુ હોય પણ બીજા બે પરિવારોની આંખોમાં હર્ષના આંસુ મૂકી ગયા. બંને પરિવારોમાં શબ્દોમાં વર્ણવી ન શકાય એવી ખુશીઓની લહેર મૂકતા ગયા.

આપણું ગુલાબ ભલે કરમાઈ ગયું, પણ આ ગુલાબ એવું હતું, એની મહેક - એની સુવાસ વર્ષો સુધી આપણને આવ્યા કરશે.

એમનો આત્મા પરમશાંતિ પામે અને મોક્ષ તરફ પ્રયાણ કરે એવી આપણા સૌની પ્રભુને પ્રાર્થના.

***કમલેશભાઈ બાબુભાઈ શાહ, કન્વીનર - અંગદાન સમિતિ,***
***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**પાલડી ભવનમાં રૂમ બુકિંગ અથવા સમાજની કોઈપણ પ્રવૃત્તિ (મેડિકલ સિવાય)ની માહિતી માટે ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો**


**(079) 4890 6002, (079) 4890 6003**
**(079) 4890 6004, (079) 4890 6005**

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**મેડિકલ સેન્ટર અંગેની કોઈપણ માહિતી માટે ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો.**

**(079) 4890 6001**
**(079) 4890 6006**

## સફળતાના મંત્રને સિધ્ધ કરનાર અદિતિ દર્શિત મહેતાને અભિનંદન




**અદિતિ દર્શિત મહેતા**

મૂળ વતન ભુજ - કચ્છ અને હાલે અમદાવાદ ખાતે સ્થિત હાસ્યલતાબેન તથા દિનેશ મહેતાની પૌત્રી અને દીપાલી તથા દર્શિત ડી. મહેતાની સુપુત્રી **અદિતિ**એ (ઉ.વ. ૧૩) તાજેતરમાં નોઇડા ખાતે આયોજિત ઓલ ઇન્ડિયા ''બેહેસ'' ડિબેટની એક સ્પર્ધામાં તેની સ્કૂલ આલોન પ્રેસિડેન્સી - ગુરુગ્રામ (ગુરગાંવ) વતી પ્રતિનિધિત્વ કરીને સિલ્વર મેડલ મેળવેલ હતો. આ ઉચ્ચ શ્રેણીની રાષ્ટ્રીય સ્પર્ધામાં કુલ ૪૦૦થી વધુ સ્પર્ધકોએ ભાગ લીધો હતો.

આ મલ્ટીપલ રાઉન્ડ ડિબેટ સ્પર્ધાના અંગ્રેજી માધ્યમવાળા ટોપિક્સ નીચે પ્રમાણે હતા.

*રાઉન્ડ-૧* : ૨૧મી સદીમાં ધાર્મિક વૃત્તિવાળા હોવું તે ગેરલાભદાયક છે.

*રાઉન્ડ-૨* : સામાજિક ન્યાય મેળવવા માટેનાં એક માધ્યમ તરીકે હિંસાનું નૈતિકતાથી સમર્થન કરી શકાય.

*રાઉન્ડ-૩* : કોઈ સ્થળની આંતરિક લડત અથવા અથડામણમાં દરમિયાનગિરી કરવાની આંતરરાષ્ટ્રીય સમાજોની કોઇ નૈતિક જવાબદારી હોતી નથી.

રાષ્ટ્રીય સ્તરની આ ડિબેટ સ્પર્ધામાં તેના જ્યુરી દ્વારા સ્થળ પર જે જણાવવામાં આવે તે ટોપિક ઉપર તેમજ તેની તરફેણમાં અથવા વિરૂધ્ધમાં બોલવાનું હતું. સ્પર્ધા સ્થળે તે ટોપિકના ઓનલાઇન રીસર્ચ તથા તેની તૈયારી માટે માત્ર ૧૫ મિનિટનો જ સમય આપવામાં આવ્યો હતો. અદિતિ મહેતા હાલે ઉપરોક્ત સ્કૂલમાં ક્લાસ-૮ માં અભ્યાસ કરી રહી છે. જ્યુરીએ જણાવ્યા મુજબ તેને રાઉન્ડ-૧ના વિષય વિરુધ્ધ અને રાઉન્ડ-૨ તથા ૩ના વિષયોની તરફેણમાં બોલવાનું હતું. ડિબેટ સ્પર્ધામાં અદિતિએ દરેક ટોપિકની અંગ્રેજી માધ્યમમાં ખૂબ જ આકર્ષક અને અર્થપૂર્ણ રજૂઆત કરીને સ્પર્ધાના જ્યુરીને પ્રભાવિત કર્યા હતા.

ઉપરોક્ત કઠિન વિષયની રાષ્ટ્રીય ડિબેટમાં ભાગ લઈને અદિતિએ સિલ્વર મેડલ હાંસલ કર્યો હતો, જે એક અનન્ય બાબત છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, દર વર્ષે અદિતિ તેની સ્કૂલમાં દરેક વર્ષની વાર્ષિક પરીક્ષામાં સફળતા મેળવવામાં શરૂથી અત્યાર સુધી અગ્રીમ ક્રમાંકે રહીને શ્રેષ્ઠતમ દેખાવ કરેલ છે. આ રીતે તેની શૈક્ષણિક કારકિર્દી હંમેશાં તેજસ્વી રહી છે. તે ઉપરાંત, ડ્રોઇંગ - પેઇન્ટિંગ ક્ષેત્રે પણ અનેક સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે. અંગ્રેજી કાવ્યોની રચના પણ તે ખૂબ જ ભાવાત્મક અને આકર્ષક સ્વરૂપે કરે છે. તે સાથે અંગ્રેજી સ્ટોરી બુક્સ વાંચવાનો તેનો મુખ્ય શોખ છે. તેની આ પ્રકારની કૌશલ્યતાથી તેની સ્કૂલનો મેનેજમેન્ટ ગ્રૂપ ઘણો પ્રભાવિત થતો હોય છે. તેનાં પિતાશ્રી દર્શિત મહેતા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્ય પરિવારજન પૈકીના એક છે.

ઉપરોક્ત સિદ્ધિ મેળવવા બદલ અદિતિને ખૂબ ખૂબ અભિનંદન અને અભ્યાસ ક્ષેત્રે હજુ વધારે ઉચ્ચ શિખરો સર કરે તેવી શુભેચ્છા. ■

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### ૭૭મો સ્વાતંત્ર્ય દિન – ધ્વજ વંદન કાર્યક્રમ

**જાહેર આમંત્રણ**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ ૭૭મા સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવા જઈ રહ્યો છે. તે નિમિત્તે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેના પટાંગણમાં તા. ૧૫-૦૮-૨૦૨૩ને મંગળવારના રોજ સવારે ૯.૦૦ કલાકે ધ્વજવંદન કરવામાં આવનાર છે.

***આથી સમાજના દરેક સભ્ય પરિવારને ઉપરોક્ત કાર્યક્રમમાં પધારવા ભાવભર્યું આમંત્રણ છે.***

**રજનીકાંત પારેખ**
**માનદ્ મંત્રી**

**પ્રતાપ નારાણજી દંડ**
**મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ**

# આપણા ડૉક્ટર્સને પહેચાનો

(મણકો : ૩)

## ડૉ. અપૂર્વ પટેલ,

M.S. (જનરલ સર્જન)



અશોક મહેતા

'મંગલ મંદિર'ની કોલમ 'આપણા ડૉક્ટર્સને પહેચાનો'ના મણકા-૩માં આજે આપણે પરિચય કરીશું જનરલ સર્જન ડૉ. અપૂર્વ સુરેન્દ્રભાઈ પટેલ (ઉં.વ. ૫૫)નો કે જેઓ શ્રી કચ્છી જૈન સેવા સમાજના પાલડી ખાતેના મેડિકલ સેન્ટરના ઉદ્‌ગમ કાળના સમયથી જ એટલે કે વર્ષ ૧૯૯૯થી આ મેડિકલ સેન્ટર સાથે સંકળાયેલા છે. તેઓશ્રી તેમના O.P.D. ના સમયમાં સામાન્યપણે દરરોજના સરેરાશ ૮ દર્દીઓને તપાસી યોગ્ય સારવાર આપે છે. એટલે કે મહિનાના ૨૫ દિવસના ૨૦૦ પેશન્ટ થયા. બાર મહિનાના ૨૪૦૦ પેશન્ટ અને પોતાના આજ દિન સુધીના કાર્યકાળના ૨૪ વર્ષની ગણના કરીએ તો અંદાજિત ૫૭,૦૦૦ દર્દીઓને તપાસી, તેઓને સાજા-નરવા કરી, સમાજમાં પરત મોકલેલ છે. પાલડી ખાતેના મેડિકલ સેન્ટરમાં લાંબા સમયથી કાર્યરત રહેતા આ પ્રકારના ડૉક્ટરોની સાઈલન્ટ પરંતુ અવિરતપણે ચાલતી સેવા બદલ આ સમાજ અને તેની સાથે સંકળાયેલા અનેક લોકો ગર્વ અનુભવે એ સ્વાભાવિક હકીકત બની રહે છે.



ડૉ. અપૂર્વ પટેલ

પાલડી મેડિકલ સેન્ટર સાથે લાંબા સમયથી સંકળાયેલા ડૉક્ટરોની સેવાની વાત કરીએ તો તે સંખ્યા લાખોની થવા જાય છે કે જે અવિરતપણે ચાલતી સેવાની આહલેક જગાડે છે. પાલડી ખાતે અત્યારે અંદાજિત ૭૦થી પણ વધુ ડૉક્ટરોની વિવિધ વિભાગોની સેવા દર અઠવાડિયે મળતી રહે છે. આ પરથી આ સેન્ટરે સમાજને આપેલ પ્રદાનની સહેજે ગણના કરી શકાય!

ડૉ. અપૂર્વ પટેલનું પોતાનું ક્લિનિક વસ્ત્રાપુર વિસ્તારમાં ૧૯૯૮થી સ્થાપિત થયેલ છે. અહીં તેઓ દરરોજના સરેરાશ ૧૦ દર્દીઓને તપાસી યોગ્ય સારવાર આપે છે. આ ગણનાએ છેલ્લા ૨૫ વર્ષમાં તેઓએ અહીંથી ૭૫,૦૦૦ જેટલા દર્દીઓને ચકાસી, તેમને સાજા-નરવા કરી, સમાજમાં પરત મોકલેલ છે. આપણે ડૉ. અપૂર્વ પટેલ અને સાથે સાથે આ પ્રકારની સમાજને મૂક સેવા આપનાર દરેક ડૉક્ટરને તેમના સમાજ પ્રત્યેના યોગદાન માટે નત મસ્તકે વંદન કરીએ.

ડૉ. અપૂર્વ પટેલનો પરિવાર અમદાવાદનો સ્થાનિક પરિવાર છે. તેઓશ્રી અમદાવાદ લેઉઆ પાટીદાર સમાજની જ્ઞાતિના છે. તેમનો જન્મ તા. ૨-૧૨-૧૯૬૮ના રોજ મણિનગર ખાતે થયેલ હતો. તેઓશ્રીએ કે.જી.થી મેટ્રીક સુધીનો અભ્યાસ મણિનગરની બેસ્ટ હાઈસ્કૂલમાં રહીને કરેલ હતો. તેઓશ્રી શાળામાં હંમેશાં ડિસ્ટીંક્શન માર્કસ સાથે ઉત્તીર્ણ થતા હતા. વર્ષ ૧૯૮૬માં તેઓશ્રીએ મેટ્રીક પાસ કરેલ હતું. ત્યારબાદ તેઓશ્રીનો પરિવાર સેટેલાઈટ વિસ્તારના જોધપુર ખાતે રહેવા આવી ગયેલ હતો.

મેટ્રીક પાસ કર્યા બાદ તેઓએ એન.એચ.એલ. મેડિકલ કૉલેજ (વી.એસ. હોસ્પિટલ)માં એડમિશન લઈ વર્ષ ૧૯૯૧માં M.B.B.S. કર્યું. વર્ષ ૧૯૯૫માં તેઓશ્રી આજ કોલેજમાંથી M.S. (જનરલ સર્જન) બન્યા.

M.S. માં ઉત્તીર્ણ થયા બાદ તેઓએ સિવિલ હોસ્પિટલની બી.જે. મેડિકલ કૉલેજમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે સેવા આપવાનું શરૂ કર્યું. બે વર્ષ બાદ એટલે કે માર્ચ ૧૯૯૮માં પોતાની આસિસ્ટન્ટ પ્રોફેસરની જોબ જોડી વસ્ત્રાપુર ખાતે એપ્રિલ ૧૯૯૮થી પોતાનું પ્રાઈવેટ ક્લિનિક શરૂ કર્યું. ત્યારબાદ વર્ષ ૧૯૯૯થી તેઓશ્રી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પાલડી ખાતેના મેડિકલ સેન્ટર સાથે જનરલ સર્જન તરીકે જોડાયેલા રહ્યા છે.

આ સંસ્થા સાથે ૨૪ વર્ષ જેટલા લાંબા સમયગાળા સુધી જોડાયેલા રહ્યા બાદ તેઓશ્રી જણાવે છે કે શ્રી ક.જૈ.સે.સમાજનું પાલડી ખાતેનું મેડિકલ સેન્ટર જનરલ પબ્લિકની ખૂબ જ સારી રીતે સેવા કરી રહેલ છે. અહીંના સંલગ્ન ડૉક્ટરો નિયમિતપણે પોતાની સેવા આપી રહ્યા છે. અહીંના કન્સલ્ટીંગ ચાર્જિસ તેમજ ઈન્વેસ્ટીગેશન ચાર્જિસ બહારના પ્રાઈવેટ ચાર્જિસ કરતા માત્ર અંદાજિત ૨૫ ટકા જેટલા જ રહેતા હોવાથી જન-સામાન્યને તે ખૂબ જ અનુકૂળ પડે છે. જન-સામાન્યને ખૂબ જ કિફાયતી દરથી ઉત્તમ પ્રકારની સેવા પ્રાપ્ત થાય છે. અહીં માઈનોર સર્જરીની પણ સારી એવી ફેસીલિટી પર્યાપ્ત છે. અહીંનો સ્ટાફ પણ ખૂબ જ સહકારભર્યું વલણ દાખવે છે. તેથી તેઓશ્રી પોતાના પ્રાઈવેટ

ક્લિનિકના પેશન્ટને પણ ઈન્વેસ્ટીગેશન માટે અહીં જ મોકલે છે.

તેઓશ્રીના અભિપ્રાય મુજબ જો આ સંસ્થા પાલડી ખાતેના 'શ્રી કચ્છી જૈન ભવન'ની આજુબાજુમાં ૨૫-૩૦ બેડની ક્ષમતા જેટલી નાની મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ ઊભી કરી શકે તો આ સેન્ટરમાં કાર્યરત ડૉક્ટરો પોતાના દર્દીઓને અન્યત્ર મોકલવાના બદલે અહીં દાખલ કરાવી જાતે જ ઉત્તમ કાર્ય કરી શકે અને જનતાને પણ કિફાયતી સેવાનો ખૂબ જ લાભ મળી શકે.

વિશેષમાં તેઓશ્રીએ જણાવેલ કે જે રીતે શ્રી ક.જૈ.સે.સમાજ - અમદાવાદે પાલડી, બોપલ અને ચાંગોદર ખાતે પોતાના મેડિકલ સેન્ટર કાર્યરત કરેલ છે એ રીતે અમદાવાદના પૂર્વ વિભાગમાં પણ જો આ સંસ્થા પોતાની સેવા આપવાનું શરૂ કરી શકશે તો તે એક ઉત્તમ કાર્ય તો બની જ રહેશે પરંતુ તે સમગ્ર અમદાવાદ માટે એક નોંધનીય અને સરાહનીય ઉદાહરણ બની શકશે.

તેમના જણાવ્યા મુજબ વાડીલાલ હોસ્પિટલ લગભગ નિષ્ક્રિય થઈ ગયેલ હોવાથી અને S.V.P. હોસ્પિટલ ચાર્જેબલ ધોરણે કાર્યરત રહેતી હોવાથી હાલે એલ.જી. હોસ્પિટલ પર દર્દીઓની લાઈન લાગે છે. આ હકીકત જ દાખવે છે કે અમદાવાદના પૂર્વ વિસ્તારમાં ચાલતી સિવિલ અને શારદાબેન હોસ્પિટલ ઉપરાંત કિફાયતી ધોરણે ચાલતી ટ્રસ્ટની હોસ્પિટલ અથવા છેવટે O.P.D. ધોરણે ચાલતા મેડિકલ સેન્ટરની પૂર્વ વિભાગમાં ખૂબ જ જરૂરિયાત છે.

સવિશેષપણે આપણે એક વાતની નોંધ લઈએ કે ડૉ. અપૂર્વ પટેલ એકમાત્ર એવા ડૉક્ટર છે કે જે શ્રી ક.જૈ.સે.સમાજ - અમદાવાદના પાલડી અને બોપલ એમ બંને સ્થળેથી પોતાની સેવા જન-સામાન્ય વર્ગને આપી રહ્યા છે.

ડૉ. અપૂર્વ પટેલના પરિવારમાં તેમના ધર્મપત્ની મીસાબેન પટેલ તથા એક પુત્ર પર્વ (ઉં.વ. ૨૬) કે જેણે આઈ.આઈ.ટી. - પવાઈથી ઈલેક્ટ્રીકલ એન્જિનિયરીંગનો અભ્યાસ કરી આઈ.આઈ.એમ. - બેંગ્લોરથી M.B.A. ઉત્તીર્ણ કરેલ છે અને હાલે તે ગુરુગાંવમાં જોબ કરી રહેલ છે. ડૉ. અપૂર્વ પટેલ હાલે પ્રહલાદનગર વિસ્તારમાં પોતાનું નિવાસ સ્થાન ધરાવે છે.

તેઓશ્રીનો નાનો ભાઈ તેજલ વટવા જી.આઈ.ડી.સી.માં પ્રિન્ટેડ ઈન્ક મેન્યુફેક્ચરીંગનો વ્યવસાય કરે છે. ડૉ. અપૂર્વ પટેલના પિતાશ્રી સુરેન્દ્રભાઈ તથા માતુશ્રી નીતાબેન તેમના નાના ભાઈ સાથે રહે છે.

ડૉ. અપૂર્વ પટેલમાં જન-સામાન્યની સેવા કરવાની જે લગની લાગેલ છે તેને આપણે સહર્ષ વધાવી લઈએ અને ભવિષ્યમાં તેઓશ્રી હાલ કરતાં પણ વધુ ઉત્તમ સેવાના કાર્યો કરતા રહે તેવી અપેક્ષા સાથે આ કોલમને અહીં વિરામ આપીએ.

# અતીતના ઓવારેથી.... : મણકો-૪

**• અશોક મહેતા •**

*મંગલ મંદિર'ના જુલાઈ-૨૦૨૩ના અંકમાં "અતીતના ઓવારેથી : મણકા-૩"ની કોલમમાં આપણે જોઈ ગયા કે, "શ્રી કચ્છી વીસા ઓસવાળ જૈન મિત્ર મંડળ - અમદાવાદ"એ તેની તા. ૧૧-૧૦-૧૯૭૦ની સામાન્ય સભામાં પોતાની સંસ્થાનું નામ બદલીને "શ્રી કચ્છી જૈન સમાજ" રાખ્યું. ત્યારબાદ તેઓએ અમદાવાદ સ્થિત અન્ય કચ્છી જૈનોને આ સંસ્થાના સભ્ય બનાવવાનું શરૂ કર્યું.*

*આપણે અત્રે શ્રી કચ્છી જૈન સમાજની તા. ૨૦-૧૨-૧૯૭૦ની સામાન્ય સભાની નોંધનું નિરીક્ષણ કરીએ. આ સભામાં શ્રી ક.વી.ઓ. સિવાય અન્ય કચ્છી જૈનો, શ્રી હેમચંદ ફતેહચંદ શેઠ, શ્રી શામજી કેશવજી નાગડા, શ્રી તારાચંદ માણેકજી દંડ, ડૉ. વાડીલાલ દામજી શાહ વગેરેની ઉપસ્થિતિ રહેવા પામેલ હતી.*

*આ સભાએ તા. ૧૧-૧૦-૧૯૭૦ની સામાન્ય સભાની મિનિટ્સને બહાલ રાખેલ હતી.*

*આ સભામાં લેવાયેલ નિર્ણય અનુસાર વર્ષ ૧૯૭૧ની કારોબારી સમિતિમાં સહમંત્રી તરીકે શ્રી રસીકલાલ હંસરાજ ધરમશી અને કારોબારી સમિતિના સભ્ય તરીકે શ્રી મનુભાઈ ભવાનજી શેઠ, શ્રી મહેન્દ્રકુમાર મણિલાલ વસા, ડૉ. વાડીલાલ દામજી શાહ તથા શામજી કેશવજી નાગડાને લેવામાં આવેલ હતા (ક.વી.ઓ. સિવાયના સભ્યો). આ સભાએ વર્ષ ૧૯૭૧ની સલાહકાર સમિતિમાં શ્રી મણિલાલ પ્રેમચંદ વસા, શ્રી બાબુભાઈ વીરમ શાહ તથા શ્રી માણેકજી જેઠાભાઈ દંડનો સમાવેશ કરેલ હતો.*

*ઉપરોક્ત સમગ્ર હકીકતને સંક્ષિપ્તમાં રજૂ કરીએ તો એ સમયના ક.વી.ઓ. સમાજના ભાઈઓએ ખૂબ જ વિશાળ દૃષ્ટિ રાખી અન્ય કચ્છી જૈનોને પોતાની સંસ્થામાં સમાવ્યા હતા.*

*તેમજ તે સમયે ક.વી.ઓ. સમાજના ભાઈઓએ જે દૂરંદેશી વાપરી તેના પરિણામે આજે આપણે "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ" જેવી વિશાળ વટવૃક્ષ સમાન સંસ્થાનું નિર્માણ કરી શક્યા છીએ.*

*ક.વી.ઓ. સમાજના આ દરેક મહાનુભાવને કોટી કોટી વંદન.*

***– તંત્રી મંડળ***

**અતીતના ઓવારેથી...** 
## તા. ૨૦-૧૨-૧૯૭૦ની સામાન્ય સભાની કાર્યવાહીની નોંધ

સા.સ. પરિપત્ર નં. ૨/૭૦ પ્રમાણે સંસ્થાની સામાન્ય સભા રવિવાર, તા. ૨૦-૧૨-૧૯૭૦ના સવારના ૯.૩૦ વાગે મળેલી. કાર્યસાધક સંખ્યાના અભાવે મુલત્વી રહેલ આ સભા ફરી તે જ સ્થળે મળી હતી અને ત્યારે તેમાં નીચેના સભ્યો હાજર રહ્યા હતા.

સર્વશ્રી (૧) હીરજી પાસુ દેઢિયા, (૨) આણંદજી વેલજી વીરા, (૩) કેશવજી કાનજી ધુલ્લા, ***(૪) ખીમજી આણંદજી લોડાયા,*** (૫) ગંગાજર કેશવજી મોમાયા, (૬) ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા, (૭) જેઠાલાલ રતનશી મોમાયા, (૮) ટોકરશી કેશવજી મારૂ, (૯) ઠાકરશી પદમશી શાહ, (૧૦) નાનજી કેશવજી મારૂ, ***(૧૧) નેણશી વેલજી મોતા,*** (૧૨) પોપટલાલ નેણશી ધરોડ, (૧૩) મગનલાલ ભવાનજી દેઢિયા, (૧૪) મણિલાલ નાનજી ગાલા, (૧૫) લક્ષ્મીચંદ રવજી ફુરિયા, (૧૬) શિવજી કુંવરજી શાહ, ***(૧૭) સોમચંદ ખીંયશી છેડા,*** (૧૮) હરખચંદ પ્રેમજી શાહ, (૧૯) હીરજી લાલજી ગડા, ***(૨૦) હેમચંદ ફતેહચંદ શેઠ, (૨૧) શામજી કેશવજી નાગડા, (૨૨) તારાચંદ માણેકજી દંડ, (૨૩) ડૉ. વાડીલાલ દામજી શાહ.***

પ્રમુખશ્રી હીરજી પાસુ દેઢિયાએ સભાની કાર્યવાહી ચલાવી હતી. આ સભામાં નીચેના નિર્ણયો લેવાયા હતા.

૧. તા. ૧૧-૧૦-૧૯૭૦ની સામાન્ય સભાની કાર્યવાહીને આ સભા બહાલ રાખે છે.
   રજૂ કરનાર : શ્રી પોપટલાલ ધરોડ
   ટેકો આપનાર : શ્રી હેમચંદ ફતેહચંદ શેઠ.
   સર્વાનુમતે પસાર.

૨. ખજાનચીશ્રી તરફથી રજૂ થયેલા તા. ૧-૧૨-૧૯૬૯થી તા. ૩૦-૧૦-૧૯૭૦ સુધીના હિસાબોના વાર્ષિક અહેવાલને આ સભા બહાલ રાખે છે.
   રજૂ કરનાર : શ્રી મગનલાલ દેઢિયા
   ટેકો આપનાર : ડૉ. ચંદ્રકાંત દેઢિયા.
   સર્વાનુમતે પસાર.

૩. મંત્રીશ્રીના વાર્ષિક અહેલવાને આ સભા બહાલ રાખે છે.
   રજૂ કરનાર : શ્રી ટોકરશી મારૂ
   ટેકો આપનાર : શ્રી આણંદજી વેલજી વીરા
   સર્વાનુમતે પસાર.

૪. પ્રમુખશ્રીનાં ઉદ્‌બોધનને આ સભા બહાલ રાખે છે.
   રજૂ કરનાર : શ્રી મણિલાલ ગાલા.
   ટેકો આપનાર : શામજી કેશવજી નાગડા.
   સર્વાનુમતે પસાર.
   નોંધ : પ્રમુખશ્રીનાં ઉદ્‌બોધનમાં સંસ્થાની ભવિષ્યની યોજનાઓનો સમાવેશ થયો હતો તેવું સૂચન ડૉ. ચંદ્રકાંત દેઢિયા તરફથી કરવામાં આવ્યું હતું.

૫. વર્ષ ૧૯૭૧ની નિમાયેલી કારોબારી સમિતિના સભ્યો :
   પ્રમુખ : શ્રી હીરજી પાસુ દેઢિયા
   ઉપપ્રમુખ : શ્રી ઠાકરશી પદમશી શાહ
   મંત્રી : શ્રી પોપટલાલ નેણશી ધરોડ
   સહમંત્રી : શ્રી રસીકલાલ હંસરાજ ધરમશી
   ખજાનચી : શ્રી મગનલાલ ભવાનજી દેઢિયા
   કારોબારી સભ્યો : સર્વશ્રી ***(૧) ઉમરશી માણેકજી ભારાણી,*** (૨) ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા, (૩) ટોકરશી કેશવજી મારૂ, (૪) બાબુભાઈ નરશી રાંભિયા, ***(૫) મનુભાઈ ભવાનજી શેઠ, (૬) મહેન્દ્રકુમાર મણિલાલ વસા, (૭) ડૉ. વાડીલાલ દામજી શાહ, (૮) શામજી કેશવજી નાગડા.***
   કારોબારી સમિતિની આ નિમણુંકોને આ સભા બહાલ રાખે છે.
   રજૂ કરનાર : શ્રી સોમચંદ ખીંયશી છેડા
   ટેકો આપનાર : શ્રી શિવજી કુંવરજી શાહ
   સર્વાનુમતે પસાર.

૬. સંવત ૨૦૨૭ના વર્ષ માટે ઓડિટર - લેખાધિકારીશ્રી તરીકે આ સભા શ્રી દેવજી રતનશી છેડાની નિમણુંક કરે છે.
   રજૂ કરનાર : શ્રી સોમચંદ ખીંયશી છેડા
   ટેકો આપનાર : શ્રી ગંગાજર કેશવજી મોમાયા
   સર્વાનુમતે પસાર.

૭. કારોબારી સમિતિને સલાહ આપવા માટે નીચેના પાંચ સભ્યોની સલાહકાર સમિતિ વર્ષ ૧૯૭૧ માટે નીમવામાં આવે છે. સર્વશ્રી (૧) શિવજી નરશી શાહ, ***(૨) મણિલાલ પ્રેમચંદ વસા, (૩) બાબુભાઈ વીરમ શાહ, (૪) માણેકજી જેઠાભાઈ દંડ,*** (૫) કેશવજી ઉકેડા ગોગરી.
   રજૂ કરનાર : શ્રી ઠાકરશી પદમશી શાહ
   ટેકો આપનાર : શ્રી શિવજી કુંવરજી શાહ
   સર્વાનુમતે પસાર.

આ પછી અન્ય કાર્યવાહી ન રહેતાં મંત્રીશ્રીએ પ્રમુખશ્રીનો આભાર માની આ સભા બરખાસ્ત કરી હતી. ■

**ઉડતી નજરે....** *માસ જૂન-૨૦૨૩ દરમિયાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ*

| ક્રમ | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|
| ૧. | **શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ.**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ<br>*જેમાંથી* – ● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ ૬૧૯<br>● સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો ૯૮<br>● બોડી ચેક-અપ ૩૪૯<br>● સોનોગ્રાફી ૧,૨૫૧<br>● ટી.એમ.ટી. ૫૦<br>● ઑપરેશન ૧<br>● અન્ય ૭,૬૩૮ | ૧૦,૦૦૬ |
| ૨. | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન, પાલડી, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ<br>*જેમાંથી* – ● પુરુષો ૩૨૮<br>● સ્ત્રીઓ ૨૨૬<br>● બાળકો ૪૦<br>● કેન્ટીન ૪,૦૫૦ | ૪,૬૪૪ |
| ૩. | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, ગીતા મંદિર, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ<br>*જેમાંથી* – ● પુરુષો ૧૨૧<br>● સ્ત્રીઓ ૪૦<br>● બાળકો ૦૩ | ૧૬૪ |
| ૪. | **ડૉ. ચંદ્રકાંત દેઢિયા ડાયાલિસિસ સેન્ટર, ગીતા મંદિર, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ | ૯૪ |
| ૫. | **જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ<br>*જેમાંથી* – ● શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - પેસેન્જર ૧,૯૯૦<br>● મ્યુઝીયમ ૧,૪૫૦<br>● કેન્ટીન ૩,૬૬૦<br>● જલારામ અન્નક્ષેત્ર ૩૯૦<br>● ડિસ્પેન્સરી ૭૦ | ૭,૫૬૦ |
| ૫. | **શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટર, શાહીબાગ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ | ૪૬૫ |
| ૭. | **નવનીત મેડિકલ સેન્ટર અને કંચનબેન નવીનચંદ્ર નાનજી શાહ ઓ.પી.ડી. સેન્ટર, દીપ ફાઉન્ડેશન મેડિકલ ચેક-અપ સેન્ટર, બોપલ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ<br>*જેમાંથી* – ● તબીબી ચેક- અપ ૧૯૮<br>● સોનોગ્રાફી ૨૫૮<br>● અન્ય ૫,૮૦૩ | ૬,૨૫૯ |
| ૮. | **નવનીત ડાયાલિસિસ સેન્ટર, બોપલ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ | ૧૪૪ |
| ૯. | **પરમકૃપા મેડિકલ સેન્ટર, ચાંગોદર, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ<br>*જેમાંથી* – ● એક્સ-રે ૭૫<br>● સોનોગ્રાફી ૩૬<br>● બોડી ચેક-અપ ૧૫<br>● કેમ્પ ૩૦૦<br>● અન્ય ૯૫ | ૫૨૧ |
| | *માસ જૂન - ૨૦૨૩ દરમિયાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ* | ૨૯,૮૫૭ |

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : દૈનિક ડાયરી

**રવિવાર, તા. ૧૮-૬-૨૦૨૩**

- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે આજ રોજ અમદાવાદ સ્થિત વિવિધ કચ્છી ઘટક સમાજના પ્રમુખ - મંત્રીશ્રીઓને બોલાવી એક સંમેલનનું આયોજન ગોઠવેલ હતું કે જેમાં ૧૬ સમાજના પ્રતિનિધિશ્રીઓ ઉપસ્થિત રહેલ હતા. સંમેલનનો હેતુ બધા કચ્છી ઘટક સમાજોએ એકત્રિત થઈ અમદાવાદ જન-સમાજ માટે મેડિકલ, શિક્ષણ અને કૌશલ્ય કલા ક્ષેત્રે સેવાના કાર્યો કરવા. આ બાબતે દરેકે પોતાના અભિપ્રાયો આપેલ હતા અને આ પ્રકારના કાર્યો કરવા સહમતિ આપેલ હતી. આ કાર્યવાહીને આગળ ધપાવવા ૯ સભ્યોન એક્શન કમિટીની રચના કરવામાં આવેલ હતી કે જે નીચે મુજબ રહેવા પામેલ છે : (૧) શ્રી અશોક મહેતા - કન્વીનર, (૨) શ્રી હિમાંશુ ઠક્કર, (૩) શ્રી દીપકભાઈ ચૌહાણ, (૪) શ્રી કનુભાઈ પટેલ - ઓઢવ, (૫) CA હરસુખભાઈ પટેલ, (૬) CA બી. કે. પટેલ, (૭) શ્રી રમણિકભાઈ પટેલ - નરોડા, (૮) શ્રી અતુલભાઈ સોની અને (૯) શ્રી પરબતભાઈ પટેલ.

**સોમવાર, તા. ૧૯-૬-૨૦૨૩**

- આજ રોજ શ્રી કચ્છી જૈન ભવન પર ગૃહ ઉદ્યોગ સમિતિની એક મીટિંગ મળેલ હતી કે જેમાં ૮ સભ્યો ઉપસ્થિત રહેલ હતા અને ગૃહ ઉદ્યોગની કાર્યવાહી આગળ ધપાવવા વિવિધ નિર્ણયો લેવાયેલ હતા.

**મંગળવાર, તા. ૨૦-૬-૨૦૨૩**

- બોપલ ખાતેના નવનીત ડાયાલિસિસ સેન્ટરમાં હાલે ૧૮ પેશન્ટ નિયમિતપણે ડાયાલિસિસ કરાવવા આવે છે કે જ્યારે નવા ૮ પેશન્ટ પોતાની જરૂરિયાત મુજબ ડાયાલિસિસ કરાવવા આવે છે. દરરોજના અંદાજિત ૬ ડાયાલિસિસ થાય છે. શાહીબાગ ખાતે દરરોજના સરેરાશ ૧૬ અને ગીતા મંદિર ખાતે સરેરાશ ૪ ડાયાલિસિસ થાય છે.

**શનિવાર, તા. ૨૪-૬-૨૦૨૩**

- શ્રી રજનીકાંત પારેખે આજરોજ ગીતા મંદિર ભવનની મુલાકાત લીધેલ હતી અને ત્યાં ચાલતા અદાણી સ્કીલ ડેવલપમેન્ટ ક્લાસના ઈન્સ્ટ્રક્ટર કુ. ભાર્ગવી દવે સાથે ત્યાં ચાલતા સ્કીલ ડેવલપમેન્ટના ક્લાસીસ માટે ચર્ચા કરેલ હતી. કુ. ભાર્ગવી દવેએ જણાવેલ હતું કે અહીંના હાલના તાલીમાર્થીઓની જરૂરી ટ્રેઈનિંગ બાદ તેમને 'આરના' હોસ્પિટલ તથા મણિનગરની બીજી એક હોસ્પિટલમાં ટ્રેઈનિંગ માટે લઈ જવામાં આવશે.
- આ ભવનની પાણીની ટાંકીની નડતી મુશ્કેલી માટે શ્રી મનુભાઈ પ્રજાપતિએ શ્રી રજનીભાઈનું ધ્યાન દોરતાં, આ અંગે શ્રી રજનીભાઈએ રીનોવેશન સમિતિના કન્વીનર શ્રી રાજેન્દ્ર દોશી સાથે ચર્ચા કરી કોન્ટ્રાક્ટર શ્રી અનિલભાઈને આ કામ તાત્કાલિક હાથ પર લઈ લેવા જણાવેલ હતું.
- આજરોજ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - પાલડી ખાતે ડૉ. શ્રી દેવલભાઈ શાહે શ્રી અશોકભાઈ મહેતા અને HR મેનેજર ખુશ્બુ શાહ જોડે શ્રી કચ્છી જૈન સેવા સમાજમાં આવતા દર્દીઓને સ્ટાફ તરફથી કઈ રીતે સારો અનુભવ / સેવા આપી શકાય તે અંગે ચર્ચા કરેલ હતી.

**રવિવાર, તા. ૨૫-૬-૨૦૨૩**

- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટ મંડળની એક મીટિંગ શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતી કે જેમાં ૧૫ ટ્રસ્ટીશ્રીઓ ઉપસ્થિત રહેલ હતા. (૧) આ મીટિંગમાં વર્ષ ૨૦૨૨-૨૩ના ઓડિટેડ હિસાબો સર્વાનુમતે મંજૂર રાખવામાં આવેલ હતા. (૨) મેડિકલ પરચેઝ કમિટીની રચના કરવામાં આવેલ હતી. (૩) રવિવાર, તા. ૩૦-૭-૨૦૨૩ના રોજ વાર્ષિક સામાન્ય સભા બોલાવવાનું નક્કી કરવામાં આવેલ હતું. (૪) રવિવાર, તા. ૩૦-૭-૨૦૨૩ના રોજ થનાર ચૂંટણી માટે ૩ સભ્યના એક ચૂંટણી પંચની રચના કરવામાં આવેલ હતી. (૫) આ સમાજના સભ્યપદ માટે આવેલ ૧૧ અરજીને મંજૂર રાખવામાં આવેલ હતી. (૬) ચાંગોદર મેડિકલ સેન્ટરના ઉદ્‌ઘાટન સમયના રૂા. ૭,૧૬,૫૭૧/-ના ખર્ચને મંજૂર રાખવામાં આવેલ હતા. (૭) આ મીટિંગમાં અન્ય કેટલાક જરૂરી નિર્ણયો લેવામાં આવેલ હતા.

**સોમવાર, તા. ૨૬-૬-૨૦૨૩**

- આજ રોજ સવારના ભાગે સીઝનનો પ્રથમ વરસાદ અમદાવાદ ખાતે પડેલ હતો કે જે કેટલાક વિસ્તારોમાં ૨ ઈંચ સુધી રહેવા પામેલ હતો.

**મંગળવાર, તા. ૨૭-૬-૨૦૨૩**

- આજ રોજ સાંજના અમદાવાદ ખાતે મુશળધાર વરસાદ પડેલ અને તેના કારણે ઠેર ઠેર પાણી ભરાઈ જવા પામ્યા હતા.
- અદાણી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરના બે પ્રતિનિધિઓએ ભવનની મુલાકાત લીધેલ હતી અને તેઓએ શ્રી પ્રતાપભાઈ તથા શ્રી હિરેન શાહ સાથે મણિનગર ખાતેના સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર તથા અન્ય કેન્દ્રો અંગે વિવિધ ચર્ચા કરેલ હતી.

- આજે સવારમાં ૧૧.૩૦ વાગે ભવન પર 'મંગલ મંદિર' સમિતિની એક મીટિંગ મળેલ હતી કે જેમાં શ્રી અશોક મહેતા, શ્રીમતી ફાલ્ગુની હિરેન, કુ. ચૌલાબેન કુરુવા, શ્રી રસીક ખીમજી મહેતા, શ્રી મહેન્દ્ર દોશી તથા શ્રી રજનીકાંત પારેખ ઉપસ્થિત રહેલ હતા. શ્રી મહેન્દ્રભાઈ દોશીએ લખેલ વિવિધ પત્રોના અનુસંધાને આ મીટિંગ બોલાવવામાં આવેલ હતી અને તેના અનુસંધાને વિવિધ મુદ્દા પર ૮ જેટલા ઠરાવો પાસ કરી, જરૂરી કાર્યવાહી કરવામાં આવેલ હતી.
- માનદ્ મંત્રી શ્રી રજનીકાંત પારેખ તથા રીનોવેશન કમિટીના કન્વીનર શ્રી રાજેન્દ્ર દોશીએ શાહીબાગ ભવનની મુલાકાત લઈ તેના વિવિધ ભાગોનું નિરીક્ષણ કરી જરૂરી નિર્ણયો લીધેલ હતા. તેઓએ આર.ઓ. પ્લાન્ટના વેસ્ટ પાણીના ઉપયોગ અંગે વિવિધ શક્યતાઓ બાબતે ચર્ચા કરેલ હતી.
- શ્રી કચ્છી જૈન સેવા સમાજના દરેક સેન્ટરના સ્ટાફ મેમ્બરની હાજરીના રેકોર્ડને સેન્ટ્રલાઈઝ્ડ કરવા માટે તેમજ દરેક સ્ટાફ મેમ્બરના પગારને મેન્યુઅલની જગ્યાએ ઓટો સિસ્ટમથી કરવા માટે HRMS અને Payroll સોફ્ટવેરની મંજૂરી આપવામાં આવી હતી. જેના ભાગરૂપે આજ રોજ પાલડી ખાતે મેડિકલના સ્ટાફ મેમ્બર માટે ત્રીજા માળ પર નવું બાયોમેટ્રીક મશીન ઈન્સ્ટોલ કરવામાં આવ્યું. જેથી સ્ટાફ મેમ્બરના Actual duty hours મોનીટર કરી શકાય.

### બુધવાર, તા. ૨૮-૬-૨૦૨૩

- આજ રોજ શ્રી કચ્છી જૈન ભવન પર ગત તા. ૨૫-૬-૨૦૨૩ના રોજ નિયુક્ત કરાયેલ ચૂંટણી પંચની પ્રથમ મીટિંગ મળેલ હતી કે જેમાં શ્રી કે.ડી. શાહ, શ્રી મનીષ વીરા તથા શ્રી જ્યોતિન્દ્ર સંઘવી ઉપસ્થિત રહેલ હતા અને હવે પછી કરવામાં આવનાર કાર્યવાહીની પ્રાથમિક ચર્ચા કરેલ હતી.

### ગુરૂવાર, તા. ૨૯-૬-૨૦૨૩

- આજે શ્રી અશોક મહેતા, શ્રી લક્ષ્મીચંદ વીરા તથા ડૉ. કેતન શાહ શ્રી અંકિત અશોક સાવલા સાથે તેઓની બાપુનગરની 'વ્હાઈટ હાઉસ'ની સ્કીમ જોવા ગયેલ હતા. આ મકાન મેડિકલ સેન્ટર માટે કામ આવે કે નહીં તેની તપાસ કરતાં ગ્રાઉન્ડ + ૬ માળ (+ બે બેઝમેન્ટ)ની સ્કીમમાં બીજા માળ પર ૧૩,૦૦૦ ચો.ફૂટ કારપેટ એરીયાની જગ્યા મળી શકે તેવી હતી. આજુબાજુની વસતિની ગીચતાના કારણે જો અહીં મેડિકલ સેન્ટરની સ્થાપના કરવામાં આવે તો ભવિષ્યમાં તેના થકી અનેક લોકોને ફાયદો થઈ શકે તેવા તારણ પર અવાયું. આ જગ્યાના ભાવતાલ અંગે પણ વાત કરવામાં આવી.
- જૂન મહિનામાં શ્રી કે.ડી. શાહ, શ્રી વિમેશ શાહ અને HR મેનેજર ખુશ્બુ શાહે સ્ટાફને મળતા ઇન્ક્રિમેન્ટની પોલિસી અંગે ચર્ચા કરી. જે મુજબ હાલમાં દરેક સ્ટાફ મેમ્બરને તેઓના જોઈનિંગ તારીખ મુજબ ઈન્ક્રીમેન્ટ કરવામાં આવે છે પરંતુ એની જગ્યાએ દરેક સ્ટાફ મેમ્બરને આવતા વર્ષથી એક સાથે પરફોર્મન્સ Evaluate કરીને, ઈન્ક્રીમેન્ટ એપ્રિલ ૨૦૨૪માં કરવામાં આવે તે પ્રપોઝલ તૈયાર કરવામાં આવી અને ઈન્ક્રીમેન્ટ પોલીસીમાં આ ફેરફાર અંગે મંજૂરી લેવામાં આવી.
- આજરોજ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - પાલડી ખાતે ખુશ્બુ શાહ દ્વારા પાલડી, બોપલ, ગીતા મંદિર, શાહીબાગ સેન્ટરના ઈન્ચાર્જ / HOD ની મીટિંગ કરવામાં આવી. જેમાં કિશોરભાઈ ઠક્કર, ડૉ. દક્ષાબેન રામાવત, શ્રી પીન્ટુભાઈ પટેલ, શ્રી કૃષ્ણકાંત મોદી, શ્રી મનુભાઈ પ્રજાપતિ, ડૉ. રીદ્ધિ જોશી હાજર રહ્યા હતા અને સ્ટાફ મેમ્બરને દર વર્ષે મળતા ઈન્ક્રીમેન્ટ પોલીસીમાં થયેલા ફેરફાર અંગેની જાણ કરવામાં આવી.

### શુક્રવાર, તા. ૩૦-૬-૨૦૨૩

- આજ રોજ શ્રી રજનીકાંત પારેખ તથા શ્રી લક્ષ્મીચંદ વીરાએ શાહીબાગ ખાતેના ડાયાલિસિસ સેન્ટરની મુલાકાત લીધેલ હતી અને ત્યાં જોઈતી જરૂરી વસ્તુની ખરીદીનો ઓર્ડર આપવાની તૈયારી કરેલ હતી.
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - ગીતા મંદિર ખાતે આજ રોજ સ્ટાફ મેમ્બર માટે ડ્યુટી પર આવતા અને જતા પંચ કરવા માટે બાયોમેટ્રીક મશીન ઈન્સ્ટોલ કરવામાં આવ્યું.

### શનિવાર, તા. ૧-૭-૨૦૨૩

- ચાંગોદર ખાતેના મેડિકલ સેન્ટર અંગે રીવ્યુ કરવા આજરોજ બોપલ ખાતે ડૉ. હિતેન્દ્ર શાહ, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી હિરેન કે. શાહ, શ્રી અશોક મહેતા, શ્રી જયેશભાઈ મજમુદાર અને શ્રી ધવલ મજમુદાર મળેલ હતા અને આ સેન્ટરનો હજુ પણ બહોળા પ્રમાણમાં ઉપયોગ થાય તે માટે નીચે મુજબના નિર્ણયો લેવાયેલ હતા : (૧) આજુબાજુની દરેક ઈન્ડસ્ટ્રીઝની મુલાકાત લેવી. (૨) મેડિકલ સેન્ટરની સામે આવેલ ગાય છાપ બેસનની ખાસ મુલાકાત લેવી. (૩) આજુબાજુના ગામના તલાટી તથા સરપંચશ્રીઓનો કોન્ટેક્ટ કરવો, (૪) ESI ની ઓફિસમાં જઈ ત્યાં આપણા સેન્ટરને રજિસ્ટ્રેશન કરાવવા કોશિશ કરવી.

  આ ટીમે ત્યાં ચાલતા સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરની પણ મુલાકાત લીધેલ હતી.
- ચાંગોદર મેડિકલ સેન્ટરના ડૉ. પ્રકૃતિ ખેતાન અને ડૉ. ચાંદની મોદીએ બોપલના નવનીત મેડિકલ સેન્ટરમાં આવીને મોતિયાના ૩ ઑપરેશન કરેલ હતા.
- આજે સાંજના શ્રી કચ્છી જૈન ભવન પર ચેરીટી કમિશનરના આવેલ પત્ર પર ચર્ચા કરવા એક મીટિંગ મળેલ હતી કે જેમાં

શ્રી હિરેન કે. શાહ, શ્રી રજનીકાંત પારેખ, શ્રી અશોક મહેતા, શ્રી દેવેશ દંડ અને શ્રી દેવેન છેડા ઉપસ્થિત રહેલ હતા. આ મીટિંગમાં ચેરીટી કમિશનર ઓફિસના કાયદાને જાણકાર શ્રી દીપકભાઈ શાહ ખાસ ઉપસ્થિત રહેલ હતા. ચેરીટી કમિશનરની ઓફિસે શ્રી કચ્છી જૈન સેવા સમાજ માટે જે પ્રશ્નો ઉઠાવ્યા છે તે અંગે આ મીટિંગમાં વિગતે ચર્ચા કરવામાં આવેલ હતી અને શ્રી દીપકભાઈ શાહની સલાહ મુજબ શક્ય ત્વરાએ નીચે મુજબના પેપર્સ તૈયાર કરવાનું નક્કી કરવામાં આવેલ હતું : (૧) અવસાન પામેલ ટ્રસ્ટીશ્રીઓના ડેથ સર્ટીફિકેટ્સ એકત્રિત કરવા. (૨) ચેરીટી કમિશનરની ઓફિસના ચોપડે શ્રી ક.જૈ.સે.સ.ના ટ્રસ્ટીશ્રીઓના જે ૪૭ નામ નોંધાયેલ છે, તેમાંથી ડબલ કે વધુ વખત આવેલ નામો કઢાવી નાંખવા. (૩) ચેરીટી કમિશનરની ઓફિસ સાથે આ બાબતે ફાઈનલ કાર્યવાહી કરવા અગાઉ નવું બંધારણ લાંબાગાળાની દૃષ્ટિએ તૈયાર કરાવી તે ફાઈનલ કરાવી લેવું કે જેથી આવતા વર્ષોમાં તેને વારંવાર સુધારવાની જરૂરત ના પડે.

- નવનીત મેડિકલ સેન્ટર - બોપલ ખાતે તેઓના રીપોર્ટ અનુસાર જૂન-૨૦૨૩માં ૬૨૫૯ દર્દીઓએ તેનો લાભ લીધેલ હતો. કે જેમાં ૧૯૮ બોડી ચેક-અપ, ૨૫૮ સોનોગ્રાફી અને ૧૫ જેટલા વિવિધ વિભાગના ઑપરેશનનો સમાવેશ થયેલ હતો.

**રવિવાર, તા. ૨-૭-૨૦૨૩**

- સમાજના કેટલાક હોદ્દેદારો તથા મેડિકલ સમિતિના સભ્યો સાથે પાલડી મેડિકલ સેન્ટરના ડૉક્ટરોનું એક સ્નેહ મિલન સમારંભ યોજવામાં આવેલ હતું કે જેમાં નીચે મુજબના ડૉક્ટરશ્રીઓ ઉપસ્થિત રહેલ હતા.

ફિઝીશિયન ડૉ. નીતુબેન પરીખ, જનરલ સર્જન ડૉ. તપન શાહ, ENT સર્જન ડૉ. કમલેશ શાહ, પલ્મોનોલોજિસ્ટ ડૉ. વૈશલ શેઠ, નેફ્રોલોજિસ્ટ ડૉ. જય શાહ, ઓપ્થેલ્મોલોજિસ્ટ ડૉ. દેવલ શાહ, ઓર્થોસર્જન ડૉ. શશાંક ગાંધી તેમજ હાર્ટ સર્જન ડૉ. ધીરેન શાહ (સિમ્સ હોસ્પિટલ), યુરો સર્જન ડૉ. હિમાંશુ શાહ (સમાજના ટ્રસ્ટી તથા ફ્યુઝન હોસ્પિટલના ડાયરેક્ટર) અને ડૉ. હિતેન્દ્ર શાહ (સમાજના ટ્રસ્ટી તથા ડેન્ટીસ્ટ તથા મા કમલા કોલેજના મેનેજિંગ ડાયરેક્ટર).

સમાજના ટ્રસ્ટીશ્રીઓ તથા મેડિકલ સમિતિના સભ્યશ્રીઓમાં શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી શાંતિભાઈ સાવલા, શ્રી હિરેન કે. શાહ, શ્રી રજનીકાંત પારેખ, શ્રી અશ્વિન સાવલા, શ્રી અશોક મહેતા, શ્રી કે.ડી. શાહ, શ્રી લક્ષ્મીચંદ વીરા, શ્રી મુકેશ સાવલા, શ્રીમતી હાસ્યલતાબેન મહેતા વગેરે ઉપસ્થિત રહેલ હતા.

આ મીટિંગમાં મોટાભાગના ડૉક્ટરોનું માનવું હતું કે પાલડી મેડિકલ સેન્ટરની આજુબાજુના વિસ્તારમાં સમાજે ૫૦થી ૧૦૦ બેડની મધ્યમ વર્ગના પરિવારોને આર્થિક રીતે અનુકૂળ પડે તેવી હોસ્પિટલ ઊભી કરવી જોઈએ.

હોસ્પિટલ ઊભી કરવા કેટલી જમીન જોઈએ, અંદર શું ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવું જોઈએ, તેની કિંમત શું પડી શકે વગેરે અંગે પણ આ મીટિંગમાં વિસ્તૃત માહિતી આપવામાં આવેલ હતી.

**સોમવાર, તા. ૩-૭-૨૦૨૩**

- શ્રી કચ્છી જૈન ભવન ખાતે શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી હિરેન કે. શાહ, શ્રી રજનીકાંત પારેખ, શ્રી કે.ડી. શાહ, શ્રી રમણિકભાઈ ગોસર, શ્રી વિમેશ શાહ અને અદાણી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરના શ્રી જીજ્ઞેશ શાહના ઉપસ્થિતિમાં ગીતા મંદિર ખાતેની સ્કીલ ડેવલપમેન્ટની પ્રથમ બેચના તાલીમાર્થીઓને ટ્રેઇનિંગ પૂરી થયાનું સર્ટીફિકેટ તથા તેઓની જોબ મળ્યાની એપોઇન્ટમેન્ટના પત્રો આપવામાં આવેલ હતા. સાથે સાથે બોપલ ખાતે શરૂ કરવામાં આવેલ સ્કીલ ડેવલપમેન્ટના પ્રથમ બેચના તાલીમાર્થીઓને જરૂરી કીટ આપવામાં આવેલ હતી.
- આજ રોજ શ્રી કચ્છી જૈન ભવન પર ચૂંટણી પંચની એક મીટિંગ મળે હતી કે જેમાં શ્રી કે.ડી. શાહ, શ્રી રજનીકાંત પારેખ, શ્રી મનીષ વીરા તથા શ્રી જ્યોતેન્દ્ર સંઘવી ઉપસ્થિત રહેલ હતા અને ચૂંટણીની વિવિધ કાર્યવાહી અંગે જે તે તારીખો નક્કી કરવામાં આવેલ હતી.

**મંગળવાર, તા. ૪-૭-૨૦૨૩**

- આજ રોજ બપોરના શ્રી અશોક મહેતા, શ્રી લક્ષ્મીચંદ વીરા, ડૉ. કેતન શાહ વગેરેએ રખિયાલ ખાતેના ચકુડિયા મહાદેવની સામેના વેર હાઉસના ૧૮,૦૦૦ ચો. ફૂટ કારપેટ એરીયા જેટલા વિસ્તારનું મેડિકલ સેન્ટર સ્થાપવાના અનુસંધાને નિરીક્ષણ કર્યું. ત્યારબાદ તેના માલીક સાથે રેઈટ વગેરેની ચર્ચા પણ કરી હતી.

**બુધવાર, તા. ૫-૭-૨૦૨૩**

- શ્રી કચ્છી જૈન ભવન પર સવારના ભાગે એક મીટિંગ મળેલ હતી કે જેમાં શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી હિરેન કે. શાહ, શ્રી અશોક મહેતા, શ્રી જયેશભાઈ શાહ વગેરે ઉપસ્થિત રહેલ હતા. આ મીટિંગમાં હોસ્પિટલ પ્રોજેક્ટ અંગે ચર્ચા કરવામાં આવેલ હતી. ચર્ચાના અંતે એવું નક્કી થયું કે શ્રી જયેશભાઈ અ.મ્યુનિ.કો.માં જઈ હોસ્પિટલ માટે કયા કયા પ્લોટ મળી શકે તેમ છે, તે કયા વિસ્તારમાં આવેલા છે, તેનો એરીયા કેટલો છે અને તેની અંદાજિત કિંમત શું હોઈ શકે તેની વિગતો મેળવી લેશે અને ત્યારબાદ આપણે મુખ્યમંત્રીશ્રીને મળવા જવું જોઈએ.

- શ્રી હિરેન કે. શાહ મેડિકલ સેન્ટર માટે નિકોલ વિસ્તારમાં જગ્યા જોવા ગયેલ હતા.

**શુક્રવાર, તા. ૭-૭-૨૦૨૩**

- આજ રોજ ચૂંટણી પંચની એક મીટિંગ મળેલ હતી અને ચૂંટણી અંગેના અરજી પત્રકના બોક્ષ, તા. ૧૦-૭-૨૦૨૩થી ફોર્મ આપવા વગેરે કાર્યવાહી અંગે ચર્ચા કરવામાં આવેલ હતી.
- આવતી વાર્ષિક સામાન્ય સભાના પરિપત્રો તૈયાર કરી, આજથી સભ્યોને મોકલવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી.
- સ્ટાફ માટે બનાવવામાં આવેલ નીતિ-નિયમો અંગેની ચર્ચા કરવા શ્રી કચ્છી જૈન ભવન પર એક મીટિંગ બોલાવવામાં આવેલ હતી કે જેમાં શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી શાંતિભાઈ સાવલા, શ્રી હિરેન કે. શાહ, શ્રી અશોક મહેતા, ડૉ. હિતેન્દ્ર શાહ, શ્રી અશ્વિન સાવલા વગેરે ઉપસ્થિત રહેલ હતા. નવા બનાવવામાં આવેલ નીતિ નિયમોની એક-એક કોપી બધાને આપી તે અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલ હતી. આવતા દિવસોમાં ફરી મીટિંગ બોલાવી આ અંગે ફાઈનલ નિર્ણય લેવાનું નક્કી કરવામાં આવેલ હતું.
- શ્રી જયેશભાઈ શાહે આજરોજ અમ.મ્યુનિ.કો.ની મુલાકાત લીધેલ હતી અને અ.મ્યુનિ.કો.માંથી મળવાપાત્ર પ્લોટની વિગત લઈને આવેલ હતા. આ વિગત અનુસાર પાલડીની આજુબાજુના વિસ્તારમાં અ.મ્યુ.કો.ના કોઈ પ્લોટ છે જ નહીં પરંતુ થલતેજ, ગોતા, સોલા, નિકોલ વગેરે વિસ્તારમાં ૭૦૦ ચો.મી. સુધીના પ્લોટો મળી શકે તેમ છે. આ બાબત વિચારીને નિર્ણય લેવાનું નક્કી કરવામાં આવેલ હતું.

**રવિવાર, તા. ૯-૭-૨૦૨૩**

- આજરોજ શ્રી હિરેન કે. શાહ તથા શ્રીમતી ફાલ્ગુની હિરેન શાહ બાપુનગર તથા નિકોલ વિસ્તારમાં મેડિકલ સેન્ટર માટે અલગ અલગ જગ્યા જોવા ગયેલ હતા.

**સોમવાર, તા. ૧૦-૭-૨૦૨૩**

- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની અમદાવાદ સ્થિત વિવિધ કચ્છી ઘટક સમાજોની તા. ૧૮-૬-૨૦૨૩ની મીટિંગના નિર્ણય અનુસાર નક્કી કરવામાં આવેલ એક્શન કમિટીની તા. ૨૨-૭-૨૦૨૩ના રોજ મળનાર પ્રથમ મીટિંગના સરક્યુલર એક્શન કમિટીના બધા જ ૯ સભ્યોને તથા શ્રી કચ્છી જૈન સેવા સમાજના કેટલાક હોદ્દેદારોને મોકલી આપવામાં આવેલ હતા.
- પાલડીના મેડિકલ સેન્ટરમાં TMT મશીન વચ્ચે વચ્ચે બંધ થઈ જતું હોવાથી Wifi S.T. Track ખરીદી TMT મશીન સાથે જોડવામાં આવ્યું અને શ્રી પ્રદીપ મહેતા દ્વારા Windows-10 થી કોમ્પ્યુટરમાં અપડેટ કરી તેના RAM વદારવામાં આવ્યા કે જેથી કોમ્પ્યુટરની સ્પીડ વધવા પામેલ છે.
- આજરોજ શ્રી કે.ડી. શાહ તથા શ્રી મનીષ વીરા દ્વારા ચૂંટણીના ફોર્મ આપવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી.

**મંગળવાર, તા. ૧૧-૭-૨૦૨૩**

- આજરોજ શ્રી હિરેન કે. શાહ, શ્રી અશોક મહેતા તથા શ્રી કિશોર ઠક્કર વસ્ત્રાલ ખાતે નવા મેડિકલ સેન્ટર માટે જગ્યા જોવા ગયેલ હતા. આ મકાનના પ્રથમ માળે ૫૦૦ ચો.ફૂટ કારપેટચ એરીયાના ૯ ગાળા તથા બીજા માળે ૧૧ ગાળા ભાડેથી મળી શકે તેમ હોવાથી તે બાબતે તે મકાનના ઓર્ગેનાઈઝર સાથે જરૂરી ચર્ચા કરવામાં આવેલ હતી.
- ત્યારબાદ આ જ ગ્રુપે જશોદાનગર ચોકડીવાળી ગ્રાઉન્ડ ફ્લોરના ૧૨૦૦ ચો.ફૂટ તથા પ્રથમ માળના ૩૬૦૦ ચો.ફૂટવાળી જગ્યાનું પણ નિરીક્ષણ કરેલ હતું.

**ગુરૂવાર, તા. ૧૩-૭-૨૦૨૩**

- હોમિયોપેથિક વિભાગમાં દર્દીઓની સંખ્યા હાલે ઘટી ગઈ હોવાથી શ્રી લક્ષ્મીચંદ વીરા તથા ડૉ. દક્ષા રામાવતે હોમિયોપેથિક ડૉક્ટર નીલય શાહ સાથે ચર્ચા કરેલ હતી અને પેમ્ફલેટ, બેનર વગેરે દ્વારા જરૂરી પ્રચાર કરવાનું નક્કી કરવામાં આવેલ હતું.

**શુક્રવાર, તા. ૧૪-૭-૨૦૨૩**

- શ્રી કચ્છી જૈન ભવન પર આજે સાંજના પાલડી મેડિકલ સમિતિની એક મીટિંગ મળેલ હતી કે જેમાં શ્રી અશ્વિનભાઈ સાવલા, ડૉ. હિતેન્દ્ર શાહ, શ્રી અશોક મહેતા, શ્રી મુકેશ સાવલા, શ્રીમતી હાસ્યલતાબેન મહેતા, શ્રી પ્રદીપ મહેતા, શ્રી દેવેશ દંડ, શ્રી લક્ષ્મીચંદ વીરા, શ્રીમતી દક્ષાબેન તથા શ્રી પીન્ટુબાઈ ઉપસ્થિત રહેલ હતા અને આ મેડિકલ સેન્ટરને લગતી અનેક બાબતોએ જરૂરી નિર્ણયો લેવાયેલ હતા. આ મીટિંગમાં નવું ઇ.સી.જી. મશીન તથા દાંત વિભાગ માટે આખા જડબાના એક્સ-રે માટે ઓ.પી.જી. મશીન ખરીદવાનું નક્કી કરવામાં આવેલ હતું.

**શનિવાર, તા. ૧૫-૭-૨૦૨૩**

- આજરોજ સવારમાં ૧૦ વાગે બોપલ મેડિકલ સેન્ટર સમિતિની એક મીટિંગ બોપલ ખાતે મળેલ હતી કે જેમાં ડૉ. હિતેન્દ્ર શાહ, શ્રી અશ્વિન સાવલા, ડૉ. સૂચિબેન શાહ, શ્રી મનીષ ગોસર તથા ડૉ. રીદ્ધિ જોશી ઉપસ્થિત રહેલ હતા. આ મીટિંગમાં નીચે મુજબના નિર્ણયો લેવાયેલ હતા : (૧) પ્રથમ માળ પર નવનીત ફાઉન્ડેશન દ્વારા ફાળવવામાં આવેલ નવા ત્રણ ગાળામાં ફાર્મસીની દુકાન, O.T., Eye O.T. તથા આયુર્વેદ ડિપાર્ટમેન્ટ

(OPD + પંચકર્મ) શરૂ કરવાનું નક્કી કરવામાં આવેલ હતું. (૨) ૧૫૦૦ ચો. ફૂટના આ વિસ્તારને રીનોવેટ કરવા, ઇલેક્ટ્રીક લાઇન લેવા, POP સીલીંગ કરવા, એ.સી. બેસાડવા વગેરેના અંદાજિત રૂા. ૨૦ લાખના ખર્ચને મંજૂરી આપવામાં આવેલ હતી. (૩) ફિઝીયોથેરાપી વિભાગ માટે નવા મશીન લેવા અંગેની ચર્ચા કરવામાં આવેલ હતી. (૪) અન્ય કેટલાક જરૂરી નિર્ણયો પણ લેવામાં આવેલ હતા.

- આજે સાંજના ૪ વાગે શ્રી કચ્છી જૈન ભવન પર એક મીટિંગ બોલાવવામાં આવેલ હતી કે જેમાં શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી શાંતિલાલભાઈ સાવલા, શ્રી હિરેન કે. શાહ, શ્રી અશોક મહેતા, શ્રી હસમુખ ગઢેચા, ડૉ. હિતેન્દ્ર શાહ તથા શ્રી કે.ડી. શાહ ઉપસ્થિત રહેલ હતા. આ મીટિંગમાં નીચેની વિગતે ચર્ચા કરવામાં આવેલ હતી : (૧) શ્રી કચ્છી જૈન ભવનની સામે આવેલ બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટીમાં મળતા ૯૮૫ ચો.વારના પ્લોટને ખરીદવા અંગેની શક્યતાઓ વિચારવામાં આવેલ હતી. (૨) ભવિષ્યમાં મુખ્યમંત્રીશ્રીને મળીને થલતેજ વિસ્તારમાં મળતા પસંદગીના પ્લોટને ટોકન લીઝથી મેળવવા પ્રયાસ કરવાનું નક્કી કરવામાં આવેલ હતું. (૩) પૂર્વ વિસ્તારમાં નવા ઊભા કરવામાં આવનાર મેડિકલ સેન્ટરને ત્યારબાદના ક્રમાંકે પસંદગી આપવાનું નક્કી કરવામાં આવેલ હતું.
- આજ રોજ બપોર પછી શ્રી કચ્છી જૈન ભવન પર વયસ્ક સમિતિનો કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. આ કાર્યક્રમમાં ૨૧૫થી પણ વધુ વડીલો ઉપસ્થિત રહ્યા હતા. ડો. અર્પિત ડેલીવાલા, ડૉ. શિલ્પા તોશનીવાલ તથા ડૉ. હિમાંશુભાઈએ (માઉથ ઑર્ગન પર) ગીતો ગાઈને સહુને સારું એવું મનોરંજન પીરસેલ હતું. ૮ જેટલા વડીલોના આ મહિનામાં જન્મ દિવસ આવતા હોવાથી દરેકના (તેમના પરિવારની ઉપસ્થિતિમાં) કેક કાપીને તેમના જન્મ દિવસ ઉજવવામાં આવેલ હતા. આ પ્રસંગે દાતાશ્રીઓનું બહુમાન પણ કરવામાં આવેલ હતું. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ સમૂહ ભોજન લઇ સહુ છૂટા પડ્યા હતા.

**સોમવાર, તા. ૧૭-૭-૨૦૨૩**

- શ્રી કચ્છી જૈન ભવન પરના મેડિકલ સેન્ટરની લેબોરેટરીમાં એક ફુલ ટાઈમ ફ્લેબોટોનિસ્ટ અને એક લેબોરેટરી ટેકનિશિયનની આજરોજ નિમણુંક કરવામાં આવેલ હતી.

**મંગળવાર, તા. ૧૮-૭-૨૦૨૩**

- તા. ૩-૭-૨૦૨૩થી તા. ૧૮-૭-૨૦૨૩ના સમયગાળા દરમિયાન શ્રી કચ્છી જૈન સેવા સમાજના શાહીબાગ ખાતે હાઉસ કીપિંગમાં, બોપલ ખાતે ડાયાલિસિસ સેન્ટરમાં તથા પાલડી ખાતે બ્લડ કલેક્શન માટે નવા સ્ટાફની ભરતી કરવામાં આવેલ હતી.
- અમદાવાદ સ્થિત કચ્છી જૈનોના પરિવારના સર્વે કરી સમાજની શૈક્ષણિક, સાંસ્કૃતિક, શારીરિક, આર્થિક વગેરે વિભોગની પરિસ્થિતિ જાણવા અંગે આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર એક મીટિંગ મળેલ હતી કે જેમાં શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી અશોક મહેતા, શ્રી હિરેન કે. શાહ, શ્રી રજનીકાંત પારેખ તથા શ્રી લીલાબેન વીસરિયા ઉપસ્થિત રહેલ હતા. લીલાબેનના જણાવ્યા અનુસાર અત્યાર સુધી તેઓએ ૧૫૦ ફોર્મ ભરાવેલ છે પરંતુ તેમાં અનેક અડચણો આવે છે. ચર્ચા વિચારણાને અંતે અમદાવાદ સ્થિત કચ્છી જૈનોના દરેક ફીરકાના અગ્રણીઓ સાથે મુલાકાત કરી, આ ફોર્મ ભરાવવાનું કામ વિભાગવાર વહેંચી લેવા ચર્ચા વિચારણા કરવામાં આવેલ હતી. દરેક ફીરકાના અગ્રણીઓ સાથે રવિવાર, તા. ૨૩-૭-૨૦૨૩ના મીટિંગ યોજવાનું નક્કી કરવામાં આવેલ હતું.
- 'આપણા ડૉક્ટરને પહેચાનો'ની મંગલ મંદિરની કોલમ માટે ડૉ. અપૂર્વ પટેલની વિગતવાર માહિતી મેળવવામાં આવેલ હતી.
- આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર ચેરીટી કમિશનરના પ્રશ્નો અંગે એક મીટિંગનું આયોજન કરવામાં આવેલ હતું કે જેમાં શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી હિરેન કે. શાહ, શ્રી રજનીકાંત પારેખ, શ્રી દેવેશ દંડ, શ્રી અશોક મહેતા તથા શ્રી કિશોર ઠક્કર ઉપસ્થિત રહેલ હતા. જે ટ્રસ્ટીઓના અવસાન થયા છે તે ટ્રસ્ટીશ્રીઓના ૧૬ જેટલા નામ તથા જે ટ્રસ્ટીશ્રીઓના નામ બે વખત આવે છે તેવા ૫ જેટલા નામ ચેરીટી કમિશનરના લીસ્ટમાંથી કઢાવી નાંખવાની કાર્યવાહી પૂર્ણ કરી દેવાનું નક્કી કરવામાં આવેલ હતું.

**ગુરૂવાર, તા. ૧૩-૭-૨૦૨૩**

- આજરોજ શ્રી જયેશભાઈ મજમુદારે પરમકૃપા મેડિકલ સેન્ટરની મુલાકાત લીધેલ હતી અને દર્દીઓને અપાતી સારવાર અંગે ચર્ચા કરી હતી. દર્દીઓની સંખ્યામાં વધારો થાય તે માટે તેમણે એક પર્સનલ રીલેશન ઓફિસર તેમના તરફથી મોકલવામાં આવશે અને આ પર્સનલ રીલેશન ઓફિસર સાથે જુદી જુદી ઈન્ડસ્ટ્રીઝ અને જુદા જુદા ગામોની મુલાકાત લઇ ત્યાંના સરપંચને મળી મેડિકલ કેમ્પ ગોઠવવાનું નક્કી કર્યું હતું.

**શુક્રવાર, તા. ૧૪-૭-૨૦૨૩**

- આજરોજ શ્રી જયેશભાઈ મજમુદારે પરમકૃપા મેડિકલ સેન્ટર પર મોકલેલ પર્સનલ રીલેશન ઓફિસર શ્રી આનંદસિંઘ સાથે ડૉ. અજયસિંહ વાઘેલા અને શ્રી ગિરીશભાઈ પોલડિયાએ મોરૈયા ગામના સરપંચશ્રી ભીખુભાઈ દાયમાની મુલાકાત લીધેલ હતી અને ત્યાં મેડિકલ કેમ્પનું આયોજન કરવા અંગે વાતચીત કરી હતી. તેઓનું કહેવું હતું કે, અહિયા ગવર્નમેન્ટ

તરફથી પણ મેડિકલ કેમ્પ થાય છે અને તેઓ દર્દીઓને દવા ફ્રી માં આપે છે તો મારું મંતવ્ય છે કે, જો તમો કેમ્પ કરતી વખતે દવા પણ આપશો તો કેમ્પ સારી રીતે સફળ થશે.

- આજરોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે હિસાબી સમિતિની એક મીટિંગ મળેલ હતી. જેમાં શ્રી કે.ડી. શાહ, શ્રી હિરેન શાહ, શ્રી દેવેશ દંડ, મેનેજર શ્રી કિશોર ઠક્કર અને સી.એ. ફર્મના શ્રી મિતુલ ઠક્કર અને શ્રીમતી ઐશા શાહ હાજર હતા. વર્ષ ૨૦૨૨-૨૩ના શ્રી નૌતમભાઈ વકીલે ફાઈનલ કરેલ હિસાબોની ચર્ચા થઈ હતી અને વર્ષ ૨૦૨૩-૨૪ માટે સુધારા-વધારા કરવા માટે બધાએ પોતાના સૂચનો રજૂ કર્યા હતા અને નક્કી કરવામાં આવ્યું હતું કે ફરી આ અંગે ચર્ચા કરવી. જી.એસ.ટી. અંગે ચર્ચા કરવામાં આવી હતી. બીલોના પેમેન્ટ અંગે જે પ્રોસીજર ફૉલો કરવાનું કારોબારી મીટિંગમાં નક્કી કર્યું હતું એ અંગે એકાઉન્ટ ડિપાર્ટમેન્ટમાં ઈન્સ્ટ્રક્શન્સ આપવામાં આવી હતી. Statutory Audit ત્રણ/ચાર વર્ષે કરાવવા અંગે ચર્ચા થઈ હતી.

**સોમવાર, તા. ૧૭-૭-૨૦૨૩**

- આજરોજ પરમકૃપા મેડિકલ સેન્ટરના શ્રી ગિરીશભાઈ પોલડિયા, ડૉ. અજયસિંહ વાઘેલા અને પર્સનલ રીલેશન ઓફિસર શ્રી આનંદસિંઘ સાથે મળીને સરી ગામ અને મટોડા ગામના સરપંચો શ્રી ભરતભાઈ અને શ્રી દીકાભાઈને મળીને કેમ્પ ગોઠવવા અંગે ચર્ચા-વિચારણા કરી હતી. તેમણે નજદીકના ભવિષ્યમાં અધિક શ્રાવણ માસ પછી જો કેમ્પ યોજવામાં આવશે તો સારો પ્રતિસાદ મળી શકે તેમ છે કારણકે ગામના લોકો એ પરષોત્તમ માસને પવિત્ર માસ ગણીને ધર્મ-ધ્યાનમાં વધારે ભાગ લે છે. ઉપરાંત આવા સમયમાં મેડિકલને ઍવોઇડ કરતા હોય છે. ■

## સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાકીય યોજનાઓ માટે નીચે મુજબ દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.*

### બિપીનચંદ્ર કાનજી જૈન કૌશલ્ય કેન્દ્ર - ગીતા મંદિર

| | | |
|---|---|---|
| રૂા. | ૧,૦૦,૦૦૦/- | શ્રી હિરેન કુંવરજી શાહ - અમદાવાદ |
| રૂા. | ૧,૦૦,૦૦૦/- | શ્રીમતી ફાલ્ગુની હિરેન શાહ - અમદાવાદ |
| રૂા. | ૫૦,૦૦૦/- | શ્રીમતી ફાલ્ગુની હિરેન શાહ - અમદાવાદ |

### વયસ્ક સમિતિ

| | | |
|---|---|---|
| રૂા. | ૧૫,૦૦૦/- | શ્રી શાંતિલાલ મુળજી સાવલા અને શ્રી મુકેશ મુળજી સાવલા - અમદાવાદ |
| રૂા. | ૧૦,૦૦૦/- | ડૉ. હિમાંશુ રમેશચંદ્ર શાહ - અમદાવાદ |
| રૂા. | ૫,૧૦૦/- | શ્રીમતી ભાવનાબેન શૈલેષ સંઘવી - અમદાવાદ |
| રૂા. | ૫,૦૦૦/- | શ્રી રજનીકાંત ધરમશી પારેખ - અમદાવાદ |
| રૂા. | ૫,૦૦૦/- | શ્રી નરેન્દ્ર જયંતીલાલ કોઠારી - અમદાવાદ |
| રૂા. | ૫,૦૦૦/- | શ્રીમતી લક્ષ્મીબેન મહેશ ખત્રી - અમદાવાદ |
| રૂા. | ૨,૫૦૦/- | શ્રીમતી લક્ષ્મીબેન આણંદજી વીરા (શાહ) - અમદાવાદ |
| રૂા. | ૨,૫૦૦/- | શ્રી જયપ્રકાશ મનુભાઈ શાહ - અમદાવાદ |
| રૂા. | ૨,૫૦૦/- | શ્રી જ્યોતેન્દ્ર રવિલાલ સંઘવી - અમદાવાદ |
| રૂા. | ૧,૧૦૦/- | શ્રી હિરેનભાઈ વાડીલાલ વોરા - અમદાવાદ |
| રૂા. | ૧,૧૦૦/- | શ્રી દિલીપકુમાર જે. સંઘવી - અમદાવાદ |
| રૂા. | ૫૦૦/- | શ્રી મહેન્દ્ર કે. શાહ - અમદાવાદ |

### જનરલ ડોનેશન

| | | |
|---|---|---|
| રૂા. | ૧૧,૦૦૦/- | શેઠ કેશવજી જાદવજી ટ્રસ્ટ શ્રી શશીકાંત ચત્રભુજ જેસરાણી - મુંબઈ |

### કેળવણી સહાય યોજના

| | | |
|---|---|---|
| રૂા. | ૫,૦૦૦/- | શ્રીમતી પ્રેમીલાબેન કુરૂવા ફાઉન્ડેશન - અ'વાદ |
| રૂા. | ૩,૫૦૦/- | સુશ્રી ચૌલાબેન ઉમરશી કરૂવા - અમદાવાદ |

### સાધર્મિક સહાય યોજના

| | | |
|---|---|---|
| રૂા. | ૪,૦૦૦/- | સુશ્રી ચૌલાબેન ઉમરશી કરૂવા - અમદાવાદ |
| રૂા. | ૨,૫૦૦/- | શ્રીમતી પ્રેમીલાબેન કુરૂવા ફાઉન્ડેશન - અ'વાદ |
| રૂા. | ૫૦૦/- | શ્રી ભૂપેન્દ્ર દૌલત શાહ |

### મેડિકલ રીલીફ ફંડ

| | | |
|---|---|---|
| રૂા. | ૨,૫૦૦/- | શ્રી રમેશચંદ્ર એમ. રાણપુરા - સુરેન્દ્રનગર |
| રૂા. | ૫૦૦/- | શ્રી સુમિત પટેલ - અમદાવાદ |

*સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.*

## લાઈબ્રેરી

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની સમૃધ્ધ લાઈબ્રેરીનો લાભ લેવા સમાજના તમામ સભ્યોને વિનંતી.*

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના વાચકોને જણાવવાનું કે આપની પસંદગીના પુસ્તકો ઉપલબ્ધ થઈ શકે તે માટે આપની પસંદગીના પુસ્તકોના નામ જણાવવા વિનંતી.*

## સમાજ દર્પણ

### સરનામા ફેરફાર

- **ભાવેશ પ્રકાશ મીઠુભાઈ શાહ (સૈયા)**
  એડી-૯૦૪, વીર સાવરકર હાઈટ્સ-૨,
  વસંતનગર ટાઉનશિપ પાસે, ગોતા-ઓગણજ રોડ,
  અમદાવાદ-૩૮૦ ૦૬૦.
  મો. ૯૦૩૩૦ ૩૩૯૦૮
- **કમલેશ અમૃતલાલ નેણશી મૈશેરી (શાહ)**
  સી-૨૨, સુજાતા પાર્ક સોસાયટી,
  ખોડિયાર મંદિર પાસે, નિકોલ-નરોડા રોડ,
  નરોડા, અમદાવાદ-૩૮૨ ૩૫૦.
  મો. ૯૯૦૯૨ ૪૨૯૭૪

## અવસાન નોંધ

- **સોમવાર, તા. ૧૦-૭-૨૦૨૩**
  **અ.સૌ. ગુણવંતીબેન લલીતભાઈ ખોના** (ઉં.વ. ૬૭) (અમદાવાદ - સાંધવ)નું આજ રોજ દુઃખદ અવસાન થયેલ છે.
- **બુધવાર, તા. ૧૨-૭-૨૦૨૩**
  **ગુલાબચંદ ધારશી રાંભિયા (શાહ)** (ઉં.વ. ૭૬) (અમદાવાદ - નાના ભાડિયા)નું આજ રોજ દુઃખદ અવસાન થયેલ છે.
- **બુધવાર, તા. ૧૨-૭-૨૦૨૩**
  **માતુશ્રી દમયંતીબેન ઝવેરચંદ ખોના** (ઉં.વ. ૭૭) (અમદાવાદ - નલિયા)નું આજ રોજ દુઃખદ અવસાન થયેલ છે.

**સદ્‌ગતશ્રીઓના આત્માને પ્રભુ શાંતિ અર્પે તેવી પ્રાર્થના.**

## યુવા વિકાસ સમિતિ

યુવા વિકાસ સમિતિ દ્વારા તા. ૨૭-૦૮-૨૦૨૩ના રોજ "શ્રી કચ્છી મેળો - ૨૦૨૩"નું આયોજન કરવામાં આવેલ છે. તો આપણા કચ્છી જૈન સમાજના કોઈપણ સભ્યોએ આ મેળામાં સ્ટોલ (ટેબલ) બુક કરાવવાની ઈચ્છા હોય, તેમજ વધુ માહિતી મેળવવી હોય તો નીચે જણાવ્યા મુજબના મોબાઈલ નંબર ઉપર સંપર્ક કરવા નમ્ર વિનંતી છે.

*કૃપાલી રાંભિયા : મો. ૯૦૮૧૮ ૧૭૮૧૫*
*ધનરાજ દેઢિયા : મો. ૮૯૮૦૦ ૪૮૮૩૪*

*સ્થળ : શ્રી કચ્છી જૈન સેવા સમાજ હોલ,*
*પાલડી, અમદાવાદ.*

*કન્વીનર - યુવા વિકાસ સમિતિ*

## સાંસ્કૃતિક સમિતિ

### • આગામી કાર્યક્રમ •

દર વર્ષની જેમ આ વર્ષે પણ સાંસ્કૃતિક સમિતિ વતી કાર્યક્રમની તૈયારીઓ શરૂ થવા જઈ રહી છે. જેની પ્રસ્તુતિ સ્વામિવાત્સલ્યના કાર્યક્રમ દરમિયાન કરવામાં આવશે. સમાજની દરેક વયની વ્યક્તિઓ આમાં ભાગ લઈ શકશે. જે પણ નૃત્યકલા (Dance), અભિનય કલા (Drama), વાજિંત્ર વાદક (કોઈપણ ઈન્સ્ટ્રુમેન્ટ્સ વગાડતા હોય), ગાયન (Singing) તેમજ ભાગ લેવા માટે ઈચ્છુક સદસ્ય નીચે આપેલ નંબર પર પોતાની વિગત આપી શકો છો.

આ સિવાય પણ આપશ્રી અન્ય કોઈ કલાના ક્ષેત્રે નિપુણ હો તો તેની અમને જાણ કરવા વિનંતી કે જેથી એ ક્ષેત્રે પણ આપણે પરફોર્મ કરી શકીએ.

દરેક પાસે પ્રેક્ટીસ કરાવવામાં આવશે.

પ્રોફેશનલ આર્ટીસ્ટ દ્વારા તૈયારી કરાવવામાં આવશે.

જે કલાકારો સિલેક્ટ થશે તેઓ ટાગોર હોલ ખાતે પોતાનો પ્રોગ્રામ આપી શકશે.

જેઓ માત્ર વાજિંત્ર વાદક હોય તેઓએ પોતાના વાજિંત્ર જાતે લાવવાના રહેશે.

નીચે મુજબના નંબરમાંથી કોઈ પણ નંબર આપ અમારો સંપર્ક સાધી શકશો.

*જૈનમ શાહ : મો. ૭૦૪૧૭ ૭૫૬૯૬*
*ચૈતન્ય રાંભિયા : મો. ૭૭૭૮૮ ૨૫૯૦૦*
*ધનરાજ દેઢિયા : મો. ૮૯૮૦૦ ૪૮૮૩૪*
*યશ્વી પૂજ : મો. ૭૦૬૯૨ ૪૧૭૧૬*
*મનીષ શાહ (બોબીભાઈ) : મો. ૯૮૨૪૦ ૬૦૫૮૮*

## એક જ વાર પસાર થવાનું છે

*ભાગદોડભરી આ દુનિયામાંથી મારે એક જ વાર પસાર થવાનું છે ત્યારે,*

ક્યાંક કોઈના આંસુ લૂછી શકું,
ક્યાંક કોઈ સ્મિત વેરી શકું,
ક્યાંક કોઈનું દર્દ પી શકું,
કોઈની સામે લંબાવું હમદર્દીનો હાથ.
કરી લઉં આ બધું આ બનતી ત્વરાએ
ફરી કદી આ રસ્તે આવવાનું ન યે થાય.

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

# વયસ્ક સમિતિએ પોતાના કાર્યક્રમોનો દબદબો યથાવત રાખ્યો

### સદાબહાર ફિલ્મી ગીતોની રંગભરી વિવિધ શ્રેણીની મનોરંજક પ્રસ્તુતિ...

ઉલ્લેખનીય છે કે, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ અંતર્ગત કાર્યરત વયસ્ક સમિતિ હંમેશાં પોતાના આદરણીય સભ્યશ્રીઓ માટે વિવિધતાસભર કાર્યક્રમોનું આયોજન સફળતાપૂર્વક કરે છે. જેના પરિણામ સ્વરૂપ વડીલ સભ્યો હરપલ આનંદમય માહોલમાં રહે છે.

આ પ્રકારની પૃષ્ઠ ભૂમિકામાં વયસ્ક સમિતિ દ્વારા તા. ૧૫-૭-૨૦૨૩ના રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે વડીલ સભ્યો માટે ગીત-સંગીતના એક રંગારંગ કાર્યક્રમનું ખૂબ જ સુંદર રીતે આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રકારના શ્રેષ્ઠ કાર્યક્રમ માટે સમિતિના સર્વે સભ્યો અભિનંદનના અધિકારી બન્યા હતા.

કાર્યક્રમના આરંભમાં સમિતિના ઉપસ્થિત સભ્યોનું તથા મ્યુઝીક પાર્ટીના કલાકારોનો પરિચય સાથે સૌનું ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

અમદાવાદમાં હિંદી ફિલ્મ સંગીત જગતના જાણીતા એવા ડૉ. અર્પિત ડેલીવાલા મ્યુઝીક પાર્ટીના મુખ્ય કલાકાર ડૉ. દિલીપ ડેલીવાલાએ આરંભથી જ ફિલ્મી ગીતોની ઓડિયો - વીડિયો દ્વારા દબદબાભેર જીવંત રજૂઆત કરીને ઉપસ્થિત સભ્યોના તન-મનને ડોલાવી દીધા હતા. તેમણે હિંદી ફિલ્મ ઉદ્યોગના મુખ્ય ગાયકો મોહમ્મદ રફી, મુકેશજી, મન્નાડે, મહેન્દ્ર કપૂર, હેમંતકુમાર, કુમાર શાનુ વગેરેના સદાબહાર વિવિધ પ્રકારના ગીતોની પ્રસ્તુતિ કરીને વડીલવર્ગના દિલને ખુશીના દરિયામાં ડુબાડી રાખ્યા હતા. એટલું જ નહીં પરંતુ જૈન સ્તવન અને ગુજરાતી ગીત ગાઈને પ્રેક્ષકોના મન હરી લીધા હતા. તે ઉપરાંત શ્રી કચ્છી જૈન ભવન - પાલડી સ્થિત મેડિકલ સેન્ટરમાં કાર્યરત તથા જાણીતા ગાયક ડૉ. શિલ્પા તોશનીવાલની સંગાથે હિંદી ફિલ્મના પ્રખ્યાત ગીત અને યુગલ ગીતોની પણ રજૂઆત થઈ હતી. સમાજના જ સભ્યશ્રી અને જાણીતા યુરોલોજિસ્ટ ડૉ. હિમાંશુ શાહ દ્વારા માઉથ ઓર્ગનના માધ્યમથી વિવિધ ગીતોના ધૂનની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. તે રીતે સમાજના દાતા પરિવારના પ્રભાબેન શાંતિલાલ સાવલાએ પણ એક જૈન સ્તવન ગાઈને દરેકને સ્તબ્ધ કર્યા હતા.

આ કાર્યક્રમના આયોજન અર્થે આર્થિક સહયોગ આપનાર મુખ્ય દાતાશ્રીઓ નીચે મુજબ હતા.

૧. શ્રી શાંતિલાલ મુળજી સાવલા
૨. શ્રી મુકેશ મુળજી સાવલા
૩. ડૉ. હિમાંશુ રમેશચંદ્ર શાહ
૪. શ્રી રજનીકાંત ધરમશી પારેખ
૫. શ્રીમતી લક્ષ્મીબેન મહેશભાઈ ખત્રી
૬. શ્રી નરેન્દ્ર કોઠારી
૭. શ્રી શૈલેષ ધારશી સંઘવી
૮. શ્રીમતી લક્ષ્મીબેન આણંદજી વીરા
૯. શ્રી જ્યોતેન્દ્ર રવિલાલ સંઘવી
૧૦. શ્રી જયપ્રકાશ મનુભાઈ શાહ
૧૧. શ્રી હિરેન વાડીલાલ વોરા
૧૨. શ્રી દિલીપ જયસુખલાલ સંઘવી
૧૩. શ્રી મહેન્દ્ર કે. શાહ

નીચે જણાવેલ સભ્યશ્રીઓએ પોતાના પરિવારજનોની સાથે કેક કટીંગ કરીને પોતાના જન્મ દિવસની ભવ્ય ઉજવણી કરી હતી.

૧. ડૉ. હિમાંશુ રમેશચંદ્ર શાહ
૨. શ્રી રજનીકાંત ધરમશી પારેખ
૩. શ્રીમતી લક્ષ્મીબેન મહેશભાઈ ખત્રી
૪. શ્રીમતી નિર્મળાબેન કોઠારી અને શ્રી નરેન્દ્ર કોઠારી
૫. શ્રી શૈલેષ ધારશી સંઘવી
૬. શ્રી જ્યોતેન્દ્ર રવિલાલ સંઘવી
૭. શ્રી જયપ્રકાશ મનુભાઈ શાહ
૮. શ્રી હિરેન વાડીલાલ વોરા

ગાયક કલાકારો તેમજ આ કાર્યક્રમના સૌજન્ય દાતાશ્રીઓનો સમિતિ વતી ખાસ આભાર માનીને કાર્યક્રમ દરમિયાન તેઓ દરેકનું ઉચિત સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના અંતે, મનભાવતા ભોજનને ન્યાય આપીને સૌ સભ્યો છૂટા પડ્યા હતા.

*દિલીપ દંડ*
*કન્વીનર - વયસ્ક સમિતિ*



માઉથ ઓર્ગન ઉપર ધૂન વગાડતા ડૉ. હિમાંશુ શાહ




શ્રી શાંતિલાલભાઈ સાવલા અને શ્રીમતી પ્રભાબેન સાવલાનું
બહુમાન કરતાં પ્રમુખ શ્રી પ્રતાપભાઈ દંડ



શ્રી મુકેશ સાવલાનું બહુમાન કરતાં
શ્રી શાંતિલાલભાઈ સાવલા અને શ્રી કે.ડી. શાહ



શ્રીમતી લક્ષ્મીબેન આણંદજી વીરાનું બહુમાન કરતાં
શ્રીમતી વિમળાબેન શાહ અને શ્રીમતી પ્રભાબેન સાવલા



જન્મ દિવસની કેક કાપતાં શ્રી રજનીકાંત પારેખ



જન્મ દિવસની કેક
કાપતાં
શ્રીમતી લક્ષ્મીબેન ખત્રી
અને
શ્રી મહેશભાઈ ખત્રી



જન્મ દિવસની કેક કાપતાં ડૉ. હિમાંશુ શાહ



જન્મ દિવસની કેક કાપતાં શ્રી શૈલેષ સંઘવી



જન્મ દિવસની કેક કાપતાં શ્રી જ્યોતેન્દ્ર સંઘવી



જન્મ દિવસની કેક કાપતાં શ્રી નરેન્દ્રભાઈ કોઠારી.



જન્મ દિવસની કેક કાપતાં શ્રી જય પ્રકાશ શાહ



જન્મ દિવસની કેક કાપતાં શ્રી હિરેન વોરા

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## તા. ૨૧-૦૬-૨૦૨૩થી તા. ૨૦-૦૭-૨૦૨૩ સુધી 'મંગલ મંદિર'નું લવાજમ ભરનારાઓના નામની યાદી

| ક્રમ | નામ | સ્થળ | લવાજમ ભર્યા તારીખ |
|---|---|---|---|
| | **૧ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | |
| ૧. | મીનાબેન ધનેષ ખરીદિયા | અમદાવાદ | ૨૧-૦૬-૨૩ |
| ૨. | રવિ સંજયભાઈ શાહ | હિંમતનગર | ૨૪-૦૬-૨૩ |
| ૩. | રીટા યોગેશ દેઢિયા | અમદાવાદ | ૨૭-૦૬-૨૩ |
| ૪. | દિનેશ એમ. જોશી | માંડવી | ૦૧-૦૭-૨૩ |
| ૫. | ભાવેશ પ્રકાશ શાહ (સૈયા) | અમદાવાદ | ૧૩-૦૭-૨૩ |
| ૬. | કુણાલ કમલેશ અમૃતલાલ શાહ | અમદાવાદ | ૧૭-૦૭-૨૩ |
| | **૨ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | |
| ૧. | મણિલાલ ડી. રૂઘાણી | પોરબંદર | ૦૧-૦૭-૨૩ |
| ૨. | ચંદુલાલ દેવચંદ કુબડિયા | અમદાવાદ | ૦૭-૦૭-૨૩ |
| ૩. | માલશ્રીબેન રામભાઈ ગઢવી | ભુજ | ૧૨-૦૭-૨૩ |
| ૪. | પ્રદીપ સૂરજલાલ મહેતા | અમદાવાદ | ૧૭-૦૭-૨૩ |
| | **૩ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | |
| ૧. | ભારતીબેન દિનેશ એમ. શાહ | અમદાવાદ | ૦૨-૦૭-૨૩ |
| ૨. | મણિલાલ ધરમશી | બેંગ્લોર | ૦૫-૦૭-૨૩ |
| ૩. | ગિરીશ લક્ષ્મીચંદ દંડ | અમદાવાદ | ૧૩-૦૭-૨૩ |
| | **૫ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | |
| ૧. | જીજ્ઞેશ વસંતલા શાહ (મહેતા) | અમદાવાદ | ૦૯-૦૭-૨૩ |
| ૨. | ચેતન દામજી ધરોડ | અમદાવાદ | ૧૮-૦૭-૨૩ |
| ૩. | રાજેન્દ્ર મણિલાલ વસા | અમદાવાદ | ૧૮-૦૭-૨૩ |
| | **૧૫ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | |
| ૧. | રસિકલાલ ખીમજી મહેતા | અમદાવાદ | ૨૩-૦૬-૨૩ |
| ૨. | પદમશી મદન શાહ | હુબલી | ૨૪-૦૬-૨૩ |
| ૩. | પ્રવીણ મેઘજી કારાણી | હૈદ્રાબાદ | ૩૦-૦૬-૨૩ |
| ૪. | દક્ષાબેન ધનસુખલાલ શાહ | અમદાવાદ | ૦૨-૦૭-૨૩ |
| ૫. | રમીલાબેન અમૃતલાલ કોરડિયા | અમદાવાદ | ૦૪-૦૭-૨૩ |
| ૬. | હિરેન અમૃતલાલ શાહ | અમદાવાદ | ૦૫-૦૭-૨૩ |
| ૭. | દિનેશ લાલજી લોડાયા | મુંબઈ | ૦૫-૦૭-૨૩ |
| ૮. | મુકેશ મુળજી સાવલા | અમદાવાદ | ૦૬-૦૭-૨૩ |
| ૯. | અમર ઠાકોરભાઈ શાહ | અમદાવાદ | ૦૬-૦૭-૨૩ |
| ૧૦. | વિમલ મનસુખલાલ મહેતા | અમદાવાદ | ૧૨-૦૭-૨૩ |
| ૧૧. | સુનીલ ચંદુલાલ શાહ | વડોદરા | ૧૨-૦૭-૨૩ |
| ૧૨. | જશવંત જયંતીલાલ કોઠારી | અમદાવાદ | ૧૭-૦૭-૨૩ |
| ૧૩. | શશીકાંત ચત્રભુજ જેસરાણી | મુંબઈ | ૧૭-૦૭-૨૩ |
| ૧૪. | ધનસુખ એચ. દોશી | ભુજ | ૧૭-૦૭-૨૩ |

### શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

**પાલડી ભવનમાં રૂમ બુકિંગ અથવા સમાજની કોઈપણ પ્રવૃત્તિ (મેડિકલ સિવાય)ની માહિતી માટે ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો**

**(079) 4890 6002, (079) 4890 6003**
**(079) 4890 6004, (079) 4890 6005**

### શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

**મેડિકલ સેન્ટર અંગેની કોઈપણ માહિતી માટે ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો.**

**(079) 4890 6001**
**(079) 4890 6006**

# 'મંગલ મંદિર'ના લવાજમ પૂરા થતા હોય તેવા સભ્યોની નામાવલી

નીચે મુજબની વિગત અનુસાર જે તે સભ્યોના શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર 'મંગલ મંદિર'ના લવાજમ પૂરા થાય છે. આ સભ્યોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ પોતાના લવાજમની રકમ મંગલ મંદિરના લવાજમની મુદત પૂરી થતા અગાઉ મોકલી આપે કે જેથી તેઓને મુખપત્ર મોકલવાનું ચાલુ રાખી શકાય.

| ક્રમ | નામ | સ્થળ | મોબાઈલ નંબર |
|---|---|---|---|
| **• જૂન-૨૦૨૩ દરમિયાન લવાજમ પૂરા થઈ ગયેલ છે તેવા સભ્યોની નામાવલી** | | | |
| ૧. | જયા નાગડા હિતુન નાગડા | થાણા (વેસ્ટ) | ૯૨૨૪૧ ૨૫૨૬૭ |
| ૨. | ગુલાબભાઈ એ. શાહ | અંકલેશ્વર | |
| **• જુલાઈ-૨૦૨૩ દરમિયાન લવાજમ પૂરા થતા હોય તેવા સભ્યોની નામાવલી** | | | |
| ૧. | ભૂપેન્દ્ર એસ. વ્યાસ | રાજકોટ | ૬૩૫૨૨ ૪૩૬૧૯ |
| ૨. | નમન નવીનચંદ્ર મહેતા | કચ્છ | |
| **• ઓગસ્ટ-૨૦૨૩ દરમિયાન લવાજમ પૂરા થતા હોય તેવા સભ્યોની નામાવલી** | | | |
| ૧. | નવીન કલ્યાણજી ધનજી ગઢેચા | અમદાવાદ | ૯૬૩૮૪ ૯૧૧૦૯ |
| ૨. | નવીન પારેખ | મુંબઈ | |
| ૩. | ચેતન ભવાનજી છેડા | મુંબઈ | |
| **• સપ્ટેમ્બર - ૨૦૨૩ દરમિયાન લવાજમ પૂરા થતા હોય તેવા સભ્યોની નામાવલી** | | | |
| ૧. | પારસ નરેન્દ્રભાઈ દોશી | અમદાવાદ | |
| ૨. | વિક્રમકુમાર ચીમનલાલ બ્રોકર | અમદાવાદ | |
| ૩. | અમિત એમ. દોશી | અમદાવાદ | |
| ૪. | અનિલ એલ. નાગડા | મુંબઈ | |
| ૫. | હિંમતલાલ જે. વિઠલાની | મુંબઈ | ૯૮૨૦૨ ૫૧૦૦૯, ૭૯૭૭૫ ૫૦૩૮૯ |
| **• ઓક્ટોબર - ૨૦૨૩ દરમિયાન લવાજમ પૂરા થતા હોય તેવા સભ્યોની નામાવલી** | | | |
| ૧. | ચિરાગ નવીનચંદ્ર ગાલા | અમદાવાદ | ૯૯૦૯૭ ૫૫૭૭૬, ૭૫૬૭૧ ૦૮૯૬૯ |
| ૨. | નીલેશ કાંતિલાલ રણશી શેઠિયા | અમદાવાદ | ૯૮૨૧૭ ૧૮૩૫૩, ૯૦૨૯૯ ૯૨૭૧૬ |
| **• નવેમ્બર-૨૦૨૩ દરમિયાન લવાજમ પૂરા થતા હોય તેવા સભ્યોની નામાવલી** | | | |
| ૧. | મેટ્રો એન્ટરપ્રાઈઝ | ગાંધીધામ | |
| ૨. | મહેશ રાઘવજી વીરા | મુંદ્રા | ૯૮૬૯૧ ૦૯૧૦૯ |
| ૩. | દેવાંગ પ્રફુલ શાહ | અમદાવાદ | ૯૩૪૪૮ ૫૪૦૪૫, ૯૫૮૬૨ ૮૮૭૯૬ |
| ૪. | કુમારપાળ કાંતિલાલ લોડાયા | અમદાવાદ | ૯૯૦૪૫ ૮૭૫૫૫ |
| ૫. | જગદીશ અજિત મહેતા | અમદાવાદ | ૮૫૧૧૫ ૫૮૯૨૬ |
| ૬. | પ્રદ્યુમનસિંહ રાજેન્દ્રસિંહ જાડેજા | સુરત | |
| ૭. | ડ્રીમ્સ ડ્રેપ્સ | સુરત | |
| ૮. | કૌશલ પી. છેડા | મુંબઈ | |
| ૯. | પંકજ વલ્લભજી સાવલા | હૈદ્રાબાદ | |
| ૧૦. | હર્ષદભાઈ શાહ | કોલકાતા | ૯૪૩૩૫ ૩૬૬૮૧ |
| ૧૧. | દિનેશ કેશવજી મોતા | અમદાવાદ | ૯૯૦૪૬ ૭૮૯૯૪ |
| ૧૨. | નીતિન કાંતિલાલ લોડાયા | અમદાવાદ | ૯૯૨૪૪ ૯૦૦૦૮ |
| ૧૩. | દેવલ ચંદ્રકાંત ભવાનજી મૈશેરી | અમદાવાદ | ૯૧૭૩૫ ૧૯૮૪૩ |
| **• ડિસેમ્બર-૨૦૨૩ દરમિયાન લવાજમ પૂરા થતા હોય તેવા સભ્યોની નામાવલી** | | | |
| ૧. | આનંદ પ્રભુલાલ કે. સંઘવી | અમદાવાદ | ૯૯૭૯૮ ૮૧૭૧૯ |
| ૨. | દિલીપ વિશનજી લાપસીયા | અમદાવાદ | ૯૪૨૭૩ ૭૯૯૪૯ |

| | | | |
|---|---|---|---|
| ૩. | હિમાંશુ શાંતિલાલ શાહ | સુરત | |
| ૪. | રીટા રજનીભાઈ પટવા | ભુજ | ૯૮૨૫૨ ૨૫૯૩૨ |
| ૫. | પ્રકાશ કેશવલાલ ગાંધી | ભુજ | ૯૪૨૬૨ ૧૫૦૦૩ |
| ૬. | જયસુખભાઈ કાંતિલાલ વોરા | ભુજ | |
| ૭. | પ્રફુલ કાનજી સાવલા | કચ્છ | ૯૬૩૮૩ ૮૫૧૪૯ |
| ૮. | દિલીપ અજિતભાઈ મોતા | મુંબઈ | |
| ૯. | મુકેશ તલકશી સાવલા | થાણા (વેસ્ટ) | ૯૮૨૦૧ ૨૨૫૪૪, ૯૮૨૦૩ ૪૩૨૦૦ |
| ૧૦ | ખુશાલ રાજપાલ જૈન | નાગપુર | |
| ૧૧. | પ્રકાશ શામજી મામણિયા | હૈદ્રાબાદ | |
| ૧૨. | હેમલતા ધીરજલાલ વોરા | હૈદ્રાબાદ | ૯૮૨૧૫ ૩૪૬૬૩ |

*વિશેષમાં જણાવવાનું કે 'મંગલ મંદિર'ના લવાજમના દરો નીચે મુજબ રાખવામાં આવેલ છે.*

- ★ ૧ વર્ષનું લવાજમ : રૂા. ૧૫૦/-
- ★ ૨ વર્ષનું લવાજમ : રૂા. ૩૦૦/-
- ★ ૩ વર્ષનું લવાજમ : રૂા. ૪૦૦/-
- ★ ૫ વર્ષનું લવાજમ : રૂા. ૬૦૦/-
- ★ ૧૫ વર્ષનું લવાજમ : રૂા. ૧૫૦૦/-

*શક્ય હોય ત્યાં સુધી ૧૫ વર્ષનું લવાજમ ભરીને મોકલી આપવા વિનંતી કે જેથી દર વર્ષે આ બાબતે પત્ર વ્યવહાર કરવાની જરૂરત ના રહે.*

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના બેંક એકાઉન્ટની વિગત નીચે મુજબ છે :*

- ★ *ખાતાનું નામ : શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*
- ★ *બેંક : કેનેરા બેંક, પાલડી બ્રાંચ, અમદાવાદ.*
- ★ *એકાઉન્ટ નંબર : 70072010016032*
- ★ *IFSC CODE : CNRB0017007*

અન્ય લોકો પણ ઉપર પ્રમાણેની લવાજમની રકમ મોકલી શકે છે કે જેથી તેઓને પણ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર 'મંગલ મંદિર' નિયમિતપણે મોકલી શકાય.

*સહકારની અપેક્ષા સહ...*

***રજનીકાંત પારેખ – માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

## યુવા અનસ્ટોપેબલ (ટ્રસ્ટ) દ્વારા
## આકાશ સંસ્થા - આંબાવાડી શાખામાં ૧૧ અને ૧૨ (JEE અથવા NEET) માટે કોચિંગ

- **પસંદગીના માપદંડ :** (૧) ૧૦મા ધોરણની ટકાવારી ૮૦%થી વધુ હોવી જોઈએ. (૨) પરિવારની વાર્ષિક આવક રૂા. ૩,૦૦,૦૦૦/- કરતાં ઓછી. (૩) ૧ મહિનાનું વીજળીનું બીલ રૂા. ૧,૦૦૦/- કરતાં ઓછું હોવું જોઈએ.
- **પસંદગી પ્રક્રિયા :**
  - ★ ***પગલું-૧ :*** ઈન્ટરવ્યુની પસંદગી માટે ફરજિયાત દસ્તાવેજો પ્રદાન કરો.
  - ★ ***પગલું-૨ :*** Yuva દસ્તાવેજોની ચકાસણી કરશે અને તેમને ઈન્ટરવ્યુ માટે પરવાનગી આપશે.
  - ★ ***પગલું-૩ :*** પસંદગી પછી તે ભરવા માટે ફોર્મ શેર કરશે.
  - ★ ***પગલું-૪ :*** એકવાર યુવા ફોર્મ દ્વારા વિગતો મેળવે પછી નોંધણીની પ્રક્રિયા કરાશે.
- **દસ્તાવેજોની સૂચિ :** (૧) વિદ્યાર્થીનો પાસપોર્ટ સાઈઝનો ફોટો (JPG ફોર્મેટ) (૨) વિદ્યાર્થીનું આધાર કાર્ડ (JPG ફોર્મેટ) (૩) વાર્ષિક આવક પ્રમાણપત્ર (JPG ફોર્મેટ) (૪) વીજળીનું બીલ એપ્રિલ-૨૦૨૩થી જૂન-૨૦૨૩ વચ્ચેનો કોઈપણ મહિને (માસિક બીલ રૂા. ૧,૦૦૦/-થી વધુ ન હોવું જોઈએ) (JPG ફોર્મેટ) (૫) ૧૦મા ધોરણની માર્કશીટ (JPG ફોર્મેટ) (૬) ઘરના ૩ ફોટા : ઘરની બહાર, ઘર અને રસોડાની અંદર (PDF ફોરમેટ)

*વધુ વિગત માટે કોલ કરો : ૯૨૮૯૪ ૯૦૧૦૨, ૯૨૮૯૮ ૨૮૦૪૮*

# ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

આ પુસ્તકોનાં પ્રાપ્તિસ્થાન

**ગૂર્જર સાહિત્યભવન**
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ,
અમદાવાદ-380001,
ફોન : 079-22149660,
09227055777
ઇ-મેઇલ : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઇટેનિયમ
સિટીસેન્ટર પાસે, સીમા હૉલ સામે,
પ્રહ્લાદનગર, અમદાવાદ-380 015
ફોન : 079-26934340, 98252 68759
ઇ-મેઇલ : gurjarprakashan@gmail.com
વેબસાઇટ : www.gspbooksmall.com

## તપસ્વીનું, દાતાનું, સંઘપતિનું બહુમાન કરીને ભેટ આપવા જેવું જૈન સાહિત્ય

**આચાર્ય વાત્સલ્યદીપસૂરિ**

| | |
|---|---|
| જૈન સજ્ઝાય અને મર્મ | 70 |
| સુખ તમારી પ્રતીક્ષા કરે છે | 30 |
| અક્ષર અને અસ્તિત્વ | 100 |
| ભગવાન મહાવીરની આગમવાણી | 40 |
| યોગનિષ્ઠ આચાર્યશ્રીની આતમવાણી | 50 |
| પ્રભાવના | 12 |
| Jain Dharma | 100 |
| જૈનોપનિષદ | 65 |
| અષ્ટપ્રકારી પૂજા | 60 |
| ધર્મનું ધન | 350 |
| આનંદનો વંટોળ | 350 |

**રતિલાલ દી. દેસાઈ**

| | |
|---|---|
| અમૃત સમીપે | 360 |
| જિનમાર્ગનું જતન | 280 |
| જિનમાર્ગનું અનુશીલન | 300 |
| શ્રી ભદ્રેશ્વર વસઈ મહાતીર્થ | 30 |

**અભય દોશી**

| | |
|---|---|
| મધ્યકાલીન પદ્યકૃતિ વિમર્શ (ફાગુ, બારમાસી, ચોવીસી) | 500 |
| જૈન રાસવિમર્શ | 600 |

**પંડિત સુખલાલજી**

| | |
|---|---|
| સમાજ, ધર્મ અને સંસ્કૃતિ | 130 |
| જૈન ધર્મ અને દર્શન | 200 |
| પરિશીલન | 150 |
| દાર્શનિક ચિંતન | 155 |
| અર્ઘ્ય | 100 |
| અનેકાંત ચિંતન | 180 |

**રોહિત શાહ**

| | |
|---|---|
| મારા મહાવીર, તારા મહાવીર | 60 |
| શ્રાવક ધર્મનું શિખર : વેયાવચ્ચ | 40 |
| મિચ્છા મિ દુક્કડમ્ | 50 |
| જૈન ધર્મ વિશેની ગેરસમજ અને જિજ્ઞાસા | 90 |

**પર્યૂષણ-પ્રસંગે કોઈપણ નિમિત્તે પ્રભાવનારૂપે વહેંચવા માટે ઉપયોગી- અણમોલ પુસ્તક**




**અનુમોદના**
**લે. રોહિત શાહ**
**કિંમત 50**







## જૈન ધર્મનાં અન્ય પુસ્તકો

| | | |
|---|---|---|
| વનવગડે વિહરે વીર (ભ.મહાવીરના જીવન આધારિત નવલકથા) | દેવર્ષિ | 150 |
| સંગિતી | પં. બેચરદાસ દોશી | 180 |
| માથુરી | પં. દલસુખભાઈ માલવણિયા | 150 |
| જૈનત્વને ચરણે | હિમાંશુ શાહ | 70 |
| ભદ્રંકર પ્રસંગમાળા | – | 100 |
| જૈનધર્મ ગાઓ: જીવનમર્મ પાઓ | દોલતભાઈ દેસાઈ | 25 |
| Science Discovers Eternal Wisdom | Muni Amarendravijay | 40 |
| જૈન સાહિત્યના અક્ષર-આરાધકો (19મી અને 20મી સદીના) | માલતી શાહ | 700 |
| શ્રી પાર્શ્વ પ્રભુનાં પ્રાચીન તીર્થો | વિમલકુમાર મો. ધામી | 130 |
| પાકિસ્તાનનાં જૈન મંદિરો (ઉર્દૂ) | ઇકબાલ કેસર, અનુ. ગુણવંત બરવાળિયા | 300 |
| અવધૂત આનંદઘન પદલહરી | માવજી કે. સાવલા | 110 |









# COLLEGE OF DENTAL SCIENCES & RESEARCH CENTRE

**Recognized by Dental Council of India**
**Affiliated to Gujarat University**

Centre For Excellence in Teaching, Learning & Research

Opp. Pleasuure Club, Near Bopal, Manipur,
Ta. Sanand, Ahmedabad, Gujarat.

Tel : +91 6355092242, +91 8758774700
Email : dental.lib@gmail.com

૯૪૨૬૦ ૧૪૨૩૫
૯૪૨૯૫ ૦૦૬૦૦

**શાંતિનાથ ડેકોરેટર્સ**
(મહાવીર ગ્રુપ - ઘામાવાળા)
લગ્ન તેમજ શુભ પ્રસંગે કલાત્મક ડેકોરેશનનું કામ કરનાર
બી-૭, એન.ડી. શ્રોફ માર્કેટ, વાસણા બસ સ્ટેન્ડ પાસે, વાસણા, અમદાવાદ-૭.



*With Best Compliments From*

**Sathwara Construction**
C/174, Ambica Krupa, Ranip, Ahmedabad-382 480.
M. : 98985 76892
E-mail : sathwaraconstruction@gmail.com



**INDOTEX PAINTS**
• DURABLE • DECORATIVE • PROTECTIVE
Regd. Office : "Indotex House" Nr. GNFC Info Tower, S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Ph. : (0) 26853279 • M. : 9909444598 • Telefax : 079-26857412
E-mail : indotexpaints@yahoo.co.in • Website : www.indotexpaints.com
Ahmedabad - Kunal N. Shah : 98250 33598 • Mumbai : Punit N. Shah : 98205 14143
Gujarat, Rajashthan, Maharashtra, Karnatanka, Goa, Andhra Pradesh



khadi
VEDA
Essence of Nature
HAIR CARE | MEDICATED | BODY CARE
WELLNESS | BEAUTY & FACE CARE






મિત્રતા અને સંબંધ એવા લોકો સાથે રાખો
જેના માટે તમે શું છો કરતા તમે કેમ છો?
એ મહત્ત્વનું હોય....



'દુઃખ'ના દરવાજા પર 'સુખ'નું બોર્ડ,
એનું નામ 'સંસાર.'



સંબંધો ત્યારે નબળા પડે
જ્યારે એક-મેકને "પામવા" નીકળેલા
બે જણ એકબીજાને "માપવા" લાગે



મહેમાનગતિ દરેક જીવોની કરવાની
પરંતુ હેરાનગતિ કોઈનીયે નહીં કરવાની...

"Mangal Mandir" - Regd. under Postal Registration No. GAMC-315/2021-2023 Valid upto 31st December, 2023 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 5th of Every Month.
R.N.I. No. of RNP is 33266/1978 ● Published on 1st of Every Month


# વિશ્વસનીયતા અનુભવો




વી–ટ્રાન્સ (ઈન્ડિયા) લિ. સાથે સંચાલનની મજબૂત પ્રક્રિયાઓ, મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર આધાર, વૈજ્ઞાનિક પદ્ધતિ, અત્યાધુનિક નિયોજન સાધનો અને તાલીમબદ્ધ તથા કટિબદ્ધ વ્યાવસાયિકો સાથે અખંડ લોજિસ્ટિક્સ સેવાઓ અનુભવો.

- **વી– ટ્રાન્સ– ભારતભરમાં સરફેસ ટ્રાન્સપોર્ટ– પીટીએલ, એફટીએલ, ઓડીસી.**
- **વી– એક્સપ્રેસ– મલ્ટીમોડલ અને ઈ–કોમ એક્સપ્રેસ લોજિસ્ટિક્સ, જે 1 લાખથી વધુ સ્થળે સેવા આપે છે.**
- **વી– લોજિસ– સમર્પિત અને શેર્ડ ફેસિલિટીઝ સાથે પરિપૂર્ણ વેરહાઉસ સમાધાન.**

**મુખ્ય વાસ્તવિકતાઓ**

**1,00,000** સંતુષ્ટ ગ્રાહકો
**850** + શાખા
વિવિધ ઉદ્યોગમાં **2.4** મિલિયન ટન
**1.2** મિલિયન ચો.ફૂટ વેર–હાઉસિંગ જગ્યા
**1500** + જીપીએસ અભિમુખ ફ્લીટ
ISO **9001 : 2015** એક્રેડિટેશન
**3300** + જોશીલા વ્યાવસાયિકો

વી–ટ્રાન્સ (ઈન્ડિયા) લિમિટેડ,
06, કોર્પોરેટ પાર્ક, વી એન પુરવ માર્ગ, ચેમ્બુર, મુંબઈ– 400 071.

9892644665 marketing@vtransgroup.com www.vtransgroup.com

V-TRANS®
Driving Excellence

Other Divisions: V-Xpress | V-Logis


*If undelivered please return to :*
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલની સામે, પાલડી - એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૧ થી ૬૦૦૬

**To,**